# Gujarati Maulana Rumi Masnavi Book No 4

# મસ્નવી મૌલાના રૂમી

## ભાગ ૪ થો

**શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે મોટો મહેરબાન અને ઘણી રહેમ કરવાવાળો છે.**

૧ ઓ ઝીયા-ઉલ-હક (ખુદાઈ પ્રકાશ) હુસામુદ્દીન. તે તુંજ છે કે જેના તેજ થકી મસનવી (ભવ્યતામાં) ચંદ્રમાથી બધુ ચમકી છે.

૨ ઓ તું કે જેમાં (મેં મારી) આશાઓ મુકી છે, તારી ભવ્ય ઉત્કંઠા આ (કવિતામાં) પ્રાણ પુરે છે, (આ ઉત્કંઠા) કયાંથી આવી છે તે ખુદા જ જાણે છે.

૩ તેં આ મસનવીનું ગળું બાંધ્યું છે, તેને તું તારી જાણ મુજબની દિશાએ દોરે છે.

૪ મસનવી દોડયે જાય છે. ખેંચનાર અદ્રષ્ય છે, તે કે જેને આંતરદ્દષ્ટિ નથી, તે અજ્ઞાનતાના અંધારામાં છે.

૫ તેવી જ રીતે મસનવીનું અસલ તું જ છો. જો તે (કદમાં) વધે તો (તેને) તેં જ વધારી છે.

૬ જ્યારે કે તું તેમ (વધારવાની) ઇચ્છા રાખે છે તો ખુદા પણ તેમ જ ઇચ્છે છે. ખુદા ઈમાનદારોની ઉમેદ પુરી કરે છે.

૭ ભુતકાળમાં "તે ખુદાનો છે" તેવો તું હતો તેથી (હવે) બદલામાં, "ખુદા (તેઓનો) છે," આપેલ છે.

૮ તારા પ્રતાપે મસનવીનાં હજારો આભારદર્શનો હતાં, તેણીએ પોતાના હાથો દુઆ અને આભારદર્શનમાં ઉંચા કર્યાં.

૯ ખુદાએ તારા હોઠો ઉપર અને તેના હાથમાં આભારદર્શન જોયું (તેથી) તેણે દયા બતાવી અને વધારાની લાગણી ઈનાયત કરી.

૧૦ તે કે જે આભાર માને છે ત્યારે તે (પણ) પોતાનાં વચન વધારે છે જેમ સિજદાનો બદલો છે (ખુદાની) નજદીકી છે.

૧૧ આપણા ખુદાએ કહ્યું છે "અને તં સિજદો કર અને મારી નજીક આવ" આપણા શરીરોથી સિજદો કરવો એ આત્માને (ખુદાની) નજીક લાવે છે.

સિજદા – નાં બદલાં – નજદીકી ખુદાની
આત્મા – ખુદાની નજદીકી.

૧૨ જો ( મસનવીનો ) વધારો હસ્તિમાં આવ્યો તો તેનું કારણ આ છે, તે કાંઇ ખોટી ડંફાસ અને ગડબડ ખાતર નથી.

૧૩ વસંત ઋતુમાં જેમ દ્રાક્ષવાડી ( ખીલે છે ) તેમ અમે તારાથી રાજી છીએ, તું અધિકારી છો, આવ આલેખન કર કે જેથી અમે ( ત્યારબાદ ) હંમેશા આલેખન કરીએ.

૧૪ આ વણજારને ખુશીથી યાત્રાએ લઈ જા, " ધીરજ એ આનંદની ચાવી " ના ઓ હુકમદાતા.

૧૫ (ઔપચારિક ) યાત્રા (ખુદાના) ઘરની મુલાકાત લેવામાં છે ( પણ ખરી ) ખુદાઈ ઘરની યાત્રા ( ખરા ) (ઇમામે સુબ્હીં ) ની મુલાકાતમાં છે.

૧૬ હું તને " ઝીયા " ( પ્રકાશ ) હુસામુદ્દીન ( મઝહબની તલવાર ) ( એ નામે બોલાવું છું, કારણ કે તું સૂર્ય છો અને આ બન્ને ( શબ્દો ) ( સૂર્યનું ) વર્ણન કરનાર ઉપનામ છે.

૧૭ એટલા માટે યાદ રાખજે કે આ તલવાર અને પ્રકાશ એક છે, સૂર્યની તલવાર ( કિરણ ) એ હકીકતમાં પ્રકાશ થકી જ છે.

૧૮ 'નૂર' ચંદ્રમાનું સંબંધિત છે, અને આ 'ચમક' સૂર્યની સંબંધિત છે. આ (વાત) કુરાનમાં વાંચ.

૧૯ કુરાન શરીફે સૂર્યને 'ઝીયા' કહીને બોલાવેલ છે, અને તેણે ચંદ્રમાને 'નૂર' કહીને બોલાવેલ છે, ઓ પિતા, આ ધ્યાનમાં લે.

૨૦ જો કે સૂર્યનો મહીમા ચંદ્રાથી વધારે છે, તો પછી જાણ કે પદવીમાં 'ઝીયા' નુરથી ચડીયાતું છે.

૨૧ કેટલાક ચંદ્રમાના અજવાળામાં રસ્તો જોતા નથી ( પણ ) જેવો સૂર્ય ઉગે છે કે તે દ્રશ્યમાન થાય છે.

૨૨ સૂર્ય બદલાતી ચીજોને સંપૂર્ણપણે બતાવે છે, જરૂરીઆત અંગે બજારો દિવસના ભાગમાં ભરવામાં આવે છે.

૨૩ એટલા માટે કે ખોટા સિક્કા અને સાચું નાણું દ્રષ્ટિમાં આવે, અને તે (વેપારી) દગાબાજી અને ધૂર્તથી બચી શકે.

૨૪ પૃથ્વી તેના પ્રકાશથી સંપૂર્ણ ઝગઝગે ત્યાં સુધી ( સુર્ય ) ઉપર જાય છે, ( આ ) વેપારીઓ ( પર ) વિશ્વવ્યાપક દયા ( છે ).

૨૫ પણ ખોટા સિક્કાવાળા માટે તે ( સૂર્ય ) ધિક્કારવા યોગ્ય અને ગમગીની છે, કારણ કે વસ્તુઓ તેવા ધનથી વેચાણ લાયક નથી બનતી.

૨૬ તેથી ખોટો સિક્કો નાણાં બદલનારનો જીવલેણ શત્રુ છે. કુતરા સિવાય " ઔલીયા "ના દુશ્મન કોણ હોય ?

૨૭ નબીઓ ( ધર્મ રસ્તે લાવવા ) તેમના દુશ્મનોથી વાદવિવાદ કરતા હતા. પછી ફિરસ્તાઓ, " ઓ માલિક, ( તેમનાથી ) તેઓને બચાવની ગિરીયાઝારી કરતા હતા."
૨૮ ( હદીસમાં ) કહેવાયું છે, " આ બત્તી રાખો કે જે પ્રકાશને પ્રસારિત કરે છે, (કે જે) ચોરોથી હાંકવું કે શ્વાસોથી દુર છે.
૨૯ માત્ર ચોર અને બનાવટી સિક્કા પાડનાર પ્રકાશના વેરી છે, " ઓ મુશ્કેલી વખતે સહાય કરનાર તું આ બન્નેથી બચાવજે."
૩૦ ચોથી કિતાબ ઉપર પ્રકાશ પાડ કારણ કે ચોથા આસમાનમાંથી સૂર્ય ઉગ્યો છે.
૩૧ અદબ, ચોથી કિતાબમાંથી સુર્ય માફક પ્રકાશ આપ. તેથી તે ( બધા ) દેશો અને વસ્તીવાળી જમીનો ઉપર પ્રકાશ પાથરે.
૩૨ જે કોઇ તેને નવરાશની વાર્તા માફક વાંચે છે, તે નવરી વાર્તા ( માફક ) છે. અને જે કોઇ તેને પોતાના હાથમાં કીમતી સમજી વાંચે છે તે ( ખુદાના ) માણસ જેવો છે.
૩૩ તે નાઇલ નદીનું પાણી છે કે જે મીસરના લોકોને લોહી દેખાતું હતું. ( પણ ) હ. મુસા ( અ. સ. )ના લોકોને લોહી નહિ પાણી ( દેખાતું હતું ).
૩૪ આ પળે ( મસનવી )ના શબ્દો દુશ્મન ( તારી નજરમાં ) માથાભર દોજખમાં પડતા નજરે પડયા છે.
૩૫ ઓ ઝીયા ઉલહક તેં તેની ( હલકી ) હાલત જોઇ છે. ખુદાએ તને તેઓના ( હલકા ) કર્તવ્યોનો જવાબ બતાવ્યો છે.
૩૬ તારી આંખો કે જે અદ્રષ્ય જુએ છે, અદ્રષ્ય ( જોનાર ) માલીક છે, આ દ્રષ્ટિની શક્તિ અને બક્ષિશ આ દુનિયામાંથી અદ્રષ્ય ન થાઓ !
૩૭ જો તું આ વાર્તા સંપૂર્ણપણે સાંભળીશ, કે જે આપણી અત્યારની હાલતનું ચાલુ નાણું છે તો તે બંધ બેસતું છે.
૩૮ યોગ્ય માટે અયોગ્ય ટોળાને છોડી દે. વાર્તાનો છેડો લાવ, તેને બહાર પાડવા માર્ગદર્શન આપ.
૩૯ જો કે આ વાત ત્યાં ( ત્રીજી કીતાબમાં ) પુરી કરવામાં આવી નથી. ( હવે ) આ ચોથી કીતાબ છે તેને પદ્ધતિસર બનાવ.

**પ્રેમીની વાર્તાનું અંતીમ કે જે રાતની ચોકીમાંથી અજાણી ફળવાડીમાં નાસ્યો અને ફળવાડીમાં પોતાની પ્રેમીકાને જોતાં થએલી ખુશી માટે ચોકીવાળાને દુઆ દેતાં કહ્યું, " એવું બને કે તમે એક વસ્તુ ધિક્કારો છતાં તે તમારા માટે વધુ સારા હોય ! "**

૪૦ આપણે ( વાર્તાના ) આ મુદ્દા ઉપર હતા કે પેલો શખ્સ રાતની ચોકીમાંથી બીકનો માર્યો ( ભાગ્યો ) ( અને ) ફળવાડીમાં કુદી પડયો.

૪૧ બગીચામાં તેની સુંદર પ્રેમીકા હતી કે જેના માટે આ યુવાન આઠ વર્ષથી જુદાઇના ઉગ્ર સંતાપમાં હતો.

૪૨ તેને તેનો પડછાયો (પણ) જોવાની શકયતા ન હતી. તે (માત્ર) તેણીનું વર્ણન 'અન્કા' ની માફક સાંભળતો હતો.

૪૩ સિવાય માત્ર એક જ પહેલી મુલાકાત કે જે (દૈવી) નશીબ જોગે બની હતી અને તેના દીલને ઘાયલ કર્યું હતું.

૪૪ તે પછી ગમે તેટલા યત્નો કર્યા છતાં, તે ઘાતકીએ તેને શાન્ત કરવા એક પણ મોકો આપ્યો ન હતો.

૪૫ આજીજી કે દોલત તેને સહાયકર્તા ન થઈ. પેલો (તાજો) ઝાડનો રોપ ઈચ્છા વગર પુરો સંતોષાયો હતો.

૪૬ ખુદા કોઈ બનાવટ અથવા વસ્તુના પ્રેમીના (વ્યવસાયમાં) ની ઘટનાની શરૂઆતમાં મંદ સ્મિત કરે છે.

૪૭ (પણ) જ્યારે તેઓ ઝીણવટથી શોધમાં પડે છે ત્યારે દરરોજ તેઓના પગો જાળથી બાંધે છે.

૪૮ જ્યારે તે આ બાબતની શોધમાં જકડાણો છે ત્યારે તે પછી તે દરવાજો બંધ કરે છે, કહે છે, "દહેજ લાવ."

૪૯ છતાં તેઓ સુંવાળી (આશા)ને વળગી રહે છે અને (શોધ) ચાલુ રાખે છે. દરેક પળે તેઓ આશાવંતા અને હતાશ બને છે.

૫૦ (તેમાંના) દરેકને ફળ (જીતવાની) આશા હોય છે કે તેમાંથી કોઈ ચોક્કસ પળે તેઓના માટે દરવાજો ખુલશે.

૫૧ પછી (તેઓના) ઉપર તે બંધ થયો (પણ) દરવાજાના વિશ્વાસુ તેજ આશામાં (કોશીષ ચાલુ રાખે છે) અને પગે બળતા બને છે.

૫૨ જ્યારે યુવાન પેલી ફળવાડીમાં આનંદીત બની દાખલ થયો, ત્યારે ખરેખર ઓચીંતા તેના પગ (દટાએલા) ખજાનામાં ખૂંચી ગયા.

૫૩ ખુદાએ રાતના ચોકીદારને નીમીત બનાવ્યો તેથી તેની બીકના માર્યા તે (પ્રેમી) રાતના ફુલવાડીમાં દોડે.

૫૪ અને દીવાના પ્રકાશમાં ફળવાડીના ઝરણામાં પોતાની વીંટી શોધતી પ્રેમીકાને મળે

૫૫ તેથી તેજ વખતે ખુશાલીના પ્રતાપે ચોકીદારના હકમાં ખુદાના વખાણ સાથે દુઆ માગવામાં જોડાયા.

૫૬ "કહે, રાતના ચોકીદારના ભાગવામાં મેં ભુલ કરી. તેના ઉપર વીસ વખત સોના રૂપાના સિક્કા (વર્ષાવું.)

૫૭ તેને ચોકીના કામથી મુક્ત કરો. હું જેમ ખુશ છું તેમ તેને પણ કરો.

૫૮ તેને ( ખુદા ) આ દુનિયામાં અને પેલી દુનિયામાં આશીર્વાદીત રાખે. ચોકી કરવા
અને ઘોડાને ખંખેરા કરવાથી ( તેને ) મુક્ત કરે. ”
૫૯ ઓ ખુદા, સિપાઈઓની ખાશિયત છે કે તે લોકોને સંતાપ્યે રાખે.
૬૦ જો રાજાએ ઇમાનદારો ઉપર કરવેરો નાખ્યો હોઇ તો તે ( સિપાઈ ) મનમાં પ્રસન્ન
અને ફુલાઇ જાય છે.
૬૧ અને જો સમાચાર આવે કે રાજાએ દયા બતાવી છે, અને ઉદારતાથી મુસ્લિમો ઉપરનો
( દંડ ) ઉઠાવી લીધો છે,
૬૨ તો પછી તેના આત્મા ઉપર દિલગીરી છવાઇ જાય છે. સિપાઇને આવી એકસો
નીતિભ્રષ્ટતા હોય છે.
૬૩ તે ( પેલો પ્રેમી ) પ્રાર્થનામાં સિપાઈને યાદ કરતો હતો. કારણ કે આવું આશ્વાસન
તેને સિપાઇ પાસેથી સાંપડ્યું હતું.
૬૪ તે ( સિપાઈ બીજા ) બધા માટે ઝેર હતો પણ તેને માટે ( તે ) ઝેર મારક હતો.
સિપાઈ તડપતા પ્રેમીને ભેગા કરવાનું સાધન બન્યો હતો.
૬૫ તેથી એકંદરે દુનિયામાં અધર્મ નથી. અધર્મ તુલનાત્મક છે. આ ( સત્ય ) પણ જાણ.
૬૬ ઝમાનાના ( જ્ઞાનમાં ) ત્યાં ઝેર કે સાકર ન પણ હોય કે જે એકને પગ (આધાર)
અને બીજાને બેડી ( ઇજા ) બને.
૬૭ એકને એક પગ, બીજાને બેડી, એકને ઝેર અને બીજાને સાકર જેવી ( મીઠી ).
૬૮ સાપનું ઝેર સાપને માટે જીવન છે, ( પણ ) માણસના સંબંધમાં તે મૃત્યુ છે.
૬૯ દરિયો પાણીના પ્રાણીઓ માટે બગીચા સમ છે, પણ જમીનના પ્રાણીઓ માટે તે
મૃત્યુ અને ( દર્દમય ) સળગતું લાકડું છે.
૭૦ ઓ અનુભવી આદમી, આની માફક ગણત્રી કર, એકાદ વ્યક્તિગતથી આવા સંબંધીત હજાર ( દાખલાઓ મળશે ).
૭૧ પેલા ( વ્યક્તિગત ) એક માટે ઝયદ કદાચ સેતાન બને, ( પણ ) બીજા માણસના
સંબંધમાં તે એક બાદશાહ જેવો ( લાભદાયી ) પણ હોય.
૭૨ પેલો એક કહેશે કે ઝયદ એક માનવંત ‘ સંત ’ છે. અને આ એક કહેશે કે ઝયદ
કાફર છે કે જેને કતલ કરવો જોઈએ.
૭૩ ઝયદ એક જ માણસ છે. પેલા માટે એક ઢાલ ( મિસાલ ) છે, જ્યારે આ બીજા
માટે ( તે ) સમગ્રપણે દુઃખ અને દર્દ છે.
૭૪ જો તમે ઇચ્છો કે તમને સાકર જેવું બનવું છે, તો પછી તેના તરફ પ્રેમીઓની
આંખથી જુઓ.
૭૫ પેલા સૌંદર્યશાળી તરફ તમારી પોતાની આંખથી ન જુઓ, શોધનારની આંખોથી
તેને શોધો.

૭૬ પેલા 'અમી દ્રષ્ટિવાળા' તરફ તમારી પોતાની આંખ બંધ કરો, તેના પ્રેમીઓની આંખ ઉછીની લ્યો.

૭૭ નહિ, આંખ અને દ્રષ્ટિ તેની પાસેથી ઉછીની લ્યો, અને પછી તેના ચહેરા ઉપર તેની આંખોથી જ જુઓ.

૭૮ કે જેથી તમે સંપૂર્ણ સંતોષ અને (તેના) થાકમાંથી ઉગરી જાઓ. આના કારણે સર્વશક્તિમાને કહ્યું છે, "ખુદા તેમનો બનશે"

૭૯ હું તેની આંખ અને હાથ અને દીલ બનીશ. અંતમાં તેનું સદ્દકિસ્મત દુ:ખમાંથી દૂરી બચી જશે.

૮૦ જે પણ કાંઈ ધિક્કારાય છે તેજ પ્રેમી અને દોસ્ત છે. ત્યારબાદ તે જ તારો પ્રેમી તારો માર્ગદર્શક બને છે.

## ધર્મોપદેશક કે જે દરેક શિખામણ આપતી વખતે અન્યાયી અને સખત દીલના અને ધર્મવિમુખીઓ માટે પ્રાર્થના કરતો તેની વાર્તા.

૮૧ જ્યારે અમુક ધર્મોપદેશક વ્યાસપીઠ ઉપર ચડતો ત્યારે તે અઠંગ લુટારાઓ માટે દુઆ માગવી શરૂ કરતો.

૮૨ તે પોતાના હાથ ઉંચા કરી (કહેતો), "ઓ માલિક, દુષ્ટ માણુસો અને લાંચીયાઓ અને હલકટ દુરાચારી લોકો ઉપર (તારી) દયા ઉતારજે.

૮૩ (કહેતો), તેઓ બધા કે જેઓ લોકોની હાંસી ઉડાવે છે, તેઓ સઘળા કે જેઓનાં દીલ અશ્રદ્ધાળુ છે અને પેલાઓ કે જેઓ ક્રિશ્ચિયન મઠમાં રહે છે.

૮૪ તે પવિત્ર માણુસો :માટે દુઆ કરતો નહિ. તે માત્ર દુષ્ટો સિવાય બીજાઓ માટે દુઆ માગતો નહિ.

૮૫ તેઓએ તેને કહ્યું, "આ (વધુ પડતું) છે, ભૂંડાઓ માટે પ્રાર્થના કરવી એ કાંઇ ઉદારતા નથી.

૮૬ તેણે જવાબ આપ્યો, "આ લોકોના ટોળામાંથી મેં ભલાઇ જોઇ છે. (અનુભવી છે) તે કારણથીજ મેં તેઓ માટે દુઆ કરવી પસંદ કરી છે.

૮૭ તેઓએ એટલાં બધાં દુષ્કર્મ, અન્યાયો અને અત્યાચારો કર્યાં છે કે જેથી તેઓએ મને ખરાબીમાંથી ભલાઈ તરફ દોરવ્યો છે.

૮૮ જ્યારે જ્યારે હું મારો ચહેરો આ દુનિયા તરફ કરું છું. ત્યારે હું ફટકાઓ સહન કરૂં છું અને તેમનાથી માર ખાઉં છું.

૮૯ અને (હું) ફટકાઓમાંથી પેલી પારનું રક્ષણ લઉં છું. વરૂઓ હંમેશાં મને (સાચા) રસ્તે પાછા લાવતા હતા.

૯૦ દાખલા તરીકે જેવા તેઓ મારી (રૂહાની) ભલાઈના સાધનોમાં યુક્તિઓ કરતા હતા ત્યારે એ સમજદાર આદમી, તેમના માટે તેવી પ્રાર્થના કરવી મને યોગ્ય લાગતું હતું.

૯૧ ( ખુદાના ) દાસ દુઃખ અને ઉગ્રતાની ખુદાને ફરિયાદ કરે છે, તે પોતાના દુઃખની એકસો ફરિયાદો કરે છે.

૯૨ ખુદા કહે છે, " સઘળું છતાં, દુઃખે તને નમ્રતથી આજીજી કરતો અને સાચાં બનાવ્યો છે. "

૯૩ પોતાના ઉપર પડતી પેલી દયાની આ ફરિયાદ કરતો રહે છે અને પોતાને મારા દરવાજેથી દુર હટાવે છે અને તને એક ત્યજાએલો બનાવે છે.

૯૪ વાસ્તવમાં ( તમારો ) દુશ્મન તમારી દયા છે, તે એક અર્ક અને લાભદાયી અને તમારી ભલાઈ ઇચ્છતા દોસ્ત જેવો છે.

૯૫ કારણ કે તમે તેનાથી એકાંતમાં ભાગી છુટો છો અને ખુદાની દયાની મદદ માટે આજીજી કરતા આનંદ પામો છો.

૯૬ તમારા દોસ્તો ખરેખર તમારા દુશ્મનો છે, કારણ કે તેઓ ખુદાઈ ' હઝુર ' માંથી દુર અને ( તેમનામાં રોકાએલા ) બનાવશે.

૯૭ એક જનાવર છે. કે જેનું નામ 'ચશધુર' (શાહુડી) છે, તે લાકડીઓના ફટકાથી વધુ મોટી અને મજબુત બનાવાય છે.

૯૮ જેટલા વધુ દંડુકા તેને મારશો તે વધુ આબાદ બને છે તે લાકડીઓના ફટકાએ.થી જાડી બને છે.

૯૯ ખાત્રીપૂર્વક સાચા ઇમાનદારનો આત્મા શાહુડી છે કારણ કે તે તકલીફોના ફટકાઓ અંગે મજબુત અને જાડો (બનાવાય છે.)

૧૦૦ તેથી આ કારણસર તકલીફો અને શરમો દુનિયાના ઘણા બધા લોકો કરતાં પયગમ્બરો ઉપર વધુ ઉતારેલી છે.

૧૦૧ જેથી તેઓના આત્માઓ (બીજા બધાના) આત્માઓ કરતાં વધુ મજબુત બન્યા, કારણ કે બીજો કોઈ વર્ગના લોકોએ આવાં દુઃખ સહન કર્યાં નથી.

૧૦૨ ચામડાને દવાથી પીડવામાં આવે છે. (પછી) તે 'ટ્રાઈફ' ચામડાની માફક લીસું બને છે

૧૦૩ અને જો તે ( કેળવનાર ) સખત અને તીખી (પ્રવાહી) તેનામાં ઘસતો નથી તો તે
દુર્ગન્ધ મારતું, અણગમતું અને હલકી વાસવાળું બનશે.

૧૦૪ જાણ કે માણસ નહિ કેળવાએલું ચામડું ધાંધલીઓ અને નિર્લજ મિજાજવાળો છે.

૧૦૫ તેને (દુષ્ટ મનને) સખત અને તીખી ( શિસ્તપાલન ) આપો અને ઘસીને ખૂબ દુઃખ
આપો કે જેથી તે પવિત્ર અને ખુબસુરત શક્તિશાળી બને.

૧૦૬ ઓ લુચ્ચા, જો તમે પોતામાં (સંયમ કેળવી) ન શકો તો સંતુષ્ઠ બનો. ભલે પછી
ખુદા (તારા હિસ્સે) તારી મરજી વિરૂદ્ધ તને દુઃખ આપે.

૧૦૭ કારણ કે દોસ્તે (મોકલાવેલ) દુઃખ તો પવિત્ર બનાવવા માગે છે કે જેનું જ્ઞાન તારી યોજનાઓથી વેગળું છે.

એકાંતમાં - દોસ્તો - દુશ્મનો - ખુદાની હુઝુર માંથી દુર, રોકાયેલા.
ઈમાનદારોના આત્મા - શાહુડી - ફટકાર જાડા. મજબુત. તકલીફો - શરમ આપનારો.
પયગંબર - વર્ગના:

૧૦૮ જ્યારે તે (તેમાં) ત્યારે (સહન કરનારે) દુઃખ મીઠું લાગે છે. દવા (માંદા માણસને) મીઠી બને છે. જ્યારે કે તે તંદુરસ્તી નિહાળે છે.

૧૦૯ તે પોતાના માટે પીછેહઠના સત્વરે વિજય તરીકે નિહાળે છે, તેથી તે (મનસુરની માફક) કહે છે, "ઓ વિશ્વાસુ મને મારી નાખ."

૧૧૦ પેલા બીજાની ગણત્રીમાં આ સિપાઇ ફાયદાનું (કારણ) બન્યો પણ પોતાની ગણત્રીમાં તે પોતે અધમ બન્યો.

૧૧૧ તેનામાંથી ધ્યાનની સાથે સબંધ ધરાવતી દયા કાપી નાખવામાં આવી. તેના માટે સેતાનમાં ધિક્કારનો વાસો વધ્યો.

૧૧૨ તે ગુસ્સા અને ધિક્કારનું કારખાનું બન્યો, જાણુ કે ધિક્કાર દુઃખ અને નાસ્તિકતાનું મુળ છે,

**તેઓનું હ. ઇસા (અ. સ.)ને આમ પુછ્યું "ઓ : ખુદાના આત્મા, અસ્તિત્વમાં વેઠવાની સૌથી સખતમાં સખત વસ્તુ કઈ છે!"**

૧૧૩ એક સંયમી માણસે હ. ઈસા (અ. સ.)ને પૂછ્યું. "અસ્તિત્વમાંથી વેઠવાની સૌથી સખતમાં સખત વસ્તુ કઇ છે?"

૧૧૪ તેમણે જવાબ આપ્યો, "ઓ (મારા વ્હાલા) આત્મા, ખુદાનો ગુસ્સો સૌથી વધુ કઠણ છે કે જેના કારણે આપણે તેમજ દોજખ ધ્રૂજે છે."

૧૧૫ તેણે કહ્યું; "આ ખુદાના ગુસ્સા વિરૂદ્ધ સલામતી શું છે?" હ. ઈસા (અ. સ.) એ કહ્યું, "તારો પોતાનો ગુસ્સો એકદમ છોડી દે."

૧૧૬ તેથી જેવો સિપાઇ આ ગુસ્સાની ખાણ બન્યો તેવો જ તેનો કઢંગો ગુસ્સો જંગલી જનાવરથી પણ વધી ગયો.

૧૧૭ (દૈવી) દયાની તેના માટે કઇ આશા છે? સિવાય કે નશીબજોગે પેલો દયાહિન આદમી પેલા ગુણધર્મોથી પાછો ફરે.

૧૧૮ જો કે દુનિયા તેમના વગર ચાલી શકે નહિ. આ નિવેદન (તેઓ કે જેઓ સાંભળે છે) તેમને ભુલાવામાં નાખવા (કારણ ભુત) છે.

૧૧૯ પેશાબ વગર પણ જગત ચાલી શકે નહિ, પણ તે પેશાબ કાંઇ વહેતું ચોક્ખું પાણી નથી.

૧૨૦ જ્યારે પેલા મુર્ખે તેણીને એકલી જોઇ, તુર્ત જ તેણે તેને આલીંગન આવી ચુંબન કરવાનો પ્રયત્ન કર્યો.

૧૨૧ ખુબસુરતે તેની સામે દર્દમય અવાજ ઊંચો કર્યો, કહીને, "ગાંડી રીતે વર્તન ન કર. ભલી રીતભાતના વિચારવાળો બન."

૧૨૨ તેણે કહ્યું, "શા માટે? અહીં એકાંત છે અને કોઈ માણસ હાજર નથી. પાણી
હાથ વેંતમાં છે. અને મારા જેવો એક તરસ્યો!"

૧૨૩ પવન સિવાય અહીં કાંઈ ચાલતું નથી. (અહીં) કોણ હાજર છે? આ જીતમાંથી
મને પાછો કોણ વાળશે?"

૧૨૪ તેણીએ કહ્યું "ઓ ગાંડા માણસ, તું મુર્ખ બન્યો છો, તું એક મુર્ખ છો અને
ડાહ્યાની વાત સાંભળતો નથી.

૧૨૫ તેં હવાને હાલતી જોઈ છે. જાણ કે હવાનો બનાવનાર અહીં છે, કે જે હવાને
ઉડાવી જાય છે."

૧૨૬ પંખો એટલે કે ખુદાના કાર્યથી તેની ગણત્રીની દિશા આ પવન ઉપર ભટકાય છે
હમેશાં પોતાની હલચલ ચાલુ રાખે છે.

૧૨૭ પવન (હવા)નો ભાગ કે જે આપણા કાબુમાં છે તે જ્યાં સુધી તમે પંખો ચલાવતા
નથી ત્યાં સુધી ગતીમાન થતો નથી.

૧૨૮ ઓ ભલા આદમી તમારા વગર અને પંખા વગર હવાના આ હિસ્સાથી હીલચાલ
ઉપસ્થિત થતી નથી.

૧૨૯ શ્વાસોચ્છવાસની હવાની હિલચાલ કે જે હોઠ ઉપર છે તે આત્મા અને કાયાએ
સુચવેલા માર્ગે અનુસરે છે.

૧૩૦ એક વખત તમે વખાણ ગાતો અને (ખુશીનો) સંદેશ દેતો શ્વાસોચ્છવાસ બનાવો
છો, બીજી વખતે અવગુણ અને મુર્ખાઇ ભરેલી વાણીનો બનાવો છો.

૧૩૧ તો પછી (આ બાબતમાંથી) પવનની બીજી બાબતો સમજ, એક બુદ્ધિવાન કટકામાં
આખું જોઈ શકે છે.

૧૩૨ ખુદા કોઈ વાર પવનને વસંતઋતુ બનાવે છે, શિયાળામાં આ માયાળુપણું તે
ખુંચવી લ્યે છે.

૧૩૩ તે તેને હ. આદતના (અ.સ.) લોકો માટે 'સરસર' (સખત ઠંડો અને તોફાની)
બનાવે છે. તે હ. હુદ (અ.સ.)ના લોકો માટે તેને સુગંધી (સુવાસિત) બનાવે છે.

૧૩૪ એક પવનને તે ઝેરી રેતીના પવન જેવો (નાશકારક) બનાવે છે, તે પૂર્વના
પવનને મધુરું આગમન બનાવે છે.

૧૩૫ તેણે તમારામાં શ્વાસોચ્છવાસનો પવન સ્થાપિત કર્યો છે. એટલા માટે કે (બીજા)
દરેક પવન માટે વિચાર પ્રક્રિયાની સમાનતાનો ન્યાય કરો.

૧૩૬ નમ્રતા અને કઠોરતાના (ગુણધર્મ ધારી લીધા) વગર શ્વાસોચ્છવાસ વાણી બનતી
નથી. તે એક જાતના લોકો માટે મધ છે અને બીજા વર્ગ માટે ઝેર છે.

૧૩૭ (પક્ષપાતી) માણસના લાભમાં પંખો ફરે છે, અને દરેક માખી મચ્છરનું
દમન કરે છે.

૧૩૮ તો પછી શા માટે દૈવી ભાવીનો પંખો (ભલાબુરા કારણોની) ચકાસણી અને કસોટીમાં સંઘરેલો ન બને?

૧૩૯ દાખલા તરીકે, હિસ્સાની માફક, એટલે કે શ્વાસોચ્છવાસનો પવન અથવા પંખો ઇજા અથવા સંગીન તક સિવાય બીજું કંઇ નથી.

૧૪૦ આ ઉત્તરનો પવન અને આ પૂર્વનો પવન અને આ પશ્ચિમનો પવન, બક્ષિશ ઉતારતો અને સંગીન તક (બતાવવામાંથી) અળગો કેમ બને?

૧૪૧ ધાન્ય ભરવાના કોઠારમાંના થોડા ઘઉં તરફ જુઓ, અને તેનો તમામ જથ્થો આ (થોડાં)ના જેવો બનશે તો તેનો ચિતાર મેળવો.

૧૪૨ આકાશમાંના પવનના સ્થળેથી પવનના હાંકનારના પંખા સિવાય પવનનો તમામ જથ્થો કેવી રીતે ધસી આવશે?

૧૪૩ શું તે સત્ય હકીકત નથી કે અનાજ ઉપણવાના વખતે અનાજ મસળવાની જગ્યાએ મજુરો પવન માટે ખુદાને આજીજી કરે છે.

૧૪૪ એટલા માટે કે ઘઉંમાંથી ફોતરાં જુદાં બનાવાય કે જેથી અનાજ અનાજના કોઠાર કે ભંડારમાં જાય?

૧૪૫ જ્યારે ફુંકાતો પવન લાંબો વખત થંભી જાય, ત્યારે તેઓ બધાને તમો નમ્રતાથી ખુદાને આજીજી કરતા જોશો.

૧૪૬ તેવી જ રીતે, પ્રસૂતિમાં બચ્ચાંના જન્મનો પવન વાતો નથી, ત્યારે (માતામાંથી) દર્દમય આહ મદદ માટે બહાર આવે છે.

૧૪૭ જો તેઓ (પવનની ઇચ્છાવાળા) સજાગ હોઇ નહિ કે તેનો હાંકનાર કોણ છે તો પછી પવન માટે યાચનાપૂર્વક પ્રાર્થના કરવાની વૃત્તિ કેવી રીતે થાય?

૧૪૮ તેવી જ રીતે વહાણમાંના પેલાઓ પવનના માટે આશાવંત હોય છે. ઇન્સાન જાતને (પેદા કરનાર) માલિક પાસે તેઓ બધા માગતા હોય છે.

૧૪૯ તેવી જ રીતે દાંત દુઃખવાની, (બાબતમાં) તમો આજીજીપૂર્વક અને ઉત્કંઠાથી પવનથી બચવાનું માગતો હોવ છો.

૧૫૦ લશ્કરીઓ નમ્રતાપૂર્વક ખુદા પાસે માગે છે, કહે છે, અમોને જીતનો પવન આપજે. ઓ તું કે જેની દરેક ઇચ્છા પરિપૂર્ણ થાય છે.

૧૫૧ વળી બચ્ચાંના જન્મની શુભ વખતે મંત્રો લખેલા કાગળના કટકા (તાવીજો) પુજ્ય (સંત) પાસેથી લોકો માગતા હોય છે.

૧૫૨ તેથી બધા ચોક્કસપણે જાણે છે કે પવન પેદા કરાએલા જીવોના માલિકથી મોકલાવાયો છે.

૧૫૩ તેથી તેઓ કે જેઓ જ્ઞાન ધરાવે છે તે ચોક્કસ ખાત્રીપૂર્વક જાણે છે કે દરેક વસ્તુ જે હાલે છે તેનો હલાવનાર છે.

૧૫૪ જો કે તમે તેને નજરેથી ન (પણ) જુઓ, તો પણ તમે તેને દેખીતી અસરોના કારણે સમજી જાઓ છો.

૧૫૫ કાયા આત્મા થકી હાલે ચાલે છે, તમે આત્માને જોતા નથી, પણ કાયાના હલન-ચલનથી તેનો ચલાવનાર (આત્મા હોવો જોઇએ) તે તમો જાણો છો.

૧૫૬ તેણે (પ્રેમીએ) કહ્યું, "હું રીતભાતમાં મૂર્ખ છું (પણ) હું વિશ્વાસમાં અને પ્રવૃત્તિમાં આતુર છું.'

૧૫૭ તેણીએ જવાબ આપ્યો, "ખરેખર રીતભાતો આવી હતી કે જે જોવામાં આવી હતી, એ સત્યમાર્ગથી ઉતરી ગએલા, બીજી ચીજો માટે તું પોતે જ જાણે છે."

## સુફીની વાર્તા કે જેણે પોતાની ઘરવાળીને એક અજાણ્યા આદમી સાથે પકડી પાડી.

૧૫૮ એક સુફી દિવસના ભાગમાં પોતાના ઘરમાં (પાછો) આવ્યો. ઘરને એક જ દરવાજો હતો અને તેની ઘરવાળી એક મોચી સાથે હતી.

૧૫૯ (તેની) ઘરવાળી આ ઓરડામાં:પુરા પ્રેમથી પોતાના પ્રેમી સાથે સંસારીક સંબંધમાં મશગુલ બની હતી.

૧૬૦ જ્યારે સુફીએ બપોરના સમયે પોતાના સમયે પોતાના સઘળા બળથી દરવાજો ખખડાવ્યો ત્યારે બન્ને (પ્રેમીઓ) (શું કરવું) તેની ફીકરમાં હતા, ત્યાં ન હતી ન હતો રસ્તો?

૧૬૧ તે સમયે તેનું દુકાનેથી પાછા ફરવું કદી જાણમાં આવ્યું ન હતું (તેમ કદી બન્યું ન હતું.)

૧૬૨ પણ તે દિવસે (તે) ભયભીત માણસ એક શંકાના કારણે વગર જરૂરના કારણે ઈરાદાપુર્વક પોતાને ઘરે પાછો ફર્યો.

૧૬૩ ઘરવાળીનો તે બાબત પર વિશ્વાસ અવલંબીત હતો કે આવા વખતે તે કદી પોતાના કામમાંથી ઘરે પાછો ફરતો ન હતો.

૧૬૪ (દૈવી) ભાવી અંગે તેની ગણત્રી સાચી પડી નહિ, જો કે તે (ખુદા) પાપોનો ઢાંકનાર છે. છતાં તે સજા (પણ) ફટકારતો હોય છે.

૧૬૫ જ્યારે તમોએ ખરાબ કાર્ય કર્યું છે ત્યારે બીક રાખો, સલામત બનો નહિ. જ્યારે કે પાપ છે તે બી છે અને ખુદા તેને ઉગાડવાનું નિમિત બનશે.

૧૬૬ તે તેને થોડીવાર માટે ઢાંકે છે. અંતમાં પેલી દિલગીરી અને શરમ પેલા પાપ અંગે તારી પાસે આવે છે.

૧૬૭ હ. ઉમર (ર. અ.) જમાનામાં ઈમાનદારોના સરદારે, એક ચોરને સિપાઈઓના ફરિયાદ અમલદારને સોંપ્યો.

૧૬૮ ચોર બુમ પાડી ઉઠયો, "કહે, આ મુલકના બાદશાહ, આ મારો પહેલો જ ગુન્હો છે, દયા!

૧૬૯ ખુદા બચાવે ! હ. ઉમરે (ર. અ.) કહ્યું "ખુદા તારા ઉપર પહેલી વખત સજા ઉતારે."

૧૭૦ તે ઘણી વખત પાપને ઢાંકે છે. એટલા માટે તેની દયા જાહેર બતાવે પછી ફરી વાર તે (પાપીનો) પીછો કરે છે.

૧૭૧ અંતે કે આ બન્ને ગુણધર્મો બતાવેલા જાહેર બને, આગળનો શુભ સમાચાર દેતો અને પાછળનો અવરોધક.

૧૭૨ પેલી સ્રીએ પણ ઘણી વખત આ દુષ્ટકર્મ કરેલું તે તેના ઉપર (હળવી રીતે) પસાર થયું અને તેને (તે) નજીવું દેખયું.

૧૭૩ નબળી સમજશક્તિ (કે જે તેણીમાં હતી) સજાગ ન હતી કે મોટો (પાણીનો) પડો વોંકળામાંથી દરેક વખતે સહીસલામત (પાછો) આપતો નથી.

૧૭૪ પેલું (દૈવી) ભાષી તેણીની તરફ એવું સીધું આવ્યું કે જેમ (દીનના) દંભી વ્યક્તિ પાસે ઓચીંતુ મૃત્યુ આવે છે.

૧૭૫ અને જ્યારે (મૃત્યુ)નો ફિરસ્તો તેના આત્માને (પકડવા) પોતાના હાથ ભીસે છે.

૧૭૬ ત્યારે (ત્યાં છટકવાનો) રસ્તો જ નથી. નથી કોઈ મદદ કરવા સાથી કે જેથી રહે ઠાણુની આશા.

૧૭૭ સુફીએ પોતાના મનમાં કહ્યું, "ઓ તમો બન્ને દુર્જનો, હું તમો ઉપર શાંતિથી વેર વાળીશ.

૧૭૮ (હું ઉતાવળું પગલું નહિ ભરૂં) પણ આ પળે હું અજ્ઞાનતાનો ઢાંશ કરીશ કે જેથી આ ઘંટ દરેક કાને ન સંભળાય.

૧૭૯ તે (ખુદા) કે જે સત્ય પ્રકાશિત કરે છે, તારા ઉપર ફેફસાના ક્ષય રોગીની માફક છુપી રીતે ધીરે ધીરે વેર લ્યે છે.

૧૮૦ માણસ કે જે ફેફસાના ક્ષય રોગથી પીડાય છે, બરફની માફક તિરંતર ક્ષીણ થતો જાય છે.

૧૮૧ તેઓ શિકારીઓ પકડે છે તેવા જંગલી કુતરાની માફક છે. અને તેમના કહેવા પ્રમાણે તેઓનો ઉપયોગ કરાયો છે. આ જંગલી કુતરો કયાં છે !

૧૮૨ પેલી સ્રીને ખાનગી ઓરડો ન હતો. તેણીને ઓરડાને જોડતું ભોંયરૂં અથવા જવાનો રસ્તો અથવા ઉપરના ભાગે જવાનો રસ્તો ન હતો.

૧૮૩ રાંધવાની ભઠ્ઠી ન હતી કે જ્યાં તેણી (તેના પ્રેમીને) સંતાડે ! ન હતો કોઇ કોથળો કે તે તેના માટે પડદો બને.

૧૮૪ તે કયામતના જેમ જાણે એક પહોળું મેદાન જેવું હતું. ખાડો અથવા ટેકરો અથવા આસરાની જગ્યા (ન હતી).

૧૮૫ ખુદાએ આ નામોશીવાળી જગ્યાએ) કાંઈ પણ અસમતલ જોશે નહિ."

આ ધોખાબાજીના કારણ ખાતર સ્ત્રીએ પ્રિતમને પોતાના બુરખાની અંદર સંતાડયો અને જુઠું બહાનું રજુ કર્યું "કારણ કે ખરેખર (સ્ત્રીઓ) તમારી લુચ્ચાઇઓ મોટી છે."

૧૮૬ તેણીએ જલ્દીથી પોતાનો બુરખો તેના ઉપર ફેંકયો. તેણીએ માણસને ઓરત બનાવી અને દરવાજો ખોલ્યો.

૧૮૭ માણસ ચાદરની નીચે ચોકખી રીતે પાણી પાસેના ઝરાના ઊંટની માફક દ્રષ્ય નિહાળતો હતો.

૧૮૮ તેણીએ કહ્યું "તેણી શહેરની એક મહત્વશીલ ઓરત છે. દોલત અને માલ મિલકતમાં તેણીનો ભાગ છે.

૧૮૯ મેં કમાડનો દરવાજો વાસ્યો હતો. રખેને કોઈ અજાણ્યો ઓચીંતાના (અમારી) અચેતન હાલતમાં ઘુસી જાય !

૧૯૦ સુફીએ કહ્યું, "ઓહ (એમ છે)! તેણીની હું શું સેવા કરી શકું," આભાર કે અનુગ્રહ વગર હું શું બજાવી લાવું?"

૧૯૧ તેણી (સ્ત્રી) એ કહ્યું, "તેણીની ઇચ્છા (આપણી સાથે) કુટુંબી અને મિત્ર બનવાની છે, તેણી ઉત્કૃષ્ટ બાનુ છે, (તેમના ગુણ) કેવા (સારા) છે તે ખુદા જાણે છે!

૧૯૨ તેણીએ આપણી દીકરીને ગુપ્ત રીતે જોવાની ઇચ્છા કરી (પણ) જેમ બને છે તેમ (આપણી) દીકરી નિશાળે છે."

૧૯૩ (તેથી) બારમાં તેણીએ કહ્યું, "ભલે તેણી (દીકરી) લોટ હોય કે ભુંસો (ગમે તેવી) હોય, મારા જીવ અને દિલથી (કરવું) કે હું મારા (દીકરાની) વહુ બનાવીશ.

૧૯૪ તેણીને દિકરો છે કે જે ગામમાં નથી. તે ખુબસુરત અને હુશિયાર અને એક કાર્યરત છોકરો છે અને પોતાની રોજી કમાઈ ખાય છે."

૧૯૫ સુફીએ કહ્યું, "આપણે ગરીબ અને કંગાળ અને ઉતરતા છીએ, આ બાઇસાહેબનું કુટુંબ પૈસાદાર અને માનવંત છે.

૧૯૬ અને લગ્નમાં તેમના માટે (આપણી દીકરી) સરખા મેળવાળી કેમ બને? એક લાકડાનો ભેગો થતો દરવાજો અને બીજો (દરવાજો) હાથીદાંતનો.

૧૯૭ શાદીમાં બન્ને ભાગીદારો સરખા હોવા જોઇએ, નહિતર તે ડંખશે અને (તેઓની) સુખાપતી ટકશે નહિ."

સ્ત્રીનું કહેવું કે (પેલી માનવંત સ્ત્રી) ઘરવખરી ઉપર વળેલ નથી અને જેણીને જોઇએ છીએ તે ગુણ અને સુશીલતા છે, અને સુફીએ તેણીને (પોતાની ઘરવાળીને) ગુઢ રીતે જવાબ આપવા વિષે.

શાદીમાં:- ભાગીદારો સરખા જોઈએ.

૧૯૮ સ્ત્રીએ ( ઘરવાળીએ ) કહ્યું, " મેં આવું બહાનું આપ્યું, પણ તેણીએ કહ્યું નહિ, હું કાંઈ દુનિયાની માલ મિલ્કત શોધું તેવી નથી.

૧૯૯ અમો માલ મિલ્કત અને સોનાથી ધરાઇને બિમાર ( જેવા ) છીએ. અમો સાધારણ માણસો કે જેઓ કંજુસાઈ અને ( દોલત ) ભેગી કરે છે તેવા નથી.

૨૦૦ અમારી તરસ સુશીલતા અને પવિત્રતા અને સદ્દગુણ માટેની છે, ખરેખર બન્ને દુનિયાની ભલાઇ પેલા ( સદ્દગુણો ) ઉપર આધાર રાખે છે.

૨૦૧ સુફીએ વધુ એકવાર ગરીબાઇનું બહાનું કાઢયું, અને ફરી ફરી દોહરાવ્યું, કે જેથી તે ગુપ્ત ન રહે.

૨૦૨ સ્ત્રીએ જવાબ આપ્યો, " મેં પણ તેમને ફરી ફરી કહ્યું છે, અને આપણી ઘર-વખરીની તંગાશ સમજાવી છે."

૨૦૩ ( પણ ) તેણીનો ઠરાવ પહાડ કરતાં વધુ મજબુત છે, કારણ કે તેણી એકસો ગરી-બાઇઓથી ( પણ ) ડેબતાઈ નથી."

૨૦૪ તેણી ચાલુ કહ્યા કરે છે, જે કાંઈ મને જોઇએ છે તે કાંઇક પવિત્રતા છે, તમારા-માંથી શોધતી ચીજ ઇમાનદારી અને ઊંચા વિચારો જ છે."

૨૦૫ સુફીએ કહ્યું, " વાસ્તવમાં તેણીએ જોયું છે, અને આપણી માલ મિલ્કત અને રાચ-રચીલું છડેચોક અને સંતાડેલું જુએ છે.

૨૦૬ એક સાંકડું ઘર, એકલા માટેની રહેવાની જગ્યા, જ્યાં એક સોઈ પણ સંતાડેલી ન રહે!

૨૦૭ વધુમાં તેણી પોતાના નિષ્કપટી પણાથી આપણા કરતાં સુશીલતા અને પવિત્રતા અને સદ્દગુણ અને સ્વૈચ્છિક પરિત્યાગ વધુ સારી રીતે જાણે છે.

૨૦૮ તેણી આપણા કરતાં સુશીલતાની દરેક બાજુ આગળ અને પાછળ અને માથું અને પીઠ વધુ સારી રીતે જાણે છે.

૨૦૯ તેણી ( આપણી દીકરી ) સ્પષ્ટતાપુર્વક રાચરચીલા અને નોકર વગરની છે અને તેણી ( બાઇસાહેબા ) ખૂદ કે જે પણ સદ્દગુણ અને સુશીલતાથી ખૂબ જ જાણીતા છે.

૨૧૦ એક બાપ માટે એ જરૂરનું નથી કે ( પોતાની દીકરીની ) સુશીલતાનું વર્ણન કરે, જ્યારે કે તે તેણીમાં પ્રકાશિત દિવસની માફક જાહેર હોય.

૨૧૧ મેં આ વાર્તા એવા ઇરાદાએ કહી છે કે તમો આંખે વળગે તેવો આવા ગુન્હો જુઓ ત્યારે નકામી વાતો ગુંથો નહિ.

૨૧૨ ઓ તું કે જે તારા ઢોંગમાં આનાથી પણ વધુ પડતો છે. ( આ બાબતમાં ) તને આવી જ ઢોંગી પ્રવૃત્તિ અને ( વૃથા ) માન્યતા હતી.

૨૧૩ તું સુફીની ઘરવાળી માફક બેવફા બન્યો હતો. તેં ઢોંગીપણાથી લુચ્ચાઇની જાળ ઉઘાડી છે.

૨૧૪ કારણ કે તું દરેક ગંદા ચહેરાવાળા શેખી ખારે આગળ શરમાયો છે અને ખુદા આગળ (શરમાયો નથી).

## ખુદાને 'સમી' (સાંભળતો) અને 'બસીર' (જોતો) ઓળખાવાયો તેનું પ્રયોજન.

૨૧૫ ખુદાએ, પોતાને 'બસીર' (જોતો) ઓળખાવ્યો છે, એટલા માટે કે તેનું દરેક પળનું જોવું (પાપીની વિરૂદ્ધ) અવરોધક બને.

૨૧૬ ખુદાએ પોતાને 'સમી' (સાંભળતો) ઓળખાવ્યો છે એટલા માટે કે તું તારા હોઠ હલકટ વાણીથી બંધ કરે.

૨૧૭ ખુદાએ પોતાને 'આલીમ' (જાણતો) ઓળખાવ્યો છે એટલા માટે કે તું દુષ્ટ કૃત્યનો વિચાર (પણ) કરતાં બીએ.

૨૧૮ આ નામો ખુદાને લાગુ પાડી શકાય તેવાં લાયક નથી, કારણ કે એક સીદીને પણ કાફુર નામ હોય!

૨૧૯ (ખુદાનાં) નામો સાધિક (શબ્દો) અને અનંતતાના ગુણધર્મો (દર્શાવે છે). (તેઓ) પહેલા કારણના (સિદ્ધાંત) જેવા અવાચક નથી.

૨૨૦ નહિતર તે એક બહેરા માણસને 'સમી' (સાંભળનાર) અને આંધળા માણસને 'ઝીયા' (તેજસ્વી) (બોલાવત) તો તે ઉપહાસ અને ઠેકડી અને છેતરામણી બનત.

૨૨૧ અથવા (જેમકે) 'હયી' (શરમાળ) એક અવિચારી માણસ માટે અથવા 'સબીહ' (ખુબસુરત) એક બિહામણા હબસી માટે યોગ્ય નામ બનવું જોઈએ!

૨૨૨ એક તરતનાં જન્મેલાં બચ્ચાં માટે તેને પેઢી (બતાવતો) હાજી (યાત્રી)નો લકબ અથવા 'ગાઝી' (દીનનો લડવૈયો) અર્પો.

૨૨૩ પણ જો આ લકબો તેના વખાણમાં વપરાયા હોય તો તે સાચા નથી. સિવાય કે તે (દર્શાવ્યા મુજબનો) ગુણધર્મ ધરાવે.

૨૨૪ (નહિતર તેનો ઉપયોગ કરવો) તે ઉપહાસ અને ઠેકડી અને ગાંડપણ બનશે. "જુઠાઓ જે કહે તેનાથી" ખુદા પવિત્ર છે.

૨૨૫ (આપણી) મુલાકાત પહેલાં હું જાણતી હતી કે તમો દેખાવમાં સુંદર પણ ખાસિયતમાં હલકા છો.

૨૨૬ (તમારાથી) સામસામે નજર મેળાવતાં પહેલાં હું જાણતી હતી કે સત્તાના અનાદરના કારણે તમે સેતાનપણામાં ઝડપી પગલાં ભરો છો.

૨૨૭ જો મારી આંખ નેત્રરોગથી રાતી છે, તો તે (રાતાપણું) બીમારીના કારણ અંગેનું હોઈ મારી જાણમાં છે.

૨૨૮ તું મને ભરવાડ વગરના ઘેટા જેમ જુએ છે, તું વિચારે છે કે મારા ઉપર કોઈ દેખરેખ રાખનાર નથી.

૨૨૯ પ્રેમીઓ દિલગીરીમાં રોયા છે તેનું કારણ તેઓએ પોતાની આંખો (આંતરિક મેલ કાઢવા નથી) ઘસી.

૨૩૦ તેઓએ નાના હરણને ભરવાડ વગરનું ધાર્યું છે તેઓએ પેલા બંદીવાનને (વગર મહેનતે મળેલો) ધાર્યો છે.

૨૩૧ ત્યાં સુધી કે (દૈવી અદેખાઈનું) એક તીર ઓચીંતા ચમકારા મારતું દિલ ઉપર આવે છે (જાણે કે) કહેવા, "હું સાચવનાર છું, આડુંઅવળું જોતો નહિ."

૨૩૨ હું ઘેટા કરતાં હલકી કેમ છું, બચ્ચા કરતાં વધુ હલકી કે મારી પાછળ કોઇ રખેવાળ બને નહિ !

૨૩૩ મારો સાચવનાર છે કે જે પોતે સતારૂઢ થવા પુરતો છે, મારી ઉપર ફુંકાતા પવનને તે જાણે છે.

૨૩૪ ઓ અસ્થિર આદમી, તે પવન ગરમ હતો કે ઠંડો તેનાથી પેલો જાણનાર અજાણ કે ગેરહાજર નથી.

૨૩૫ ક્ષુધાતુર આત્મા ખુદા તરફ બહેરો અને આંધળો છે, હું મારા અંતઃકરણ વડે તારો અંધાપો જોતી હતી.

૨૩૬ મેં આઠ વર્ષો સુધી તારી કદી તપાસ કરી નથી. કારણ કે તારી ગડીએ ગડી અજ્ઞાનતા ભરેલી જોઇ છે.

૨૩૭ જોકે જે (વિષય વાસનાના) સ્નાનાગારની સગડીમાં છે તેની શું તપાસ રાખવી? અને તેને કહેવું, તું કેમ છો ? જ્યારે કે તે (વિષય વાસનામાં) માથાભર પડયો છે !

## આ દુનિયાને સ્નાનાગારની સગડી અને સ્નાન તરફ ભક્તિભાવ, (બન્નેની) સરખામણી કરવા વિષે.

૨૩૮ આ દુનિયાની વિષયવાસના સ્નાનાગારની સગડી જેવી છે કે જેનાથી સ્નાનાગાર, સ્નાનનો ભક્તિભાવ, દૈદીપ્યમાન (બનાવાયો) છે.

૨૩૯ પણ પવિત્ર માણસનો આ સગડીમાંનો હિસ્સો પવિત્રતા સિવાય બીજું કંઇ નથી. કારણ કે તે ગરમ પાણીના સ્નાનાગારમાં અને સ્વચ્છતામાં છે.

૨૪૦ પેલાઓ કે જેઓ સ્નાનાગારના સાચવનાર માટે અગ્નિ બનાવવા છાણ લઇ જાય છે, પૈસાદાર તેમને મળતા છે.

૨૪૧ ખુદાએ તેમનામાં કંજુસાઇ આરોપણ કરી છે, એટલા માટે કે સ્નાનાગાર ગરમ બને અને સારો પ્રબંધ થાય.

૨૪૨ આ સગડી છોડી દે અને ગરમ સ્નાનાગારમાં આગળ વધ. જાણ કે સગડીને છોડી દેવું તે પેલા સ્નાનાગારનું ખાસ સત્વ છે.

૨૪૩ જે કોઈ સગડીમાં છે તે તેના એક નોકર જેવો છે કે જે પ્રભુને અને તેના ચાકીદારને નકારતો નથી.

૨૪૪ જે કોઈ પણ સ્નાનાગારમાં પ્રવેશ્યો છે તેની લાક્ષણિક નિશાની તેના ફુટડા ચહેરા ઉપર દશ્યમાન થાય છે.

૨૪૫ બળતણ પુરનારાઓની નિશાનીઓ પણ, તેઓના કપડામાં અને ધુમાડામાં અને ધૂળમાં સુસ્પષ્ટ છે.

૨૪૬ જો તમો બળતણ પુરનારાઓનો ચહેરો જુઓ નહિ તો તેને સુંઘો દરેક કે જે આંધળો છે તેને માટે ગંધ એ લાકડી (માફક) છે.

૨૪૭ અને જો તમને સુંઘવાની ઇંદ્રિય ન હોય તો તેને બોલવા પ્રેરો, અને નવી વાતચીતમાં જુની ગુપ્તતા શીખો.

૨૪૮ પછી એક સોનુ ધરાવતો વેપારી કહેશે, રાત સુધી (કામ કરીને) મેં કચરા ભરેલી વીસ ટોપલીઓ ખરીદી છે.

૨૪૯ તમારી કંજુસાઈ (પાર્થીવ) દુનિયામાં અગ્નિ મિસાલ છે, દરેક (બળતી) જીભે એકસો મોંઢા ઉઘાડયાં છે.

૨૫૦ વાસ્તવિક નજરે આ સોનું વિષ્ઠાની માફક ઘૃણાજનક છે, જોકે છાણાની માફક અગ્નિ સળગાવવાનું (કારણ) છે.

૨૫૧ સૂર્ય કે જે અગ્નિથી સ્પર્ધા કરે છે ભીની ગંદકીને અગ્નિ માટે લાયક બનાવે છે.

૨૫૨ સૂર્ય (ખાણમાં) સોનાના પત્થર બનાવે છે, એટલા માટે કે એકસો તણખાઓ કંજુસાઈની સગડીમાં પડે.

૨૫૩ જે કોઇ પણ કહે છે, મેં દોલત ભેગી કરી છે, તેનો શું (આર્થ) છે? તેનો અર્થ એ થાય છે કે મેં આ બધી ગંદકી ખરીદી લીધી છે.

૨૫૪ અલબત્ત આ કહેણ ઘણુ પડતું નામોશીભરેલું છે. આના કારણે બળતણ પુરનારાઓમાં આપ વડાઈઓ પણ હોય છે.

૨૫૫ (તેમનામાંના દરેક કહે છે), રાત પડતાં સુધી તેં (માત્ર) છ જ ટોપલીઓ લીધી છે, મેં કાંઇ પણ મહેનત વગર વીસ ટોપલીઓ ભરી છે.

૨૫૬ તે કે જે સગડીમાં જન્મ્યો છે અને જેણે કદી પવિત્રતા જોઈ જ નથી. તેના ઉપર કસ્તુરીની સુગંધ દર્દમય અસર ઉત્પન્ન કરે છે.

## ચામડાં કેળવનાર કે જે બેહોશ બન્યો અને અત્તર અને કસ્તુરીની સુગંધ લેતાં મારકીટમાં માંદો પડ્યો, તેની વાર્તા.

૨૫૭ અમુક માણસ બેશુદ્ધ બની ઢળી પડયો, તે જેવો અત્તરોની બજારમાં આવ્યો કે તેજ પળે બેવડ વળ્યો.

બળતણ પુરનારનો ચહેરા જોવા નહિ તે આંધળો — માટે - ગંધ - લાકડી છે.

૨૫૮ ઉત્તમ અત્તરોવાળા પાસેથી અત્તરોની સુગંધ લહેરાતી તેને ભટકાણી. કે જેથી તેનું મસ્તક અસ્થિર બન્યું અને તે જ જગ્યાએ પડયો.

૨૫૯ તે અરે બપોરે સરિયામ રસ્તાની વચ્ચે ઠાઠડીની માફક ભાન વગરનો પડયો.

૨૬૦ તેથી લોકો તેના ઉપર ભેગા થયા. ઘણા બુમ પાડતા. "લાહૌલ," અને ઇલાજો અજમાવતા હતા.

૨૬૧ એક પોતાનો હાથ તેના (ચામડાં કેળવનારના) દિલ ઉપર મુકતો હતો જ્યારે બીજો તેના ઉપર ગુલાબજળ છાંટતો હતો.

૨૬૨ (કારણ કે) તે જાણતો ન હતો કે બજારમાં ગુલાબજળની (સુગંધ)માંથી આ મહાદુઃખે કબજો લીધો હતો.

૨૬૩ એક તેના હાથ અને માથું ઘસતો હતો અતે બીજો તણુખલાઓથી ભેળસેળ કરેલી ભીની માટી (લેપ) કરતો હતો.

૨૬૪ એક કુંવારનું લાકડું અને ખાંડનો ધૂપ સંમિશ્રિત કરતો હતો, ત્યારે બીજો તેનાં કપડાંના ભાગને ઢીલો કરતો હતો.

૨૬૫ અને બીજાએ તેની નાડી કેમ ધડકે છે તે જોવા તપાસી, અને એક બીજો તેના મોઢાની વાસ સુંઘતો હતો.

૨૬૬ તેણે શરાબ પીધો છે કે ભાંગ કે 'હશીશ' ખાધી છે તે જોવા (મોં સુંઘતો હતો). છેના બે ભાનપણા અંગે લોકો નિરાશમાં ગરકાવ રહ્યા.

૨૬૭ તેથી તેઓએ તાત્કાલીક તેના કુટુંબીઓને સમાચાર પહોંચાડયા, "ફલાણો ફલાણો માણસ ભાંગી પડવાની હાલતમાં પડેલો છે."

૨૬૮ કોઈ જાણતો નથી કે તે **વાસના** હુમલાથી પટકાણો છે, એવું તે શું હતું કે તે આવી રીતે જાહેરમાં પ્રદર્શિત બન્યો.

૨૬૯ પેલા મજબુત ચામડા કેળવનારને એક ભાઇ હતો. (કે જે) ચપળ અને ભલો હતો તે ચીલ ઝડપે આવી પહોંચ્યો.

૨૭૦ બાંયમાં કુતરાની વિષ્ઠીનીનાની બચકી સાથે તેણે લોકો વચ્ચે રસ્તો ચીર્યો, અને દુઃખની ચીસો સાથે બેભાન પાસે આવી પહોંચ્યો.

૨૭૧ તેણે કહ્યું, "હું જાણું છું કે આ બિમારી કયાંથી ઉભી થઈ છે," જ્યારે તમે (બિમારીનું) કારણ જાણો છો ત્યારે તેને સાજો કરવાની રીતો તમને દેખાય છે.

૨૭૨ જ્યારે કારણ જાણીતું હોતું નથી ત્યારે બિમારીની દવા શોધવી મુશ્કિલ બને છે અને પેલી બાબતમાં એકસો રસ્તા છે કે જે બતાવેલા બને છે.

૨૭૩ પણ જ્યારે તમને કારણની ખાત્રી થઈ ગઈ ત્યારે તે સહેલું બની શકે. કારણો અંગેનું જ્ઞાન અજ્ઞાનતા ધકેલવાનું સાધન છે.

૨૭૪ તેણે પોતાના મનમાં કહ્યું. "કુતરાની વિષ્ઠાની ગંધ તેના મગજમાં અને નાડીઓમાં જામી ગઈ છે.

૨૭૫ તે કમર સુધી ગંદકીમાં રાત પડતાં સુધી ચામડા કેળવવાના કામમાં મશગુલ રહેછે.

૨૭૬ તો પછી પેલા મહાન જાલીનુસ ( ગેલને ) આપ કહ્યું છે " (બીમાર પડતાં પહેલાં) જેમાં તે હળેલો હતો તે ( ચીજ ) દર્દીને આપો."

૨૭૭ કારણ કે તેની બિમારી ( તેની રોજીંદા ) ટેવ કરતાં ઉલટું કરવામાંથી ઉત્પન્ન થઇ છે, તેથી તેની બિમારી માટેની દવા પણ તે જેમાં હળેલો હોય તેમાંથી જ શોધ.

૨૭૮ તે ( ચામડાં કેળવનાર ) વિષ્ઠા લઈ જવા અંગે વિષ્ઠાનો વાંદો બન્યો છે. ગુલાબજળથી વાંદો બેભાન બને છે.

૨૭૯ તેની દવા પેલા તેજ કુતરાની વિષ્ઠામાં સમાએલી છે કે જેમાં તે વળેલો મળેલો છે.

૨૮૦ ( કુરાન ) વાંચ, " દુષ્ટ સ્ત્રીઓ દુષ્ટ માણસો માટે " આ કહેણ આગળ પાછળ નજરમાં રાખ.

૨૮૧ શ્રદ્ધાળુ માર્ગદર્શક ( દૈવી દયાનો ) દરવાજો ખોલવા અંબર અને ગુલાબજળથી તેના ( દુષ્ટપણા ) માટે દવા તૈયાર કરે છે.

૨૮૨ ( પણ ) દુષ્ટ માટે મીઠા શબ્દો અસર કરશે નહિ. ઓ વિશ્વાસુ, તે તેને માટે બંધ બેસતા અને લાયક નથી.

૨૮૩ વહીના અતરમાંથી તેઓ ( દુષ્ટો ) બેકાબુ બન્યા અને ગુમાવાયા તેઓનું રૂદન હતું " અમે તમારામાંથી ખરાબીની અટકળ કરી "

૨૮૪ આ ( તમારૂ ) વિવરણ અમારા માટે માંદાપણું અને બિમારી છે. તમારી શિખામણ અમારા માટે સારાં શુકન નથી.

૨૮૫ જો તમે એકવાર ફરી અમને ખુલ્લી રીતે શિખામણ આપવી શરૂ કરશો તો તેજ પળે અમો તમોને પત્થર મારશું.

૨૮૬ અમો છોકરમત અને વિનોદ થકી જાડા થયા છીએ, અમોએ ઉપદેશમાં અમોને તરબોળ કર્યા નથી.

૨૮૭ અમારો ખોરાક જુઠાપણુ અને ખોટી બડાઇઓ અને તુક્કા છે. આ સંદેશો આપવા અંગે અમારાં જઠરો ફરી ગયાં છે.

૨૮૮ તમો એકસો કે તેથી વધુ બિમારીઓ ઉત્પન્ન કરો છો, તમે બુદ્ધિવાનને ભાંગતું ઓસડ આપો છો.

## ચામડાં કેળવનારના ભાઈએ વિષ્ઠાની વાસથી ગુપ્ત રીતે તેને સાજા કરવાનો ઉપાય શોધ્યો તે વિષે.

૨૮૯ યુવાને ( ચામડાં કેળવનારથી ) લોકોને દુર હાંકવું ચાલુ રાખ્યું, એટલા માટે કે પેલા લોકો તેની દવાદારૂ જોઈ શકે નહિ.

૨૯૦ તે પોતાનું માથું, જેમ એક ગુપ્ત વાત કરે તેમ પેલાના કાનની નજીક લાવ્યો,
પણ તેણે તે ચીજ ( જે હાથમાં લાવ્યો હતો તે ) તેના નાક પાસે રાખી.

૨૯૧ કારણ કે તેણે કૂતરાની વિષ્ઠા પોતાના હાથમાં ઘસી હતી, તેણે પેલાના ગંદા મગજ
માટે તે જ દવા જોઈ હતી.

૨૯૨ થોડીવાર પસાર થઈ, માણસે હલવું શરૂ કર્યું, લોકોએ કહ્યું, " આ એક અદ્ભુત મંત્ર હતો.

૨૯૩ કારણ કે આ ( યુવાને ) મંત્રો ઉચ્ચાર્યા, અને તેના કાનમાં ફૂંક્યા, તે મરેલો હતો,
મંત્રોએ તેને રાહત આપી."

૨૯૪ પાપી લોકોના ટોળાની હિલચાલ તે જગ્યાએ હોય છે જ્યાં અપરિણીતોના સંભોગ
અને પ્રેમકટાક્ષ અને આંખના ઝબકારા ( મળતા હોય છે ).

૨૯૫ હરકોઇ કે જેને કસ્તુરી ઉપદેશ જરૂર વગરનો છે તેણે જરૂરીયાત અંગે હલકી વાસ
સાથે મળતીયા બનવું જોઈએ.

૨૯૬ ખુદાએ અનેક દેવવાદીને ' નજસ ' ગંદા કહીને ઓળખાવ્યા છે કારણ કે અસલમાં
તેઓ વિષ્ઠામાં જ જનમ્યા હતા.

૨૯૭ જંતુ કે જે વિષ્ઠામાં જનમ્યું છે, તે કદી પણ કસ્તુરીના કારણે પોતાની ખાશિયત
બદલશે નહિ.

૨૯૮ જ્યારે કે 'નૂર' છંટાએલાની ઉદારતા ( દૃષ્ટી ) ઉપર પહોંચી નહિ તે
દુષ્ટ પોલી કાયા છે. દિલ (આત્મા) વગરનો ખાલી ફોતરા જેવો છે.

૨૯૯ અને જો ખુદા આ છંટાએલા ' નૂર 'નો હિસ્સો તેને આપે તો મિસરમાં રિવાજ છે
તેની માફક વિષ્ઠા પંખીને જન્મ આપે.

૩૦૦ પણ સસ્તું પાળેલું બતક નહિ, નહિ, જ્ઞાન અને ડહાપણનું પંખી.

૩૦૧ તું પેલા ( દુષ્ટ માણસને ) મળતો આવે છે કારણ કે તને પેલા 'નૂર'થી વંચિત
કરાયો છે તેથી જ તું તારૂં નાક ગંદકીમાં મુકે છે.

૩૦૨ કારણ કે ( મારાથી ) જુદાઈના કારણે તારા ગાલો અને ચહેરો પીળો ( ફિક્કો ) બન્યો
છે તું પીળાં પાદડાંવાળું ઝાડ છો અને તેના જેવો કાચો રહ્યો છો.

૩૦૩ ઘડો અગ્નિથી કાળો અને રંગમાં ધુમાડા જેવો બન્યો હતો. ( પણ ) માંસ તેના
સખતપણાના કારણે આના જેવું કાચું રહ્યું છે.

૩૦૪ મેં તને આઠ વર્ષો સુધી ( મારાથી ) જુદાઇમાં ઉકાળ્યો, ( છતાં પણ ) તારું કાચા-
પણું અને પાખંડ એક રજ માત્ર પણ ઓછું થએલ નથી.

૩૦૫ તારી કાચી દ્રાક્ષ કઠણ બની છે ( બીજી ) મોટી દ્રાક્ષ બિમારીના કારણે ( સુકવ-
વાના કારણે ) હવે સુકી દ્રાક્ષ છે, જ્યારે તું હજી અપકવ છો.

## પ્રેમીએ પોતાના પ્રપંચ અને ઢાંક પિછોડાના પાપ માટે માફ કરવા આજીજી કરી અને પ્રિયતમાનું તે પણ સમજી જવા વિષે.

૩૦૬ પ્રેમીએ કહ્યું, મેં કરી, તેનો ગુન્હો ન ગણ કે હું જોઇ શકું કે તું નફ્ફટ છો કે સુશીલ કસોટી શ્રી છો.

૩૦૭ જો કે હું તે કસોટી વગર પણ જાણતો હતો ( છતાં ) સાંભળવું જોવા બરાબર કેમ બને !

૩૦૮ તું સુર્ય ( જેવી ) છો. તારૂં નામ પ્રખ્યાત છે અને બધાને જાણીતું છે. મેં કસોટી કરી તેથી નુકશાન શું થયું ?

૩૦૯ તું હું જ છો હું દરરોજ મારી ખુદની નફા–નુકશાનીમાં કસોટી કરૂં છું.

૩૧૦ પયગમ્બરો તેમના દુશ્મનોથી કસોટીમાં મુકાયા હતા. પરિણામે તેઓએ પેલા મોજીઝા બતાવ્યા હતા.

૩૧૧ મેં મારી પોતાની આંખે, પ્રકાશની કસોટી કરી, એ તું કે જેની આંખો આગળથી હલકટ આંખ દુર બને !

૩૧૨ આ દુનિયા ખંડેર જેવી છે, અને તું ( દટાએલો ) ખજાનો ( છો ). જો મેં તારા ખજાના સંબંધી તપાસ કરી તો વ્યથા ન કર.

૩૧૩ મેં આવું એક અવિચારી પગલું બેપરવાઇથી ભર્યું કે હું હમેશાં ( તારા ) દુશ્મનો પાસે ( તારા સદ્‌ગુણોની ) બડાઇ હાંકું.

૩૧૪ કે જેથી જ્યારે મારી જીભ તારા ઉપર એક નામ બોલે, ત્યારે જે મેં જોયું છે તેની ખાત્રી મારી આંખ આપે.

૩૧૫ જો હું માનવંતના રસ્તાનો લુંટારો બન્યો હોઉં તો એ ચંદ્રમા, હું તલવાર અને એક કફન સાથે હાજર થયો છું,

૩૧૬ તારા પોતાના જ હાથ સિવાય મારા પગ અને માથું કાપતી નહિ. કારણ કે હું આ હાથનો છું, બીજા હાથનો નહિ.

૩૧૭ તું ફરીવાર જુદાઇની વાત કરે છે, તને જેમ ગમે તેમ કર, પણ આમ ( જુદાઇની વાત ) ન કર.

૩૧૮ વિવરણનો રસ્તો હવે ખુલ્લો થયો છે ( પણ ) બોલવું અશકય છે, જ્યારે કે ( અત્યારે ) વખત નથી;

૩૧૯ આપણે છીલટાં ( જાહેર )નું બોલ્યા છીએ. પણ ગર્ભ ( આંતરિક અર્થ ) દટાએલ છે, જો આપણે ( જીવતા ) હોઇશું તો અત્યારે છે તેમ તે ( ગુપ્ત ) નહિ રહે.

## પ્રિયતમાએ પ્રેમીના બહાનાનો અસ્વીકાર કર્યો અને તેનો પ્રપંચ તેનામાં જ ઘસ્યો.

૩૨૦ પ્રિયતમાએ પોતાનો જવાબ આપવા હોઠો ખોલ્યા, કહીને, “ મારી દિશાએ તે દિવસ છે ( અને ) તારી દિશાએ તે રાત્રી છે,

૩૨૧ તેઓ કે જેઓ ( ખુલ્લી રીતે સત્ય ) જુએ છે. તેઓની આગળ વિસંવાદમાં અંધારૂં હટાવવા શા માટે આગળ આવે છે?

૩૨૨ મને તારા દિલમાંના બધા ઢંગ અને ઢાંક પિછોડાઓ ચોકખા દિવસની માફક દેખાય છે.

૩૨૩ અમે અમારા નોકર તરફના માયાળુપણા અંગે ભલે તે ઢાંકી દઇએ; ( પણ ) તું શા માટે હદ ઉપરાંતની બેશરમી લઇ જાય છે?

૩૨૪ તારા પિતા પાસેથી શીખ કારણ કે હ. આદમ ( અ. સ. ) પાપની પળે ખુશીની સાથે નીચે પરસાળમાં આવ્યા,

૩૨૫ જ્યારે તેમણે પેલો ગુપ્તતાનો જાણનાર જોયો, ત્યારે તેઓ પોતાના પગ ઉપર માફી માગવા ઉભા થઇ ગયા.

૩૨૬ તેમણે પોતાને પશ્ચાતાપની રાખ ઉપર બેસાડયા. નકામી માથાઝીંકની એક ડાળી ઉપરથી બીજી ડાળી ઉપર તેઓ કુદયા નહિ.

૩૨૭ તેઓએ આટલું જ કહ્યું, ' ઓ માલિક, ખરેખર અમોએ ખોટું કર્યું છે" જ્યારે કે તેઓએ આગળ પાછળ ( સ્વર્ગીય ) ચોકીદારો જોયા,

૩૨૮ તેઓએ ચોકીદારો કે જેઓ અદ્રષ્ય હતા તેઓને આત્માની માફક જોયા, દરેકની છડી આકાશે પહોંચતી હતી,

૩૨૯ કહીને, ' હોલા ', ( જમાનાની ) સુલેમાનની આગળ કીડી જેવો બન, રખેને આ છડી તને ભુક્કામાં વિખેરી નાખે.

૩૩૦ ' સત્ય ' ની જગ્યા સિવાય એક પળ માટે પણ ( બીજે કયાંઇ ) ઉભો ન રહે. એક માણસને ( દેખતી ) આંખ સિવાય બીજો કોઈ ( સારો ) ચોકીદાર નથી.

૩૩૧ ભલે પછી આંધળો માણસ ઉપદેશથી પવિત્ર બન્યો હોય, તે ફરીવાર ચાલુ ખરાબ ( પણ ) બને છે,

૩૩૨ ઓ આદમ, તું દ્રષ્યથી આંધળો નથી. પણ જ્યારે દૈવી ભાવી આવે છે ત્યારે નજર આંધળી બને છે.

૩૩૩ દેખતા માણસ માટે ખાડામાં પડવું. જો કે તેવું ખૂબજ થોડું અને પ્રાસંગિક ( બને છે ) ( તેવા થવા ) ઘણી જીંદગીઓ જોઇએ છે.

૩૩૪ આંધળાનો હિસાબ કરીએ તો આ દૈવી ભાવી, વાસ્તવમાં તેનું આ રસ્તામાં સાથી છે, કારણ કે તે તેની ખાશિયત અને ( આંધળાપણા અંગે ) પડવાની મનોવૃત્તિ ( ધરાવે છે ).

૩૩૫ તે ગંદગીમાં પડે છે, અને દુર્ગંધ શું છે તે તે જાણતો નથી ( તે પોતાને પુછે છે ). શું આસ મારામાંથી છે અથવા હું પેલો ઘયો છું તેના અંગે છે,

૩૩૬ અને તેવી જ રીતે જો કોઇ તેના ઉપર કસ્તુરી છાંટશે તો તે ધારશે કે તે ( સુવાસ ) તેનામાંથી આવે છે એટલે કે તેના દોસ્તના માયાળુપણામાંથી છે,

૩૩૭ ઓ દ્રષ્ટિવાન એકસો માતાઓ અને એકસો પિતાઓની માફક તમને બે ચોકખી આંખો છે.

૩૩૮ ખાસ કરીને દિલની આંખ ( રૂહાની આંખ ) કે જે સીત્તેર ગણી છે કે જેથી આ બન્ને ઈન્દ્રિમય આંખો માત્ર ભેગી કરનારી છે

૩૩૯ અરે, અફસોસ, રસ્તાના લુંટારા ( તારો રસ્તો રોકવા ) બેઠા છે, તેઓએ મારી જીભની નીચે એકસો ગાંઠો બાંધી છે,

૩૪૦ જ્યારે રેવાલ ચાલનો ઘોડો, તેના પગ બાંધેલા હશે ત્યારે કેવી રીતે સારી હિલચાલ કરશે ? આ બહુ ભારે સાંકળ છે, મને દરગુજર કર.

૩૪૧ ઓ દિલ, આ ( મારા ) શબ્દો ભાંગ્યાતુટયા ( બહાર ) આવે છે કારણ કે આ શબ્દો મોતીઓ છે, અને ( દૈવી ) અદેખાઈ સંચો છે ( કે જે તેને ભાંગે છે )

૩૪૨ જો કે મોતીઓ નાના નાના ટુકડાઓમાં ભાંગ્યા છે ( છતાં પણ ) તેઓ દુ:ખતી આંખોનું આંજણ બને છે.

૩૪૩ ઓ મોતી, ( દુ:ખ અંગે ) તું ભાંગી, ગએલ થવા માટે તારૂં માથું પીટ નહિ, કારણ કે ભાંગી ગએલું બનવામાં તું પાયામાં (પ્રકાશિત) તેજ બન્યું છો.

૩૪૪ તે ( શબ્દ ) આમ ભાંગેલી રીતે અને બોલવો પડે છે, ખુદા કે જે સંપૂર્ણ છે, આખરમાં ( ફરી ) આખું બનાવે છે.

૩૪૫ જો ઘઉં ભાંગ્યો છે અને ( સંચામાં ) પીસાયો છે તો તે ભઠીયારાની દુકાનમાં દેખાયો. કહે છે, જુઓ એક સંપૂર્ણ રોટલો.

૩૪૬ ઓ પ્રેમી, તું પણ જયારે કે તરૂં પાપ દેખીતું બન્યું છે, ત્યારે પાણી અને તેલ છોડી જા. અને ભાંગેલો બન.

૩૪૭ પેલાઓ કે જેઓ હ. આદમ ( અ. સ. ) નાં પસંદ કરાએલા બચ્ચાં છે, નિશાસા નાખે છે, "ખરેખર અમોએ ખોટું કર્યું છે."

૩૪૮ તારી અરજી રજુ કર, સખત ચહેરાવાળા, ઇબ્લીસની માફક વાદવિવાદ ન કર.

૩૪૯ જો અવિચારીપણું તેનું પાપ છુપાવે છે, તો જાઓ, તમારા ખુદને દુરાગ્રહ અને અવિચારીપણામાં પ્રવૃત્ત કરો.

૩૫૦ અબુજહલ, દોષમુક્તિના ધ્યેયવાળા ઘુઝતુર્કના જેવો હ. પયગમ્બર સાહેબ પાસેથી મોજીઝાની માગણી કરતો હતો.

૩૫૧ પણ પેલા ખુદાના 'સીદ્દીક' (હ. અબુબક્ર) મોજીઝાની આજીજી કરી ન હતી, તેમણે કહ્યું, "ખરેખર, આ ચહેરો સત્ય સિવાય બીજું કંઈ બોલતો નથી."

૩૫૨ તો પછી તારા જેવો એક આત્મશ્લાઘામાંથી, મારા જેવી પ્રિયતમાની કસોટી કરે તે તેયે બંધબેસ્તી (વાત) હોય?

ઘઉં - પીસાયા - દુકાનમાં - જુઓ એક સંપૂર્ણ રોટલો.
ચહેરો - સત્ય સિવાય બીજું કંઈ ...

**એક જ્યુનું હ. મૌલા મુર્તુઝાઅલી (અ. સ.) ને કહેવું, "યા અલી, જો તમોને ખુદાના રક્ષણમાં વિશ્વાસ હોય તો આ લતાગ્રહના ઉપલા મથાળેથી પોતાને ફેંકો, અને અમીરૂલ મોઅમીનીનનો તેને જવાબ દેવો.**

૩૫૩ એક દિવસ એક દુરાગ્રહી માણસ કે જે ખુદાને અપાતા માનથી અજ્ઞાન હતો, તેણે હ. મૌલા મુર્તુઝાઅલીને કહ્યું.

૩૫૪ "ઓ બુદ્ધિશાળી યુવાન, તમો ખુદાના રક્ષણના અંતઃકરણવાળા (છો), તો ખૂબજ ઊંચી અગાસી કે ગ્રહની છત ઉપરથી (કુદકો મારો)."

૩૫૫ તેમણે જવાબ આપ્યો, "હા, (તેઓજ) મારા બચપણ અને જન્મના વખતથી મારી હસ્તિ જાળવી રાખનાર શક્તિમાન રક્ષણહાર છે."

૩૫૬ તેણે (જ્યુએ) કહ્યું, "આવો, છત ઉપરથી તમો નીચે કુદી પડો, (અને) ખુદાના રક્ષણમાં સંપૂર્ણ વિશ્વાસ મુકો.

૩૫૭ કે જેથી તમારો સંપૂર્ણ વિશ્વાસ અને તમારી સાબીત થએલી ભલી અટલ શ્રદ્ધા, મને પુરાવા લાયક બને."

૩૫૮ પછી બાદશાહે તેને કહ્યું, "ચુપ રહે, ચાલ્યો જા, આ બડાઈના કારણે (રખેને) તારો આત્મા ખ્યારૂં બને!

૩૫૯ (ખુદાના) બંદા માટે તે કેમ વ્યાજબી હોય કે ખુદા સાથે તેની કસોટી કરવાના પ્રયોગનું સાહસ કરે!

૩૬૦ ઓ ગાંડા મુર્ખ, (ખુદાના) બંદા પાસે તેવી શક્તિ ક્યાંથી હોય કે તેજસ્વિ નહી પણે તેને કસોટીમાં મુકે?"

૩૬૧ તે (સત્તા) ખુદા એકલો જ ધરાવે છે, કે જે દરેક પળે પોતાના ચાકરો માટે કસોટી આગળ કરે છે.

૩૬૨ એટલા માટે કે તે આપણા બધાને ચોકખી રીતે બતાવે કે આપણે ખાનગીમાં કેવી માન્યતાઓ ધરાવીએ છીએ.

૩૬૩ શું કદી હ. આદમ (અ. સ.) એ ખુદાને આમ કહ્યું હતું, "મેં આ પાપ અને ભુલ (આચરવામાં) તારી કસોટી કરી છે?"

૩૬૪ કે જેવી હું તારી દયાની છેલ્લી હદ જોઉં?" અરે, ઓ બાદશાહ, આ (જોવાને) કોણ શક્તિશાળી છે? કોણ?

૩૬૫ જેમ તમારી સમજ ગુંચવાએલી છે તેમ તમારૂં માફી માગવું એ તમારી ગુન્હા કરતાં વધુ ખરાબ છે.

૩૬૬ તમે તેની કસોટી કેમ કરશો કે જેણે આકાશના ઘુમ્મટને ઉંચો ચડાવ્યો છે?

૩૬૭ ઓ તું કે જે ભલાઈબુરાઈ જાણતો નથી. (પેલાં) તારી પોતાની કસોટી કર અને પછી બીજાની (કર).

બંદા - ખુદાની કસોટી ના કરે

૩૬૮ ઓ ફલાણા, જ્યારે તમે પોતે તમારી કસોટી કરી છે ત્યારે તમે બીજાની કસોટી સાથે સબંધ ધરાવતા બનશો નહિ.

૩૬૯ જ્યારે તમે જાણવા પામશો કે તમો એક ખાંડના દાણા છો ત્યાર પછી તમે જાણશો કે તમો ખાંડના ગોદામ છો.

૩૭૦ તો પછી જાણ કે કશી પણ કસોટી કર્યા વગર (જો) તમે ખાંડ હશો, તો તમને ખુદા ખોટી જગ્યાએ મોકલશે નહિ.

૩૭૧ કાંઈપણ કસોટી કર્યા વગર બાદશાહ (ખુદા) નું આવું જ્ઞાન જાણ. જ્યારે કે તમે એક (રૂહાની) શાહજાદા છો ત્યારે તમોને પરસાળમાં મોકલશે.

૩૭૨ શું કોઈ ડાહ્યો માણસ કીમતી મોતીને ગોબરી વસ્તુથી ભરેલ સંડાસમાં પડવા દેશે?

૩૭૩ તેવી જ રીતે એક શાણો અને સચેત માણસ ઘઉંને ઘાસની ગંજીમાં કદી નહિ નાખે.

**૩૭૪ 'મુરશીદ કામીલ' (ઈમામે મુબી) કે જે રૂહાની રાહબર અને દોરવણી આપનાર છે તેની જો એક નવશિખાઉ કસોટી કરે તો તે ગધેડો છે.**

૩૭૫ ઓ બેઈમાન જો તમે દિનના રસ્તે તેની કસોટી કરી તો (દુઃખના દરિયા મોકલી) તમારી કસોટી કરવામાં આવશે.

૩૭૬ તમારી ધૃષ્ટતા અને અજ્ઞાનતા ખુલ્લી બનશે અને જાહેરમાં બતાવાશે. તે બારીક તપાસ થકી નગ્ન કેમ બતાવાશે?

૩૭૭ જો રજકણ આવે અને વર્તનને તોળે તો એ યુવાન ત્રાજવું ભાંગીને ભુક્કો બની જશે.

૩૭૮ કારણ કે તે (નવશિખાઉ) પોતાના અભિપ્રાય મુજબનું ત્રાજવું લાવશે અને 'ખુદાઈ ઈન્સાન'ને ત્રાજવામાં મુકશે.

૩૭૯ (પણ) જ્યારે કે તે (રૂહાની રાહબર) બુદ્ધિના ત્રાજવામાં સમાય તેમ ન હોય ત્યારે તેના પરિણામે તે બુદ્ધિના ત્રાજવામાં ભુક્કા બોલી જશે.

**૩૮૦ જાણ કે તેની કસોટી કરવી એ તેના ઉપર સત્તા ચલાવવા જેમ છે. આવા (રૂહાની) બાદશાહ ઉપર સત્તા ધરાવવાનું શોધતો નહિ.**

૩૮૧ ચિત્રોને આવા કલાકાર માટે કસોટીના કારણે સત્તા ચલાવવાની ઈચ્છા કરવી તે વળી કઈ સત્તા છે?

૩૮૨ જો તે (ચિત્રે) જાણ્યું હોત અને કોઈ કસોટીનો અનુભવ કર્યો હોત તો તે કલાકાર તેના ઉપર કસોટી કરે એ બાબત (બનત નહિ)

૩૮૩ તેના જ્ઞાનમાં જે રૂપો છે તેની સરખામણીમાં આ રૂપ જે તેણે ચીતર્યું તે ખરેખર શું પેલાથી વધુ કિમતી છે!

૩૮૪ જ્યારે તમને આવી કસોટી કરવાનો આવેગ આવે ત્યારે જાણ કે બદકિસ્મત આવી પહોંચ્યું છે, અને (તે) તારી ગરદન ફટકારશે.

૩૮૫ જ્યારે તમો આવો આવેગ અનુભવો, કે તુર્તાતુરત ખુદા તરફ ફરો અને સિજદામાં પડી જાઓ.

૩૮૬ વહેતા આંસુઓથી સજવાની જગ્યા ભીની કરો, અને કહો, ઓ ખુદા, આ શંકામાંથી તુ મને જરૂર મુક્તિ અપાવ.

૩૮૭ જે વખતે, જ્યારે ખુદાની કસોટી કરવાની તમારી ઇચ્છા થાય, ત્યારે મસ્જિદ, એટલે કે તમારો 'દીન' કર્બથી ભરેલો બને છે.

### હ. સુલેમાન (અ. સ.)ના દેવળની વાર્તા અને હ. દાઉદ (અ. સ.) નો "કર્બ અને હ. સુલેમાન (અ. સ.) ની સમક્ષ પેલું દેવળ બાંધવાનો નિર્ણય જાહેર કરવા વિષે.

૩૮૮ જ્યારે હ. દાઉદ (અ. સ.)એ પત્થરાથી પેલું હ. સુલેમાન (અ. સ.) નું દેવળ બાંધવાનો નિર્ણય કર્યો ત્યારે અગણિત હરકતો આવી.

૩૮૯ ખુદાએ તેને વહી મોકલાવી, કહે, "આ સાહસ છોડી દેવાની જાહેરાત કર, કારણ કે આ જગ્યાનું મકાન તારા હાથે બનશે નહિ,

૩૯૦ તે અમારા પૂર્વ હુકમ મુજબનું નથી, કે તું એ પસંદ કરાએલા આ દેવળ ઉભું કરે."

૩૯૧ તેમણે કહ્યું "ઓ ગુપ્તતાના જાણકાર, મારો ગુન્હો શું છે? કે જેથી તું મને દેવળ બાંધવાની મના કરે છે!"

૩૯૨ તેણે (ખુદાએ) કહ્યું, "ગુન્હો (આચર્યા) વગર તેં ઘણું લોહી વહેવડાવ્યું છે, જેઓએ અન્યાય સહન કર્યો તેઓ ઘણા માણસોના લોહી માટેની (જવાબદારી) તારી ગરદન ઉપર છે.

૩૯૩ કારણ કે અગણિત જનતાએ તારો અવાજ સાંભળવામાં દેહ છોડયા છે, (તારા અવાજના) શિકાર થઇને પડયા છે.

૩૯૪ આત્માને ખુશ કરતા તારા સુંદર અવાજના હિસાબે ઘણું લોહી વહ્યું છે.

૩૯૫ તેણે (હ. દાઉદ અ. સ.) એ કહ્યું, "હું તારાથી હંફાએલો હતો, તારાથી પિધેલો મારા હાથ તારા હાથે (શક્તિએ) બાંધેલા હતા."

૩૯૬ તેની દયાના કારણે, બાદશાહથી દરેક જણ હંફાએલો નથી? શું હંફાવાએલો 'બેખુદ' જેવો નથી?

૩૯૭ તેણે (ખુદાએ) કહ્યું, "આ હંફાવાએલો માણસ તે પેલા 'નહિવત' જેવો છે કે જે માત્ર સંબંધ અંગે જ નહિવત છે, પાકો વિશ્વાસ રાખજે!

૩૯૮ આવો બેખુદ, કે જે પોતાની હસ્તિમાંથી ચાલ્યો ગયો છે, (ખુદી વગરનો બન્યો), સજીવ જીવોમાં સર્વોત્તમ છે અને (સઘળાઓમાં) ઉત્તમ છે,

૩૯૯ તે 'ફના' ને પસાર કરી ગયો છે, દેવી ગુણધર્મોના સબંધથી આગળ (ગયો છે), (પણ) ખુદીમાંથી પસાર થવામાં તેણે ખરેખર અનંત કાળની જીંદગી 'બકા' પ્રાપ્ત કરી છે.

૪૦૦ બધા જીવો તેની સંચાલનની અંદર છે, બધી કાયાઓ પણ તેના અંકુશમાં છે.

૪૦૧ તે કે જે અમારી કૃપામાં હંકાએલો છે, તેને પરાણે હંકાવેલ નથી. તે એક એવો છે કે જેણે ભક્તિભાવ રાજીખુશીથી પસંદ કર્યો છે.

૪૦૨ વાસ્તવમાં પસંદગીનો અંત એ છે કે તેની પસંદગી અહીં ગુમાવાએલી ખૂને.

૪૦૩ સ્વતંત્ર મારૂતીઓ (રૂહાનીયત ખુશીની) કાંઈ પણ સોડમ અનુભવશે નહિ. જો આખરે તે અહમમાંથી તદ્દન પવિત્ર થએલો બન્યો ન હોય તો.

૪૦૪ જો કે દુનિયામાં સ્વાદિષ્ટ ખોરાક અને પીણું છે (છતાં) તેમાંની તેની ખુશી (દુનિયાની) ખુશીના વિલોપનમાંની એક શાખા છે.

૪૦૫ જો કે તેને (દુનિયાની) ખુશી સ્પર્શતી નથી (છતાં) તે (રૂહાની) ખુશીનો માણસ હતો, અને (પેલી) મોજમજાહનો ગ્રહણ કરનાર બન્યો.

"ખરેખર, ઈમાનદારો ભાઈઓ છે, અને 'ઉલમા' એક આત્મા જેવા છે," ખાસ કરીને હ. દાઉદ (અ. સ.), હ. સુલેમાન (અ. સ.), અને બીજા બધા પયગમ્બરોનું એકીપણું. જો તેમાંના એક ઉપર તમે ઈમાન ન રાખો તો (તમારૂં) ઈમાન કોઈ પણ પયગમ્બરમાં પુરૂં બનશે નહિ અને આ (તેઓના) એકીપણાની નિશાની છે, કે જો તમે પેલા હજારો ઘરોમાંથી એકાદનો નાશ કરશો તો બાકીનાં બીજાં બધા નાશ પામશે અને એક પણ દિવાલ ઉભી રહેશે નહિ, કારણ કે "અમોએ તેમના (પયગમ્બરોમાંના) કોઈની પણ વચ્ચે કાંઈ તફાવત રાખ્યો નથી." જેને સમજણ છે તેના માટે આ સૂચન પૂરતું છે, આ સૂચનથી પણ પર જાય છે, તેનું વિવરણ.

૪૦૬ (ખુદાએ હ. દાઉદ અ. સ. કહ્યું), "જો કે તે તારી મહેનત અને શક્તિથી સફળતાપૂર્વક પાર પડશે નહિ, છતાં મસ્જિદ તારો દીકરો બાંધશે.

૪૦૭ તેનું કાર્ય એ તારૂં જ કાર્ય છે, ઓ ડહાપણવાળા આદમી, ઈમાનદારો વચ્ચે એક જુની એકતા છે તે જાણ.

૪૦૮ ઈમાનદારો સંખ્યાબંધ છે, પણ ઈમાન એક જ છે, તેઓની કાયાઓ સંખ્યામાં છે, પણ તેઓનો આત્મા એક જ છે.

૪૦૯ સમજણ અને આત્માની સરખામણીમાં જે બળદ અને ગધેડામાં છે તે માણસના આત્મા અને સમજણથી જુદી જાતની છે.

૪૧૦ ફરી વાર (પયગમ્બરી અથવા ઈમામતના) માલિકને, સજીવ આત્મા અને તીવ્ર સમજશક્તિ કરતાં જુદી (શક્તિ) છે.

૪૧૧ જનાવરી આત્મા એકીપણું ધરાવતો નથી મહત્ત્વશીલ આત્મામાં આ એકીપણું શોધ નહિ.

૪૧૨ જો આ એક રોટલો ખાય છે, પેલો એક ધરાએલો નથી. જો આ એક બોજો ઉપાડે છે, પેલો એક લદાએલો નથી.

૪૧૩ નહિ, પણ આ એક પેલા એકના મરણથી આનંદીત થાય છે, અને જ્યારે પેલા એકને માલદાર જુએ છે ત્યારે અદેખાઇમાં મરે છે.

૪૧૪ વરૂઓ અને કુતરાઓના આત્માઓ દરેકે દરેક જુદા જુદા છે, ખુદાના 'સિંહો'ના આત્માઓ જોડાએલા છે.

૪૧૫ હું તેઓના આત્માઓ માટે બહુવચનમાં કેવળ નામ પુરતું જ બોલ્યો છું ? કારણ કે એક જ આત્મા કાયાના સંબંધમાં એક સો છે.

૪૧૬ જેમ કે આસમાનમાં સુર્યનો એક માત્ર પ્રકાશ જે ઘરો ઉપર પ્રકાશે છે તેના સબંધમાં તે એકસો છે.

૪૧૭ પણ જ્યારે તમે દિવાલ હટાવી લેશો, તેમના ઉપર પડતા બધા પ્રકાશો એક જ છે.

૪૧૮ જ્યારે ( શારિરીક ) ઘરો પાયામાંથી ઉખડી જશે, ઇમાનદારો એક જ આત્મા ( રૂપે ) બાકી રહેશે.

૪૧૯ આમ કહેવામાં ભેદભાવો અને મુશ્કિલીઓ ઉભી થાય છે, કારણ કે આ સંપૂર્ણ ઉપમા નથી, તે ( માત્ર ) સરખામણી જ છે.

૪૨૦ સિંહની શારીરિક આકૃતિ અને માણસના બહાદુર દિકરાની આકૃતિ વચ્ચે બેહિસાબ ભેદભાવો છે.

૪૨૧ પણ ઓ તું કે જેની આંતરિક દષ્ટિ સારી છે, સરખામણી કરવાની પળે, તેઓની જીંદગીઓના જોખમોની દ્રષ્ટિએ તેઓનું એકીપણું ધ્યાનમાં છે.

૪૨૨ કારણું કે આ બધા પછી, હિંમતવાન આદમી સિંહને મળતો આવે છે, ( જો કે ) તે વ્યાખ્યાના બધા દ્રષ્ટિબિન્દુઓથી સિંહ જેવો નથી.

૪૨૩ આ રહેઠાણ ( દુનિયા ) કોઇ રૂપ ધરાવતું નથી ( કે જે ) બીજા કોઇ રૂપથી એક ( હોય ) કે જેથી હું તને ( સંપૂર્ણ ) સાદશ્ય બતાવી શકું.

૪૨૪ છતાં હું એક અપૂર્ણ સરખામણી હાથ ઉપર લઉં, કે જેથી હું તારા મનના ગુંચવાડા દુર કરૂં.

૪૨૫ રાત્રીના દરેક ઘરમાં એક બત્તી મુકવામાં આવે છે, એટલા માટે કે તેના અજવાળાથી તેઓ ( રહેનારા ) અંધારાથી મુક્ત બને.

૪૨૬ પેલી બત્તી આ કાયા ( જેવી ) છે. તેનો પ્રકાશ ( જનાવરી ) આત્મા જેવો છે. તેને વાટની અને આની અને પેલાની જરૂરત પડે છે.

૪૨૭ પેલી છ વાટની બત્તી એટલે કે આ ઇન્દ્રિઓ સુવા અને ખાવા ઉપર સંપૂર્ણપણે આધારીત છે.

૪૨૮ ખોરાક અને ઉંઘ વગર એક પળ માટે પણ જીવતી રહે નહિ. ( પણ ) ખોરાક અને સુવું જ માત્ર જીવન આપતું નથી.

૪૨૯ તેની અવધી વાટ અને તેલ સિવાય છે જ નહિ. અને વાટ અને તેલથી પણ તે બદલાતી રહે છે.

૪૩૦ તેવી જ રીતે જેમ તેનો પ્રકાશ ( ગૌણ ) કારણોથી સબંધીત હોઇ મૃત્યુ શોધે છે, જ્યારે કે પ્રકાશિત દિવસ તેનું મૃત્યુ છે ત્યારે તે કેમ જીવશે !

૪૩૧ તેવીજ રીતે બધા સજીવ પ્રાણીઓની જ્ઞાનેન્દ્રિયો કાયમી નથી, કારણ કે તેઓ " છેલ્લા દિવસ " ની હાજરીમાં નહિવત છે,

૪૩૨ આપણા બાપદાદાઓની જ્ઞાનેન્દ્રિયો અને આત્માઓ પ્રકાશ સંપૂર્ણપણે ઘાસની માફક વિનાશ અને નહિવત નથી.

૪૩૩ પણ તારાઓ અને ચંદ્રમાના ઉજાસોની માફક તેઓ બધા સુર્યના પ્રકાશમાં અદ્રષ્ય થાય છે.

૪૩૪ તે એના જેવું છે કે જ્યારે સરપ તમારી પાસે આવે છે ( અને કરડે છે ) ત્યારે ચાંચડના કરડવાની પીડાનો લવકારો અને દુઃખ અદ્રષ્ય થાય છે,

૪૩૫ તે એના જેવું છે કે જેમ એક નગ્ન માણુસ પાણીમાં કુદી પડે ( એટલા માટે ) મોટા ભ્રમરાના ડંસથી પાણીમાં ભાગી છુટે,

૪૩૬ મોટા ભ્રમરો ( તેના ) ઉપર ચકરાવો લ્યે છે, અને જ્યારે તે પોતાનું માથું બહાર કાઢે છે, ત્યારે તેઓ તેને છોડતા નથી.

૪૩૭ પાણીએ ખુદાની ‘ ઝીકર ’ છે. અને મોટો ભ્રમર યાદદાસ્ત છે, ફલાણી ફલાણી અને ફલાણા ફલાણા માણુસના આ સમય દરમ્યાન,

૪૩૮ ‘ ઝીકર ’ ના પાણીમાં તમારો શ્વાસ ફુલાવો, અને માનસિક સ્વસ્થતા બતાવો, કે જેથી તમે જુના વિચાર અને આવેશમાંથી મુક્તિ મેળવો.

૪૩૯ ત્યાર બાદ તમે પોતેજ તે પવિત્ર પાણીની પ્રકૃતિ પગથી માથા સુધી ગ્રહણ કરશો.

૪૪૦ નુકશાનકારક મોટો ભ્રમર પાણીમાંથી ભાગશે. તેવીજ રીતે તે તમારી પાસે લગોલગ આવતાં પણ બીધેલો બનશે,

૪૪૧ ઓ સહકાર્યકર, જો તમે ઇચ્છો તો તે પછી પાણીથી દુર રહો, કારણ કે તમારો આંતરિક આત્મા પાણીના જેવી જ પ્રકૃતિનો છે.

૪૪૨ પછી પેલા પુરૂષો કે જેઓ દુનિયામાંથી પસાર થઇ ગયા છે, તે નહિવત નથી જ પણ તેઓ ( દૈવી ) ગુણધર્મોમાં તરબોળ બન્યા છે.

૪૪૩ તેઓના બધા ગુણધર્મો ખુદાના ગુણધર્મોમાં ( તરબોળ બન્યા ) છે, જેવી રીતે કે સુર્યની હાજરીમાં ગ્રહને નિશાની વગરનો છોડી દેવામાં આવે છે,

૪૪૪ જો તમે કુરાનમાંથી આયાતની માગણી કરો, તો ઓ ઉદ્ધત, ૫૭, " તેઓ સઘળાને અમારી હજુરમાં લાવવામાં આવશે."

છેલ્લા દિવસ ની હાજરી માં - નહિવત
જ્ઞાનેન્દ્રિયો - કાયમી નહિ

૪૪૫ 'મદહરૂન' (હજુરમાં લાવ્યો), (માદૃમ) નહિવત નથી, આની (સારી રીતે) ગણત્રી કર, કે જેથી તમે આત્માની કાયમી જીંદગી (બકા)નું અમુક જ્ઞાન મેળવો.

૪૪૬ આત્માને અનંત કાળની જીંદગીથી વંચિત કરવો એ વધુ પડતો માનસિક સંતાપ છે આત્માનું (ખુદા સાથે) મળવું એ અનંતકાળનું જીવન દરેક અટકાયતથી સ્વતંત્ર છે.

૪૪૭ આ જનાવરી ઇન્દ્રિયની ઓળખની આ બતીનું કારણ મેં તમને કહ્યું છે, (આત્મામાં તેની સાથે) એક બનવાનું શોધવામાં ખબરદાર રહેજે!

૪૪૮ ઓ ફલાણાભાઇ, તારા આત્માને તાત્કાલીક (આ ગુઢાર્થના રસ્તાના મુસાફરોના પવિત્ર આત્માઓ સાથે મળતો બનાવ.

૪૪૯ પછી તારી એકસો બતીઓ, ઓલવાય જાય કે ભલે બળે, તે જુદી છે અને (તે) એકલી નથી.

૪૫૦ આ આપણા સાથીદારો તે કારણ અંગે બધા 'જીહાદ'માં છે. (પણ) કોઇએ પણ (કદી) પયગમ્બરો વચ્ચેની લડાઈ સાંભળી નથી.

૪૫૧ કારણ કે પયગમ્બરો (અને ઇમામે મુબીં) નું 'નુર' સુર્ય હતું. (જ્યારે) **આપણી સમજણોનો પ્રકાશ બતી અને મીણબત્તી અને ધુમાડો છે.**

૪૫૨ (આમાંની) એન (બતી) બુઝાય છે, એક સવાર સુધી ચાલુ રહે છે, એક ઝાંખી છે, બીજી તેજ છે,

૪૫૩ જનાવરી આત્મા આહારથી જીવતો રખાય છે, તેની હાલત ભલી બુરી ગમે તેવી બને, તે તેમજ મરણ પામે છે,

૪૫૪ જો આ બતી નાશ પામે અને બુઝાય જાય (છતાં પણ) પાડોશીના ઘરમાં અંધારૂં કેમ થશે?

૪૫૫ તેવીજ રીતે જેમ આ (બતી) વગર પેલા ઘરનો પ્રકાશ હજી સુધી ચાલુ રખાય છે, તો પછી (તે તેને અનુસરે છે) ઇન્દ્રિયની ઓળખની બતી દરેક ઘરમાં જુદી જુદી હોય છે.

૪૫૬ આ જનાવરી આત્માની કહેવત છે, નહિ કે દૈવી આત્માની કહેવત.

૪૫૭ ફરીવાર જ્યારે ચંદ્રમા હિન્દુમાંથી જન્મેલ છે. રાત્રી, દરેક બારી ઉપર પ્રકાશ પાડે છે,

૪૫૮ પેલા સેંકડો ઘરોના પ્રકાશને એક તરીકે ગણે. કારણ કે (બીજા) ઘરના પ્રકાશ વગર આ (ઘરનો) પ્રકાશ રહેશે નહિ.

૪૫૯ જ્યાં સુધી સુર્ય ક્ષિતિજ ઉપર પ્રકાશે છે, ત્યાં સુધી જાણે કે તેનો પ્રકાશ દરેક ઘરનો મહેમાન છે.

૪૬૦ ફરીવાર, જ્યારે રૂહાની સુર્ય અસ્ત થાય છે (પાપીઓ માટે દેખાતો બંધ પડે છે) બધા ઘરોનો પ્રકાશ અદ્રશ્ય થાય છે.

૪૬૧ આ માત્ર 'નૂર' ની કહેવત છે, નહિ કે સંપૂર્ણ (સરખામણી) કારણ કે તમારા માટે (તે) સત્ય દોરવણી આપનાર છે. પરંતુ ('નૂર') ના દુશ્મન માટે રસ્તો રોકનાર લુટારૂ છે.

૪૬૨ પેલો હલકી ખાશીયતનો આદમી કરોળીયાને મળતો છે, છે જાળાં વણે છે.

૪૬૩ તેની પોતાની જ લાળથી 'નૂર' ઉપર એક પડદો બનાવે છે, તેની પોતાની દ્રષ્ટિની આંખ આંધળી બનાવે છે.

૪૬૪ જો કોઇ એક ઘોડાની ગરદનનો કબજો લ્યે છે, તે ફાયદો મેળવે છે, અને જો તે તેના પગનો કબજો લ્યે તો લાત મેળવે છે.

૪૬૫ ચંચળ ઘોડા ઉપર લગામ વગર સવાર નથી. સમજણ અને મઝહબને તારો આગેવાન બનાવ અને રવાના થા.

૪૬૬ આ બોજ ઉપર તુચ્છકારદર્શક અને અપમાન યુક્ત રીતે જોતો નહિ, મનના સંતાપની જરૂર છે.

૪૬૭ જ્યારે હ. સુલેમાન (અ. સ.) એ કાબા જેવું પવિત્ર, 'ગીના' ની માફક પૂજનીય, (દેવળ) બાંધવું શરૂ કર્યું.

૪૬૮ ત્યારે તેના બાંધકામમાં ભવ્યતા અને દિવ્યતા દેખાતી હતી, તે બીજા મકાનોની માફક નિશ્ચેષ્ટ ન હતું.

૪૬૯ શરૂઆતમાંથી જ પર્વતમાંથી મકાનનો જે પત્થર ભાંગવામાં આવતો, ચોકખી રીતે કહેતો હતો "મને લઈ જાઓ."

૪૭૦ હ. આદમની (અ. સ.) ની માફક, (શારીરિક કાયા) ઘરના પાણી અને માટીમાંથી (કહેણ આવતું હતું) ખરલના કટકાઓમાંથી પ્રકાશ પથરાતો હતો.

૪૭૧ હેરફેર કરનાર વગર આવતા હતા, અને પેલા દરવાજાઓ અને દિવાલો જીવંત બન્યા હતા.

૪૭૨ ખુદાએ કહ્યું છે કે "બહિશ્તની દિવાલો, બીજી દિવાલોની માફક કુરૂપ અને ચેતનહિન નથી.

૪૭૩ કાયાની દિવાલ અને દરવાજાની માફક તે સમજણથી વિભુશીત કરાએલ છે. મહેલ (બહિશ્ત) જીવંત છે, જ્યારે કે તે બાદશાહોના બાદશાહની માલિકીનો છે.

૪૭૪ બહિશ્તના રહેવાસીઓ સાથે ઝાડ અને ફળો અને સ્વચ્છ પાણી વાતચીતમાં અને વિવરણમાં (ભાગ લ્યે છે).

૪૭૫ કારણ કે બહિશ્ત (બાંધકામના) સામગ્રીથી બનાવાયું નથી, નહિ, પણ તે (ભલા) આમાલો અને ઇરાદાઓથી બાંધવામાં આવ્યું છે.

૪૭૬ આ હવેલી જડ પાણી અને માટીની બનાવેલ છે, જ્યારે પેલી હવેલી વહેતા ભક્તિભાવે ઊભી થઈ છે.

મને લઈ જાઓ. - બહિસ્ત/મહેલ-જીવંત છે.
નથી બનાવ્યું
બાંધકામના સામગ્રીથી
બહિશ્ત આમાલ ને - શુભ ઈચ્છા - ઈરાદા.

૪૭૭ આ (હવેલી) નો પાયો (જે) ખામીઓથી ભરેલ છે તેને મળતો આવે છે, અને પેલી (હવેલી) નો પાયો (જે) જ્ઞાન અને આમાલ છે.

૪૭૮ 'તખ્ત' અને 'મહેલ' અને 'રાજમુગટ' અને માનના ઝભ્ભા સ્વર્ગના રહેવાસીઓ સાથે સવાલ-જવાબની (વાતચીતમાં ગુંથાએલા) છે.

૪૭૯ ગાલીચા, ગાલીચા પાથરનાર વગર પથરાય છે, ઘર (બહિશ્ત) સાવરણી વગર સાફ થાય છે.

૪૮૦ દિલનું ઘર જે (દુનિયાથી) જંજાળોથી અવ્યવસ્થિત હતું. તે પશ્ચાતાપના એકાદ કસમથી વાળનાર વગર સ્વચ્છ થયું હતું.

૪૮૧ તેનું 'તખ્ત' ખસેડનાર વગર હટાવાય છે, તેના દરવાજાની ઘંટડી અને દરવાજો ગાયક અને સંગીતકાર (જેવો) મધુર બને છે.

૪૮૨ અનંત કાળના રહેઠાણનું (બહિશ્ત) નું જીવન દિલમાં અસ્તિત્વ ધરાવે છે, જ્યારે કે તે મારી જીભે આવતું નથી, ત્યારે તેને (વર્ણવવાનો) શો અર્થ?

૪૮૩ જ્યારે હ. સુલેમાન (અ. સ.) દરરોજ સવારે (ખુદાના) ચાકરોને દોરવણી આપવા મસ્જિદમાં જતાં.

૪૮૪ ત્યારે કોઇવાર વાણીથી અને સુરાવટથી અને એકતાનતાથી, કોઈ વાર આમાલથી, મારૂં કહેવું છે કે સિજદા કે પ્રાર્થનાથી શીખામણ આપતા.

૪૮૫ આમાલની શિખામણ માણસોને વધુ શક્તિપુર્વક આકર્ષે છે. કારણ કે દરેકના આત્મા કે જેને કાન છે અને બહેરો છે તેને (પણ) પહોંચે છે.

૪૮૬ પોતાના બાદશાહીપણામાં પોતા માટે વધુ પડતા ઉચ્ચ અભિપ્રાયમાં (બીજા કરતાં) પોતે વધુ નમ્ર છે, (તેવી) પેલી શિખામણ (અમલમાં મુકાતાં) અનુયાયીઓ ઉપર ઉપજાવેલી તેની અસર મજબુત હોય છે.

**હ. ઓસમાન (ર. અ.) ની ખીલાફતનું શરૂ થવું, અને તેવણનો ખુત્બો, "સારા આમાલ કરીને ભારપુર્વક બોધ આપવો તે બોલનાર કે જે શબ્દોથી ભારપૂર્વક બોધ આપે છે તેના કરતાં વધુ સારો છે."**

૪૮૭ હ. ઉસમાન (ર. અ.) ની વાત કહેવાણી છે કે તેઓ મિમ્બર ઉપર ચડયા, જ્યારે કે તેમણે ખિલાફત મેળવી, તેમણે (તેના ઉપર ચડવામાં) ખૂબજ ઉતાવળ કરી.

૪૮૮ તે દીનના સરદાર (હ. મુસ્તફા ર. સ. અ.) નું મિમ્બર હતું, કે જેને પણ પગથીયાં હતાં હ. અબુબક્ર (ર. અ.) ગયા અને બીજા પગથીયા પર પોતાને બેસાડયા.

૪૮૯ હ. ઉમર (ર. અ.) તેમના રાજ્ય દરમ્યાન ઇસ્લામ અને સાચા દીન તરફ પુજ્યભાવ બતાવવા ત્રીજા પગથીયા પર બેઠા.

૪૯૦ ( જ્યારે ) હ. ઓસમાન ( ર. અ. ) નું રાજ્ય આવ્યું, તેઓ આશીર્વાદિત નશીબના માણસ તખ્ત ( મિમ્બર ) ના મથાળે ગયા અને પોતાને બેસાડયા.

૪૯૧ પછી એક નકામા હસ્તક્ષેપ કરનાર માણસે તેમને એમ કહીને સવાલ કર્યો, " પેલા બન્ને હ. પયગમ્બરની જગ્યાએ બેઠા ન હતા.

૪૯૨ જ્યારે તમે દરજ્જામાં તેઓ કરતાં વધુ નીચા છો ત્યારે તેઓ કરતાં વધુ ઉંચા બનવાનું કેમ શોધ્યું ? "

૪૯૩ તેમણે જવાબ આપ્યો કે, " જો હું ત્રીજાની ઉપર પગ મુકું તો એવું ધારી લેવામાં આવત કે હું હ. ઉમરના જેવો છું.

૪૯૪ ( અને છે ) જો હું બીજા પગથીઆ ઉપરની બેઠક શોધું તો તું કહીશ, " તે અબુ લકની ( બેઠક ) છે, અને ( તેવી ) આ એક પણ તેની માફક જ છે.

૪૯૫ આ ( મિમ્બરનું ) મથાળું હ. મુસ્તફા ( ર. સ. અ. ) ની જગ્યા છે, કોઈપણ એમ નહિ ધારે કે હું ( રૂહાની ) બાદશાહ જેવો છું.

૪૯૬ ત્યારબાદ પેલા માયાળુ માણસે ખુત્બો આપવાની જગ્યાએ બપોરની બંદગી સુધી બેસી ચુપકીદી અખત્યાર કરી.

૪૯૭ કોઈએ કહેવાની હિંમત ન કરી કે આવો, ખુત્બો આપો, અથવા તે સમય દરમ્યાન મસ્જિદમાંથી આગળ જાય.

૪૯૮ એક આદરયુક્ત ભીતિ ઉપર અને નીચે એક સરખી ઉતરતી હતી, ( મસ્જિદનું ) ચાક અને છાપરૂં ' ખુદાના નૂર ' થી ભરેલું બન્યું હતું,

૪૯૯ જે કોઇ ' દિદાર ' ધરાવતો હતો. ' નૂર ' જોતો હતો. આંધળો પણ પેલા સૂર્યથી ગરમ બન્યો હતો.

૫૦૦ જ્યારે કે પેલી ગરમીના કારણે, આંધળા માણસની આંખ નિરખતી હતી કે એક સૂર્ય ઉદય પામ્યો હતો કે જેની શક્તિ અસફળ થતી ન હતી.

૫૦૧ પણ આ ગરમી ( દુન્યવી સૂર્યની ગરમી જેવી નથી ) તે આંતરિક આંખ ઉઘાડે છે, દરેક સાંભળે તેવું સત્વ તે નજરે જુએ છે.

૫૦૨ તેની ગરમીની એક ગંભીર વ્યાકુળતા અને આવેશ ( જેવી અસર ) હોય છે, (પણ) તેની ચહેરા પરની સુરખી પડવી તે દિલ ઉપર આનંદમય સ્વતંત્રતા અને પ્રસારણ લાવે છે.

૫૦૩ જ્યારે કે એક આંધળો માણસ અપંગતાના ' નૂર ' થી ગરમ થયો છે, આનંદના કારણે તે કહેશે, કે દેખતો બન્યો છું.

૫૦૪ તું ખૂબ જ મદહોશ બન્યો છો, પણ ઓ બુલહસન, દેખતાના રસ્તાનું તું એક સુક્ષ્મ અંશ છો.

૫૦૫ આ આંધળા માણુસનો 'સૂર્ય'માંથી હિસ્સો, (અને) એકસો આવા (હિસ્સાઓ) છે, સત્ય છે તે ખુદા સૌથી સારી રીતે જાણે છે.

૫૦૬ અને તેને કે જેને 'નૂર'નો 'દિદાર' છે (તેની હાલતનું) વર્ણનનું કાર્ય 'બુસીના'ના (દરજ્જાથી) કેમ બને?

૫૦૭ (છતાં) ભલે તે એકસો ગણી બને, આ જીભ તે વળી શું છે કે તે 'દિદાર'નો પડદો પોતાના હાથથી ખુલ્લો કરે?

૫૦૮ તેને શ્રાપ હોજો જો તે પડદાને અડકે! દૈવી તલવાર તેના હાથને જુદો કરે છે.

૫૦૯ હાથ તે (વળી) શું છે? તે (તલવાર) તેની (જીભનું) મુળ પણ કાપી જુદું કરે. માથું કે જે અજ્ઞાનતામાંથી ઘણુંએક માથાં (ગર્વ અને ખુદીનાં) બહાર કાઢે!

૫૧૦ મેં તને આ અનુમાનિત કહેણુમાં કહ્યું છે, નહિતર ખરેખર, તેનો હાથ તે કરવાની શક્તિથી કેટલો દુર છે?

૫૧૧ તે તેના જેવું છે કે કોઈ કહે કે આ અનુમાનીત છે,
જો તે ત્યાં હતો તો તે અનુમાનીત નથી.

૫૧૨ (જો) હું કરૂં કે જીભ અને આંખની વચ્ચે બીલકુલ શક વગર એકલાખ વરસની મુસાફરી છે તો તે (વાસ્તવિકતાની સરખામણીમાં) જુજ છે.

૫૧૩ હવે આવ, નિરાશ બન નહિ. જયારે ખુદા ઇચ્છશે એક પળમાં સ્વર્ગમાંથી 'નૂર' આવી પહોંચશે

૫૧૪ તેની શક્તિ એકસો લાગવગોથી દરેક ક્ષણે, ગ્રહોમાંથી ખાણોમાં પહોંચાડવાની અસર ઉપજાવશે.

૫૧૫ અવકાશી ગ્રહ અંધારાને ભુસી નાખે છે, 'ખુદાનો ગ્રહ' (ઇમાસે સુબી) રૂહાની રાહબર તેના ગુણધર્મોમાં બંધાએલ છે.

૫૧૬ ઓ તું કે જે અવકાશી ગ્રહની મદદ શોધે છે, પાંચસો વર્ષ મુસાફરી (જેટલા દુરથી) તે પૃથ્વીની અંદર અસરમાં છે.

૫૧૭ શનિશ્ચર સુધી ત્રણ હજાર પાંચસો વર્ષની મુસાફરી છે. (છતાં) તેની ખાસ મિલ્કત (પૃથ્વી પર) અતુટ રીતે કાર્ય કરે છે.

૫૧૮ (ખુદા) તેને પાછા ફરતા પડછાની માફક ફરતો રાખે છે, સુર્યની હાજરીમાં પડછાયાની તે વળી શું લંબાઇ હોય?

૫૧૯ અને ગ્રહો જેવા પવિત્ર આત્માઓમાંથી આકાશના ગ્રહોને પૂર્તિ હંમેશાં આપતી હોય છે.

૫૨૦ પેલા ગ્રહોની બહારની અસર આપણા ઉપર રાજ કરે છે (પણ) આપણું (આંતરિક) સત્વ અવકાશ ઉપર રાજ કરે છે.

(જ્યારે કે) ફીલસુફો કહે છે કે માણુસ વિશ્વની સુક્ષ્મ પ્રતિકૃતિ છે. થિયોફીસોઓ કહે છે કે માણુસ વિશ્વની સુક્ષ્મ પ્રતિકૃતિ છે, તેનું કારણુ એ છે કે ફિલસુફ માણુસની સમજણુ ઇન્દ્રિયગમ્ય બાબતના રૂપમાં પુરાએલી છે, જ્યારે કે થિયોસોફી તેની સત્ય આશિયતની જરૂરી સત્યતા સાથે સબંધિત છે.

૫૨૧ તું તેથી રૂપમાં વિશ્વની સૂક્ષ્મ પ્રતિકૃતિ છે, તેથી વાસ્તવિકતાપણુામાં (પણુ) તું વિશ્વની સૂક્ષ્મ પ્રતિકૃતિ છો.

૫૨૨ જાહેર રીતે બહારનો દેખાવ ફળનું અસલ છે, શાખા સ્વભાવથી રૂપના કારણે હસ્તિમાં આવી.

૫૨૩ જો ઇચ્છા અને ફળની આશા ન હોત તો માળીએ શા માટે ઝાડનું મુળ વાવ્યું?

૫૨૪ જેથી વાસ્તવિક રીતે ઝાડ ફળથી જનમ્યું હતું (છતાં) જો કે તે (ફળ) દેખાવમાં ઝાડથી ઉતરી આવેલું હતું.

૫૨૫ હ. મુસ્તફા (ર. સ. અ.)એ તેમજ કહ્યું, છે, "આદમ અને બીજા પયગમ્બરો મારા વાવટા નીચે મારી પાછળ પાછળ ચાલ્યા આવે છે."

૫૨૬ બધા જ્ઞાનના ધણીએ આના કારણે રૂપક કહેણુ ઉચ્ચાર્યું છે. ક્રમ અને પદવીમાં "અમો છેલ્લા અને પહેલાં છીએ."

૫૨૭ (એટલે) જો કે દેખાવમાં હું આદમથી જનમ્યો છું, વાસ્તવમાં હું (દરેક) બાપ-દાદાનો બાપ દાદો છું.

૫૨૮ જ્યારે કે ફિરસ્તાઓએ મારી ખાતર તેને નમન કર્યું હતું, અને તેઓ મારા કારણે સાતમા આસમાને ચડેલ છે.

૫૨૯ તેથી વાસ્તવમાં બાપ (આદમ) મારાથી જનમ્યો છે, તેવી જ રીતે વાસ્તવમાં ઝાડ ફુળથી જનમ્યું છે.

૫૩૦ ખ્યાલ જે શરૂમાં આવે છે, ખરેખર તો તે છેલ્લો આવે છે, ખાસ કરીને વિચાર કે જે અનંત છે.

૫૩૧ ઉપસંહારમાં વણુજાર એક પળમાં આકાશમાંથી રવાના થાય છે અને અહીં આવે છે.

૫૩૨ આ રસ્તો આ વણુજાર માટે લાંબો નથી, તેને કે જેને ખુદાએ ફતેહ આપી છે તે તેને બિહામણું વેરાન કેમ બતાવશે?

૫૩૩ દિલ (આત્મા) દરેક પળે કાબા (ખુદાઇ નુર) તરફ મુસાફરી કરે છે અને (દેવી) દયા થકી કાયા દિલની આશિયત ધારણુ કરે છે.

૫૩૪ આ લાંબુ અને ટુંકુ કાયાની સાથે સંબંધ ધરાવે છે. જ્યાં 'ખુદા' છે ત્યાં લાંબુ ટુંકુ તે વળી શું?

મ. ભા. ૪-૪૪

ખુદા, ત્યાં લાંબુ ટુંકુ ×.
આત્મા → ખુદાઇનુર (કાબા)
તરફ મુસાફરી કરે છે
એક પળમાં વણજાર આકાશથી અહીં આવે છે

૫૩૫ જ્યારે ખુદાએ કાયાની પ્રકૃત્તિ બદલી છે ત્યારે તે વાર અને માઈલના (માપ વગર) આવજાવ કરે છે.

૫૩૬ આ (ચાલુ) ઝમાનામાં એક સો ઉમેદો છે, ઓ યુવાન, સાચા પ્રેમની માફક ડગલુ આંગળ ભર, અને (વૃથા) વાદવિવાદો તજી દે.

૫૩૭ અલબત હું તારી પાંપણો બંધ કરે છે, તું વહાણમાં અને સલામતીથી મુસાફરીમાં સુતો છો.

**હદીસનું સ્પષ્ટિકરણ: "મારી કોચની સરખામણી હ. નુહતી કિશ્તીની સરખામણી છે, જે કોઈ તેમાં પેઠો બની ગયો અને તેમાંથી જે પાછો પડયો, ડુબી ગયો."**

૫૩૮ આના કારણ અંગે હ. પયગમ્બર સાહેબે કહ્યું હું હ. નુહના ઝમાનાના જળપ્રલય માંની શ્તિી જેવો છું.

**૫૩૯ હું અને મારી અહલે બાયત (મારી આલ) હ. નુહ (અ. સ.) ની કિશ્તી જેવા છીએ, જે કાંઈ અમને વળગી રહે છે તેઓ રૂહની કૃપાઓ મેળવશે.**

૫૪૦ જ્યારે તમે રૂહાની રાહબર સાથે છો, તમો દુષ્ટતાથી ઘણુા દુર ખસેડાયા છો રાત્રી દિવસ તમો એક કિશ્તીમાં મુસાફર છો.

૫૪૧ તમો 'જીવન આપતા આત્મા' ના રક્ષણમાં છો, તમો કિશ્તીમાં સુતા છો. તમો રસ્તા ઉપર જઈ રહ્યા છો.

૫૪૨ તમો ઝમાનાના પયગમ્બર (ઇમામે મુબીં)થી સબંધ તોડતા નહિ. તમારી પોતાની હુશિયારી અને પગલાં પર આધાર રાખતા નહિ.

**૫૪૩ ભલે તમો સિંહ હો, (પણુ) જ્યારે તમો શાહનુમા (ઇમામે ઝમાન) વગર રસ્તા ઉપર જશો ત્યારે તમો ઘમંડી અને ગુનાહભર્યા અધમ બનશો.**

૫૪૪ ખબરદાર! રૂહાની રાહબરની પાંખો સિવાય ઉડ નહિ કે જેથી તમો રૂહાની રાહબરના લશ્કરોની મદદ જુઓ (મેળવો).

૫૪૫ એક વખત તેની દયાનું મોજું તમારી પાંખ છે, બીજી મળે તેના ગુસ્સાની અગ્નિ માલગાડી છે.

૫૪૬ તેનો કોપ દયાની વિરૂદ્ધ છે એમ સમજતો નહિ. બન્નેનું અસરમાં એકીપણું જો.

૫૪૭ એક વખત તે તને જમીનની માફક લીલો, એક વખતે પવન ભરેલો જાડો બનાવશે.

૫૪૮ (ખુદાને) જાણુનારની કાયાને તે અકાર્બનીકના ગુણધર્મની ચીજો આપે છે. એટલા માટે કે પ્રફુલ્લ ગુલાબ અને 'ઓગલેટીસ' તેનામાં ઉગે.

૫૪૯ પણ તે ( રૂહાની રાહબર ) એકલોજ તેને જુએ છે, તેના સિવાય બીજો કોઈ જોતો નથી. બહિશ્ત પવિત્ર બનેલા મગજ સિવાયની સુવાસ પેદા કરતું નથી.

૫૫૦ અશ્રદ્ધાનું મગજ 'દોસ્ત' ( રૂહાની રાહબર ) માં ખાલી કર કે જેથી તે દોસ્તના ગુલાબના બગીચામાંથી મધુર સુગંધો મેળવે.

૫૫૧ તેથી તમે સ્વર્ગની સુગંધ મારા દોસ્તમાંથી અનુભવો. જેમ હ. મુહમ્મદ ( ર. સ. અ.) એ દયાળુ ખુદાની સુવાસ યમનમાંથી ( મેળવી ).

૫૫૨ જેઓ રૂહાની મએરાજ કરે છે તેના દરજ્જામાં જો તમો ઉભરાશો તો તમને 'બુરાક'-ની માફક 'નહિવત 'પણામાં ઉંચા ઉંચકશે.

૫૫૩ એક માટીનો ટુકડો ચંદ્ર ઉપર ચડે તેની માફક તે નથી, નહિ, શેરડી સાકર બને તેના જેવું છે.

૫૫૪ તે આકાશમાં ઉપર ચડતી વરાળ માફક નહિ. નહિ, પણ એક અવિકસીત ગર્ભ સમજદારીમાં ઉપર ચડે તેની માફક છે.

૫૫૫ બેખુદીનો ઘોડો ઉમદા 'બુરાક' બન્યો, તે તમને જો તમે 'લા' છો તો ખરા અસ્તિત્વમાં લાવે છે.

૫૫૬ તેની ખરીઓ પહાડો અને સમુદ્રો ખુંદે છે, ત્યાં સુધી કે ઇન્દ્રિયથી ઓળખાતી દુનિયાને પાછળ મુકે છે.

૫૫૭ તારો પગ વહાણમાં મુક. અને ઝડપથી ચાલવું આત્માનું આત્માના પ્રિતમ તરફ જવાની માફક ચાલુ રાખ.

૫૫૮ જેમ આત્માઓ 'લામકાં 'માં જવા ઝડપ કરે છે તેમ હાથ અને પગ વગર તેવીજ રીતે અનંતતામાં જા.

૫૫૯ સાંભળનારના સાંભળવામાં જો બેધ્યાનપણું ન હોત તો તર્કશાસ્ત્રની સમજણની વિવરણના ભુક્કા બોલ્યા હોત.

૫૬૦ ઓ બહિશ્ત, તેના ( રૂહાની રાહબર )ના ઉપર મોતીઓનું ઝાપટું વરસાવ, ઓ દુનિયા, તેની દુનિયાથી નિંદનીય બનવામાં શરમ રાખ !

૫૬૧ જો તું ( મોતીઓનું ) ઝાપટું મોકલીશ તો તારૂં સત્વ ( ભવ્યતામાં ) એક સો ગણું વધશે. તારી વ્યવસ્થિત શારીરિક રચના વિનાની ( બાબત ) જોતી અને બોલતી બનશે.

૫૬૨ તેથી તેં બક્ષિશને તારા પોતાની ખાતર વેરી છે, તેવી જ રીતે જેમ તારો દરેક જથ્થો સંયુક્ત બન્યો છે.

## બીલકિસનું સબાના શહેરથી હ. સુલેમાન ( અ. સ. ) ઉપર ભેટ મોકલવાની વાત.

૫૬૩ બીલકિસની ભેટ ચાલીસ ખચ્ચરોની હતી, તેઓનો સઘળો ભાર સોનાની ઈંટોથી સમાએલો હતો.

૫૬૪ જ્યારે તે (એલચી) હ. સુલેમાન (અ. સ.)ની માલિકીના ખુલ્લા મેદાનમાં પહોંચ્યો ત્યારે તેણે જોયું કે તેનો ગાલીચો સંપૂર્ણપણે સાચા સોનાથી બનાવાયો હતો.

૫૬૫ તે સવાર થઈ કે ચાલીસ પગથીઆના છેડા સુધી સોના ઉપર ચાલ્યો, ત્યાં સુધી કે તેની દ્રષ્ટિમાં સોનાની વધુવાર ગણત્રી થઇ નહિ.

૫૬૬ તેઓએ (ઘણીવાર) કહ્યું, "ચાલો ખજાનામાં સોનું પાછું લઇ જઇએ. કેવી (બિન-ફાયદાની) મુસાફરીમાં આપણે પ્રવૃત થયા છીએ."

૫૬૭ એક વિશાળ જમીન કે જેની માટી ચોકખું સોનું છે ત્યાં સોનાને ભેટ તરીકે લાવવું એ મુર્ખતા છે."

૫૬૮ ઓ તું કે જે ખુદા પાસે ડહાપણને ભેટ તરીકે લાવે છે, ત્યાં તેની પાસે (આપણી) સમજણ રસ્તાની ધુળ કરતાં પણ (કિંમતમાં) ઓછી છે.

૫૬૯ જ્યારે ભેટની મહત્વહિનતા (હ. સુલેમાનની બાદશાહીમાં) સ્પષ્ટ બની ત્યારે તેમના ચહેરાનું શરમીંદાપણું (બીલકિસ) તરફ તેમને પાછું ખેંચતું હતું.

૫૭૦ (પણ) ફરીવાર તેઓએ કહ્યું, "ભલે તે કિંમતી હોય કે વ્યર્થ હોય, આપણને શી નિસ્બત! આપણે હુકમને તાબે થવા બંધાએલા ગુલામો છીએ.

૫૭૧ પછી ભલે આપણે માટી લાવીએ કે સોનું લાવીએ. પેલો એક જે હુકમ કરે છે, તે હુકમ બજાવવો જોઇએ.

૫૭૨ જો તેઓ તમને તે (ભેટ) બિલકીસ તરફ પાછા લઈ જવા હુકમ કરે તો (પછી) હુકમ પ્રમાણે તે ભેટ પાછી લઈ લ્યો.

૫૭૩ જ્યારે હ. સુલેમાન (અ. સ.) એ પેલી (ભેટ) જોઈ, તેઓ હસ્યા, કહે, "મેં સુપમાં ભીંજવેલા રોટલાના ટુકડા તમારી પાસેથી ક્યારે શોધ્યા?"

૫૭૪ મેં મારા ઉપર ભેટ ઈનાયત કરવાની તમારી પાસે માગણી કરી નથી. (જે ઇનામ ઇનાયત કરે છે) તે ઇનામો માટે લાયક થવા તમારી પાસે મેં માગણી કરી છે.

૫૭૫ કારણ કે અદ્રષ્યમાંથી ભાગ્યેજ મળતા ઇનામો મારી પાસે છે, કે જેને માગવાની હિંમત પણ કોઈ કરે નહિ!

૫૭૬ તમે ગ્રહને પૂજો છો જે સોનું બનાવે છે, તમારા ચહેરાઓ તેના તરફ ફેરવો જે (પોતે) ગ્રહ બનાવે છે.

૫૭૭ તમે આકાશમાંના સૂર્યને પૂજો છો, જ્યારે આત્માને ધિક્કારો છો (કે જે) ખૂબજ કિંમતી છે.

૫૭૮ ખુદાના હુકમથી સૂર્ય અમારો રસોયો છે, તે ખુદા છે એમ આપણું કહેવું એ મૂર્ખતા છે.

૫૭૯ જો તારો સૂર્ય ગ્રહણવાળો બને તો તું શું કરીશ? તું તેનું કાળાપણું કેમ હટાવીશ?

૫૮૦ શું તું તારા માથાનો દુખાવો (દુઃખ અને તકલીફ) ખુદાના દરબારમાં લાવીશ નહિ? કાળાપણું લઈ લે, પ્રકાશ પાછો આપ.

૫૮૧ જો તેઓ તને મધ્યરાત્રિએ મારી નાખે, સૂર્ય કયાં છે? કે તું આજીજી કરે અને તેનાથી રક્ષણની માગણી કરે?

૫૮૨ આફતો ઘણે ભાગે રાત્રિના બને છે અને તે વખતે તારા પુજવાની ચીજ ગેરહાજર હોય છે.

૫૮૩ જો તું ખરા અંતઃકરણે ખુદાને સિજદો કરે તો તે તને ગ્રહોમાંથી મુક્તિવાળો બનાવશે, (પછી) તું (ખુદાથી) ગાઢ પરિચીત બનીશ.

૫૮૪ જયારે તું (ખુદાથી) પરિચીત બનીશ ત્યારે હું મારા હોઠ તારી સાથે (બોલવા) ઉઘાડીશ, કે તું મધ્યરાત્રિએ સૂર્યને જોઇ શકે?

૫૮૫ તેને પૂર્વ દિશા નથી, પણ પવિત્ર આત્મા. તેના (ઉદય થવાની) બાબતમાં રાત્રિ અને દિવસ અંગે કાંઈ ભેદભાવ નથી.

૫૮૬ જયારે (સૂર્ય) ઉગે છે ત્યારે દિવસ છે, જયારે તે પ્રકાશવો શરૂ થાય છે ત્યારે રાત્રી વધુ વાર રાત્રી રહેતી નથી.

**૫૮૭ જેમ સૂર્યની હાજરીમાં રજકણ દેખાય છે, (તેવી જ રીતે) 'ખુદાઇ નુર' ના પવિત્ર સત્વ પાસે આ દુનિયાનો સૂર્ય (રજકણ જેવો) દેખાય છે.**

૫૮૮ સુર્ય કે જે પ્રકાશવાન બન્યો છે, કે જેના સામે (તીક્ષ્ણ) નજર પણ બુઠ્ઠી અને અંજાએલી છે,

**૫૮૯ દૈવી તખ્તના "નૂર" માં તું દૈવી તખ્તના અમર્યાદ છલકાતા 'નૂર' ની બાજુમાં તું તેને (સૂર્યના) રજકણ જેવો જોઈશ.**

૫૯૦ તું તેને (સુર્યને) દુર્બળ અને સાદો અને અસ્થાયી જોઇશ. (જયારે) કે પેદા કરનારમાંથી તારી (આંતરિક) આંખમાં શક્તિ આવશે.

૫૯૧ ('ખુદાઈ નુર') એ ફિલસુફોનો 'હિરો' છે કે જેમાંથી એક જ કિરણ (અનાદી કાળના) મેજ ઉપર પડે છે અને તે (તેજ) ગ્રહ બને છે.

૫૯૨ અજોડ અર્ક કે જે અર્ધો પણ ઝબકારો અંધકાર પર ભટકાય તો (તે તેને) સુર્ય બનાવે છે.

૫૯૩ અદ્ભુત કીમિયાગર કે જે એક માત્ર શસ્ત્રપ્રયોગથી આ બધી સામગ્રીઓ શનિશ્ચર ઉપર બાંધે છે.

૫૯૪ ઓ શોધનાર, જાણ કે બાકી રહેલા ગ્રહો અને રૂહાની સત્વોની તે કામના પ્રમાણે જ કીંમત આંકવી જોઈએ.

૫૯૫ ઈન્દ્રિયમય આંખ સુર્યથી દબાએલી છે, એક દૈવી આંખ માટે શોધખોળ કર.

**૫૯૬ એટલા માટે કે બળતા સૂર્યના કિરણો પેલા 'દિદાર' આગળ દબાએલા (તાબેદાર) બને.**

૫૯૭ કારણ કે તે 'દિદાર' તેજસ્વી છે, જ્યારે કે આ (સુર્યના કિરણો) તત્સબંધી છે, 'નુર' ની સરખામણીમાં અગ્નિ ઘણો કાળો છે.

**શેખ અબ્દુલ્લાહ મઘરીબી (ર. સ.)ની ચમત્કારીક બક્ષિશો અને રોશની.**

૫૯૮ શેખ અબ્દુલ્લાહ મઘરીબીએ કહ્યું, "રાત્રી દરમ્યાન રાત્રીના ગુણધર્મો મેં સાઠ વર્ષો દરમ્યાન જોયાં નથી.

૫૯૯ મેં સાઠ વર્ષો દરમ્માન અચોક્કસતામાં દિવસના કે રાત્રીના કદી અંધારાનો અનુભવ કર્યો નથી.

૬૦૦ સુફીઓએ તેમના શબ્દો ખરા હોવાનું જાહેર કર્યું છે, રાત્રી દરમ્યાન અમો માર્ગ દર્શક તરીકે તેને અનુસર્યા,

૬૦૧ તેઓ અમારી આગળ કાંટાઓ અને ખાડાથી ભરેલા મેદાનમાં પૂર્ણીમાના ચાંદની માફક જતા.

૬૦૨ તેઓ પોતાની પાછળ જોયા વગર, (રાત્રી હોવા છતાં) કહેતા, "સંભાળજો, અહીં ખાડો છે, ડાબી બાજુએ ફરો,

૬૦૩ પછી, થોડીવાર રહીને તેઓ કહેતા, જમણી બાજુએ ફરો, તમારા પગની આગળ કાંટો છે."

૬૦૪ પ્હો ફાટતું, અમો તેનો પગ ચુમવા આવતા, અને તેમનો પગ એક વહુરાણી જેવો (સ્વચ્છ) લાગતો.

૬૦૫ તેના પર માટી કે ગારાનું ચિહ્ન પણ દેખાતું નહિ. પથરાથી ચાહું કે કાંટાનો ઉઝરડો પણ મળે નહિ.

૬૦૬ ખુદાએ 'મઘરીબી' ને 'મશરીકી' બનાવ્યો, તેણે સુર્ય આથમવાની જગ્યાને પ્રકાશ પેદા કરતી સુર્ય ઉગવાની જગ્યા 'મશરીક' જેવી બનાવી.

૬૦૭ આ એકનું 'નૂર' કે જે 'સૂર્યોના સૂર્ય'ની સાલીકીનું છે, તે (બાદશાહીમાં) સવારી કરે છે, તે દિવસના ઉંચા અને નીચાનું રક્ષણ કરે છે.

૬૦૮ પેલું "દિવ્ય નૂર" કે જે હજારો સૂર્યોને દ્રષ્ટિમાં લાવે છે, તે શું રક્ષણહાર ન બને ?

૬૦૯ તું તેના 'નુર' થકી અજગરો અને વિંછીઓની વચ્ચે સહીસલામતીથી ચાલતો રહીશ,

૬૧૦ પેલું પવિત્ર 'નુર' તારી આગળ ચાલે છે અને રસ્તો રોકનારાઓને કટકાઓમાં રહેંસે છે,

૬૧૧ (આયાતનો અર્થ) ખુલ્લી રીતે જાણ, 'દિવસ' કે જ્યારે તે (ખુદા) પયગમ્બરને શરમમાં મુકશે નહિ" વાંચ, (તેનું) 'નુર' જો કે તેઓની આગળ દોડશે.

૬૧૨ "છેલ્લા દિવસે" તે (રહેમત) વધારવામાં આવશે, (છતાં) (તું) ખુદા પાસે અહીં જ (કસોટીમાંથી મુક્ત કરવા) માગણી કરતો રહે !

૬૧૩ કારણ કે વાદળાં અને ધુમ્મસ (વાસનાનાં અંધારાં) બન્ને ઉપર રૂહાનીયત પ્રકાશ ઈનાયત કરે છે, અને ખુદા (તેનો) અમુક ભાગ ઇનાયત કરવાનું સૌથી સારી રીતે જાણે છે.

**હ. સુલેમાન (અ. સ.) ની બિલકીસના એલચીઓને જે ભેટો તેઓ લાવ્યા તે લઇને પાછા ફરવાની માગણી કરવી, અને બિલકીસને સૂર્યની પૂજા છોડી દઈને ઈમાન કબુલ કરવા બોલાવવી.**

૬૧૪ "ઓ શરમીંદા ચહેરાવાળા એલચીઓ, સોનું તમારૂં છે, મારી પાસે દિલ લઈ આવો, પવિત્ર દિલ!

૬૧૫ તમારા પેલા સોનાના મથાળે આ મારૂં સોનું મુકો. અને તમારા દેશમાં અમારા તરફથી ભેટ તરીકે લઇ જાઓ,

૬૧૬ પ્રેમીનું સોનું તેજસ્વી પીળો ચહેરો છે, જે પ્રેમના પ્રકાશથી ઝળહળે છે.

૬૧૭ કારણ કે તે (ચહેરો) 'માલિક' ની અનિમેષ દૃષ્ટિની વસ્તુ છે, જ્યારે કે (સોનાની ખાણ સૂર્યના પ્રકાશના કારણે ઉદ્ભવે છે.

૬૧૮ ઉંચામાં ઉંચી રૂહાનીયત વાસ્તવિકતાની 'માલિક'ની દ્રષ્ટિની ચીજથી સુર્યના કિરણોનું અનિમેષ નજરની ચીજ સાથે સરખામણી કેમ બને?

૬૧૯ (મારા) ગુસ્સાના ભોગ બનવા સામે તમારા આત્માઓને ઢાલ બનાવો, જો કે (સત્ય કહેતાં) તમો અત્યારે પણ મારા કેદીઓ છો.

૬૨૦ (હજુ) છાપરા પર હોવા છતાં, પંખી પ્રલોભનથી આકર્ષાયું છે, પાંખો ફેલાવેલી, તે છટકામાં કેદી (જેવું જ) છે.

૬૨૧ છતાં પણ જેમ પોતાના (સઘળા) આત્માથી પેલી પ્રલોભનને પોતાનું દિલ દઈ બેઠું છે, તેને સપડાએલું સમજ, (દેખીતી રીતે ભલે) નથી પકડાએલું.

૬૨૨ (તેની) નજરો ઉપર નજર કર કે જે પ્રલોભન તરફ પોતાના પગોને ગાંઠ વાળતી બનવા ખેંચે છે.

૬૨૩ પ્રલોભન કહે છે, જો તું તારી નજરમાં (મારાથી છેટે) જોવાનો ઢોંગ કરે છે, તો હું તારી ધિરજ અને નિષ્ઠા ચોરૂં છું.

૬૨૪ જ્યારે પેલી નજરોએ તને મારી પાછળ ખેંચ્યો છે ત્યારે તું જાણીશ કે હું તારાથી સચેત છું.

**દવાવાળો કે જેનું તોલું માથું સાફ કરવાની માટીનું હતું અને એક ઘરાક કે જે માટી ખાનાર હતો તેણે જ્યારે સાકર જોખવામાં આવતી હતી ત્યારે કંજુસાઈ અંગે ગુપ્ત રીતે તે થોડી માટી ચોરી તેની વાર્તા.**

૬૨૫ અમુક માટી ખાનાર, દવાવાળાની દુકાને મજાનો સખત સાકરનો ચોરસ ઘાટનો ટુકડો ખરીદવા ગયો.

૬૨૬ હવે. દવાવાળો કે જે ઘરાક પારખુ હતો, તોલાની બદલીમાં માટીનું (તોલું વાપરતો) હતો.

૬૨૭ તેણે કહ્યું, "જો તમારે સાકર ખરીદવી હોય તો મારૂં વજન કરવાનું તોલું માટીનું છે."

૬૨૮ તેણે (ઘરાકે) કહ્યું, "એક ઘણી જ તાત્કાલીક બાબત માટે મને સાકરની જરૂરત છે, માથાનું તોલું તારી મરજી પડે તેવું ભલે હોય."

૬૨૯ તેણે પોતાના મનમાં કહ્યું, "એક માટી ખાનાર માટે માટીના માપની શી દરકાર છે! માટી સોના કરતાં વધુ સારી છે."

૬૩૦ એક 'દલાલ' કે જેણે કહ્યું, "ઓ દીકરા, મેં (તમારા માટે) એક ઘણી જ ખુબસુરત નવી વહુરાણી શોધી છે.

૬૩૧ (તેણી) વધુ પડતી ખુબસુરત છે, પણ એક વાત એવી છે કે તે બાઈ "મીઠાઈવાળાની દીકરી છે."

૬૩૨ તેણે કહ્યું, "જો તેમ ખરેખર હોય હોય તો તે વધુ ઉત્તમ છે (કારણ કે) તેની દીકરી વધુ જાડી અને વધુ સુંદર બનશે."

૬૩૩ "જો તમારી પાસે (ખરૂં) તોલું ન હોય, અને તમારૂં તોલું માટીનું છે. આ તો વધુ અને વધુ સારૂં છે, માટી મારા દિલનું (ઈચ્છીત) ફળ છે."

૬૩૪ તેણે (દવાવાળાએ) માટી મુકી, કારણ કે તે (તેના હાથમાં) તૈયાર જ હતી (યોગ્ય) તોલાની બદલીમાં ત્રાજવાના એક છાબડામાં (માટી મુકી).

૬૩૫ પછી, તે ત્રાજવાના બીજા છાબડા માટે તે માટી (તોલા) પૂરતી સાકર પોતાના હાથથી ભાંગતો હતો.

૬૩૬ જ્યારે કે તેની પાસે ત્રીકમ હતું નહિ. તેણે લાંબો વખત લીધો, અને ઘરાકને રાહ જોતો બેસાડયો.

૬૩૭ (જ્યારે કે) તેનો ચહેરો (સાકર) તરફ (ફેરવાયો) હતો, ત્યારે માટી ખાનાર, પોતાના અંકુશમાં રાખી શકયો નહિ. પોતા માટે કંજુસાઈથી માટીને ચોરવી શરૂ કરી.

૬૩૮ તેના (પ્રમાણિકપણાની) ખાત્રી કરવા રખેને ઓચિંતા (દવાવાળાની) આંખ તેના ઉપર પડે તેના અંગે ભયંકર રીતે બીતો (ચોરી કરવા લાગ્યો).

૬૩૯ દવાવાળાએ તે જોયું, પણ પોતાને કામમાં વળગાડયો, કહીને, "ઓ ફિક્કા ચહેરાવાળા, આવ, વધુ ચોર.

૬૪૦ જો તમારે એક ચોર બનવું છે, અને મારી થોડી માટી લઈ જવી છે, તો (તેમ કરવું) ચાલુ રાખો, કારણ કે તમે તમારી પોતાની બાજુનું ચોરી રહ્યો છે.

૬૪૧ તમે મારાથી બીઓ છો, (પણ) માત્ર એટલા માટે કે તમે (મુર્ખ) ગધેડા છો, અને બીક છે કે તમે (બહુ થોડું) ખાશો.

૬૪૨ જો કે હું કાર્યમાં રોકાએલો છું. હું એવો મુર્ખ નથી કે તું વધુ પડતી સાકર મેળવી જાય !

૬૪૩ (ખરીદેલી) સાકરનો જ્યારે તમે અનુભવ કરશો, ત્યાર પછી તમે જાણુશો કે કોણુ બેદરકાર અને મુર્ખ હતો."

૬૪૪ પંખી પ્રલોભન તરફ ખુશ નજરે જુએ છે, છતાં પ્રલોભન ભલે (તેનાથી) દુર હોય, તેનો રસ્તો રોકે છે.

૬૪૫ જો તમે આંખની કંજુસાઈથી થોડો આનંદ મેળવો છો, તો શું તમે તમારી બાજુ-માંથી ભૂંજેલ માંસ ખાતા નથી ?

૬૪૬ આમ દુરથી જોવું એ તીરો અને ઝેર માફક છે. (તેનાથી) તમારો આવેશનો શોખ શોખ વધે છે, અને તમારો પોતાનો અંકુશ અદ્રષ્ય થાય છે.

૬૪૭ દુનિયાની માલ મિલ્કત નબળાં પંખીઓ માટે એક છટકું છે, બીજી દુનિયાની બાદશાહી એ ઉમદા પંખીઓનું છટકું છે.

૬૪૮ અંતમાં કે આ બાદશાહીના કારણે કે જે ઉંડું છટકું છે, મોટાં પંખીઓ પકડા-એલા બને છે.

૬૪૯ હું, સુલેમાન, તમારી બાદશાહીની ઈચ્છા કરતો નથી, નહિજ, પણ હું તમને દરેક નાશમાંથી મુક્તિ અપાવીશ.

૬૫૦ કારણુ કે ખરેખર તમે આ વખતે બાદશાહીના ગુલામ છો. બાદશાહીનો માલિક તે છે કે જે નાશમાંથી ભાગી છુટે.

૬૫૧ ઓ આ દુનિયાના કેદી, અસંગતપણે તેં આ દુનિયાના રાજા તરીકે તારૂં નામ રાખ્યું છે.

૬૫૨ ઓ તું આ દુનિયાના ગુલામ, તું કે જેનો આત્મા કેદી બન્યો છે, કયાં સુધી તું તારા ખુદને દુનિયાનો માલિક કહેવરાવીશ ?

**હ. સુલેમાન (અ. સ.)નું એલચીઓ તરફ હેત અને માયા બતાવવી અને તેઓના દિલોમાંથી રોષ અને દુઃખની લાગણી હટાવવી અને ભેટ લેવાની ના પાડવાનું કારણુ સમજાવવું.**

૬૫૩ "ઓ એલચીઓ, હું તમોને (બિલકીસ) તરફ એલચીઓ તરીકે મોકલીશ, મારી (ભેટ માટેની) ના પાડવી એ કબુલ કરવા કરતાં તમારા માટે વધુ સારી છે.

૬૫૪ સોનાના મેદાનને લગતી જે અદ્દભુત ચીજો તમે જોઈ છે તે તમે બિલકીસને જણાવજો.

૬૫૫ કે જેથી તેણી જાણે કે અમે સોનાની લાલસા રાખતા નથી, અમોએ સોનાના પેદા કરનાર પાસેથી સોનું મેળવ્યું છે.

૬૫૬ કે જેની ઇચ્છા માત્રથી આખી દુનિયાની જમીન, એક છેડાથી બીજા છેડા સુધી સોનું અને અમૂલ્ય મોતીઓવાળી બની જાય.

૬૫૭ ઓ તું કે જે સોનું પસંદ કરે છે, તે કારણે, ખુદા કયામતના દિવસે આ દુનિયાને રૂપેરી બનાવશે.

૬૫૮ અમને સોનાની કાંઈ જરૂર નથી. કારણ કે અમો ઘણા જ કાર્યકુશળ છીએ. અમો માટીની ચીજોને સંપૂર્ણ રીતે સાચા સોનાની બનાવીએ છીએ.

૬૫૯ અમે તમારૂં સોનું કેમ માગીએ? અમો તમોને :( રૂહાની ) કિમીયાગર બનાવી શકીએ છીએ.

૬૬૦ તે બધું છોડી દો, ( ભલે ) પછી તે સબાની બાદશાહી હોય, કારણ કે આ પાણી અને માટીની પેલી પાર ત્યાં ઘણી બાદશાહીઓ છે.

૬૬૧ તે કે જેને તમે 'રાજ્યાસન' કહીને સંબોધે છો, તે ( ખરેખર તો ) લાકડાની ચીપઇનો પાટો છે. તમે ( તેને ) માનની બેઠક જુઓ છો પણ ( સત્ય કહેતાં ) તમે દરવાજે જ રહ્યા છો.

૬૬૨ ( જો ) તમને તમારી પોતાની દાઢી ઉપર સતા નથી તો ભલા બુરા ઉપર તમે કેમ સતા જમાવી શકશો?

૬૬૩ તમારી દાઢી તમારી ઇચ્છા વગર સફેદ ઉગે છે, ઓ તું કે જેની આશાઓ અધમ છે, તારી દાઢીથી શરમાએલો બન.

૬૬૪ તે ( ખુદા ) રાજ્યનો કબજેદાર છે, જે કોઇપણ પોતાનું માથું તેની આગળ નમાવે છે, તે પાર્થિવ દુનિયાની એકસો બાદશાહીઓ આવે છે.

૬૬૫ પણ ખુદાની આગળ એક માત્ર સિજદાની ( આંતરિક ) અસર બસો બાદશાહીઓ કરતાં વધુ મીઠી બનશે.

૬૬૬ પછી તું ( આધીનતાથી આજીજી કરી ) માગીશ, "મને બાદશાહીથી ઇચ્છા નથી. પેલી સિજદાની બાદશાહી મારામાં દાખલ કર."

૬૬૭ દુનિયાના રાજાઓ, તેઓની દુષ્ટ ખાશિયતના કારણે ( ખુદાની ) ખિદમતના શરાબનો સ્વાદ મેળવતા નથી.

૬૬૮ નહિતર, આશ્ચર્યચકિત અને દિગ્મૂઢ કરી દેતો ( ઇબ્રાહીમનો દીકરો ) આદમની માફક તેઓએ કાંઈ પણ ઢીલ વગર પોતાની બાદશાહીના ભુક્કા બોલાવ્યા હોય.

૬૬૯ પણ આ દુનિયાના નિભાવની ખાતર ( તેઓ તેમ કરતા નથી ). ખુદાએ તેઓની આંખો અને મોઢાંઓ ઉપર સીલ મારેલ હોય છે.

૬૭૦ અંતે પેલું રાજ્યાસન અને રાજમુગટ તેમને મીઠા બનશે કારણ કે ( તેઓ કહે છે ) "અમો દુનિયાના રાજાઓમાંથી બળપૂર્વક ખંડણી પડાવી છે."

૬૭૧ જો ખંડણીના રસ્તે તે સોનું (જો કે તે) રેતી જેવું (હતું), ભેગું કર્યું છે. આખરે તે તારી પાછળ વારસાની માફક બાકી રહેલું બનશે.

૬૭૨ બાદશાહી અને સોનું તેની મુસાફરીમાં તારા આત્માની સંગાથ કરશે નહિ. તારૂં સોનું વાપરી નાખ, તારી દ્રષ્ટિ માટે આંજણ મેળવ.

૬૭૩ એટલા માટે કે તું જુએ કે આ દુનિયા એક સાંકડો કુવો છે, અને હ. યુસુફ (અ. સ.) ની માફક તું પેલું દોરડું ઝડપી લે.

૬૭૪ તેથી, જ્યારે તું કુવામાંથી ઉપર મથાળે આવીશ, આત્મા કહેશે, "આહ, મારા માટે સારા સમાચાર આ મારા 'યુવાન' છે.

૬૭૫ (આ દુનિયાના) કુવામાં દૃષ્ટિ સંબંધી ઉલટ–સુલટપણું છે, કે (જેનું) ઓછામાં ઓછું એ છે કે પત્થરો સોનું બનેલા દેખાય છે.

૬૭૬ (કામ જ શક્તિના) અસ્થિર પણુ અંગે રમવાના વખતે બચ્ચાંઓને પેલા ઠીકરાંઓ સોનું અને માર્સ મિલ્કત જેવાં દેખાય છે.

૬૭૭ તેના (ખુદાના) ઓળખનારાઓ કિમીયાગરો બન્યા છે કે જેથી (સોનાની ખાણો તેઓની નજરમાં કિમંત વગરની બની છે.

**એક દરવીશનું શેખોનાં ટોળાંને સ્વપ્નામાં જોવું અને રોજનું હલાલનું ખાણું તકલીફ લીધા વગર મળતું રહે તેવી માગણી કે જેથી ભક્તિ-ભાવની ખીદમતથી દુર ન થવાય, પેલા શેખોની બક્ષિશોથી પહાડી ખાટાં અને કડવા ફળોનું મીઠું બનવું અને તેવી દોરવણી વિષે.**

૬૭૮ અમુક દરવીશે રાતની વાતમાં કહ્યું, "મેં હ. ખિઝર (અ. સ.) સાથે સંબંધીત (ઓલીયાઓને) સ્વપ્નામાં જોયા.

૬૭૯ મેં તેમને કહ્યું, "રોજનો હલાલ ખાણાને હિસ્સો કે જે વિઘાતક ન હોય તે હું ક્યાંથી મેળવું?"

૬૮૦ તેઓ મને ડુંગરાળ જમીન તરફ લઈ ગયા, તેઓ જંગલમાંના (ઝાડોમાંના) ફળોને હલાવી નીચે પાડતો હતો.

૬૮૧ કહે, "ખુદાએ તારા મોઢામાં સ્વાદિષ્ટ (લાગે) તેવાં ફળો, આપણા લાભ ખાતર બનાવ્યા છે.

૬૮૨ આવો, (ખોરાક કે જે) અંદાજ વગર, મહેનત વગર અને ઉપર નીચે જવાની ફેરબદલી વગર પવિત્ર અને કાયદાસરનો છે તે ખાઓ."

૬૮૩ પછી (મારામાં) રોજીંદા ખોરાકમાંથી પાણીની બક્ષિશ દેખાણી. મારા શબ્દોની અસર (લોકોનાં અંતઃકરણોમાં) પરિવહન કરતી હતી.

૬૮૪ મેં કહ્યું, "ઓ દુનિયાના માલિક, આ આવેશ છે, (તારા) બધા પેદા કરાએલાથી ગુપ્ત બક્ષિશ (મારા પર) ઈમાયત કર!"

૬૮૫ મારામાંથી વાણી (ભુલાણી) મેં આનંદી દિલ મેળવ્યું, હું દાડમની જેમ અત્યાનંદમાં ફાટતો હતો.

૬૮૬ મેં કહ્યું, "જો બહિશ્તમાં (મારા માટે) કાંઈ પણ ન હોય, પણ આ ખુશી કે જે મારી પ્રકૃતિએ મેળવી છે.

૬૮૭ તો (મારામાં) બીજો કોઇપણ આશિર્વાદની ઇચ્છા ઉદ્ભવશે નહિ. (હુરાંઓ અને સ્વર્ગીય) શેરડીઓના કારણે પણ હું આ (ખુશીમાંથી) દુર બનીશ નહિ.

૬૮૮ એક કે બે (નાણુના) સિક્કા મારી અગાઉની કમાણીમાંથી મારા જુબાના બાંયમાં સીવેલા બાકી રહ્યા હતા.

**તેણે વિચાર કર્યો, કહીને, "હું આ પૈસા પેલા બળતણના લાકડાંના ઉપાડનારને આપીશ, જ્યારે કે મેં શેખોના ચમત્કારીક ભેટોમાંથી રોજીંદી રોજી મેળવી છે," અને તેના ગુપ્ત વિચાર અને ઇરાદાથી લાકડાના ઉપાડનારનું નારાજ થવું.**

૬૮૯ એક ગરીબ માણુસ, થાકેલો અને કંગાળ, જંગલમાંથી બળતણનાં લાકડાં લઈ જતો મને મળ્યો.

૬૯૦ તેથી મેં (મારા મનમાં) કહ્યું, "હું રોજની રોજીનો (કમાવામાં) સ્વતંત્ર છું હવેથી મને રોજની રોજી મેળવવાની વ્યાકુળતા નથી.

૬૯૧ અભાવ પેદા કરનારાં ફળો મને મીઠાં બન્યાં છે, મારા શરીર માટે એક ખાસ ખોરાક મને હાથ લાગ્યો છે.

૬૯૨ જ્યારે કે હું અન્નનળીને (ચુસવામાંથી) મુક્ત બન્યો છું, અહીં કેટલાક નાના નાણુનાં સિક્કાઓ છે, હું આ તેને આપીશ.

૬૯૩ હું આ સિક્કા ગદ્ધાવૈતરાથી થાકેલા માણુસને આપીશ કે જેથી બે કે ત્રણ ટુંકા દિવસ માટે ખોરાકથી તેને સુખી બનાવાય,

૬૯૪ તે પોતે મારૂં અંતઃકરણ જાણુતો હતો કારણ કે તેના (આંતરિક) સાંભળવાએ 'હું' (ખુદા) ની મીણુબત્તીમાંથી પ્રકાશ મેળવ્યો હતો.

૬૯૫ દરેક વિચાર ગુપ્તતા તેના માટે કાચમાંની બત્તીના પ્રકાશ માફક હતો.

૬૯૬ કોઇપણ માનસિક ખ્યાલ બાંધવાની પ્રક્રિયા તેનાથી છુપી ન હતી. તે (માણુસોના) દિલોની પરિતૃપ્તિઓ ઉપર બાદશાહ હતો.

૬૯૭ તેથી પેલો અદ્ભુત માણુસ પોતાના હોઠોમાં મારા (અણુબોલેલા) વિચારના જવાબમાં પોતે ગણુગણુતો હતો.

૬૯૮ તું (રૂહાની) બાદશાહોને લગતો આવો વિચાર કરે છે, તેઓ (તે તને) આપે તે સિવાય તું રોજીંદી રોજી કેવી રીતે (મેળવીશ)?

૬૯૯ હું તેના શબ્દો સમજતો ન હતો, પણ તેનો ઠપકો મારા દિલને જોરથી ધડકાવતો હતો.

૭૦૦ તે ક્રોધપૂર્ણ નજરે સિંહની માફક મારી નજીક આવ્યો, અને તેણે બળતણના લાકડાનો ભારો નીચે મૂક્યો.

૭૦૧ ઉર્મીલ હાલતના પ્રકાશ થકી કે જેમાં તેણે બળતણનાં લાકડાં નીચે મૂક્યાં, મારા સાતેઈ અવયવો ઉપર એક ધ્રુજારી ફરી વળી.

૭૦૨ તેણે કહ્યું, "ઓ માલિક, જે તારી પાસે પસંદ થએલાઓ છે કે જેની દુઆઓ આશીર્વાદીત છે અને જેઓનાં પગલાં કલ્યાણકારી છે.

૭૦૩ હું દુઆ માગું છું કે તારી દયા એક કિમીયો બને અને કે આ લાકડાનો ભારો આજ પળે સોનામાં ફેરવાયેલો બને!

૭૦૪ મેં જોયું (તેની દુઆનાજ) પળે તેનું પેલું લાકડાનું બળતણ અગ્નિની માફક ઝગારા મારતું સોનામાં ફેરવાઇ ગયું.

૭૦૫ આથી લાંબો વખત સુધી હું મારામાં ખોવાએલો બન્યો. જ્યારે હું (તે) મદહોશી માંથી (ફરીવાર) બહાર ખુદીમાં આવ્યો ત્યારે,

૭૦૬ તેણે કહ્યું, "ઓ ખુદા, જો પેલા મહામાનવ (રૂહાની રાહબર) ઘણા અદેખા અને પ્રખ્યાતિથી નાશે તેવા છે, તો

૭૦૭ (પહેલાં) હતું તેવું આ (સોનાને) તુર્તજ કંઈ પણ ઢીલ વગર ફરીવાર લાકડાનું બળતણ બનાવ.

૭૦૮ તુર્તજ પેલી સોનાની ડાળીઓ ઇંધણમાં ફેરવાઈ ગઇ. આ કાર્યથી સમજ અને દ્રષ્ટિ અજાયબીથી છલકાઈ ગઈ.

૭૦૯ ત્યારબાદ તેણે બળતણનો ભારો ઉપાડયો અને ખૂબજ ઉતાવળે તે શહેર તરફ મારી પાસેથી ચાલ્યો ગયો.

૭૧૦ મારી ઈચ્છા પેલા (રૂહાની) રાજાની પાછળ પાછળ જવાની અને (અમુક) મુશ્કેલીઓ પુછવાની અને (તેનો જવાબ) સાંભળવાની થઈ.

૭૧૧ (પણ) આદરયુક્ત ભીતિ (કે જે તેણે) પ્રેરી, મને બંધનમાં નાખ્યો, ખાસ ચુંટેલાની હજુરમાં (દાખલ થવાનો) રસ્તો ગીધને હોતો નથી.

૭૧૨ અને જો કોઇને રસ્તો (ખુલેલો) બને તો (ખૂબજ ભક્તિભાનમાં) તેનું માથું તેના પગમાં કુરબાન કરવા તત્પર થાય, કારણ કે તે (દાખલ થવું) તેની કૃપામાંથી આવે છે તેમજ તેઓનું (પોતા તરફ) ખેંચવું પણ.

૭૧૩ તેથી જયારે તમે 'સિદીક'થી સબંધ મેળવો, ત્યારે દૈવી પસંદગીએ (તમારા ઉપર) મહાન તક બનાવ્યાનું નિરખજો.

૭૧૪ મુર્ખ જેવો બનતો નહિ કે જે બાદશાહની પસંદગી જીતે છે અને પછી (પસંદગીના) રસ્તામાંથી આસ્તેથી અને સહેલાઈથી પડી જાય છે.

૭૧૫ જ્યારે ( બાદશાહની ) વધુ પસંદગી તેના ઉપર ઇનાયત થાય છે, ત્યાર પછી તે કહે છે, " ખરેખર આ એક બળદની જાંઘ છે "

૭૧૬ ઓ જુઠાણાની તરકીબ શોધનારા, આ એક બળદની જાંઘ ધરાવતું નથી; તે તને બળદની જાંઘ બનેલું દેખાય છે કારણ કે તું એક ગધેડો છો.

૭૧૭ આ એક કાંઇપણ ખામીરહિત બાદશાહી બક્ષિશ છે, આ એક ( મહત્તા ) દયામાંથી ( ઉછળતી ) પવિત્ર દાનશીલતા છે.

## હ. સુલેમાન (અ. સ.) બિલકીસને ઈમાનના માટે ઉતાવળે લાવવા એલચીઓને તાકીદ કરવી.

૭૧૮ હ. સુલેમાન બાદશાહે ( રૂહાની ) ભલાઈ માટે ( પોતા તરફે ) ઘોડેસ્વાર અને પાયદળ લશ્કરને બોલાવ્યા.

૭૧૯ કહીને, " ઓ માનવંતા માણુસો, જલ્દી, જલ્દી આવો, કારણ કે દયાના સાગરમાંથી મોજાંઓ ઉઠયાં છે.

૭૨૦ દરેક પળે, તેનાં મોજાંઓનું લહેરાવું ભય વગર ( શોધવાની બીક વગર ) એકસો મોતીઓ કિનારા ઉપર વેરે છે.

૭૨૧ ઓ સચ્ચાઇની જનતા, અમો ( તમોને ) આવકારની બુમથી ( બોલાવીએ ) છીએ, કારણ કે હમણાં રિઝવાને બહિશ્તનો દરવાજો ખોલ્યો છે."

૭૨૨ પછી હ. સુલેમાન ( અ. સ. ) એ કહ્યું, " ઓ રાજ્યના પરિજનો, બિલકીસ તરફ જાઓ અને આ દીનમાં ઇમાન લાવવાનું ( આમંત્રણ આપો ).

૭૨૩ પછી કુલ ઝડપે અહીં આવવાની તેણી પાસે માગણી કરો, કારણ કે " ખરેખર ખુદા ( દીને ) સલામ તરફ આમંત્રણ આપે છે. "

૭૨૪ ઓ પરમ સુખના શોધક, સાંભળો, જલ્દીથી આવો, કારણ કે ( અત્યારે ) ( રૂહાની દયાનું ) નિદર્શન અને દરવાજો ખુલવાનો છે

૭૨૫ ઓ તું કે જે શોધક નથી, તું પણ આવ, કે તું આ વિશ્વાસુ દોસ્ત પાસેથી ( આ પરમ આનંદ ) શોધનું ( ઇનામ ) મેળવે

## (ઈબ્રાહીમના દીકરા) હ. અધમ (ર. અ.) નું દેશાટન અને ખુરાસાનની બાદશાહી છોડી દેવાનું કારણ.

૭૨૬ ( ઇબ્રાહીમના દીકરા ) અધમની માફક ( આ દુનિયાની ) બાદશાહીના જલ્દીથી ભાંગીને ભુક્કા કર, કે જેથી તેની માફક તું અનંતકાળની જીંદગીની બાદશાહી મેળવે.

૭૨૭ તે બાદશાહ રાત્રીના પોતાના ' રાજ્યાસન ' ઉપર સુતો હતો, ( જ્યારે ) ( મહેલના ) છાપરા ઉપર ચોકીદારો ફરજ બજાવતા હતા.

૭૨૮ તે દુશ્મનો અને લુંટારાઓથી પોતે સલામત બને તે કારણે ચોકિદારો રાખતો ન હતો
૭૨૯ તે જાણતો હતો કે માણસ કે જે ન્યાયી છે તે હુમલા (ની બીકથી) સ્વતંત્ર
અને પોતાના દિલમાં સલામત છે.

૭૩૦ ઈન્સાફ ખુશીઓનો રખેવાળ છે, નહિ કે માણસો કે જેઓ રાત્રીના છાપરા ઉપર
તેઓનાં ઓજારો ખખડાવે છે.

૭૩૧ (ખુદાના પેલા) સાચા પ્રેમીઓની માફક પેલી (દૈવી) સંબોધનની કલ્પના (પોતાના
દિલમાં પેદા કરવાના કારણથી) શસ્ત્રનો અવાજ સાંભળતો હતો.

૭૩૨ (કારણ કે) રણશિંગાનો કર્કશ અવાજ અને ઢોલનું પિટવું અવકાશી નગારાને
થોડું મળતું આવે છે.

૭૩૩ જ્યારે કે ફિલસુફોએ કહ્યું છે કે અવકાશી ગોળાના ફરવામાંથી આ એકતાનતા
અમે મેળવીએ છીએ.

૭૩૪ (અને કે) આ (સુરાવટ) કે જે લોકો વાજીંત્ર સાથે ગાય છે અને ગળું આ
ગોળાના ફરવાનો અવાજ છે.

૭૩૫ (પણ) સાચા ઇમાનદારો કહે છે કે બહિશ્તની અસર દરેક અણગમતા અવાજને
મધુર બનાવે છે.

૭૩૬ આપણે બધા આદમના ભાગો છીએ, આપણે પેલી સુરાવટો બહિશ્તમાં સાંભળી છે.
૭૩૭ જો કે (આપણી કાયાના) પાણી અને માટીએ આપણા ઉપર શંકા પડવા દીધી છે,
છતાં પેલી (સુરાવટોમાંનું) કંઇક આપણી યાદદાસ્તમાં (પાછું) તાજુ થાય છે.
૭૩૮ પણ જ્યારે કે તે મારી દિલગીરી સાથે ભેળાઇ ગએલ છે ત્યારે આ સંગીતનો તીવ્ર
અને ધીમો સુર (આપણને) તેમજ આનંદ કેમ આપશે!
૭૩૯ જ્યારે પાણી પેશાબ અને વિષ્ઠા સાથે મળેલું છે, તેની પ્રકૃતિ તેના જોગ કરવાથી
કડવી અને ખાટી બનાવાય છે.
૭૪૦ (માણસની) કાયામાં પાણીનો જથ્થો ઓછો છે, ધારી લ્યો કે તે પિશાબ છે, (છતાં)
તે અગ્નિને બુજાવશે.
૭૪૧ જો કે પાણી ગંદુ બનાવાયું છે, (છતાં) તેના કુદરતી ગુણધર્મ રહે છે. કારણ કે
તેની ખાશિયત અંગે તે દિલગીરીની અગ્નિ શાંત કરે છે.
૭૪૨ તેથી 'સમા' (સંગીત) (ખુદાના) પ્રેમીઓનો ખોરાક છે, જ્યારે કે તેમાં (વિચારો
બદલવા) મનની સ્વસ્થતાના તરંગ છે.
૭૪૩ કારણ કે અવાજો અને વાંસળી (સાંભળવામાં અને માનસિક કલ્પનાઓ એક (મોટું)
જોર ભેગું કરે છે, નહિ; તેઓ (કલ્પનાનાં) રૂપો બને છે.
૭૪૪ પ્રેમનો અગ્નિ આ સુરાવટોથી તીવ્ર બનાવાય છે, જેમ માણસના પ્રેમનો અગ્નિ
(પાણીમાં) અખરોટો ફેંકવાથી (શાંત થયો).

**એક તરસ્યો માણસ કે જે અખરોટના ઝાડના મથાળેથી, પાણીનો ઝરો કે જે ખીણમાં વહેતો હતો ત્યાં પહોંચ્યા વગર પોતે અખરોટ ફેંકતો હતો એટલા માટે કે પાણીમાં અખરોટ પડવાનો અવાજ સાંભળે કે જે માત્ર ( માત્ર ) અવાજ હોવા છતાં તેનાથી તે આનંદમાં તરબોળ બનતો હતો તેની વાર્તા.**

૭૪૫ પાણી ઊંડી જગ્યામાં હતું, તરસ્યો માણસ ઝાડ ઉપર ગયો, અને એક પછી એક અખરોટો વેર્યાં.

૭૪૬ અખરોટના ઝાડમાંથી અખરોટો પાણીમાં પડતાં હતાં, ( તેના કાન ઉપર ) અવાજ અવાજ આવતો હતો અને તે પરપોટાઓ જોતો હતો.

૭૪૭ એક સમજુ માણસે તેને કહ્યું, "ઓ યુવાન, છોડી દે, ખરેખર તો અખરોટની ( નુકશાની ) તને દિલગીરી લાવશે.

૭૪૮ પાણીમાં ગમે તેટલાં વધુ અખરોટો પડે તો પણ પાણી તારાથી ઘણે દુર નીચે છે.

૭૪૯ આ ઝાડના મથાળેથી તારા પ્રયત્નો તું છોડી દે તે પહેલાં નદીનાં પાણી તે (ફળોને) ખેંચી ગયો હશે."

૭૫૦ તેણે જવાબ આપ્યો, "આ વેરવાનો મારો હેતુ અખરોટો ( મેળવવાનો ) નથી. વધુ ચોકસાઈથી જુઓ, આ બનાબટી ( દેખાવથી ) અટકો નહિ.

૭૫૧ મારો હેતુ એ છે કે પાણીનો અવાજ ( મારા કાને ) આવે, વધુમાં હું પાણીના મથાળે આ પરપોટાઓ જોઉં."

૭૫૨ ખરેખર તરસ્યા માણસનું આ દુનિયામાં શું કામ છે? પાણીની ટાંકીની ચોતરફ હંમેશને માટે આંટાફેરા મારવા.

૭૫૩ નહેરની ચોતરફ અને પાણીની ચોતરફ અને પાણીના અવાજની ( ચોતરફ ) સત્યતાના કાબાના યાત્રાળુ માફક ( ફરતા રહેવું ).

૭૫૪ તેવી જ રીતે ઓ ઝિયા ઉલ હક, હુસામુદ્દીન આ મસનવી ( લખાવવામાં ) મારો હેતુ તું જ છો.

૭૫૫ આખી મસ્નવી, તેની શાખાઓ અને મુળો તારાં જ છે. તેં ( તેને ) સ્વીકારી છે.

૭૫૬ બાદશાહો ભલું અને બુરૂં ( બંને ) સ્વીકારે છે, જ્યારે તેઓ સ્વીકારે છે ત્યારે તે વધુ વાર નાપસંદ રહેતું નથી.

૭૫૭ જ્યારે કે તે 'સેપલીંગ' વાળી છે ત્યારે તેને પાણી દે, જ્યારે કે તેં તેને (ઉગવાની સ્વતંત્રતા આપી છે ત્યારે ગાંઠો છોડી નાખજે.

૭૫૮ તેના બધા ઉચ્ચારણોમાં મારો હેતુ ( તારા ગુઢાર્થ ) ને ખુલ્લો જાહેર કરવાનો છે. તેને લખાવવામાં મારો હેતુ તારો અવાજ ( સાંભળવાનો ) છે.

૭૫૯ મારા માટે તારો અવાજ એ ખુદાનો અવાજ છે પ્રિતમ પ્રેમીથી જુદો છે એમ (જો હું કહું) તો સ્વર્ગ બચાવે!

૭૬૦ 'માણુસના માલિક' અને "માસણુના આત્મા" વચ્ચે વર્ણન કે સરખામણીથી પર એવી 'ઐકયતા' છે.

૭૬૧ પણ મેં 'નાસ' (માણુસ) કહ્યું, નહિ કે 'નસનાસ.' 'નાસ' (દૈવી) આત્માને ઓળખતા 'જીવ' સિવાય બીજું કાંઇ નથી.

૭૬૨ **'નાસ' આણુસ છે, મરદાનગી કયાં છે? તમે (જો) કદી પણ માણુસનો (રૂહાની બાદશાહનો) ચહેરો જોયો નથી (તો) તમે પૂછહું છો.**

૭૬૩ તમે (આ આયાત) પઢયા છો, "જ્યારે તેં ફેંકી ત્યારે તે ફેંકી ન હતી" પણ તું એક (માત્ર) કાયા જ છો, તું વિભાજનમાં રહ્યો છે.

૭૬૪ ઓ મુર્ખ, બિલકીસની માફક, 'પયગમ્બર સુલેમાન'ની ખાતર તમારી કાયાની બાદશાહીને છોડી દયો.

૭૬૫ હું મારા પોતાના શબ્દોના કારણે 'લાહૌલ'ની બુમ પાડતો નથી, નહિ, પણ હલકટ વિચારથી ઓતપ્રોત થએલા માણુસનાં ખોટાં સુચનોને કારણે (કરૂં છું).

૭૬૬ મારા શબ્દો વિષે તેના દિલમાં વૃથા કલ્પના કોણ ઉતારતો હતો? (વૃથા કલ્પના) ખોટાં સુચનો અને (હલકા) વિચારના અંધશ્રદ્ધાના અભાવમાંથી (જાગે છે).

૭૬૭ હું 'લાહઉલ'ની બુમ પાડું છું, તે છે, 'મદદ નથી' કારણ કે તમારા દિલમાં મારા માટે વિસંગતી છે.

૭૬૮ જ્યારે કે મારા શબ્દો તમારા ગળામાં ચોંટયા છે, ત્યારે હું ચુપ છું, તમે તમારા પોતાના (શબ્દો) ઉચ્ચારો.

૭૬૯ એક સુંદર વાંસળી વગાડનાર વાંસળી વગાડતો હતો. ઓચીંતાના ગુદામાંથી હવા નીકળી ગઇ.

૭૭૦ તેણે વાંસળી ગુદા પરા રાખી દીધી, કહીને, 'જો તમે મારાથી વધુ સુંદર રીતે વગાડો તો તે લઈ જાઓ અને વગાડો.

૭૭૧ ઓ મુસલમાન, (જ્યારે તમે આ) શોધમાં (મચ્યા છો) ત્યારે તમારી સાથે અસભ્યતાથી વર્તનાર દરેક સાથે ધૈર્યથી વર્તો તે સારી રીતભાત છે.

૭૭૨ જ્યારે તમે કોઇને ફલાણા ફલાણાની હલકી ટેવો અને હલકા મિજાઝ માટે ફરીયાદ કરતો જુઓ છો,

૭૭૩ ત્યારે જાણો કે ફરીયાદ એ હલકી ખાશિયત છે, પેલા હલકી ખાશિયતવાળા માટે જેટલું પણ તે બોલશે.

૭૭૪ કારણ કે તે (એકલો જ) સારી ખાશિયતવાળો છે કે જે ઉગ્ર સ્વભાવવાળા અને હલકી પ્રકૃતિવાળા તરફ સંયમ રાખે છે.

મ. ભા. ૪-૪૬

માણસના માલિક, } વર્ણન કે
માણસના આત્માં } સરખામણી થી
પર
ઐકયતા છે.

૭૭૫ પણ ( રૂહાની રાહબરની ) બાબતમાં, ખુદાના હુકમથી અસંતોષ બતાવાયો છે, તો તે ગુસ્સાના કારણે અને વૃથા ઉમેદ અને વાદવિવાદના કારણે બનાવાયો નથી.

૭૭૬ તે કાંઇ ફરિયાદ નથી, તે રૂહાનીયત 'સુધારો' છે, પયગમ્બરોએ કરેલા 'સુધારાઓ' ની માફક.

૭૭૭ પયગમ્બરોની અધિરાઇ ખુદાના હુકમ અંગે હોય છે તે જાણ, નહિતર, તેઓની દયા હલકાઈ તરફ ખૂબ જ વધારે સહનશીલ હોય છે.

૭૭૮ તેઓએ ( પોતાના ) નફસે અમ્મારાની ખાશિયતને દુષ્ટના જુલમ માટે ખામોશીમાં અર્પણ કરી દીધેલ હોય છે, જો ( તેઓના હિસ્સે ) અસહિષ્ણુતા હોય તો તે દૈવી છે.

૭૭૯ ( ઝમાનાના ) ઓ સુલેમાન, કાગડાઓ અને ગીધોની વચ્ચે તું " ખુદાની દયા " બનજે, બધાં પંખીઓને જુદાં પાડજે.

૭૮૦ અરે, તારી દયાની આગળ બિલકીસ જેવી બસો હલકાઇમાં પડી છે, કારણ કે ( હદીસ મુજબ ) " ( ઓ ખુદા ), મારા લોકોને દોરવજે, ખરેખર તેઓ જાણતા નથી."

**હ. સુલેમાન ( અ. સ. ) નો બિલકીસને ધમકી આપતો સંદેશો મોકલવો, કહીને, " અનેક દેવવાદને દ્રઢતાપુર્વક વળગી રહેવાનું વિચાર નહિ, અને ( આવવામાં ) ઢીલ કર નહિ. "**

૭૮૧ ધ્યાન દઈને સાંભળ ( ઓ ) બિલકીસ, આવ, નહિતર ( તારા માટે ) તે ખરાબ બનશે, તારૂં લશ્કર તારૂં દુશ્મન બનશે અને બળવો કરશે.

૭૮૨ તારા ઘરના વ્યવસ્થાપકો તારા દરવાજાનો નાશ કરશે, તારો આત્મા પોતાની બધી શક્તિએ તેના તરફ દુશ્મન જેમ વર્તશે.

૭૮૩ પૃથ્વી અને આકાશોના બધા પરમાણુઓ ખુદાનું લશ્કર છે, તેને ચકાસણીમાં મુક્તાં ( તે તમને માલમ પડી રહેશે ).

૭૮૪ પવને હ. આદમ ( અ. સ. ) ના લોકોને શું કર્યું તે તમે જોયું છે, મહાપુર ( નુહ હ. ( અ. સ. ) ના જગ પ્રલય ) ના પાણીએ શું કર્યું તે તમે જોયું છે.

૭૮૫ ઝેરીલા સમુદ્રે ફિરઓન ઉપર કેવો ઘા કર્યો ? અને આ જમીને કારૂનને કેવી રીતે ગર્ક કર્યો.

૭૮૬ અને પેલા 'બામીલ' ( કાંકરાઓ )એ હાથીઓને શું કર્યું અને મચ્છરે નિમરૂદની ખોપરીને હડફ કરી.

૭૮૭ અને કેવી રીતે હ. દાઉદ ( અ. સ. ) એ એક પત્થરનો પોતાના હાથથી ઘા કર્યો કે જે છસો કટકા બન્યો અને એક લશ્કરને છીન્નભીન્ન કર્યું.

૭૮૮ હ લુત ( અ. સ. ) ના લશ્કરો ઉપર પત્થરાઓએ વરસાદ કર્યો, કે જેથી તેઓ કાળા પાણીમાં ડુબ્યા હતા.

૭૮૯ જો હું દુનિયાની નિર્જીવ ચીજોથી પયગમ્બરોને વાસ્તવિક મદદ આપવામાં આવી તે હકીક્ત વર્ણવું.

૭૯૦ તો મસનવી, એટલા મોટા પ્રમાણમાં મોટી બને કે જો ચાલીસ ઊંટો તેને ઉપાડે તો પણ તેઓ પુરેપુરો બોજો ઉપાડવા અશક્ત બને,

૭૯૧ (અશ્રદ્ધાળુનો) હાથ અશ્રદ્ધાળુ વિરૂદ્ધ પુરાવો આપશે, તે ખુદાનું એક લશ્કર બનશે અને (દૈવી હુકમને) આધીન બનશે.

૭૯૨ ઓ તું કે જેણે પોતાના કાર્યોમાં ખુદાના વિરોધનો અભ્યાસ કર્યો છે, તમે તેનાં લશ્કરની વચ્ચે છો, બીતો બનજે!

૭૯૩ તારો દરેક ભાગ (તેનાથી) સુમેળમાં એક ખુદાનું લશ્કર છે, તેઓ અત્યારે ઢોંગથી તારા તાબેદાર છે.

૭૯૪ પણ જો તે આંખને કહે, તેને રિબાવ, આંખનો દુઃખાવો તારા ઉપર એકસો વેર લેશે.

૭૯૫ અને જો તે દાંતોને કહેશે, (તેને) પરેશાન કર, તો પછી તમો તમારા દાંતોમાંથી સજા ભોગવશો,

૭૯૬ દવાદારૂની (કિતાબ) ખોલ, અને દર્દોનાં પ્રકરણો વાંચ કે જેથી તું જુએ કે કાયાના લશ્કરે શું કર્યું છે!

**૭૯૭ જ્યારે કે તે દરેક ચીજના આત્માનો આત્મા છે ત્યારે આત્માના આત્મા (ઇમામે ઝુબી) તરફ વેરી બનવું એ નાની બાબત કેમ છે?**

૭૯૮ સેતાનો અને જીન્નાતોના એકઠા લશ્કર કે (જેઓ) પોતાના અંતરના ઊંડાણથી (મારી બંદગી કરે છે) તેઓને મારા માટે (મારા દુશ્મનો સામે) હારો ગુંથવા ધ્યો.

૭૯૯ ઓ બિલકીસ, સૌથી પહેલાં તારી બાદશાહી તજી દે, જ્યારે તું મને મેળવીશ, ત્યારે બધી બાદશાહીઓ તારી છે,

૮૦૦ જ્યારે તું મારી પાસે આવી છો ત્યારે તું પોતે જાણીશ કે મારા વગર તું નહાણીમાં એક ચિત્ર જેવી હતી.

૮૦૧ ભલે પછી તે ચિત્ર સુલતાન કે પૈસાદાર માણસનું બને તે (માત્ર) એક રૂપ છે, તેને તેવા પોતાના આત્માનું અંતઃકરણ હોતું નથી.

૮૦૨ તેની ખુબસુરતી બીજાઓ માટે છે. તેની આંખો અને મોહું વૃથા ખુલ્લું છે,

૮૦૩ ઓ તું કે જે (બીજાઓથી) ઝગડામાં મગ્ન બન્યો છો તેં તારા પોતાથી બીજાઓને ઓળખ્યા નથી.

૮૦૪ તમે દરેક રૂપ કે જેની પાસે તમે આવો છો, કહો છો, "હું આ છું" ખુદાના કસમ તમે તે (રૂપ) નથી.

૮૦૫ જો તમને લોકોથી એક પળ માટે પડતા મુકવામાં આવે તો તમે ગળાડૂબ દિલગીરી અને વ્યાકુળતામાં રહેશો.

કાયાના લશ્કરો :— આંખ, કાન, દાંત ...
પૃથ્વી - આકાશના લશ્કરો! — અગ્નિ, સમંદર, આ, (પાણી) - હવા - જમીન - આકિ...

૮૦૬ તમે આ (રૂપ) કેમ છો? તને પેલા એક અજોડ છો, કારણ કે (વાસ્તવિક રીતે) તમો ભલા અને ખુબસુરત અને પોતાથી મદહોશ બનેલા છો.

૮૦૭ ઓ તમારૂં પોતાનું જ પંખી છો, તમારો પોતાનો જ શિકાર અને તમારી પોતાની જ જાળ છો, તમો તમારી પોતાની જ માનભરી બેઠક છો, તમારૂ પોતાનું જ ભોંય તળીયું અને પોતાની જ છત છો.

૮૦૮ સારતત્ત્વ તે છે જે પોતે જ પોતાનો નિભાવ કરે છે, આકસ્મિક આફત છે કે જે (તેના સારતત્ત્વમાંથી) ઉતરી આવેલ છે.

૮૦૯ જો તમે આદમ જનમ્યા છો, તો તેની માફક બેસો, તેનો બધો વંશ વારસ તમારામાં જુઓ,

૮૧૦ બરણીમાં શું છે કે જે નદીમાં વળી નથી? ઘરમાં શું છે કે જે શહેરમાં નથી?

૮૧૧ આ દુનિયા બરણી છે, અને દિલ (આત્મા) નદીવી મિસાલ છે, આ દુનિયા કચેરી છે અને દિલ અદ્‌ભુત શહેર છે,

**હ. સુલેમાન (અ. સ.) નું બિલકીસને સમજાવવું કહીને, "તને 'ઇમાન' માં લાવવાનું મારૂં કાર્ય ખુદાના કારણે છે. મારો અંગત સ્વાર્થ એક અણુ જેટલો પણ નથી, તારા ખુદ માટે કે તારી ખુબસુરતી કે તારી બાદશાહી (માટે નથી). આ તું પોતેજ જોઈશ જ્યારે તારા આત્માની આંખ ખુદાના 'નૂર' થી ખોલવામાં આવશે."**

૮૧૨ "ધ્યાન દઈને સાંભળ કારણ કે હું (ખુદા તરફ લોકોને) બોલાવવા મોકલાવાએલો સંદેશક છું. મૃત્યુની માફક હું વાસનાનો અન્ત છું. હું વાસનાને અર્પણ થએલો નથી.

૮૧૩ અને જો (મારામાં) વાસના હોય તો હું મારી વાસનાનો રાજકર્તા છું. હું એક મૂર્તિના ચહેરાની વાસનાનો કેદી નથી,

૮૧૪ મારાં ઉંડામાં ઉંડાં મૂળ (હ. ઈબ્રાહીમ ખલિલુલ્લાહ) માફક ખુદાના અને બધા પયગમ્બરોના દોસ્તની માફક મૂર્તિઓનો ભાંગનાર છું.

૮૧૫ ઓ ગુલામ, જો હું મૂર્તિઓના દેવળમાં દાખલ થાઉં તો મૂર્તિ પોતેજ મને સિજદો કરશે, નહિ કે ભક્તિભાવમાં (હું કરીશ).

૮૧૬ હ. આહમદ (હ. મુહમ્મદ ર. સ. અ.) અને બુજહલ મૂર્તિના દેવળમાં ગયા (પણ) આ જવામાં અને પેલા જવામાં ઘરનો મોટો તફાવત હતો.

૮૧૭ આ એક (હ. મુહમ્મદ ર. સ. અ.) દાખલ થાય છે, ત્યારે મૂર્તિઓ પોતાના માથા તેઓની આગળ ઝુકાવે છે, પેલો એક (બુજહલ) દાખલ થાય છે ત્યારે (જુનવાણી) લોકોની માફક પોતાનું માથું (મુર્તિઓ આગળ) નમાવે છે.

૮૧૮ આ દુનિયા ( કે જે ) વિષયવાસના સાથે જોડાએલી છે, એક મુર્તિનું દેવળ છે. તે પયગમ્બરો અને નાસ્તિકો માટે ( એક સરખી રીતે ) માળો ( રહેઠાણ ) છે.

૮૧૯ પણ પવિત્ર માણસો માટે વિષય વાસના ગુલામ છે, સોનું ( અગ્નિમાં ) બળતું નથી કારણ કે તે ખાણોમાંથી નિર્ધારિત કોટિનો સિક્કો છે.

૮૨૦ નાસ્તિકો હલકી ધાતુનું મિશ્રણ છે, જ્યારે કે પવિત્ર માણસો ચોક્ખું સોનું છે, આ બન્ને ( વર્ગના ) લોકો આ ધાતુ ગાળવાની કુલડીમાં છે,

૮૨૧ જ્યારે હલકી ધાતુનું મિશ્રણ ( કુલડીમાં ) આવે છે ત્યારે તે એકદમ કાળું બને છે, સોનું અંદર આવે છે, ત્યારે તેનું સોનાપણું દેખીતું બનાવાય છે.

૮૨૨ સોનું કુલડીમાં ( પોતાના ) હાથે અને પગે રાજીખુશીથી પડે છે, તેની નાડીઓ અગ્નિના ચહેરામાં હસે છે,

૮૨૩ દુનિયામાં આપણી કાયા આપણો બુરખો છે, આપણે આ પરાળની નીચે સંતાએલા એક સમુદ્રની માફક છીએ.

**૮૨૪ ઓ મુર્ખ " ( સત્ય ) પંથના શાહ " ને ( ઇમામે મુબીન ) ને માટી સમજતો નહિ કારણ કે શાપિત ઇબલીસે ( આદમ માટે ) આવી દ્રષ્ટિથી રાખી હતી.**

૮૨૫ આ સૂર્યને મુઠીભર માટીથી ખરડવું કેવી રીતે શક્ય છે? મહેરબાની કરી ( તે ) મને કહે.

૮૨૬ ભલે તું મારી અને એકસો રાખો તેના 'નૂર' ઉપર રેડે તે તેઓની ઉપર આવી જ જશે.

૮૨૭ પરાળ તે વળી શું છે કે તે પાણીના ચહેરાને ઢાંકે ? માટી તે વળી શું છે કે તે સૂરજને ઢાંકે ?

૮૨૮ ( ઇબ્રાહીમના દીકરા ) અધમની માફક ઓ બિલકીસ, રજવાડી રીતે જાગૃત થા. આ બે ત્રણ દિવસ માટેની બાદશાહીમાંથી ધુમાડો ઉડાડ, ( મુકી દે ).

## ઇબ્રાહીમના દીકરા અધમની બાકી રહેલી વાર્તા.

૮૨૯ ભલા નામવાળો પેલો માણસ એક રાજ્યાસન પર આડે પડખે સુતેલ, રાત્રિના છાપરા ઉપરથી ધમધમ અવાજ સાથે તીણી ચીસોનો અવાજ સાંભળ્યો.

૮૩૦ ( તેણે ) મહેલની છત ઉપર જોરથી પગલાં પડવાનો અવાજ ( સાંભળ્યો ). અને પોતાના મનમાં કહ્યું, 'આમ કરવાની કોણે હીમત કરી ? "

૮૩૧ તેણે મહેલની બારીમાંથી બુમ પાડી, " તે કોણ છે ? આ એક માણસ નથી. બનવા જોગ છે કે તે જીન્ન હોય. "

૮૩૨ એક અદ્‌ભુત ટોળાએ ( છાપરામાંથી ) નીચે પોતાના માથાં નમાવ્યાં. ( કહીને ), " અમો ચોતરફ તપાસણીના કાર્ય અંગે રાત્રિના જઇએ છીએ. "

૮૩૩ "અરે, તમો શું શોધો છો?" તેઓએ જવાબ આપ્યો. "ઊંટો" તેણે કહ્યું, "સાવચેત રહેજે! ઉંટને છાપરા પર કહી કોઇએ શોધ્યો છે!"

૮૩૪ પછી તેઓએ તેને કહ્યું, "તું રાજ્યના તખ્ત પર બેસી ખુદાને કેમ શોધે છે?"

૮૩૫ આટલું બસ હતું, કોઇએ તેને ફરીવાર કદી ન જોયો. તે માણુસની દ્રષ્ટિમાંથી જીન્નની માફક અદૃષ્ય થયો.

૮૩૬ તેની વાસ્તવિકતા સંતાએલ હતી. જો કે તે લોકોની હાજરીમાં જ હતો. (દરવિશની) દાઢી અને જબ્બા સિવાય લોકો બીજું શું જોઈ શકે?

૮૩૭ જ્યારે તે પોતાના ખુદની અને લોકોની આંખોમાંથી દુર (અદૃષ્ય) બન્યો, ત્યારે 'અંકા'ની માફક દુનિયામાં પ્રખ્યાત બન્યો.

૮૩૮ જ્યારે જ્યારે કોઇપણુ (રૂહાની) પંખીનો આત્મા 'કાફ' પર્વત ઉપર આવ્યો છે ત્યારે આખી દુનિયા તેના કારણે બડાઇ કરે છે અને ડંફાશ મારે છે.

૮૩૯ જ્યારે આ હ. સુલેમાનમાંથી પૂર્વ દિશાનો પ્રકાશ સબા પહોંચ્યો, બિલકીસ અને (તેના) લોકોમાં એક ગડબડ ઉઠી.

૮૪૦ બધા મરેલા આત્માઓને પાંખો મળી. મરણ પામેલાએ પોતાના માથાં કબરમાંથી, કે જે કાયા છે, બહાર કાઢયાં.

૮૪૧ તેઓએ એકબીજાને સારા સમાચાર આપ્યા, કહીને, "અરે, ધ્યાન દઇને સાંભળો એક અવાજ આસ્માનમાંથી આવે છે."

૮૪૨ પેલી બુમના અવાજે (માણુસોના) મઝહબો ફેલાવા પામતા હતા. દિલનાં પાંદડાં અને ડાળીઓ લીલી બની.

૮૪૩ (કયામતના દિવસે) રણશિંગુ ફૂંકવાની માફક હ. સુલેમાન (અ. સ.) ની ફૂંકે વેલીની કબરમાંના મરેલાઓને મુક્ત કર્યા.

૮૪૪ આ (હ. સુલેમાનના ઝમાના) પછી ભલે તારૂં સૌભાગ્ય (આવું) બને! આ વેલીનો (ઝમાનો) વહી ગયો, ચોક્કસ સત્ય સૌથી વધુ સારી રીતે ખુદા જાણે છે.

**સબાના લોકોની બાકી રહેલ વાર્તા. હ. સુલેમાન (અ. સ.)એ બિલકીસનાં સગાંવહાલાં અને દરેક કે જે તેના ધર્મ અને રૂહાનીયત મુશ્કિલીઓ માટે અનુરૂપ થયાં તેમને આપેલી શીખામણ અને દોરવણી અને તેના જેવા અવાજે વિચારવાળા દરેક જાતનાં પંખીઓને પકડયાં અને તે વર્ગનાં પંખીઓને યોગ્ય લાલચે લલચાવ્યાં.**

૮૪૫ હું સબાની વાર્તા પ્રેમીની રીતે કહીશ, ત્યારે હ. સુલેમાન (અ. સ.) નો સંદેશો સબાના લોકોને પહોંચ્યો.

૮૪૬ ત્યારે કાયાઓએ (આત્માના) મિલનના દિવસનો (અનુભવ) કર્યો, બચ્ચાંઓ ફરીવાર પોતાનાં ઘરની દિશાએ પાછા ફર્યાં.

૮૪૭ (સઘળી) કોમોની અંદર "બાતુની પ્રેમની કોમ" (રૂહાનીયત) અસ્વસ્થતાના નમ્રતાપણાથી ઓતપ્રોત બનવાની સ્વતંત્રતા ધરાવવા જેવી છે.

૮૪૮ આત્માઓની અધમતા, પોતાની કાયાઓમાંથી ઉતરી આવે છે, કાયાઓનું ઉમદાપણું તેઓના આત્માઓમાંથી ઉતરી આવે છે.

૮૪૯ **ઓ પ્રેમીઓ, પ્રેમનો એક ડોઝ તમને આપવામાં આવ્યો છે, તમો અમર છો, અમરપાણું તમારા ઉપર ઇનાયત કરવામાં આવ્યું છે.**

૮૫૦ ઓ તમો કે જેઓ અનુપકારી છો, જાગો અને પ્રેમ કરો, તે હ. યુસુફનો પવન છે, (તેની સુગંધને) સૂંઘો.

૮૫૧ સુલેમાનની પંખી વાણીના ઓ ધણી, આવો, દરેક પંખી જે આવે છે તેનું ગીત ગાઓ.

૮૫૨ જ્યારે કે ખુદાએ તને પંખીઓ તરફ મોકલ્યો છે, દરેક પંખીના પત્રમાં તેણે તને ભલામણ કરી છે.

૮૫૩ તંગ પંખી તરફ જરૂરીયાત અંગેની ભાષા બોલાય છે, પંખી કે જેની પાંખો ભાંગેલી છે તેની સાથે ધીરજની વાત કરો.

૮૫૪ બિમાર પંખીને સુખી અને દર્દમાંથી મુક્ત બનાવ, 'અંકા'ના મળતીયા પંખી પાસે 'કાફ' (પર્વતનું) વર્ણન ગા.

૮૫૫ કબુતરને બાજથી ખબરદાર રહેવાનું શિખવ. બાજને સંયમની વાત કર અને (અન્યાયના કાર્ય વિરૂદ્ધ) ચોકી કરતો બનવા (કહે).

૮૫૬ અને જેમ ચામાચીડીયું કે જેને (રૂહાનીયત પ્રકાશથી) કંગાળ રખાયું છે, 'નૂર'થી સુસંગત અને કુટુંબી જેવો બનવા (કહેતો રહેજે).

૮૫૭ લડાયક તેતરને શાંતી શીખવજે. કુકડાઓને પ્હો ફાટવાની નિશાની જાહેર કરવાનું (શિખવજે).

૮૫૮ તેવી જ રીતે 'હુંક'થી ગરૂડ સુધી આગળ વધજે અને રસ્તો બતાવજે, અને ખરો રસ્તો સૌથી વધુ સારી રીતે ખુદા જાણે છે.

**બિલકીસને તેની બાદશાહીમાંથી છુટી કરવી અને તેણી 'ઇમાન' માટેની આતુરતામાં મદમસ્ત બની અને તેણીના (રૂહાની) સ્થળાંતરની પળે તેની ઈચ્છાની નજર તેના તખ્ત સિવાય તેની આખી બાદશાહીથી જુદી પડી.**

૮૫૯ જ્યારે હ. સુલેમાન (અ. સ.) એ સબાના પંખીઓને એક માત્ર સિસોટીની યાદી ઉચ્ચારી, ત્યારે તેણે તેઓ બધાને જાળમાં કેદ કર્યા.

૮૬૦ સિવાય, પંખી કે જે આત્મા કે પાંખ વગરનું અથવા શરૂઆતથી મચ્છીની માફક બહેરૂં અને મૂંગું હતું.

૮૬૧ નહિ, હું ખોટી રીતે બોલ્યો છું કારણ કે એક બહેરો "નૂરાની શાહેન-શાહની વહીની આગળ પોતાનું માથું ઝુકાવે તો તેને સાંભળવાની (શક્તિ) આપશે.

૮૬૨ જ્યારે બિલકીસ ખરા દિલે અને આત્માએ (સભામાંથી) બહાર પડી ત્યારે તેણીએ વહી ગએલા વખત માટે પણ દુઃખ અનુભવ્યું.

૮૬૩ પેલા (ખુદાના) પ્રેમીઓ માન અને પદવીથી રજા લ્યે તેવી જ રીતથી તેણીએ પોતાની બાદશાહી અને માલમિલ્કતથી રજા લીધી.

૮૬૪ પેલા તેણીના ખુબસુરત બાળ નોકરો અને દાસીઓ આંખમાં સડેલી ડુંગળી જેવા (ગંદા દેખાણાં)

૮૬૫ કારણ કે પ્રેમની ખાતર, ફળવાડીઓ અને મહેલો અને નદીનાં (સુંદર) પાણી તેણીની આંખમાં એક વિષ્ડાના ઢગ જેવા દેખાણાં.

૮૬૬ સત્તા અને ક્રોધની વેળાએ, પ્રેમ એકને આનંદ આપતો, એકને આંખથી સંતાડતો બનાવતો બનાવે છે,

૮૬૭ પ્રેમની અદેખાઇ, દરેક નિલમણીને નજરમાં ડુંગળી જેવી ફેરવે છે. આ 'લા' નો (આંતરિક) અર્થ છે.

૮૬૮ ઓ (તું કે જે) શક્તિશાળી છો, "તેના સિવાય બીજો ખુશ નથી" તે ચંદ્રમાં તને એક કાળી કીટલી જેમ દેખાય છે.

૮૬૯ તેણીએ તેણીના 'તખ્ત' સિવાય, દોલત, ઝવેરાત અને બધો સરંજામ આપવાની આનાકાની કરી નહિ.

૮૭૦ પછી હ. સુલેમાન (અ. સ.) તેણીના દિલની (આ લાગણીથી) સભાન બન્યા, કારણ કે પોતાના દિલમાંથી તેણીના દિલ સુધીનો રસ્તો ખુલ્લો થયો હતો.

૮૭૧ તે કે જે કીડીઓનો અવાજ સાંભળે છે ને તેઓ કે જેઓ ઘણા દુર છે તેમના આત્માની આંતરિક બુમ પણ સાંભળશે.

૮૭૨ તે કે જે "એક કીડીએ કહ્યું" નું ગુઢાર્થ જાહેર કરે છે તે આ જુના (અવકાશી) ઘુમટનું ગુઢાર્થ પણ જાણશે.

૮૭૩ તેમણે (હ. સુલેમાન અ. સ.) એ ઘણે દૂરથી પારખ્યું કે તેણી (બિલકીસ) કે જે પદવી ત્યાગના રસ્તાને અનુસરતી હતી, વધુ સારૂં એ છે કે તેણી (પોતાના) તખ્તની સાથે જ જુદી પડે.

૮૭૪ તેણીને પેલા પ્રેમ અને તખ્ત તરફ વિનમ્રતા શાના કારણે હતી તે સમજાવવું તો તે (વિવરણ) (બહુ જ) લાંબુ થશે.

૮૭૫ જો કે આ બરુની કલમ હકીકતમાં સમજણ વગરની વસ્તુ છે અને લખનાર સાથે સજાતીય નથી (છતાં) તે તેનો કુટુંબીક દોસ્ત છે.

૮૭૬ તેવી જ રીતે એક કલાકારનું દરેક ઓજાર (ભલે) નિર્જીવ છે. છતાં માણસના
આત્માનું કુટુંબીક દોસ્ત છે.
૮૭૭ તારી સમજણુની આંખમાં જો થોડી ઝાંખપ ન હોત તો આ કારણુ મેં સચોટપણે
વર્ણવ્યું હોત.
૮૭૮ (સભામાંથી) 'તખ્ત'ને લઈ આવવાની શકયતા હતી જ નહિ કારણુ કે તેનું
વિશાળપણું બધી મર્યાદાથી પર હતું.
૮૭૯ તે સોના ચાંદીના સૂક્ષ્મ તારોથી બનાવેલું કામ હતું. શરીરના અવયવોની માફક
એક બીજા સાથે જોડેલા, તેને લઈ જતાં કટકાઓમાં તૂટી જવાની બીક હતી.
૮૮૦ તેથી હ. સુલેમાન (અ. સ.) એ કહ્યું, "જો કે અંતમાં 'રાજમુગટ' અને 'તખ્ત'
તેણીને અપ્રિય બનશે."

૮૮૧ (કારણુ કે) જ્યારે આત્મા "ઐક્યતા"માંથી પોતાનું માથું ઉંચુ કરશે, ત્યારે તેની
ભવ્યતાની સરખામણીમાં કાયાને ભવ્યતા છે જ નહિ.
૮૮૨ જ્યારે મોતીઓ દરીયાઓના ઉંડાણોમાંથી બહાર આવે છે ત્યારે તમે ફીણુ અને
લાકડીઓ અને પરાપો તરફ ધિક્કાર ભરી નજરે જોશો.
૮૮૩ (જ્યારે) જ્વાલામય સૂરજ પોતાનું માથું ઉંચું કરે છે, ત્યારે કોણુ પોતાની આરામ
કરવાની જગ્યા ગંદે સ્થળે કરશે?
૮૮૪ હજી પણુ, આ બધું સમજવા છતાં તેણીનું તખ્ત અહીં લાવવાના ખાસ રસ્તાની
શોધ કરવી જોઈએ.
૮૮૫ એટલા માટે કે (મને) મળવાના વખતે તેણીને દુઃખની લાગણી થવી ન જોઇએ,
અને કે તેણીની ઇચ્છા, બચ્ચાંઓની (ઈચ્છાઓ) મુજબ પુરી કરવી જોઈએ.
૮૮૬ તે (તખ્તની) મારાથી સહેજમાં ગણુત્રી કરાઈ છે, પરંતુ તેણીને તે વધુ પડતું
પ્યારૂં છે, ) તે ભલે અહીં લાવવામાં આવે ) કે સેતાન પણુ હુરાંના મે જ (ખાણુ)
વખતે (હાજર) રહે.
૮૮૭ પેલું ખુશીનું તખ્ત, અયાઝની હાજરીમાં જુબ્બો અને પગરખાંની માફક, તેણીના
આત્મા માટે એક શિખામણુ બન.
૮૮૮ કે જેથી પેલી એક ખિન્ન (બિલકીસ) જાણે કે (અગાઉ) તેણી કેવી હાલતમાં
હતી અને કેવી નીચી હાલતમાંથી કેવી ઊંચી હાલતે તેણી આવી પહોંચી છે તે તે જાણે.
૮૮૯ ખુદા હંમેશ માટી અને બીજ અને માંસનો એક ટુકડો (ગર્ભ) આપણી આંખો
સમક્ષ રાખે છે.
૮૯૦ (જાણે કે) કહેતા હોય, ઓ હલકી મનોવૃત્તિના માનવ, મેં તને કયાંથી આણ્યો?
કે તું તેના તરફ (આવો) અભાવ રાખે છે?
૮૯૧ પેલી (હાલતનો) વખત દરમ્યાન તું પ્રેમમાં હતો, તે વેળાએ તું આ (અત્યારની)
દયાની ના પાડતો હતો.



આદ્યા - 'ઐક્યતા માંથી' માથું બહાર
ના કાયા X.
જ્યારે દરિયામાંથી મોતીનો છીપ, ડુચરો X

૮૯૨ તેવી જ રીતે આ (અત્યારની) અશિરા ખંડન કરતી દલિલને નાસુકર કરવા પણ છે, કે જે તું (જ્યારે) માટીમાં હતો ત્યારે તેની શરૂઆતથી જ કરતો હતો.

૮૯૩ તને જીવન અર્પું તે (કયામતના) અસ્વિકાર વિરૂદ્ધની દલિલ છે (છતાં હજી તું નાસુકર થાય છે) આ તારો (માંદો) આત્મા દવાથી વધુ બિમાર બનાવાયો છે.

૮૯૪ માટીને આ યોજની (કલ્પના કરવાની પણ) શક્તિ કયાં છે? પુરૂષબીજ ગર્ભ-ધારણમાં વિરૂદ્ધાઈ અને અસ્વિકાર કયાંથી કરે?

૮૯૫ (નહિતર) જે પળે તને દીન અને આત્માથી વંચિત બનાવાયો ત્યારે તું પ્રતિબિંબનો (આનંદ) અને અસ્વિકારની (શકયતા) ની ના પાડતો હતો.

૮૯૬ જ્યારે કે તારો (અગાઉનો) અસ્વિકાર નિર્જીવપણાની હાલતમાંથી ઉઠયો હતો, તેથી આ (હાલનો) અસ્વિકાર તારી કયામતની (ચોકકસતાના) પાકે પાયે કબુલ કરવા (બરોબર) છે.

૮૯૭ જ્યારે કે તારી બાબતનો (યોગ્ય) બોધપાઠ આના જેવો છે કે એક માણસ કે જે (ઘરના) દરવાજાને ખખડાવે છે અને ઘરધણી અંદરથી તેને જવાબ આપે છે. કહે છે, "ઘરધણી (અહીં) નથી."

૮૯૮ આ 'નથી' માંથી, પુરૂષ કે જે ખખડાવે છે. (તેને) ભાન થાય છે કે તે (ત્યાં) છે, અને સ્વભાવિક રીતે તે દરવાજાની ઘંટડી ઉપર હાથ ઉપાડી લેતો નથી.

૮૯૯ તેથી તારા અસ્વિકારની સાચી હકીકત જ એ ખુલ્લું પાડે છે કે તે (ખુદા) નિર્જીવ બાબતોમાંથી કયામત ખુલ્લી રીતે બહાર લાવશે.

૯૦૦ ઓ તું અસ્વિકાર કરવાવાળો, કેટલી બધી (દૈવી) ચાલાકી પસાર થઈ (વધારવામાં આવી) છતાં (તારી અસલ પ્રકૃતિનું) પાણી અને માટીએ "હલ અતા" માંથી અસ્વિકાર બતાવ્યો.

૯૦૧ પાણી અને માટી ખરેખર કહેતાં હતાં, "કાંઈપણ અસ્વિકાર છે જ નહિ" તે બૂમ પાડતા હતાં, "કાંઈપણ સ્વિકાર છે જ નહિ." (સ્વીકારના અસ્વિકારથી) અભાન (ન હતા)

૯૦૨ હું આ (મુદ્દાને) ઓકસો રસ્તેથી વધારી શકું પણ (વાંચનારનું) અંતઃકરણ રહસ્યમય વિવરણથી લથડી પડશે.

### ૯. સુલેમાન (અ. સ.) ની સભામાંથી બિલકીસના તખ્તને લાવવાની યોજના ઘડી કાઢવી.

૯૦૩ અમુક ઇફ્રીટે (પિશાચે) કહ્યું, "તમારી આ કચેરીમાંથી તમારા રવાના થયા પહેલાં (મારી) કળાથી હું તેણીના તખ્તને લાવીશ."

૯૦૪ આસફે (તેના વજીરે) કહ્યું, (ખુદાના) 'ઈસ્મે આઝમ'ના થકી હું તેને પળમાં તારી હજુરમાં અહીં લાવીશ.

૯૦૫ જો કે 'ઇફ્રીટ' એક જાદુનો નિષ્ણાત હતો છતાં તે (ચમત્કાર) આસફની ફુંકથી (રૂહાની શક્તિ) એ પ્રદર્શીત કર્યો.

૯૦૬ તેજ પળે બિલકીસનું તખ્ત હજુરમાં આવી પહોંચ્યું, પણ તે આસફ થકી, (અને) નહિ કે તેઓ થકી કે જેઓ ઇફ્રીટસોની મેલી કળામાં (હુશીયાર હતા),

૯૦૭ તેમણે (હ. સુલેમાન અ. સ.) એ કહ્યું, "પેદા કરાએલી હસ્તિના માલિક"માંથી આ અને આના જેવા એકસો શુભેચ્છાઓ માટે તેજ ખુદાનાં વખાણ હોજો!

૯૦૮ પછી હ. સુલેમાન (અ. સ.) એ પોતાની આંખો તખ્ત તરફ ફેરવી. તેમણે કહ્યું, "હા, ઓ ઝાડ, તું જ પેલું એક છો કે જે મૂર્ખાઓને પકડે છે."

૯૦૯ અરે કેટલાય મૂર્ખાઓ છે કે જેઓ પોતાનાં માથાં લાકડાં અને કોતરેલા પથરો આગળ ઝુકાવે છે.

૯૧૦ પૂજનાર અને પૂજાની વસ્તુ (બન્ને) આત્માથી અજ્ઞાત છે (પણ) તે (પૂજનારને) એક હલચલ અને આત્માની જરાક અસર લાગી છે.

૯૧૧ જ્યારે તે (બંદગીમાં) મશગુલ બન્યો તે પળે તેને લાગ્યું કે તે મદમસ્ત બન્યો કે પેલો પથ્થર બોલ્યો અને સંજ્ઞાઓ કરી.

૯૧૨ જ્યારે પેલા કંગાળ આદમીએ ખોટી જગ્યામાં પોતાની બંદગી ગુજારી અને પથરના સિંહને (સાચા) સિંહ હોવાનું જોયું.

૯૧૩ ત્યારે સાચા સિંહે માયાળુપણા અંગે, દયા બતાવી અને તુર્ત જ કુતરાને એક હાડકું ફગાવ્યું.

૯૧૪ અને કહ્યું, "જો કે કુતરો કાયદાપણામાં નથી, છતાં મારા હિસ્સે હાડકું એ બધા (કુતરાના) ગુણધર્મોમાં એક બક્ષિસ છે."

**જ્યારે તેમને ધાવણ છોડાવવામાં આવ્યું ત્યારે હલીમાનું હ. મુસ્તફા (ર. સ. અ.)ને ગુમાવવા માટે મુર્તિઓને (શોધવામાં) મદદ કરવાની આજીજી કરવી. અને મુર્તિઓનું મૂજવું અને પોતાને સિજદામાં નાખવું અને હ. મુહમ્મદ (ર. સ. અ.)નાં મહત્તાની સાક્ષી આપવી.**

૯૧૫ હું તમને હલીમાના રહસ્યમય અનુભવની વાર્તા કરીશ, કે તેની વાત તમારી શંકાઓને નાબુદ કરે.

૯૧૬ જ્યારે તેણીએ (પોતાના) દૂધથી હ. મુસ્તફા (ર. સ. અ.) ને હટાવ્યા, તેણીએ તેઓને તુલસી અને ગુલાબ જેવા (મીઠા લાગતાને) પોતાના હાથની હથેળીમાં ઉપાડયા.

આત્માહિ
પૂજનાર, ને પૂજાની વસ્તુ: અસાદ્ય. છે.

૯૧૭ ભલા બુરા ( બનાવ ) થી તેઓને બચાવવાના ખાતર, તેણી તેના દાદાની ( દેખ-ભાળમાં ) પેલા ( રૂહાની ) શહેનશાહને લઈ આવી.

૯૧૮ જ્યારે કે તેણી ( કિંમતી ) અનામત ( તેની સલામતીની ) બીકમાં લઈ આવતી હતી, તેણી કાબામાં ગઇ અને ' હતીમ'માં આવી.

૯૧૯ તેણીએ હવામાંથી એક બુમ સાંભળી, ' ઓ હતીમ ' એક ખુબ જ શક્તિશાળી સૂર્ય તારા ઉપર પ્રકાશ્યો છે.

૯૨૦ ઓ હતીમ, આજે દાનશીલતાના સૂર્યમાંથી એક લાખ કિરણો ઓચીંતા તારા પર પડશે.

૯૨૧ ઓ હતીમ, આજે એક કિર્તીવંત બાદશાહ કે જે ખુશ કિસમતના અગ્રદુત છે તે સરસામાન સાથે તારામાં કુચ કરશે.

૯૨૨ ઓ હતીમ, આજે કાંઇ પણ શંકા વગર તું આનવંતા આત્માઓનું નવેસરથી રહેઠાણ બનશે.

૯૨૩ પવિત્રતાના આત્માઓ, ઈચ્છાઓથી મદમસ્ત બનેલા દુનિયાના દરેક ખુણામાંથી સમુહમાં અને વિપુલ સંખ્યામાં આવશે.

૯૨૪ હલીમા પેલા અવાજથી વ્યાકુળ બની, તેની આગળ ને પાછળ કોઇ ( દેખાતું ન હતું ).

૯૨૫ ( બધી ) છએઇ દિશાઓ ( કાંઈ પણ દ્રષ્ટિમય ) રૂપથી ખાલી હતી અને આ બુમ ચાલુ હતી, પેલી બુમ માટે આત્મા ભલે બદલો બને !

૯૨૬ તેણીએ હ. મુસ્તફા ( ર. સ. અ. )ને જમીન ઉપર મુક્યા, કે જેથી તેણી આ મધુર અવાજની પાછળ શોધ કરે.

૯૨૭ પછી તેણીએ પોતાની આંખ અહીંતહીં ફેરવી, કહીને, તે બાદશાહ ક્યાં છે કે જેઓ આ ગુઢાર્થો કહે છે.

૯૨૮ કારણ કે જમણી અને ડાબી બાજુમાંથી એક જોરશોરથી અવાજ આવતો હતો. ઓ માલિક, તે ક્યાં છે કે જે તે આવી પહોંચવાના કારણભૂત છે ?

૯૨૯ જ્યારે તેણીએ ( કોઇને પણ ) જોયો નહિ. તેણી સ્તબ્ધ અને નિરાશ બની તેણીની કાચા નેતરની ડાળીઓ માફક ધ્રુજવી શરૂ થઇ.

૯૩૦ તેણી પેલા ' અલ અમીન ' બચ્ચા તરફ પાછી ફરી, તેણીએ હ. મુસ્તફા ( ર.સ.અ. ) ને પોતાની ( અગાઉની ) જગ્યાએ જોયા નહિ.

૯૩૧ તેણીના દિલ ઉપર ગૂંચવણો ઉપર ગુંચવણો આવતી રહી. તેણીનો નિવાસ દિલગીરી અંગે ઘણો જ કાળો બન્યો.

૯૩૨ તેણી ( નજીકના ) રહેઠાણોએ દોડી, અને બુમો પાડી, કહીને, " મારૂં એક માત્ર મોતી કોણ ઉપાડી ગયું ? "

૯૩૩ મક્કાના લોકોએ કહ્યું, "અમને કાંઈ ખબર નથી. ત્યાં એક બચ્ચું હતું તે પણ અમો જાણતા નથી."

૯૩૪ તેણીએ એટલાં બધાં આંસુ વહાવ્યાં અને એટલું બધું આક્રંદ કર્યું કે પેલા બીજાઓએ તેણીની દિલગીરી અંગે રોવું શરૂ કર્યું.

૯૩૫ તેણી પોતાની છાતી કુટતાં એટલું બધું રોઈ કે તેણીના રૂદને ગ્રહોને પણ રોતા બનાવ્યા.

## એક બુઢા અરબની વાર્તા કે જેણે હલીમાને મુર્તિઓ પાસેથી શોધવાની મદદ માગવા ભલામણ કરી.

૯૩૬ એક ઘરડો લાકડીવાળો માણસ તેણીની નજીક આવ્યો, કહે, "ઓ હલીમા, શા માટે? તારા પર કઈ આફત આવી પડી છે!"

૯૩૭ કે તારા દિલમાંથી (નીકળતી) આ એક એવી દિલગીરીની અગ્નિએ આ બાજુમાં રહેનારાઓને રૂદનમાં બાળી નાખ્યા છે?"

૯૩૮ તેણીએ જવાબ આપ્યો, "હું અહમદની વિશ્વાસુ ધાઈ છું. તેથી હું તેના દાદાને સોંપણી કરવા પાછી લાવી છું."

૯૩૯ જ્યારે હું 'હતીમ'માં આવી પહોંચી, ત્યારે અવાજો નજીક આવતા હતા. અને હું (તેમને) હવામાંથી સાંભળતી હતી.

૯૪૦ જ્યારે મેં પેલી કર્ણપ્રિય બોલવાની શૈલી હવામાંથી સાંભળી. ત્યારે પેલા અવાજના કારણે આ બચ્ચાને અહીં સુવરાવેલ હતું.

૯૪૧ કોનો અવાજ આ બુમનું (મૂળ હતું) તે જોવા, કારણ કે તે ઘણી જ સુંદર અને ખુશકારક બુમ હતી.

૯૪૨ મેં મારી આજુબાજુ કોઈ નિશાની જોઈ નહિ, બૂમ એક પળ માટે પણ અટકતી ન હતી.

૯૪૩ હું જ્યારે મારા દિલના ગુંચવાડામાંથી (મારા ભાનમાં) આવી ત્યારે મેં ત્યાં બાળકને જોયું નહિ. મારા દિલ માટે અફસોસ!

૯૪૪ તે (વૃદ્ધ માણસે) કહ્યું, "ઓ દિકરી, દિલગીર ન થા, કારણ કે હું એક રાણીને બતાવીશ.

૯૪૫ તેણી, જો તેણી ઈચ્છશે તો બચ્ચાનું શું થયું તે તને કહેશે, તેણી બચ્ચાના રહેઠાણની જગ્યા અને તેના જવાની જગ્યાને જાણે છે.

૯૪૬ પછી હલીમાએ કહ્યું, "અરે મારો આત્મા તારા પર ઓળઘોળ બને! ઓ ભલા અને સત્યવક્તા શેખ!

૯૪૭ આવો પેલી દીર્ઘદ્રષ્ટિની રાણી મને બતાવો કે જેણીને મારા બચ્ચાનું શું થયું છે તેનું જ્ઞાન છે.

૯૪૮ તે તેણીને 'ઉઝઝા' પાસે લાવ્યો. કહે, અદ્રષ્યને લગતી માહીતી માટે આ મૂર્તિ ઘણી જ વખણાય છે.

૬૪૯ તેના થકી હજારો કે જેઓ ગૂમ થયા હતા તે જ્યારે અમોએ ભક્તિભાવમાં તેની તરફ ઉતાવળ કરી ત્યારે અમે મેળવ્યા છે.

૬૫૦ પેલો વૃદ્ધ તેણી (ઉઝ્ઝ)ની આગળ સિજદામાં પડયો અને તૂર્ત જ કહ્યું. ઓ અરબોના રાજ્યકર્તા, ઓ દાનશીલતાના સમુદ્ર,

૬૫૧ (પછી) તેણે કહ્યું, "ઓ ઉઝ્ઝા, તેં અમારા પર ઘણા આશીર્વાદ ઉતાર્યા છે કે જેથી અમો જાળોમાંથી મુક્ત બનાવાયા છે.

૬૫૨ તારા આશીર્વાદના કારણે અરબોની તને પૂજવાની ફરજિયાત ફરજ બની છે, કે જેથી અરબો તારા સ્વાધીનમાં છે.

૬૫૩ આ સાદ (કબીલા)ની હલીમા તારી આશામાં તારી તુળસીની ડાળીના છાંએ આવી છે.

૬૫૪ કારણ કે એક નાનું બચ્ચું તેણીનું ગુમાવાયું છે. પેલા બચ્ચાનું નામ 'મોહમ્મદ' છે.

૬૫૫ જ્યારે તેણે 'મોહમ્મદ' કહ્યું, પેલી બધી મૂર્તિઓ માથાભર સિજદામાં પડી.

૬૫૬ કહીને, ઓ વૃદ્ધ આદમી, ચાલ્યો જા, (મોહમ્મદ) કે જેનાથી અમો પદભ્રષ્ટ બન્યા છીએ તે મોહમ્મદની પાછળ આ શોધ છે?

૬૫૭ અમો જેનાથી પડી ભાંગ્યા છીએ અને (ભાંગેલા) પત્થરોમાં ઢગલો થયા છીએ. અમો વેચાણ વગરના અને કિંમત વગરના તેનાથી બનાવાયા છે.

૬૫૮ પેલા માનસિક ઓળાઓ કે જે વૃથા કલ્પનાના અનુયાયીઓ 'ફત્ર'ના વખત દરમ્યાન આપણામાંથી જોવા ધારે છે.

૬૫૯ હવે અદ્રષ્ય થશે કે તેની 'બાદશાહી કચેરી' આવી પહોંચી છે, પાણી આવ્યું છે અને રેતીથી વજુ કરવામાં આવ્યું છે.

૬૬૦ ઓ વૃદ્ધ આદમી, દૂર જાઓ, ગુનાહને સળગાવતા નહિ. ધ્યાન દઈ સાંભળો, હ. હ. આહમદ (નબીસાહેબ)ની અદેખાઈથી અમને બાળતા નહિ.

૬૬૧ ઓ વૃદ્ધ આદમી, ખુદાની ખાતર તું દૂર જ રહેજે, આગળ હુકમના આધારે રખેને તું (પણ) બળેલો બને.

૬૬૨ આ અજગરની પૂંછડીને દબાવવી શું છે? (હ. મુહમ્મદની) આગમવાણી શું છે તેની ખરેખર તમને ખબર છે?

૬૬૩ આ સમાચારથી દરીયો અને ખાણ ઉભરાઈ ઉઠશે. આ સમાચારથી સાતેય આસમાનો હાલી ઉઠશે.

૬૬૪ જ્યારે પેલા બુઢ્ઢા આદમીએ પત્થરો (મૂર્તિઓ)માંથી આ શબ્દો સાંભળ્યા, અતિ વૃદ્ધ આદમીએ (પોતાના હાથમાંથી) લાકડીને ફેંકી

૬૬૫ પછી (મૂર્તિઓની) આ જાહેરાતથી ધ્રુજારી અને બીક અને ધાકથી પેલા વૃદ્ધના દાંતો એકબીજાથી અફળાતા હતા.

નામ- મોહમ્મદ — બધી મૂર્તિઓ સિજદા કર્યા.

૯૬૬ એક શિયાળામાં નગ્ન માણુસની માફક તે થરથરતો હતો અને કહેતો હતો "ઓ વિનાશ ? ."

૯૬૭ જ્યારે તેણી ( હલીમા ) એ ઘરડા આદમીને આવા ( દુઃખમય ) હાલતમાં જોયો ત્યારે પેલા ચમત્કારની અસરમાં સ્ત્રીએ વિચારણાની ( શક્તિ ) ગુમાવી.

૯૬૮ તેણીએ કહ્યું, "ઓ વૃદ્ધ આદમી, જો કે હું ( હ. મુહમ્મદના ગુમાવાથી ) દુઃખમાં છું છતાં હું વિધવિધ પ્રકારની વ્યાકુળતામાં છું.

૯૬૯ એક પળે પવન મારી પાસે વાણી ઉચ્ચારે છે, બીજી પળે પત્થરો મને શાળા શિક્ષણ આપે છે.

૯૭૦ પવન મને સાંધાવાળા શબ્દોથી સંબોધન કરે છે, પત્થરાઓ અને પર્વતો ચીજોની ( ખરી ખાસિયતની ) સમજ આપે છે.

૯૭૧ ( આ અગાઉ ) એક વખત જોઇ ન શકાય તેવાઓ મારા બચ્ચાને ઉઠાવી ગયા હતા. સ્વર્ગીય અદૃષ્યના પેલા લીલી પાંખવાળાઓ.

૯૭૨ હું શેની ફરીયાદ કરૂં ? હું આ અરજ કોને કરૂં ? હું એકસો મગજોથી ( વિચારોથી ) અસ્થિર બની છું.

૯૭૩ તેની ( ખુદાની ) અદેખાઇએ મારા હોઠો બંધ કર્યા છે, ( કે જેથી હું ) આ ગુઢાર્થ ખુલ્લું કરવા અશક્ત છું. હું એટલું જ કહું છું કે મારૂં બચ્ચું ગુમાવાયું છે.

૯૭૪ હું જો બીજું કંઇ અત્યારે કહું તો હું એક ગાંડી હોઉં તેની માફક લોકો મને સાંકળથી બાંધશે.

૯૭૫ વૃદ્ધ માણુસે તેણીને કહ્યું, "ઓ હલીમા, આનંદ કર, આભાર માનવા સિજદામાં પડ અને તારો ચહેરાને ફટકાર નહિ.

૯૭૬ દિલગીર બન નહિ. તે તારાથી ગુમાએલો બનશે નહિ. નહિ, પણ ( આખી ) દુનિયા તેનામાં ગુમાએલી બનશે.

૯૭૭ ( તેઓની ) આગળ અને પાછળ હંમેશ માટે લાખો સેવકો અને ચોકીદારો અદેખાઈ ભરી સ્પર્ધામાં ( દેખરેખ રાખે છે ).

૯૭૮ તેં જોયું નહિ કે તારા બચ્ચાના નામ માત્રથી પેલી મુર્તિઓ પોતાની બધી ચાલાકીઓ સહિત માથાભેર પડી.

૯૭૯ દુનિયાની સપાટી ઉપર આ એક અભુત ઝમાનો છે, હું બુઢો થયો છું અને મેં આ જાતનું કાંઇપણ જોયું નથી.

૯૮૦ જ્યારે કે પત્થરો ( મુર્તિઓ ) પણ આ ( પયગમ્બરી ) કાર્ય માટે વિલાપ કરે છે, ધારો કે ( પાપીઓ ) ઉપર કેવાં દુઃખો આવી પડશે ?

૯૮૧ પત્થર પુજવાની ચીજ બનવાની બાબતમાં બેગુનાહ છે ( પણ ) તેને પુજવાની બાબતમાં તમે દમાણની અંદર નથી.

૯૮૨ પેલી એક ( મૂર્તિ ) દળાણની અંદર હતી તે આવી ગભરાએલી બની ( તો પણ ) ધારી લે કે ગુનેહગાર ઉપર કેવી ભયંકર ચીજો લાદવામાં આવશે ?

હ. મુસ્તફા ( ર. સ. સ. )ના દાદા હ. અબ્દુલ મુતલિબને હલીમાથી હ. મુહમ્મદ ગુમાયાના સમાચાર મળ્યા, અને શહેરની ચોતરફ તેમની શોધ કરી અને કાબાના દરવાજે આક્રંદ કર્યું અને ખુદાની પ્રાર્થના કરી અને ( હ. મુહમ્મદ ર. સ. અ. )ને શોધી કાઢયા.

૯૮૩ જ્યારે હ. મુસ્તફા ( ર. સ. સ. )નાં દાદાએ હલીમાના સમાચાર અને જાહેરમાં તેની બુમ જાણી.

૯૮૪ અને એવી જોરશોરની ચીસો અને આક્રંદ કે તેનો પડઘો એક માઈલ જેટલે દુર સંભળાતો હતો.

૯૮૫ અબ્દુલ મુતાલેબે તુર્તજ જાણ્યું કે બાબત શું હતી, તેમણે પોતાના હાથો છાતી ઉપર માર્યા અને રોયા.

૯૮૬ તેઓ બળતા દિલે દિલગીરીમાં કાબાના દરવાજે આવ્યા, કહે, ઓ તું કે જે રાત્રીની ગુપ્તતા અને દિવસનું ગુઢાર્થ જાણે છે.

૯૮૭ હું મારામાં કોઇ સાથ આપનાર જોતો નથી કે જેથી હું મારા જેવો એક તારો વિશ્વાસુ બને.

૯૮૮ હું મારામાં એવી લાયકાત જોતો નથી કે જેથી હું આ મહાન દરવાજે સ્વીકારાએલો બનું.

૯૮૯ અથવા કે મારૂં માથું અને મારા સિજદાની કાંઇ કિંમત હોય અથવા કે મારા આંસુઓની બદલીમાં કાંઇ સદ્ભાગ્ય ( મારા પર ) હસે.

૯૯૦ પણ પેલા અજોડ મોતી ( હ. મુહમ્મદ )ના ચહેરામાં ઓદાછેશ્વરી તારી દયાના ચિન્હો હું જોઉં છું.

૯૯૧ કારણ કે તે જો કે અમારો છે છતાં અમને ગમતો નથી. બધા હસતા ( જેવા ) છીએ, જ્યારે આહમદ ( હ. મુહમ્મદ ) 'અમૃત' છે.

૯૯૨ જે અદ્‌ભુત વસ્તુઓ મેં તેનામાં જોઇ છે તેવી મેં કોઈ દોસ્ત કે દુશ્મનમા જોઈ નથી.

૯૯૩ એકસો વર્ષના પ્રયાસથી ( પણ ) કોઈએ ( તેવી ચીજો પ્રાપ્ત કરી નથી ). દેખાડે છે કે તેના બાળપણમાં તારી દયા તેના ઉપર નવાજીશ થઈ છે.

૯૯૪ જ્યારે કે અંતજ્ઞાનથી અનુભવેલી ખાત્રીથી તેના તરફ તારા આશીર્વાદ ( હું જાણું છું ) કે તે તારા સમુદ્રનું મોતી છે.

૯૯૫ તેને ( બતાવવા ) હું તારી જ આગળ આજીજી કરૂં છું. તેની હાલત મને કહો, ઓ તું કે જે ( દરેકની ) હાલત જાણે છે.

૯૯૬ તુર્તજ કાબાની અંદરથી એક બુમ આવી, અત્યારે પણ તે તેનો ચહેરો તને બતાવશે.

૯૯૭ તે અમારાથી બસો સૌભાગ્યથી આશીર્વાદીત છે, તે અમારાથી બસો ફિરસ્તાના ટોળાથી રક્ષાએલો છે.

૯૯૮ અમો તેનો જાહેરી ( દેખાવ ) દુનિયામાં પ્રખ્યાત બનાવીએ છીએ. અમો તેની આંતરિક ( વાસ્તવિકતા ) બધાથી સંતાએલી બનાવીએ છીએ.

૯૯૯ પાણી અને માટી સોનાની ખાણ ( જેવાં ) હતાં. અમો સોની છીએ. કારણ કે અમો તેને કોઈવાર ઝાંઝર બનાવીએ. છીએ કોઈવાર મહોર બનાવીએ છીએ ).

૧૦૦૦ કોઈવાર અમો એક તલવાર માટે ખભાનો પટો બનાવીએ છીએ. તો કોઈ વાર સિંહના ગળાની સાંકળ બનાવીએ છીએ.

૧૦૦૧ કોઈ વાર અમે એક તખ્તના ( મથાળા ઉપર ) તેમાંથી દડો બનાવીએ છીએ. કોઈવાર ( તેઓના ) કે જેઓ બાદશાહી શોધે છે. માથા ઉપરનો રાજ મુગટ ( બનાવીએ છીએ ).

૧૦૦૨ અમને આ માટી તરફ જબરી શુભ ભાવનાઓ છે, કારણ કે તે મુંગી અનુમતીની ઢબે સુતેલી છે,

૧૦૦૩ કોઈવાર અમે તેમાંથી આના જેવો ( રૂહાની ) રાજા પેદા કરીએ છીએ. કોઈવાર અમે તેને બાદશાહની હાજરીમાં ( પ્રેમથી ) અલંકારીત બનાવીએ છીએ.

૧૦૦૪ તેના કારણે લાખો પ્રેમીઓ અને પ્રિતમો પશ્ચાતાપમાં અને આક્રંદ અને શોધમાં છે.

૧૦૦૫ આ અમારૂં કામ છે, અમારા કામ તરફ જેને રૂહાનીયત માનસિક વલણ નથી તે ગુંચવાડામાં છે.

૧૦૦૬ અમો કંગાળ આગળ એક ખોરાકનો હિસ્સો ઇનાયત કરીએ છીએ ( તેવી જ રીતે ) તેજ કારણે જમીન ઉપર આ વિશિષ્ટતા ( ઇનાયત કરીએ છીએ ).

૧૦૦૭ કારણ કે જમીનને બહારની રીતે ઝાંખા રાખોડીયા રંગનું રૂપ છે, જ્યારે આંતરિક રીતે તેને તેજસ્વિતાના ગુણો છે.

૧૦૦૮ તેનો જાહેરી ( દેખાવ ) તેના બાતુની ( વાસ્તવિકતા ) સાથે લડાયક બન્યો છે, તેનું આંતરિક ઝવાહિર જેવું છે, અને તેનું જાહેરીપણું એક પથ્થર જેવું છે,

૧૦૦૯ તેનો જાહેરી દેખાવ કહે છે, ‘ અમો આ છીએ. અને કાંઇ વધુ નહિ. તેનું બાતુન કહે છે અમારી આગળ પાછળ સારી રીતે જુઓ.’

૧૦૧૦ તેનું જાહેરી અસ્વિકારે છે ( અને કહે છે ) કે આંતરિક કંઈજ નથી. તેનું આંતરિક ( બાતુની ) કહે છે, અમો ( તને સત્ય ) બતાવશું. રાહ જુઓ.

૧૦૧૧ તેનું જાહેરી અને તેનું બાતુની સંઘર્ષમાં છે, અનિવાર્યપણે તેઓ આ ચીવટવાળી સહનશક્તિમાંથી ( દૈવી ) મદદ ખેંચે છે.

૧૦૧૨ આ બરછટ પૃથ્વીના પટમાંથી અમો ( અસ્તિત્વના ) રૂપો બનાવીએ છીએ. અમો તેનું ગુપ્ત અટહાસ્ય જાહેર બનાવીએ છીએ.

૧૦૧૩ કારણ કે જાહેર રીતે જમીન ( બધી ) દુઃખમય અને આંસુઓ છે, તેની અંદર લાખો અટહાસ્યો છે.

૧૦૧૪ અમો ગુહાર્થ જાહેર કરનાર છીએ. અને અમારૂં આ જ કામ છે કે અમો ગુપ્તતામાંથી આ સંતાએલી ચીજોને બહાર લાવીએ છીએ.

૧૦૧૫ જો કે ચોર ( ચોરીના ) અસ્વિકારમાં મૌન છે. ન્યાયાધીશ રિબામણીથી તે પ્રકાશમાં લાવે છે.

૧૦૧૬ આ ( ભિન્ન ભિન્ન ) માટીઓએ ( અમારા ) આશીર્વાદો ચોર્યાં છે, કે જેથી દુઃખો થકી અમે તેમને તેમનો અપરાધ કબુલ કરાવીએ.

૧૦૧૭ તેને ( પૃથ્વીને ) ઘણાં બધાં અદ્ભુત બચ્ચાંઓ હતાં, પણ આહમદ ( હ. મુહમ્મદ ) તેઓ સઘળાથી ઉત્તમ છે.

૧૦૧૮ જમીન અને આસમાન હસે છે અને આનંદ કરે છે, કહીને, "અમારામાંથી બે ( કે જેઓ ) લગ્નગ્રંથિથી જોડાયા ( અને ) આવો બાદશાહ જનમ્યો છે."

૧૦૧૯ આસમાન તેનો આનંદ ભોગવે છે. તેની પવિત્રતાના કારણે પૃથ્વી કમળ જેવી બની છે.

૧૦૨૦ ઓ સુંદર પૃથ્વી, જ્યારે કે તારા બહારના અને તારા આંતરિક ( દેખાવો ) લડાઈમાં છે અને એકબીજા સાથે લડવામાં ( ગુંથાએલા છે ).

૧૦૨૧ ત્યારે ખુદાના કારણે પોતા સાથે લડાઈમાં કોણ કોણ છે? અંતમાં કે તેની ( આંતરિક ) વાસ્તવિકતા ( માત્ર ) સુગંધ અને રંગની વિરોધી બને.

૧૦૨૨ જો તેનું અંધારૂં તેના પ્રકાશ સાથે ઝગડામાં છે તો તેના આત્માનો સૂર્ય કદી આથમશે નહિ.

૧૦૨૩ આપણા કારણે દુઃખમાં કોણ તનતોડ મહેનત કરશે? આસમાન ( પણ ) પોતાના પગો પાછા ખેંચી લેશે.

૧૦૨૪ તમારૂં બહારનું ( રૂપ ) તમારા અંધકારના કારણે રૂદન કરે છે, તમારો આંતરિક ( આત્મા ) ગુલાબોની અંદર ગુલાબો ( જેવો ) છે.

૧૦૨૫ તે ( તમારૂં જાહેરી રૂપ ) હેતુપુર્વક સુફીઓ ( કે જેઓ ) ચીડીયા ચહેરાવાળા ( દિલગીર ) જેવા છે, તેઓ પેલા એક કે જેઓ ( આંતરિક ) પ્રકાશને બુઝાવે છે તેનાથી હળેમળે નહિ.

૧૦૨૬ સાહુડીની માફક તંગ ચહેરાવાળા ( ખુદાને ) ઓળખનારાઓએ પોતાની ( રૂહાની ) ખુશીઓ ( આતુરતાના ) અણીદાર કાંટાઓમાં સંતાડી છે.

૧૦૨૭ બગીચો ગુપ્ત છે. ( જ્યારે ) બગીચાની આજુબાજુના પેલા કાંટાઓ ચોકખી રીતે દેખાય છે, કહીને, ઓ ચોરટા દુશ્મન, આ દરવાજેથી દુર જ રહેજે!

૧૦૨૮ ઓ સાહુડી, તમે કાંટાઓને તમારો ચોકીદાર બનાવ્યો છે, અને સુફીની માફક તમારૂં માથું તમારા મર્મ સ્થાનમાં દાટ્યું છે.

૧૦૨૯ કે કોઈ પણ રીતે આ ગુલાબી ચહેરાના કાંટાની પ્રકૃતિવાળાઓ સાથે એક રતી જેટલી તમારી ખુશીનો ભેટો થઈ જાય.

૧૦૩૦ જો કે તારો બચ્ચો (હ. મુહમ્મદ) બચપણમાં છે, ખરેખર બન્ને દુનિયા તેમની પરાવલંબી છે.

૧૦૩૧ અમો (આખી) દુનિયાને તેનામાંથી જીવતી બનાવીએ છીએ. અમો સ્વર્ગને તેની ખીદમતમાં એક ગુલામ બનાવીએ છીએ.

૧૦૩૨ હ. અબ્દુલ મુત્તલીબે કહ્યું "તેઓ અત્યારે ક્યાં છે? ઓ તું કે જે (બધી ચીજોની) ગુપ્તતા જાણે છે, સત્ય રસ્તો બતાવો!"

**હ. અબ્દુલ મુત્તલિબનું હ. મુહમ્મદ (ર. સ. અ.) જ્યાં હોય તે જગ્યાની સુચક હકીકત માટે માગવું, કહીને, "હું તેને કયાં શોધું?" અને કાબાની અંદર તેને કેવી રીતે જવાબ મળ્યો અને સુચક હકીકત મેળવી.**

૧૦૩૩ એક અવાજ કાબાની અંદરથી તેને પહોંચ્યો, તેણે કહ્યું, "ઓ શોધનાર, તે અલ અમીન બચ્ચું.

૧૦૩૪ પેલા ઝાડની નીચે ફલાણી 'વાડી'માં છે, પછી ખુશનશીબ વૃદ્ધ (હ. અબ્દુલ મુત્તલીબ) તુર્ત જ રવાના થયા.

૧૦૩૫ તેના પેગડા (ઘોડાની) બાજુમાં કુરેશના રાજાઓ હતા, કારણ કે તેના (હ. મુહમ્મદના) દાદા કુરેશના અમીરોમાંના એક હતા.

૧૦૩૬ (હ. મુહમ્મદના) બધા બાપદાદાઓ વંશમાં હ. આદમ (અ. સ.) થી પીડથી ઉતરી આવેલા હતા, મિજબાનીઓમાં અને બખેડામાં અને ભીષણ સંગ્રામમાં તેઓ માલિકો હતા.

૧૦૩૭ આ વંશવેલો તેની કાયાને જ (લાગુ પડતો) છે કે જે શક્તિશાળી શહેનશાહો-માંથી (વંશપરંપરા) પવિત્ર ઉતરી આવેલ છે.

૧૦૩૮ તેમનું 'સત્વ' હકીકતમાં વંશપરંપરાથી વેગળું અને અરૂપ છે. ભુત્રીય પ્રદેશોની મચ્છીમાની કોઇ તેનું સજાતીય નથી.

૧૦૩૯ "ખુદાઈ નૂર" ના જન્મ અને અસ્તિત્વમાં (આવવાનું) (જાણવાનું) કોઈ શોધતું નથી. વણાટના તાણા અને પોતાને ખુદાના માનના ઝભ્ભાની કઈ જરૂર છે?

૧૦૪૦ નીચામાં નીચા દરજ્જાના માનના ઝભ્ભા કે જે (ભલા કાર્ય માટે) તે બદલો વાળવા માટે ઇનાયત કરે છે તે સૂર્યના ભાત પાડેલા પોષાકથી વધુ ચડીયાતો છે.

## બિલકીસને બોલાવવાની (દૈવી) દયાની બાકી રહેલ વાર્તા

૧૦૪૧ ઓ બિલકીસ, જાગૃત થા, આપ અને બાદશાહી જો! ખુદાઈ સમુદ્રના કિનારા ઉપર મોતીઓ ભેગાં કર.

૧૦૪૨ તારી બહેનો ગૌરવશીલ સ્વર્ગમાં વાસો કરે છે, એક હાડપીંજર (ધરાવવાના) કારણે તું બાદશાહની માફક શા માટે વર્તન રાખે છે?

૧૦૪૩ પેલા સુલતાન (ખુદાએ) તારી બહેનોને કેવાં ઉમદા ઈનામો આપ્યાં છે તે તું જાણે છે?

૧૦૪૪ "તું કેવી રીતે (તારી સેવામાં) ઢોલ પીટી ઉત્સાહપૂર્વક ઢઢેરો પીટે છે કે હું રાંધણી અને નાવડિયાની સગડીની માલિકણ છું."

**માણસનું આ દુનિયાના (માલ)થી ખુશ થવું અને તેની (તેમની) શોધમાં કંજુસાઈ અને આશિર્વાદીત રૂહાનીયતની ઉંચી હિદાયત તરફ તેની ઉદાસીનતા કે જેઓ તેના હિતકારી છે (અને) બૂમ પાડે (છે), "અરે, પેલું સારા લોકો જાણે તો!"ની બોધવાર્તા.**

૧૦૪૫ એક કુતરાએ ગલીમાં એક આંધળા ભિખારીને જોયો, અને તેના તરફ ધસતો હતો અને તેનો ઝભ્ભો ફાડતો હતો.

૧૦૪૬ અમોએ આ (અગાઉ) જણાવ્યું હતું. પણ તે એક વધુ વાર અહીં ફરીવાર કહીએ છીએ એટલા માટે કે વાર્તાની (અસર) જોરદાર બને!

૧૦૪૭ આંધળા માણસે તેને (કુતરાને) કહ્યું. "શા માટે, આ પળે તારા દોસ્તો પર્વત ઉપર શિકાર કરી, શિકાર શોધે છે."

૧૦૪૮ તારા કુટુંબીઓ પર્વતમાં 'ઓનેજર' પકડે છે, તું ગલીમાં આંધળા માણસોને પકડે છે.

૧૦૪૯ ઓ ઉદ્ધત શેખ, આ ઠગબાજી છોડી દે, તું એક ખારા પાણી (જેવો) છે. તેં (તારી આજુબાજુ) આંધળા માણસોને ભેગા કર્યા છે.

૧૦૫૦ કહે છે, આ મારા અનુયાયીઓ છે અને હું (ખારા પાણી) જેવો છું. તેઓ મને પીએ છે અને આંધળા બને છે.

૧૦૫૧ તારા પાણીને વિશિષ્ટ સમુદ્ર (રૂહાની રાહબર)થી મીઠું બનાવ, ખોટા પાણીને આવા આંધળા માટે જાળ બનાવ નહિ.

૧૦૫૨ જાગૃત થા, 'ઓનેજર' પકડતા ખુદાના સિંહોને જો, એક કુતરાની માફક ઠગબાજી (જાહેર કરી) આંધળાને શા માટે પકડે છે?

૧૦૫૩ (તેઓ) કેવા 'ઓનેજર'ને (પકડે છે) તેઓ પ્રિતમ સિવાય બીજા કોઈને પકડવાથી દૂર છે. તેઓ બધા સિંહો અને સિંહ પકડનારા અને (ખુદાના) "નૂર"થી મદમસ્ત બનેલા છે.

૧૦૫૪ બાદશાહના શિકાર અને પાછળ પડવાના ઉંડા ચિંતનમાં, તેઓએ પાછળ પડવાનું છોડી દીધું છે અને વ્યાકુળતામાં મરેલા બન્યા છે.

૧૦૫૫ 'દોસ્ત' તેઓને મરેલા પંખીની માફક ઉઠાવી ગયો છે, કે (તેઓના કારણે) તેઓ મળતીયાનો શિકાર કરી નાખે.

૧૦૫૬ મરેલા પંખીને ભેગા બનવા કે જુદા થવાની બાબતમાં પરાણે (ઈચ્છાથી વંચિત) કરવામાં આવે છે, તમે (હદીસ) વાંચી છે. "દિલ (હ્રદય) બે આંગળીઓ વચ્ચે છે"

૧૦૫૭ દરેક કે જે તેના મરેલા પંખીનો જ્યારે શિકાર બનેલ છે ત્યારે તે (સત્ય) જુએ છે (કે) તે બાદશાહનો શિકાર બની ચૂક્યો છે.

૧૦૫૮ જે કોઈએ પોતાનું માથું આ મરેલા પંખીથી દૂર ફેરવ્યું, પેલા 'શિકારી'નો હાથ કદી મેળવશે નહિ.

૧૦૫૯ તે (મરેલું પંખી) કહે છે, "મારૂં એક હાડપિંજર બનવું ન નિહાળ. મને સાચવી રાખવામાં બાદશાહે (બતાવેલો) પ્રેમ જો."

૧૦૬૦ હું એક હાડપિંજર નથી. બાદશાહે મને માર્યો છે, મારો દેખાવ જ એક મરેલા જેવો બન્યો છે.

૧૦૬૧ મારી આગલી હીલચાલ પાંખ અને પીછાં થકી હતી. હવે મારી હિલચાલ (દૈવી) ન્યાયાધીશના હાથમાંથી આગળ વધે છે.

૧૦૬૨ મારી નાશવંત હિલચાલ મારી ચામડીમાંથી ગઇ છે, હવે મારી હિલચાલ અનંત કામની છે જ્યારે કે તે 'તેના'માંથી આગળ વધે છે.

૧૦૬૩ જો કોઇ મારી હિલચાલની હાજરીમાં કઢંગી રીતે ચાલે છે, હું તેને ઘાતકી રીતે મારી નાખીશ (ભલે પછી) તે 'સીમર્ગ' હોય.

૧૦૬૪ ખબરદાર રહેજે! જો તું (રૂહાનીયત રીતે) જીવંત છો, મને મરેલો ન નિહાળ. જો તું (ખુદાનો) (ભાવિક) ગુલામ છો, મને બાદશાહના હાથમાં (હોવાનું) નિહાળ.

૧૦૬૫ હ. ઇસા (અ. સ.) પોતાની કૃપાદ્રષ્ટિથી મરેલાને જીવંત બનાવતા હતા, હું હ. ઇસા (અ. સ.)ના પેદા કરનારના હાથમાં છું.

૧૦૬૬ હું ખુદાના હાથની ચૂડમાં મરેલો કેમ રહીશ? તેવી જ રીતે, 'ઇસા'ના હાથમાં આ શક્ય બનવું જોતો નહિ.

૧૦૬૭ હું 'ઇસા' છું, પણ દરેક કે જેણે મારી ફૂંકમાંથી જીંદગી મેળવી છે તે અમર જીંદગીમાં રહેશે.

૧૦૬૮ તે (મૃત્યુ પામેલ) હ. ઇસા (અ. સ.)થી જીવંત બનાવાતો હતો, પણ ફરીવાર મરણ પામતો તે જ સુખી છે કે જેણે આ 'ઇસા' (ઈમામે સુબી)ને પોતાની જીંદગી અર્પણ કરી છે.

૧૦૬૯ હું મારા 'મુસા' ના હાથમા 'લાકડી' છું. મારો 'મુસા' સંતાએલ છે, હું નજરે પડું તેવો દ્રષ્યમાન છું.

૧૦૭૦ હું સાચા ઇમાનદારો માટે દરીયામાં પસાર થવાનો એક પુલ બન્યો છું. ફરીવાર હું ફિરઔન માટે એક અજગર બન્યો.

૧૦૭૧ ઓ દિકરા, આ 'લાકડી'ને એકલી સમજતો નહિ, કારણ કે લાકડી આના જેવી ખુદાના હાથ સિવાય બને જ નહી.

૧૦૭૨ (હ. નુહના) જળપ્રલયનાં મોજાંઓ પણ 'લાકડી' હતાં કે જે પીડાએલ બનવામાંથી જાદુના સંનિષ્ઠ સેવકના આડંબરને હજમ કરી ગયા.

૧૦૭૩ જો હું ખુદાની લાકડીઓની એક પછી એક ગણત્રી કરવાને તો આ ફિરઓનના અનુયાયીઓની ઠગબાજીને કટકાઓમાં ફાડીનાખું.

૧૦૭૪ પણ તેમને થોડા દિવસો માટે આ સ્વાદીષ્ટ ઝેરી ઘાસના કુણા કુણા પાન ખાવા લ્યો.

૧૦૭૫ જો ફિરઓનની શક્તિ અને સત્તા ન હોય તો દોઝખ પોતાનો ખોરાક ક્યાંથી મેળવે?

૧૦૭૬ ઓ ખાટકી, તેમને વધુ જાડા થવા લ્યો:પછી મારી નાખ. જો, કારણ કે દોઝખના કુતરાઓ ખોરાક વગરના છે.

૧૦૭૭ જો દુનિયામાં વૈરી અને દુશ્મન હોય તો પછી માણસમાંનો ગુસ્સો મરી જ જાય!

૧૦૭૮ પેલો ગુસ્સો એ દોઝખ છે. તેને પ્રતિસ્પર્ધી જોઇએ છે કે તે જીવે, નહિતર દયા તેને મારી નાખશે.

૧૦૭૯ પછી દયા કોઇ વેર કે ખરાબી વગરની રહી જશે, તો પછી બાદશાહીની સંપૂર્ણતા કેવી રીતે જાહેર બને?

૧૦૮૦ પેલો અશ્રદ્ધાળુઓએ બોધદાયક વાતોને અને તેમના ચોકખા વિવરણ કે જો ખુદાના વખાણ હાસીપાત્ર વસ્તુ બનાવી છે.

૧૦૮૧ (તેમને) હાંસીપાત્ર વસ્તુ બનાવ, (ઓ બેઇમાન) જો તારી ઇચ્છા હોય તો, ઓ હાડપિંજર, તું ક્યાં લીધી જીવીશ ક્યાં સુધી?

૧૦૮૨ ઓ (ખુદાના) પ્રેમીઓ, આનંદ કરો, અતિ જ દરવાજા (અલીયુન બાબણુ). તરફ યાચના કરો, કારણ કે તે આજે (ચાલુ ઝમાનામાં) ખુલ્યો છે.

૧૦૮૩ દરેક કુંડાનો છોડ (જેવા કે) લસણ અને કેપર માટે બગીચામાં જુદી જુદી જગ્યા છે.

૧૦૮૪ મોટા બનવાના કારણ અંગે દરેક પોતાની જાત સાથે પોતાના જ કયારામાં ભીનાશ (પાણી) પીએ છે.

૧૦૮૫ તું કે જે કે સરનો ક્યારો છે, કેસર બનજે અને બીજા સાથે ભેળાઇ જતો નહિ.

૧૦૮૬ ઓ કેસર, પાણી પી કે તું પાકટપણું મેળવે, તું કેસર છો, તું પેલો 'હલવો' (મીઠાઈમાં) મળીશ.

૧૦૮૭ કંદમુળના કયારામાં તારો પગ મુકતો નહિ, કારણ કે તે (કંદમુળ) તેની ટેવ અને પ્રકૃતિમાં તારી સાથે સહમત થશે નહિ.

૧૦૮૮ તું એક કયારામાં રોપાએલો છો, તે (કંદમુળ) બીજા કયારામાં કારણ કે ખુદાની જમીન વિશાળ છે.

૧૦૮૯ ખાસ કરીને (પેલી અદીઠ દુનિયાની) જમીન, જ્યાં, તેની પહોળાઈના કારણે સેતાન અને જીન્નાત તેઓની મુસાફરીમાં ભુલા પડયા છે.

૧૦૯૦ પેલા સમુદ્રો અને મેદાનો અને પહાડોને (માપવાના કાર્યમાં) ધારણા અને કલ્પના સંપૂર્ણ રીતે ભુલી પડે છે.

૧૦૯૧ ત્યાંના મેદાનોની (સરખામણીમાં) આ મેદાન એક પુરા સમુદ્રની અંદર વાળની માફક છે.

૧૦૯૨ નીરવ પાણી જેનું વહેણ સંતાએલું છે, વહેતા ઝરાઓના (પાણી કરતાં વધુ તાજું અને મીઠું છે.

૧૦૯૩ કારણ કે (અજોડ) આત્મા અને (તાર્તિક) આત્માની માફક તેને તેની અંદર સંતાએલું વહન અને હાલતો ચાલતો પગ છે.

૧૦૯૪ હિસાબ તપાસનાર સુતો છે, ઓ બોધ આપનાર, (તારી) વાયઝ ટુંકી કર, આ ચિત્તને પાણી ઉપર ચીતરતો નહિ.

૧૦૯૫ ઓ બિલકીસ, જાગૃત થા, કારણ કે તે એક પ્રબળ બજાર છે, આ કંગાળ દુષ્ટો કે જેઓ (રૂહાની) વેપારનો નાશ કરે છે તેનાથી ભાગી છુટ.

૧૦૯૬ ઓ બિલકીસ, હવે તારી પોતાની મરજીથી જાગૃત થા, નહિતર મૃત્યુ પોતાની પુરી શક્તિથી દ્રષ્યમાન થશે.

૧૦૯૭ ત્યારબાદ મૃત્યુ તારો કાન એવી રીતે આમળશે કે તું ટળવળાટમાં ન્યાયાધીશ પાસે ચોર આવે તેમ દોડતી આવશે.

૧૦૯૮ તું કેટલો બધો લાંબો વખત આ ગધેડાઓ પાસેથી જોડા ચોરતી બનવામાં (મશગુલ) રહીશ? જો તારે ચોરવા જવું જ છે તો નીલમની ચોરી કર!

૧૦૯૯ તારી બહેનોએ અનંત કાળની જીંદગીની બાદશાહી મેળવી છે, તેં દુ:ખની (આંધળા બહેરાની) બાદશાહી જીતી છે.

૧૧૦૦ અરે, તે જ સુખી છે કે જે આ બાદશાહીથી ભાગી છુટયો, કારણ કે મૃત્યુ આ બાદશાહીને વેરાન બનાવે છે.

૧૧૦૧ ઓ બિલકીસ, જાગૃત થા! આવ, '(સત્ય) પંથ'ના શાહો અને બાદશાહોની બાદશાહી એક વાર જો.

૧૧૦૨ તે (આવો એક રાજા) આંતરિક રીતે (રૂહાની રીતે) (ખુદાના મિલન)ના ગુલાબના બગીચામાં બેઠો છે, જાહેર રીતે (શારીરિક રીતે) તે તેના દોસ્તોની વચ્ચે "હાદી" (હિદાયત કરનાર) તરીકે કાર્ય કરે છે.

૧૧૦૩ તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં બગીચો જાય છે, પણ તે (હમેશાં) લોકોથી ગુપ્ત રાખવામાં આવે છે.

૧૧૦૪ ફળ આજીજી કરે છે, કહે છે, "મને ખાઓ" જીવનનું જળ આવે છે કહે છે, 'મને પીઓ.'

૧૧૦૫ પાંખ અને પિંછા વગર આસમાનમાં ગોળાકારે સૂર્યની માફક અને એક પૂર્ણિમાના ચાંદની માફક અને એક બીજના ચાંદની માફક પ્રવાસ કર.

૧૧૦૬ તું આત્માની માફક હાલતો ચાલતો બનીશ અને (ત્યાં) પગ નહિ હોય. તું એકસો સ્વાદિષ્ટ વાનગીઓ ખાતો હોઈશ અને કોઈ એક કોળીઓ પણ ચાવતો નહિ હોય.

૧૧૦૭ મહાકાય દરિયાઈ પ્રાણી, કે દુઃખ, કે તારા વહાણ વિરૂદ્ધ અફળાવું બનશે નહિ. મૃત્યુ અંગે તારામાં કઢંગાપણું (આવશે નહિ).

૧૧૦૮ તું બાદશાહ, લશ્કર અને રાજ તખ્ત બધું જ બનીશ, તું નશીબદાર અને કિસ્મત બન્ને બનીશ.

૧૧૦૯ (છતાં) પણ જો તું નશીબદાર છો અને એક શક્તિશાળી રાજવી છો તેમ (છતાં) કિસ્મત તારા કરતાં જુદું છે, એક દિવસ નશીબ ફુટી જાય છે.

૧૧૧૦ અને તું ભિખારીઓની માફક કંગાળ બાકી રહી જાય છે, એ પસંદ થએલા, તું પોતે જ તારૂં કિસ્મત બન!

૧૧૧૧ એ વાસ્તવિકતાના આદર્શી, જ્યારે તું પોતે જ પોતાનું ભાગ્ય નિર્માણ બનીશ, તો પછી તું કે જે 'નશીબ' છો તે તારાથી ગુમાવશે?

૧૧૧૨ એ ઉત્તમ ગુણધર્મોવાળા ઈન્સાન, તું પોતે પોતાને કેમ ગુમાવીશ? જ્યારે કે તારૂં પોતાકીપણું તારી બાદશાહી અને ખજાનો બન્યું છે?

ભલા હેતુઓ કે જે (માત્ર) તે જ જાણે છે તેના કારણે (અપાએલી) વહી અને સુચના દ્વારા 'સુલેમાનનું દેવળ' કેવી રીતે બંધાયું અને ફિરસ્તાઓ, સેતાનો, જીન્નાતો અને માણસોએ કેવી દ્રવ્યમય મદદ આપી, તે વિષે હ. સુલેમાન (અસ.)ની બાકી રહેલ વાતો.

૧૧૧૩ (ખુદાએ કહ્યું) "એ સુલેમાન, 'સુલેમાનનું દેવળ' બાંધ. બિલકીસનું લશ્કર (રાજીંદી) બંદગીના (સ્વીકારમાં) કબુલ થયું છે.

૧૧૧૪ જ્યારે તેઓએ દેવળનો પાયો નાખ્યો, ત્યારે જીન્નાતો અને માણસો આવ્યા, અને પોતાને કામે વળગાડયા.

૧૧૧૫ એક ટોળું પ્રેમથી (રાજીખુશીથી આવ્યું) અને એક બીજું ટોળું નારાજીથી, જેમ ખુદાના ચાકરો (તેની) તાબેદારીનો રસ્તામાં કરે છે તેમ.

૧૧૧૬ (દુનિયાની) જનતા દાનવો (માફક) છે, અને અભિલાષા સાંકળ છે જે તેમને દુકાને અને અનાજના પાકો તરફ ખેંચે છે.

૧૧૧૭ આ સાંકળ (ગરીબાઈની) બીકવાળા બનવાનું (પરિણામ) છે અને (દુનિયાની માલમિલ્કતમાં) દિવાના બનવાનું છે. આ જનતાને વગર સાંકળવાળી સમજતો નહિ.

૧૧૧૮ તે તેમને કમાવામાં અને શિકાર કરવામાં ખેંચે છે, તે તેમને ખાણમાં અને સમુદ્રોમાં ખેંચે છે.

૧૧૧૯ તે તેમને ભલા બુરામાં ખેંચે છે, ખુદાએ કહ્યું છે "તેણીના ગળા પર ખજુરીના રેસાની દોરી છે."

૧૧૨૦ અમોએ તેઓના ગળાઓ ઉપર દોરી બાંધી છે, અમોએ તેની કુદરતી મનોવૃત્તિઓ (ધરાવતી) દોરી બનાવી છે.

૧૧૨૧ કદી પણ કોઈએ પોતાને અપવિત્ર બનાવ્યો અથવા (ખોટા દર્દોમાંથી) સાજો બનાવ્યો હોઈ તેમ બન્યું નથી. પણ "તેનું નશીબ તેની ગરદન ઉપર છે."

૧૧૨૨ હલકા કાર્યો માટેની તમારી લાલસા અગ્નિ જેવી છે, બળતો કોલસો (હલકટ કાર્ય) અગ્નિના આનંદમય રંગથી ખુશ બનાવાયો છે.

૧૧૨૩ કોલસાનું કાયાપણું અગ્નિમાં છુપાએલ છે, જ્યારે સગ્નિ બુઝાય છે કાળાશ દેખાતી બને છે.

૧૧૨૪ તારી લાલસા અંગે કાળો કોલસો સળગતો બનાવાય છે. જ્યારે લાલસા ચાલી જાય છે ત્યારે પેલો અધમ કોલસો બાકી રહે છે.

૧૧૨૫ પેલી (અગાઉની) વેળાએ કોલસો સળગતો દેખાય છે. તે તમારા ભલા કૃત્યોના અંગે ન હતો તે લાલસાની અગ્નિના (કાવણે) હતો.

૧૧૨૬ લાલસાએ તમારાં કાર્યોને સુશોભીત કર્યા છે. લાલસા તુટી ગઈ, અને તમારા આમાલ વાદળી રહી ગયા.

૧૧૨૭ તે કે જે (પાત્ર) મુર્ખ છે તેને હલવો કે જેને પ્રેતાએ (સુંદર બનેલો) દેખાડયો છે તે પાકેલો અને મીઠો લાગશે.

જ્યારે તેનો આત્મા (તેનો) કસોટી કરે છે, તેના દાંતો આ અખતરામી બુઠ્ઠા બન્યા છે.
૧૧૨૮ જ્યારે તેનો આત્મા (તેનો) કસોટી કરે છે, તેના દાંતો આ અખતરામી બુઠ્ઠા બન્યા છે.
૧૧૨૯ વૃથા ઇચ્છામાંથી પિશાચનું પ્રતિબિંબ (કે જે.) લાલસા છે જે બેરીને સ્વાદિષ્ટ દેખાવાનું છટકુ બનાવે છે પછી ભલે હકીકતમાં કાચી હોય.

૧૧૩૦ મઝહબ પાળવામાં અને સારા આમાલમાં (ઉત્સુક બનવાની) લાલસા શોધ, જ્યારે લાલસા (ઉત્સુકતા) ન રહે ત્યારે પણ તેઓ સુંદર હશે.

૧૧૩૧ ભલાં કર્તવ્યો (પોતામાં જ) સુંદર છે. નહિ કે બીજી કોઈ ચીજના પ્રતિબિંબ બાલસાનો માનસિક આપશે ચાલ્યો ગયો છે, ભલાઇનો માનસિક આદેશ રહે છે જ.



હલકા કાર્યો – અગ્નિ મિસાલ
લાલસાથી કોલસો બળે છે.
અગ્નિના આનંદમાં રંગાઈ
ખુશ.

૧૧૩૨ (પણ) જ્યાર લાલસાનો માનસિક આવશે દુનિયાના કામકાજમાંથી ચાલ્યો જાય છે. ત્યારે રાતાગરમ કોલસામાંથી (ખાલી) રાખજ બાકી રહે છે.

૧૧૩૩ મુર્ખાઇ બચ્ચાંમાં લાલસા ઉતેજીત કરે છે, કે જેથી દિલના આનંદમાંથી તેઓ પોતાના પહેરણો ઉપર સવારી કરે છે.

૧૧૩૪ જ્યારે પેલી તેની હલકટ લાલસા બચ્ચામાંથી ચાલી જાય છે. ત્યારે તે બીજાં બચ્ચાંઓ તરફ હવું શરૂ કરે છે.

૧૧૩૫ કહીને હું શું કરતો હતો? લાલસાના પ્રતિબિંબમાંથી સુરકાને મધ બનેલું જુએ છે.

૧૧૩૬ પેલી પયગમ્બરોની હવેવી લાલસા વગર (ઉભી) કરવામાં આવી હતી. કે જેથી (તેની પ્રખ્યાતીના) દબદબાઓ અકટ રીતે આવા વધ્યા.

૧૧૩૭ અરે, ઘણી એક મસ્જિદ અમીર (પયગમ્બરોએ) બાંધી છે પણ તેનું નામ 'સુલેમાનનું દેવળ' આપવામાં આપેલ નથી.

૧૧૩૮ કાબાનો ઉંચો દરેક પળે વિકાશ થયો તે (ઉંચો દરજ્જો) હ. ઈબ્રાહિમ (ખલિલુલ્લાહ) થી પવિત્ર ભક્તિભાવમાં કરેલાફઆમાલોમાના મુળમાંથી ઉતરી આવેલ હતો.

૧૧૩૯ તે મસ્જિદની મહાનતા (કે જે પયગમ્બરોએ બાંધી) એ કાંઈ પત્થર કે માટીમાંથી નથી. કારણુ કે તેના બાંધનારમાં લાલશા કે દુશ્મનાઇ ન હતી.

૧૧૪૦ તેઓની કિતાબો બીજાની કિતાબો જેવી નથી, નહિ તેઓની મસ્જિદો, નહિ તેઓની આજીવિકા, નહિ તેઓના ઘરો કે મકાનો.

૧૧૪૧ નહિ તેઓનું માન સન્માનનું અનુસરણ, નહિ તેઓનો ગુસ્સો, નહિ તેઓના કાયદાકાનુન, નહિ તેઓની ઘસઘસાટ ઉંઘ, નાહ તેઓની સમજણ કે નહિ તેઓનું વિવરણ.

૧૧૪૨ તેમનામાંના દરેકે દરેક એક જુદી જ કિર્તી ધરાવે છે, (તેઓમાંના દરેકમાં) પંખી, તેઓનો આત્મા એક જુદી જ પાંખથી ઉડે છે.

૧૧૪૩ તેઓના (ઉંચા) દરજ્જાનો નામ નિર્દેશ દિલને હચમચાવી મૂકે છે. તેઓનાં કાર્યો આપણા કાર્યોનો 'કિબ્લો' (દોરવણી જેવા) છે.

૧૧૪૪ તેઓના પંખી (આત્માએ) મૂકેલાં ઇંડાં સોનેરી છે, મધ્યરાત્રીએ તેઓના આત્માએ ને પ્રભાત નિહાળ્યું છે.

૧૧૪૫ જે પણ કાંઇ હું મારા ખરા દિલથી (પયગમ્બરોના) સમૂહના વખાણમાં કહું, મેં (તેમની) સામે વિરૂદ્ધ દલીલ કરી છે. હું તે સમુહનું હીણું બોલનાર બન્યો છું.

૧૧૪૬ ઓ તું અમીર (ખુદાના શોધકો) 'સુલેમાનનું દેવળ' બાંધો કારણ કે સુલેમાન પાછો ફર્યો છે અને (તેના ઉપર) આશીર્વાદ (હોજો).

૧૧૪૭ અને જો સેતાનો અને જીન્નાતો આ (કામ કરવા) ના પાડે તો ફિરસ્તાઓ તેઓને બંધનમાં ખેંચી જશે.

૧૧૪૮ (જો) ભૂલ કે ઠગબાજીના કારણે સેતાન એક વાર પણ એક પગલું ખોટું ભરે તે તેના માથા પર વિજળીની માફક ચાબુક પડશે.

૧૧૪૯ સુલેમાન જેવા બનો, એટલા માટે કે તારા સેતાનો તારા મહેલ માટે પત્થરો ફાડે.

૧૧૫૦ હલકું અને દુષ્ટ કાર્ય તરફના આવેશના વિચારો હ. સુલેમાન (અ. સ.)ની માફક વંચિત બનો કે જીન્ન અને સેતાન તારા હુકમને તાબે થાય.

૧૧૫૧ તારૂં દિલ તારી મહોર છે, ધ્યાન રાખજે રખેને તારી મહોર સેતાનના શિકારમાં પડી જાય ?

૧૧૫૨ (કારણ કે) પછી સેતાન મહોર ધરાવતાં હંમેશાં સુલેમાનનું શાસન તારા ઉપર અજમાવશે (તેનાથી) ખબરદાર રહેજે (તારા ઉપર) રહેમત હોજો.

૧૧૫૩ ઓ દિલ, પેલું સુલેમાનનું શાસન બંધ પડયું નથી. તારા માથામાં અને તારા આંતરિક અંતઃકરણમાં એક છે કે જે સુલેમાનનું શાસન ચલાવે છે.

૧૧૫૪ સેતાન પણ અમુક વખત માટે સુલેમાનનું શાસન ચલાવે છે, પણ દરેક વણનાર રેશમ કેમ વણશે ?

૧૧૫૫ તે (સામાન્ય કપડું વણનાર) (રેશમ વણનારની) માફક પોતાનો હાથ હલાવે છે. પણ તેમના બન્ને વચ્ચે ઘણો તફાવત છે.

## એક કવિ અને બાદશાહનું તેને ઇનામ આપવું અને વઝીર કે જેનું નામ બુ'લ હસન હતું તેણે તે ઇનામને ઘણી વખત મોટું બનાવ્યું, તેની વાર્તા.

૧૧૫૬ એક કવી એક બાદશાહની પાસે એક કવીતા, માનનો પોષાક અને દાન અને દરજ્જો (મેળવવાની) આશામાં લાવ્યો.

૧૧૫૭ બાદશાહ પરોપકારી હતો, તેણે એક હજાર રાતા સોનાના દીનાર અને ભેટો અને બક્ષિશો આપવા હુકમ કર્યો.

૧૧૫૮ પછી વઝીરે તેને કહ્યું, "આ બહુ થોડું છે, તેના પર દસ હજાર (દીનારના) ભેટની નવાજીશ કરો કે જેથી તે (સંતોષથી) રવાના થાય.

૧૧૫૯ તેના જેવા બુદ્ધિશાળી કવી, તમારા પાસેથી, કે જેનો હાથ (ઉદારતામાં) સમુદ્ર મિશાલ છે મેં જણાવેલ દસ હજાર (દિનારની) રકમ (પણ) થોડી છે.

૧૧૬૦ તેણે માગણી કરી અને બાદશાહ સાથે, કણસલામાંથી છુટા નહિ પાડેલામાંથી, છુટા પાડેલા દસ ભાગ આપવા કબુલ કર્યા ત્યાં સુધી દલીલ કરી.

૧૧૬૧ તેણે (બાદશાહે) તેને દસ હજાર (દીનાર) અને તેની યોગ્યતા મુજબ માનનો પોષાક આપ્યો, તેનું માથું ઉપકારો અને વખાણ કરવાનું (જાણે કે) ઘર બન્યું.

૧૧૬૨ પછી તેણે તપાસ કરી, કહીને, "આ કોનું કામ હતું ? મારી લાયકાત બાદશાહ પાસે કોણે જાહેર કરી ?"

૧૧૬૩ તેથી તેઓએ તેને કહ્યું, (તે) ફલાણો વઝીર હતો, કે જેનું નામ 'હસન' છે અને જેના સદ્ગુણો અને દિલ (હસન) ભલાં છે.

૧૧૬૪ તેણે એક લાંબી કવીતા તેના (વઝીરના) વખાણમાં લખી, અને ઘરે પાછો ફર્યો.

૧૧૬૫ પેલું બાદશાહનું દાન અને માનના પોષાકો કે જે બાદશાહે ઈનાયત કર્યાં હતા તે જીભ કે હોઠ વગર બાદશાહનાં વખાણ કરતાં હતાં.

**કેટલાય વર્ષો બાદ કવી તેવું જ ઈનામ (મેળવવાની) આશામાં આવ્યો, અને પોતાની રીત મુજબ બાદશાહે તેને એક હજાર દીનાર આપવાનો હુકમ કરવો અને નવા વઝીર કે જે પણ 'હસન'ના નામે ઓળખાતો હતો, બાદશાહને કહ્યું, "આ બહુ જ વધારે છે, આપણે (ઘણા) ખર્ચાઓ છે, અને ખજાનો ખાલી છે, અને હું તેને (રકમના) દસમા ભાગમાં સંતોષી દઈશ."**

૧૧૬૬ કેટલાક વર્ષો બાદ કવી કંગાલયત અને ગરીબાઈના કારણે રોટલા અને રોજીની જરૂરીયાતવાળો બન્યો.

૧૧૬૭ તેણે કહ્યું, "ગરીબાઈ અને હાથના બંધન (જરૂરીયાત) વખતે તે કે જેને અજમાવ્યો હતો તેની પાસે શોધવા જવું એ વધુ સારૂં છે.

૧૧૬૮ ઉદારતાને નિરખતામાં મેં જે કચેરીને અજમાવેલ છે, તે જ દરબારમાં હું મારી નવી વિનંતી લઇ જઇશ,"

૧૧૬૯ પેલા (પ્રખ્યાત) 'સીબવયા' એ કહ્યું. (કે) 'અલ્લાહ'નો અર્થ (એ છે) કે (તેની) બંદગી કરનારાઓ (તેની) બધી જરૂરીયાતોમાં તેનો જ આશરો લે છે!

૧૧૭૦ તેણે કહ્યું, "અમારી જરૂરીયાતમાં તારામાંથી અણીની વખતે મદદ માગી છે," અને તારામાંથી શોધેલી અને મેળવેલી છે.

૧૧૭૧ અમારા દુઃખના વખતે લાખો બુદ્ધિશાળી લોકોએ પેલા અજોડ ન્યાયાધીશ પાસે (મદદ માટેની) બુમો પાડી છે.

૧૧૭૨ કોઈ મુર્ખ માણસ આમ કરત, (એટલે કે) (સ્વતંત્રતા)નો અશકત કંગાળ આવું માગવું ચાલું રાખત?

૧૧૭૩ બુદ્ધિશાળીએ (ખુદાની રહેમતનો) એક હજારથી વધુ વખત અનુભવ કર્યો ન હોત તો તેઓએ કેવી રીતે પોતાને તેનામાં રચ્યાપચ્યા રાખ્યો?

૧૧૭૪ નહિ, (સમુદ્રમાંના) મોજાઓથી બધી મચ્છીઓ (અવકાશના) નીચી જમીનો પરનાં બધાં પંખીઓ,

૧૧૭૫ હાથી અને વરૂ અને શિકાર કરતો સિંહ પણ, જબરદસ્ત અજગર અને કીડી પણ અને સરપ,

૧૧૭૬ નહિ, જમીન અને પવન અને પાણી અને અગ્નિનો દરેક ભડકો શિયાળામાં અને વસંતઋતુમાં તેનામાંથી આજીવિકા મેળવે છે.

૧૧૭૭ આ આસમાન અતુટ રીતે પાસે આજીજી કરે છે, "ઓ ખુદા, એક પળ માટે પણ મને છોડતો નહિ.

૧૧૭૮ તારૂં સંરક્ષણ કરવું અને અને (મારા પર) છત્ર કરવું એ મારો પાયો છે. પેલા બે હાથોની શક્તિમાં મારૂં બધું સમાએલું છે.

૧૧૭૯ અને આ પૃથ્વી કહે છે, "ઓ તું કે જે હો મને પાણી ઉપર સવાર થવાર બનાવી છે, મને બચાવજે."

૧૧૮૦ બધાએ પોતાની થેલીઓ તેનામાંથી સીવી છે (ભરી છે), (બીજાની) જરૂરીઆતો આપીને (સંતોષવા) તેની પાસેથી શીખેલ છે.

૧૧૮૧ દરેક પયગમ્બરે જામીનગીરી તેનામાંથી મેળવી, "ધીરજ અને પ્રાર્થના સાથે તેની મદદ શોધ."

૧૧૮૨ આવો, તેનાથી માગો, તેના સિવાય બીજા કોઈ પાસે નહિ, સમુદ્રમાંથી પાણી શોધ, સુકાઈ ગએલી નદીના પટમાંથી પાણી ન શોધ.

૧૧૮૩ અને જો તું બીજાથી માગીશ, તે તેજ છે કે જે આપે છે, તે તેજ છે કે જે તેના (બીજાના) દાળના ખુલ્લા હાથમાં દાન મુકે છે.

૧૧૮૪ (તેનાથી બે ફરમાનમાં) ફરી જતા એક 'કારૂન'ને સોનાવાળો બનાવે છે, તો પછી તેની ફરમાનબરદારીમાં તેનાં તરફ તમારો ચહેરો ફેરવશો તો તે કેટલું (બધું વધારે) તમારે માટે કરશે?

૧૧૮૫ કવીએ બક્ષિશ માટેની ઇચ્છાની લાલસામાં ભલા બાદશાહ તરફ બીજી વાર પોતાનો ચહેરો ફેરવ્યો.

૧૧૮૬ કવીએ કઈ વસ્તુ અર્પણ કરી? એક નવી કવીતા, તે તેને પેલા ભલા (આશ્રયદાતા) પાસે લાવે છે અને તેની ખાતર તે અનામત રાખે છે.

૧૧૮૭ દયાળુએ (પોતાના હિસ્સે) સોનું અનામત રાખેલ છે, અને એકસો ઇનામો અને દાનશીલતાઓ અને માયાળુપણામાં કવીઓની રાહ જુએ છે.

૧૧૮૮ તેઓની દૃષ્ટિમાં એક કવીતા એકસો માનના પોષાકોની ગાંઠડીઓ કરતાં વધુ ઉત્તમ છે, ખાસ કરીને (જ્યારે કે) એક કવી કે જે ઉંડાણમાંથી મોતીઓ આણે છે.

૧૧૮૯ શરૂઆતમાં એક માણસ રોટલાનો લાલચુ છે કારણ કે ખોરાક અને રોટલો જીંદગીનો પાયો (ટેકો) છે.

૧૧૯૦ લાલસા અને ધારણાને કારણુ અંગે તે તેની રોજી પેદા કરવાના રસ્તામાં દરેક જોખમ ખેડે છે અને જોર જુલમથી માલમિલકત પકડે અને એક સો ચાલાકીઓ (અજમાવે છે).

૧૧૯૧ જ્યારે ભાગ્યે જ (બને છે તેમ) તે રોજી (મેળવવામાંથી) સ્વતંત્ર બને છે, તે પ્રખ્યાતીના અને કવીઓના વખાણના પ્રેમમાં પડે છે.

૧૧૯૨ એટલા માટે કે તેઓ તેનાં મુળ અને ડાળી (વખાણી) ફળ આપે અને તેની ખુબીઓ જાહેર કરવા વ્યાસપીઠ ઉભી કરે!

૧૧૯૩ જેથી તેનો ગર્વ અને દબદબો અને સોનાની ઉડાવગીરી એક (તેઓના) વખાણના ગાણામાં (પેલી) કસ્તુરીની માફક અંતર પેદા કરે.

૧૧૯૪ ખુદાએ આપણને તેની પોતાની પ્રતિમા જેવા પેદા કર્યા. આપણી પ્રકૃતિઓ તેની પ્રકૃતિમાંથી બોધપાઠ લ્યે છે.

૧૧૯૫ જેવી રીતે કે પેદા કરનાર આભારદર્શન અને કિર્તી વધારવાનું ઇચ્છે છે, તેજ પ્રમાણે માણસની પ્રકૃતિ પણ વખાણની ઈચ્છા રાખે છે.

૧૧૯૬ ખાસ કરીને 'ખુદાનો માણસ' કે જે મહત્તા બતાવવામાં કાર્યમગ્ન છે તે પેલા પવન (વખાણથી) ચામડાની સુંદર પેટીની માફક ભરેલો બને છે.

૧૧૯૭ પણ જો તે (વખાણ સ્વીકારનાર) લાયક ન બને, પેટી જુઠના પવનથી ફાટી જાય છે, તે ચમકતી સપાટી કેમ મેળવશે?

૧૧૯૮ ઓ ભલા ભાઇ, મેં આ બોધકથા મારા ખુદમાંથી કહી નથી, ભલે તે મૂર્ખાઈવાળી હોય તે સાંભળતો નહિ, જો તું લાયક છો અને જો તારી સમજણો યથાવત થએલી છે.

૧૧૯૯ હ. પયગમ્બર સાહેબે (કાંઇક) આવી મતલબનું કહ્યું છે, જ્યારે તેઓએ: (અશ્રદ્ધાળુ પાસે) ગાળાગાળ સાંભળી, (કે જેઓએ પૂછ્યું) શા માટે આહમદ (હ. મુહમ્મદ ર. સ. અ.) વખાણથી ફુલાયા?

૧૨૦૦ કવી બાદશાહ પાસે ગયો અને તેની ઉદારતા માટે આભાર અને વખાણની એક કવીતા લાવ્યો, કહીને કે તે (પરોપકાર) કદી મરતો નથી.

૧૨૦૧ પરોપકારી મરી જાય છે, અને (તેઓનાં) પરોપકારી કામો રહી જાય છે, અને તે આશીર્વાદીત છે કે જેણે સખાવતો કરી છે.

૧૨૦૨ અન્યાયી મરી જાય છે અને પેલાં દુષ્ટ કૃત્યો રહી જાય છે, તે આત્મા માટે અફસોસ કે જે ઢોંગ અને ગુન્હાનાં આચરણ કરે છે.

૧૨૦૩ પયગમ્બર સાહેબે કહ્યું છે કે, "આશીર્વાદીત તેજ છે કે જે આ દુનિયામાંથી છુટો પડયો અને પોતાની પાછળ ભલાં કૃત્યો મુકતો ગયો.

૧૨૦૪ પરોપકારી માણસ મરી જાય છે, પણ તેનો પરોપકાર મરતો નથી, ખુદાની આગળ 'દીન' અને ભલાઈ ઓછાં મહત્વનાં નથી.

૧૨૦૫ તેના માટે અફસોસ કે જેની (ખુદાનું બેફરમાનીપણું) મર્યું નથી, મૃત્યના કારણે તેણે પોતાનો આત્મા (સજામાંથી) બચાવ્યો તેવું ધારવામાં ખબરદાર રહેજે!

૧૨૦૬ આ (સુદાને) રજા દઈ દે, કારણ કે કવી, કરજમાં સોનાની ખૂબ જ જરૂરીયાતમાં રસ્તા ઉપર છે (વાત બાકી છે)?

૧૨૦૭ કવી બાદશાહ પાસે ગયો. વર્ષના દાન અને ફાયદો (મેળવવાની) આશામાં કવીતા લઇ આવ્યો.

૧૨૦૮ એક મધુર કવિતા, ખોડ ખાંપણ વગરની મોતીઓ ભરેલ, પેલા (અગાઉના) દાનની આશામાં અને ધારણામાં (લઇ આવ્યો).

૧૨૦૯ બાદશાહે ખરેખર, પોતાની ટેવ મુજબ તેને એક હજાર સોનાના દિનાર (આપવા) હુકમ કર્યો, જ્યારે કે તે બાદશાહની આવી રીત રસમ હતી.

૧૨૧૦ પણ, આ પ્રસંગે દાનશીલ વઝીર આ ચાલુ જીવનથી કિર્તીના 'બુરાક' ઉપર સવાર થએલો, છુટો પડયો હતો.

૧૨૧૧ અને તેની જગ્યાએ એક નવો વઝીર નીમાયો હતો.પણ (તે) ખૂબજ દયા વગરનો અને નીચ હતો.

૧૨૧૨ તેણે કહ્યું, "ઓ બાદશાહ, આપણે (ઘણા મોટા) ખર્ચા છે, આ દાનની રકમ એક કવી માટે ઈનામ તરીકે (યોગ્ય) થતી નથી.

૧૨૧૩ ઓ તું (કે જેની મદદ) આતુરતાથી શોધાઈ છે, આ (રકમના) ચાલીસમા ભાગથી હું તે કવીને રાજી અને સંતોષી કરીશ.

૧૨૧૪ લોકોએ તેને કહ્યું, "આ બહાદુર (બાદશાહ) પાસેથી દસ હજાર સોનાના દિનારની રોકડી રકમ તે ઉઠાવી ગયો હતો."

૧૨૧૫ સાકરને (ખાધા) પછી, તે (ખાલી) શેરડીને કેમ ચુસશે? એક સુલતાન થયા પછી તે ભીખ કેમ માગશે?

૧૨૧૬ તેણે (વઝીરે) જવાબ આપ્યો, "હું તેને વાવંટોળમાં કચડીશ, કે જેથી તેને કંગાળ બનાવવામાં આવે અને રાહ જોવામાં જ તુટી પડે.

૧૨૧૭ પછી, જો હું તેને રસ્તા ઉપરની ધૂળ દઇશ, તો તે બગીચાના ગુલાબના પાનની માફક તેને ઝુંટવશે.

૧૨૧૮ આ મારા ઉપર છોડી દયો, કારણ કે હું આમાં નિષ્ણાત છું. ભલે પછી દાવેદાર ઝનુની હોય,

૧૨૧૯ ભલે પછી તે ગમે તેવો (શક્તિશાળી) બને, જ્યારે તે મને જોશે ત્યારે તે તાબેદાર બનશે."

૧૨૨૦ બાદશાહે તેને કહ્યું, "જાઓ, તે તારા ઉપર અમલ કરવાનું છોડું છું. પણ તેને રાજી કરજે, કારણ કે તે મારાં વખાણ કરનારો છે."

૧૨૨૧ તેણે (વઝીરે) કહ્યું, "મારા ઉપર છોડી દયો અને (બીજા) બસો મારા ઉપર આશામાં ચાટવાળાવાળાને, મારા ઉપર જવાબદારી છોડી દયો,

૧૨૨૨ પછી પ્રધાને તેને અભિલાષાના ( દુઃખમાં ) ફેંક્યો, શિયાળો અને ઠંડી ઋતુ પસાર થઇ ગઇ અને વસંત ઋતુ આવી.

૧૨૨૩ ( ઇનામની ) અભિલાષામાં કવી ઘરડો બનવા લાગ્યો, પછી તે આ આતુરતામાં જ ભાંગી પડ્યો, અને ( રોજી ) મેળવવાની ઉતાવળમાં પડ્યો.

૧૨૨૪ અને ( વઝીરને ) કહ્યું, “ જો ( મારા માટે ) સોનું ન હોય, તો મહેરબાની કરી મારી નામોશી કરો, કે જેથી મારો આત્મા ( અભિલાષામાંથી ) મુક્ત બને ( અને કે ) હું તારો ( આજ્ઞાંકિત ) ગુલામ બનું.

૧૨૨૫ અભિલાષાએ મને મારી નાખ્યો છે, છેવટ મને જવાનો આદેશ આપો, કે જેથી આ કંગાળ આત્મા બંધનમાંથી મુક્ત બને,

૧૨૨૬ તેના પછી, તેણે ( વઝીરે ) પેલા ( ઇનામનો ) ચાલીસમો ભાગ તેને આપ્યો, કવી ખૂબજ ઉંડા વિચારમાં લીન થયો,

૧૨૨૭ (ધારતો હતો) તે ( પેલું ઈનામ) આવી રીતે રોકડું આપવામાં આવ્યું હતું. અને તે આટલું બધું હતું. આ એકે પેલા મરેલા મોરના મુઠીભર કાંટાઓ જ (માત્ર) આપ્યા.

૧૨૨૮ પછી તેઓ ( દરબારીઓ ) એ તેને કહ્યું, “ પેલો ઉદાર વઝીર આ જીવનથી છુટો પડ્યો છે, તારા ઉપર ખુદાના આશીર્વાદ ઉતરે !

૧૨૨૯ કારણ કે પેલાં ઈનામો તેનાથી હંમેશાં ઘણુ વધારી આપવામાં આવતાં હતાં. દાનની રકમમાં કદી ભુલચુક માલમ પડતી નહિ.

૧૨૩૦ ( પણ ) હવે, તે ચાલ્યો ગયો છે, અને પરોપકાર ( તેની સાથેજ ) લઈ ગયો છે. તે મરેલો નથી. ( પણ ) ( આ દુનિયામાં ) પરોપકાર મરી પરવાર્યો છે.

૧૨૩૧ ઉદારાત્મા અને સત્યપ્રિય વઝીર આપણી પાસેથી ગયો છે, વઝીર કે જે ગરીબોની ચામડી ઉતરડનાર છે તે આવી પહોંચ્યો છે,

૧૨૩૨ ચાલ્યા જાઓ, આ ( પૈસા ) લઈ લ્યો અને રાત્રીના અહીંથી નાશી જજો. રખેને આ વઝીર તારાથી કજીઆમાં ઉતરે.

૧૨૩૩ અમોએ તેની પાસેથી આ ઇનામ એકસો યુક્તિઓથી મેળવ્યું છે, ઓ તું કે જે અમારા પ્રયાસોથી અજ્ઞાત છો. ”

૧૨૩૪ તેણે પોતાનો ચહેરો તેઓ તરફ ફેરવી કહ્યું, “ઓ દયાળુ સજ્જનો, મને કહો, આ અધમ ક્યાંથી આવ્યો છે ?

૧૨૩૫ આ વઝીર કે જે ( ગરીબોના ) કપડાં ફાડી નાખે છે તેનું નામ શું છે ?” ( દરબારીઓના ) સમુહે તેને કહ્યું, “ તેનું નામ પણ હસન છે ”

૧૨૩૬ તે ( કવી ) બુમ પાડી ઉઠયો, “ ઓ માલિક, પેલા એક અને આ એકના નામો એક સરખાં કેમ છે ? અફસોસ, ઓ ઇન્સાફના માલિક,

૧૨૩૭ પેલા હસન નામનો ( એવો હતો ) કે તેની એક જ કલમથી એકસો વઝીરો અને પ્રધાનો દાનશીલતામાં ગોઠવાતા હતા. ”

૧૨૩૮ ઓ મારા આત્મા આ હસન (એવો છે) કે આ હસનની કઢંગી દાઢીમાંથી તમે એકસો દોરીઓ પણ વણી શકો નહિ."

૧૨૩૯ જ્યારે એક બાદશાહ આવા પ્રધાનને સાંભળે છે, તે (પ્રધાન) હંમેશ માટે બાદશાહ અને તેની બાદશાહીને લાંછન લગાડે છે.

**બાદશાહની દાનશીલતામાં બગાડો કરવા આ નીચ પ્રધાનનો ન્યાય, (અને) ફિરઔનનો વઝીર એટલે કે હામાનની, (ફિરઔનની) 'સત્ય દીન' ના સ્વીકારની તૈયારીમાં બગાડો કરવાના મળતાપણા વિષે.**

૧૨૪૦ કેટલી બધી વાર ફિરઔન નરમ અને આજ્ઞાંકિત બન્યો, જ્યારે તે પેલો 'શબ્દ' હ. મુસા (અ. સ.) પાસેથી સાંભળતો હતો.

૧૨૪૧ પેલો 'શબ્દ' (કે જે એવો હતો કે) સરખામણી ન કરી શકાય, તેવા 'શબ્દ'ની મિડાશમાંથી ખડકે પણ દૂધ નિપજાવ્યું હોત!

૧૨૪૨ જ્યારે જ્યારે તે હામાનથી સલાહ લેતો (કે જે) તેનો વઝીર હતો અને જેની પ્રકૃતિ ધિક્કારવાની હતી.

૧૨૪૩ પછી તે (હામાન) કહેતો, "અત્યાર સુધી તમો બાદશાહ હતા, શું તમો એક ફાટેલાં કપડાં સાંધનારના પ્રપંચ થકી ગુલામ બનશો?"

૧૨૪૪ પેલા શબ્દો, એક આંબા પાડનારે ફેંકેલા પથરાની માફક આવતા અને તેના કાચના ઘરા ઉપર અથડાતા.

૧૨૪૫ જે બધું 'કલીમ'ના મીઠા સંબોધનથી એકસો દિવસોમાં બંધાણું, તે (હામાન) એક પળમાં તેનો નાશ કરી નાખતો.

૧૨૪૬ તારી વિવેકબુદ્ધિ એક વઝીર છે અને તે વિષયવાસનાથી નબળી પડી છે, તારી હસ્તિ (તારામાં જ), તે એક ખુદાઈ રસ્તા ઉપર (હુમલો કરતો) ડાકુ છે.

૧૨૪૭ જો એક ભલો સલાહ દેનાર તને સારી સલાહ આપે તો તું પેલા શબ્દો ચાલાકીપૂર્વક એક બાજુ મુકશે.

૧૨૪૮ કહીને, આ (શબ્દો) સત્ય હકીકતના નથી, ધ્યાન રાખજે, (તારી) જગ્યાએથી આઘોપાછો થતો નહિ. તેઓ આટલા બધા વજનદાર નથી, ખુદીમાં આવજે, (ભાનવાળો બનજે) ગાંડો બનતો નહિ.

૧૨૪૯ (તે) બાદશાહ માટે અફસોસ કે જેનો વઝીર આ (જાતીય સમજણ) છે, તેઓને રહેવાનું (સ્થળ) ઝેરીલી દોજખ છે.

૧૨૫૦ બાદશાહ તે સુખી છે કે જેના કામકાજોમાં મદદગાર આસફ જેવો એક વઝીર છે,

૧૨૫૧ જ્યારે ન્યાયી બાદશાહ તેનાથી જોડાએલો છે, તેનું (બાદશાહનું) નામ 'પ્રકાશ ઉપર પ્રકાશ' છે.



(બાદશાહનું) નામ = "પ્રકાશ ઉપર પ્રકાશ" છે

૧૨૫૨ એક સુલેમાન જેણે બાદશાહ અને આસીફ જેવો એક વઝીર પ્રકાશ ઉપર પ્રકાશ અને ભેગાં કરેલાં અત્તરો છે,

૧૨૫૩ જ્યારે બાદશાહ ફિરઔન ( જેવો છે ) અને હામાન જેવો તેનો વઝીર છે ત્યારે બંને માટે ખચીતજ બદ્કિસ્મત છે.

૧૨૫૪ પછી તે એક ( અંધારા ) ની બાબત છે, એકતા ઉપર બીજો, કયામતના દિવસે બુદ્ધિ કે કિસ્મત તેનો દોસ્ત બનશે નહિ.

૧૨૫૫ મેં દુષ્ટતામાં દુઃખ સિવાય બીજું કંઈ જોયું નથી, જો તેં ( કાંઈ બીજું ) જોયું હોય, તો મારી પાસેથી ( તેમને ) સલામ કહેજે,

૧૨૫૬ બાદશાહ એક આત્મા જેવો છે, અને વઝીર બુદ્ધિ જેવો છે. દૂષિત બુદ્ધિ આત્માને ( દૂષિત તરફ ) હિલચાલવાળો બનાવે છે.

૧૨૫૭ જ્યારે ફિરસ્તાઈ બુદ્ધિ એક હારૂત બની ને બસો સેતાનોના જાદુનો શિક્ષક બન્યો.

૧૨૫૮ વ્યક્તિગત બુદ્ધિને તારા વઝીરની માફક લેતો નહિ. ઓ બાદશાહ, વિશ્વવ્યાપક સમજને તારો વઝીર બનાવ.

૧૨૫૯ વિષયવાસનાને તારો વઝીર બતાવતો નહિ. નહિતર તારો પવિત્ર આત્મા બંદગી કરવામાંથી અટકશે.

૧૨૬૦ કારણ કે આ વિષયવાસના એ લાલસાથી ભરેલી છે અને ( માત્ર ) અત્યારની જ હાલત નિહાળે છે ( જ્યારે કે ) બુદ્ધિ કયામતના દિવસનો વિચાર કરે છે.

૧૨૬૧ બુદ્ધિની બે આંખો વસ્તુના અંત ઉપર ( ચોંટેલી ) છે, તે પેલા ગુલાબના ખાતર કાંટાનું દુઃખ સહન કરે છે.

૧૨૬૨ જે પાનખર ઋતુમાં કરમાતો અને પડી જતો નથી. તે દરેકનું નાક કે જે સુંઘતું નથી તેના શ્વાસથી દૂર બનો !

**હ. સુલેમાન ( અ. સ. ) ની જગ્યા ( ગાદી ) ઉપર સેતાનનું બેસવું અને તેના કાર્યોની નકલ કરી અને બન્ને સુલેમાનો વચ્ચે દેખીતા તફાવતો સંબંધી અને સેતાને પોતાને હ. દાઉદ ( અ. સ. )ના દીકરા તરીકે ઓળખાવ્યો તે વિષે.**

૧૨૬૩ ઓ બાપ, ભલે તારી પાસે બુદ્ધિ હોય, બીજાની બુદ્ધિ સાથે ભળતો રહે અને સલાહમસવરો કર.

૧૨૬૪ તું બે બુદ્ધિઓથી ઘણાં દુઃખોમાંથી મુક્ત બનીશ. તું તારો પગ આસમાનોના શિખર ઉપર ખોડીશ.

૧૨૬૫ જો સેતાન પોતાને સુલેમાન કહેવડાવે અને બાદશાહી જીત અને પોતાની વિશાળ રાજકીય સત્તા સ્થાપે.

બાદશાહ : આત્મા
વિષયવાસના ની વઝીર
વઝીર : બુદ્ધિ
ફિરસ્તાઈ બુદ્ધિ = શેતાના જાદુનો શિક્ષક.

૧૨૬૬ (તેનું કારણ) તેણે જોઈ છે (અને) સુલેમાનના કાર્યના રૂપની (નકલ કરી છે).
(પણ) રૂપમાં સેતાનીક આત્મા દેખાતો હતો.

૧૨૬૭ લોકોએ કહ્યું, "આ સુલેમાન ગુણવત્તા વગરનો છે, પેલા સુલેમાન અને આ
સુલેમાન વચ્ચે એક મોટો તફાવત છે.

૧૨૬૮ તે (પેલો) જાગૃત જેવો છે, આ એક સુતેલા જેવો છે, પેલા હસન અને આ
હસન વચ્ચે (તેવો જ તફાવત છે).

૧૨૬૯ સેતાન જવાબ આપશે, "ખુદાએ એહરીમન ઉપર મારા જેવું જ ખુશ કરતું
રૂપ ઇનાયત કર્યું છે.

૧૨૭૦ ખુદાએ મારી ઢબછબ સેતાનને આપી છે, તમને તેની જાળમાં ફસાવા દેતા નહિ.

૧૨૭૧ જો તે ઢોંગથી દેખાય (કે તે ખરેખર હું છું) ખબરદાર રહેજે! તેના બહારના
રૂપ તરફ લક્ષ આપતો નહિ.

૧૨૭૨ સેતાન તેમને આ પ્રપંચથી કહેતો હતો, પણ ભલા (પ્રકાશિત) દિલોમાં આનું
ઉલટું સારૂં દેખાતું હતું.

૧૨૭૩ પારખુ માનસ પાસે છળપ્રપંચો રખાતા નથી. ખાસ કરીને (તેનાથી) જેની પરખ
અને સમજણ અદ્રષ્યનું બોલે છે.

૧૨૭૪ **કાંઇ પણ જાદુ અને પ્રપંચ અને ઢોંગ (રૂહાનીયત) રાજના પર માલિકો
ઉપર પડદો બાંધશે નહિ.**

૧૨૭૫ જયારે કે તેઓ (સેતાનને) જવાબમાં પોતાના ખુદને કહેતા હતા, "તું ઉપરથી
નીચે જઈ રહ્યો છો. ઓ તું કે (સુલેમાનના નામે) ખોટી રીતે ઉદ્દેશાયો છે.

૧૨૭૬ તું ઉપરથી નીચે દોજખ તરફ જઈશ, નીચામાં નીચી જગ્યાએ (જઈશ).

૧૨૭૭ જો (તે) સુલેમાનને પદભ્રષ્ટ કરાયો છે અને ગરીબાઈમાં ઉતારી નાખવામાં
આવ્યો છે, (તેમ) પૂર્ણિમાના ચાંદનો પ્રકાશ તેના કપાળે છે.

૧૨૭૮ જો તું (રાજાની) કોતરેલી મુદ્રા (વીંટી) ઉપાડી ગયો છે તેમ (છતાં) તું
(રૂહાની આનંદથી) વંચીત એક દોજખ જેવો થીજેલો છે.

૧૨૭૯ (સેતાનના) આડંબર અને વૃથા દેખાવ અને દમામ અને મોટાઇના કારણે આપણે
માથું કેમ ઝુકાવશું? કારણ કે આપણે તેની આગળ એક પાંદડું પણ મૂકશું નહિ.

૧૨૮૦ અને જો બેધ્યાનપણે આપણે આપણું કપાળ (તેને માન આપવા જમીન ઉપર)
ઝુકશું; જમીનમાંથી તેમ ન કરવા હાથ ઉઠશે.

૧૨૮૧ (જાણે એમ કહેતો હોય), માથા ભર પડેલાની આગળ માથું મૂક નહિ, ખબરદાર!
આ કમનસીબ કંગાળ આગળ માથું મુક નહિ.

૧૨૮૨ મેં એક ખૂબ જ આત્માને જાગતા બનવાનું (વાર્તા)નું વિવરણ આપ્યું છે, ખુદાના
સંતાપ અને અદેખાઇના કારણે તે નથી.

૧૨૮૩ છતાં, સંતોષી બન. અને આ ( અપૂર્ણ ) હિસાબ કબૂલ કર, કે જેથી હું બીજી કોઇ વેળાએ ( આખી વાત ) વર્ણવું.

૧૨૮૪ તે ( સેતાન ) પયગમ્બર સુલેમાનના નામથી પોતાને બોલાવતાં, દરેક ( મુર્ખ ) છોકરાંને એક બનાવટી વેશ પહેરાવે છે.

૧૨૮૫ બહારના રૂપથી પસાર થઇ જા, અને નામથી પર જાગૃત થા. ઇલ્કાબમાંથી અને નામાંકિતપણામાંથી ભાગી છૂટ ( અને ) વાસ્તવિક્તામાં ( દાખલ થા. )

૧૨૮૬ પછી તેની ( રૂહાની ) સત્તાની તપાસ કર, અને તેનાં ( આંતરિક ) આમાલો, તેના હુકમનામાની અંદર અને કાર્યોમાં તેની ( શોધ કર ).

**'સુલેમાનનું દેવળ' પૂરૂં થયા પછી બંદગીના કારણે હ. સુલેમાન (અ. સ.) નું રોજ દાખલ થવું અને બંદગી કરનારા અને મોમિનોને દોરવણી આપવી અને ઔષધના ગુણ ધરાવનારા છોડવા દેવળમાં ઉગ્યા તે વિષે.**

૧૨૮૭ જ્યારે રોજ સવારે હ. સુલેમાન ( અ. સ. ) આવતા અને દેવળમાં બંદગી ગુજારતા.

૧૨૮૮ ત્યારે તેમણે ત્યાં એક નવો છોડ ઉગેલો જોયો, પછી તેઓ કહેતા, તારૂં નામ અને ઉપયોગ કહે.

૧૨૮૯ તું કઇ દવા છો? તું શું છે? કોને તું નૂકશાનકારક છો અને કોના માટે તું ઉપયોગી છો?

૧૨૯૦ પછી દરેક છોડ તેની અસર અને તેનું નામ કહેતો, કહીને, હું પેલા એક માટે જીવન છું. અને એક માટે મૃત્યુ છું.

૧૨૯૧ હું આ એકને ઝેર છું. અને પેલા એકને સાકર છું. દૈવી હુકમનામાની ( કલલે ) તખતી ઉપર ( કોતરાએલ ) મારૂં નામ આ છે.

૧૨૯૨ પછી હ. સુલેમાન ( અ. સ. ) પાસેથી પેલા છોડવા વિષે સાંભળતા હકીમો હુંશીયાર બન્યા અને ( દવા ઉપર ) સારી રીતે અધીકાર જમાવ્યો.

૧૨૯૩ તેથી તેઓએ દવાની કિતાબો લખી, અને કાયાને દુઃખમાંથી રાહત અપાવતા હતા.

૧૨૯૪ આ ખગોળવિદ્યા અને વૈદક શાસ્ત્ર, પયગમ્બરોને દૈવી વહી દ્વારા અપાએલ જ્ઞાન છે, બુદ્ધિ અને સમજણ માટે ( અવકાશી ) દોરવણી સિવાય આગળ વધવાનો રસ્તો ક્યાં છે?

૧૨૯૫ યથાર્થ ( વ્યક્તિગત ) બુદ્ધિ સરજનની ( શક્તિશાળી ) બુદ્ધિ નથી. તે વિજ્ઞાન અને શીખવવાની જરૂરીયાત મેળવનાર છે.

૧૨૯૬ આ બુદ્ધિ શીખવાની અને સમજવાની શક્તિશાળી છે, પણ માણસ ( કે જે ) દૈવી વહીનો ધરાવનાર છે, ( જરૂરીયાત પુરતી ) શીખવા આપે છે.

૧૨૯૭ અનિવાર્ય રીતે, તેઓની શરૂઆતમાં બધી (કળાઓ અને ધંધાઓના) વેપારો દૈવી વહીમાંથી ઉતરેલા હતા, પણ બુદ્ધિએ (તેના) થોડું ઉમેર્યું.

૧૨૯૮ કોઈપણ શીખવનાર વગર કોઇપણ વેપાર આપણી આ બુદ્ધિ શીખી શકે ખરી તેની ગણત્રી કર.

૧૨૯૯ જો કે તે (બુદ્ધિ) યુક્તિ પ્રયુક્તિમાં વાળ વિખેરતી હતી, કોઇપણ વેપાર શિખવનાર વગર તાબે થતા નથી (શીખાતા નથી).

૧૩૦૦ જો એક વેપારનું જ્ઞાન આ બુદ્ધિમાંથી ઉતરી આવેલું હોય તો કોઇપણ વેપાર શીખવનાર વગર મેળવાતો બન્યો હોત.

કાબીલનું કાગડા પાસેથી કબર ખોદવાનું કામ શીખવું (જ્યારે કે પહેલાં) કબર ખોદવાનું જ્ઞાન અને દુનિયામાં કબરનું અસ્તિત્વ ન હતું તે વિષે.

૧૩૦૧ વિચાર અને તર્ક અને ધ્યાનમાંથી (મેળવેલ) (બધા) વેપારમાં હલકામાં હલકો કે જે કબર ખોદવાનો હતો તે કયાં હતો?

૧૩૦૨ જો કાબિલ આ સમજણ ધરાવતો હોત તો તેણે હાબીલનું શરીર પોતાના માથા ઉપર કેમ મુકયું હોત?

૧૩૦૩ કહીને, "આ મારેલાને હું કયાં સંતાડું? આ માણસ લોહી અને માટીથી ખરડાએલો છે?"

૧૩૦૪ તેણે ઓચીંતા એક કાગડાને કે બીજા મરેલા કાગડાને પોતાના મોંમાં લાવતો જોયો અને તે ખૂબ જ ઝડપથી નજીક આવતો હતો.

૧૩૦૫ તે હવામાંથી નીચે જમીન ઉપર આવ્યો અને ડહાપણપુર્વક તેના (મરેલા કાગડા) માટે (તેને) શીખવવાના કારણ અંગે કબર ખોદવી શરૂ કરી.

૧૩૦૬ પછી પોતાની નહોરો વડે જમીનમાંથી ધુળ ઉભી કરી અને ઝડપથી મરેલા કાગડાને કબરમાં મૂકયો.

૧૩૦૭ તેણે તેને દાટયો, પછી તેણે તે માટીથી ઢાંકી, કાગડો ખુદાની (દીધેલી) દૈવી પ્રેરણામાંથી મળેલા જ્ઞાનથી વિભુશીત હતો.

૧૩૦૮ કાબીલ બૂમ પાડી ઉઠયો, "મારી બુદ્ધિ ઉપર ધિક્કાર છે! કારણ કે એક કાગડો આવડતમાં મારાથી વધુ સારો છે."

૧૩૦૯ વિશ્વવ્યાપક સમજણને લગતું, તેણે (ખુદાએ) કહ્યું છે, "દૃષ્ટિ જ્યાં ત્યાં ભટકતી નથી" (પણ) યથાર્થ બુદ્ધિ દરેક દિશામાં દૃષ્ટિ કરે છે.

૧૩૧૦ બુદ્ધિ કે જેની દૃષ્ટિ જ્યાં ત્યાં ભટકતી નથી, તે પસંદ કરાએલું 'નૂર' છે. કાગડા બુદ્ધિ (રૂહાનીયત રીતે) મરેલા માટે કબર ખોદનાર છે.

દૃષ્ટિ :→ ભટકતી નથી
બુદ્ધિ :→ દરેક દિશામાં દૃષ્ટિ કરે છે.
કાગડા બુદ્ધિ (રૂ. રીતે મરેલા.)

૧૩૧૧ આત્મા કે જે કાગડાઓ પાછળ ઉડે છે, કાગડો તેને કબ્રસ્તાન તરફ લઇ જાય છે.

૧૩૧૨ ખબરદાર! કાગડાની માફક વાસનામય આત્માનો પીછો કરવામાં દોડ નહિ કારણ કે તે (તને) કબ્રસ્તાને લઈ જશે, નહિ કે ફળવાડી તરફ.

૧૩૧૩ જો તું જાય, દિલના 'અન્કા'નો પીછો કરવા જા. 'ક્રાફ' અને 'દિલના સુલેમાનના દેવળ' તરફ (જા).

૧૩૧૪ એક નવો છોડ દરેક પળે તારા ચિંતનમાંથી તારા 'સુલેમાનના દેવળ'માં ઉગે છે.

૧૩૧૫ હ. સુલેમાન (અ. સ.) ની માફક તું તેનું કરજ ચુકવી દે, તેની તપાસ કર, અસ્વિકારનો પગ તેના ઉપર મુકતો નહિ.

૧૩૧૬ કારણ કે આ સ્થિર બનેલી પૃથ્વીની (આંતરિક) હાલત, જુદી જુદી જાતના છોડો તને જાહેર કરે છે.

૧૩૧૭ જમીનમાં શેરડી છે અથવા (સામાન્ય) બરૂ છે (તેની) દરેક જમીન (માટી) તેના છોડવાથી તેનો અર્થ બેસાડાય છે.

૧૩૧૮ તેથી દિલથી જમીન જ્યાં વિચાર રોપાયો હતો, (પેલા) વિચારો દિલની ગુપ્તતાઓ જાહેર કરે છે.

૧૩૧૯ જો હું તેને સમુહમાં શોધું કે જે વિવરણ (મારામાંથી પોતા તરફ) લઈ જાય છે તો હું બગીચાની માફક લાખો ગુલાબો ઉગાડું છું.

૧૩૨૦ અને જો તે વખતે (ત્યાં) બદમાશ કે જે વિવરણને કાપી નાખે તેવો મને મળશે તો મારા દિલમાંથી એક ચોરની માફક ઊંડું સંશોધન નાશી જશે.

૧૩૨૧ દરેકની હિલચાલ ખેંચનાર તરફ હોય છે, સાચું ચિત્રાલેખન ખોટા ચિત્રાલેખન જેવું હોતું નથી.

૧૩૨૨ કોઇવાર તું આડો જાય છે, કોઇવાર સીધો, જે તને ખેંચે છે તે અથવા દોરી દ્રશ્યમાન નથી.

૧૩૨૩ તું એક આંધળો ઉંટ છે, તારી રસ્સી તેના કબજામાં છે, ખેંચવાના કાર્ય ઉપર નિગાહ કર તારી રસ્સીની નિગાહ ન કર.

૧૩૨૪ જો ખેચનાર અને રસ્સી ઇન્દ્રિઓને બુદ્ધિગમ્ય બને તો પછી આ દુનિયા-ભ્રાન્તિનું રહેઠાણ વધુ વખત ન રહે.

૧૩૨૫ જો નાસ્તિકે જોયું કે તે એક હલકી જાતના કુતરાની પાછળ જતો હતો અને સંતાએલા સેતાનના કબજામાં રહેવા બનાવાતો હતો.

૧૩૨૬ તો તે એક હલકટ ખુશામત ખોરની માફક પોતાની એડીએ કેમ જશે? નાસ્તિક પણ પાછું પગલું ભરશે.

૧૩૨૭ જો ગાયને ખાટકીઓ સાથે અંગત ઓળખાણ હોત તો તે (ખાટકીની) દુકાને તેણી તેમની પાછળ પાછળ કેમ જાત!

૧૩૨૮ અથવા તેમના હાથોમાંથી ભુસું ખાત અથવા તેઓના તેણીનો ફોસલાવવા અંગે દુધ દીધું હોત?

૧૩૨૯ અને જો તેણીએ ખાધું, તેણીથી ઘાસ હજમ કેમ થયું હોત? જો તેણી ઘાસ ખાવાના ઈરાદાથી સજાગ હોત તો?

૧૩૩૦ તો પછી ભ્રાન્તી વાસ્તવિક રીતે આ દુનિયાનો પાયો (ટેકો) છે, "દોલત" શું છે? કારણ કે આ 'દવાદવ' (આમ તેમ દોડવું) એ 'લાત' (ફટકાથી) જોડીદાર બને છે.

૧૩૩૧ તેની શરૂઆત 'દવ દવ' (દોડો દોડો) છે. અંતમાં (તે) 'લાત ખવાર' (ફટકા સહન કર) છે, મુર્ખ દુનિયાદાર દુનિયાદારીમાં જ મૃત્યુ પામે છે.

૧૩૩૨ જ્યારે જ્યારે તેં આતુરતાપુર્વક એક કામ હાથ ઉપર લીધું છે, ત્યારે ત્યારે તેનું ખોટાપણું તારાથી તે પળે પડદાવાળું બન્યું છે.

૧૩૩૩ તું તેને સંપૂર્ણપણે કામમાં ખોઈ નાખે છે. કારણ કે પેદા કરનારે તેનું ખોટાપણું તારાથી પડદે રાખ્યું છે.

૧૩૩૪ તેવી જ રીતે, દરેક વિચાર કે જેમાં તું ગરમ (આતુર) છો, પેલા તારા વિચારનું ખોટાપણું તારાથી સંતાએલ બન્યું છે.

૧૩૩૫ જો તેનું ખોટાપણું અને નામોશી તને દ્રષ્યમાન બનાવ્યાં હોત, તો તારો આત્મા પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના છેટા (જેટલે દુર) ભાગ્યો હોત,

૧૩૩૬ (મનની) હાલત કે જેમાં આખરે તેં (ખોટા કાર્ય માટે) પશ્ચાતાપ કર્યો, જો શરૂઆતમાં જ તારા (મનની) હાલત તેવી હોત તો તું પેલા કાર્ય માટે કેમ દોડત?

૧૩૩૭ તેથી તે (ખુદા) શરૂઆતમાં (સત્ય હકીક્તને) આપણા આત્માઓથી પરદો કરે છે એટલા માટે કે આપણે તે કાર્ય દૈવી ભાવીને અનુરૂપ કરીએ.

૧૩૩૮ જ્યારે દૈવી ભાવીએ તેનો હુકમ દ્રષ્ટિમાં આણ્યો ત્યારે આંખ ખુલી ગઈ, કે જેથી પસ્તાવો આવી પહોંચ્યો.

૧૩૩૯ આ પસ્તાવો એ દૈવી ભાવીનો એક બીજો (સ્પષ્ટ પુરાવો છે). આ પસ્તાવો છોડી દે, ખુદાની બંદગી કર!

૧૩૪૦ અને જો તું તે (એક) ટેવ બનાવીશ અને પશ્ચાતાપની આદત પાડેલો બનીશ તો આ પશ્ચાતાપની ટેવના કારણે તું વધુ શોકાર્ત બનીશ.

૧૩૪૧ તારી અર્ધી જીંદગી વ્યાકુળતામાં પસાર થશે અને બીજી અર્ધી પશ્ચાતાપમાં પસાર થશે.

૧૩૪૨ આ (ચિંતાજનક) વિચાર અને પશ્ચાતાપની રજા લઈ લે, વધુ સારી (રૂહાનીયત) હાલત અને દોસ્ત અને કામની શોધ કર.

૧૩૪૩ અને જો તારી પાસે હાથમાં વધુ સારૂં કામ ન હોય તો પછી તારો પસ્તાવો કયા કામની ક્ષતિ માટે છે?

૧૩૪૪ જો તું સારો રસ્તો જાણે છે, (ખુદાની) બંદગી કર, અને જો તે તું જાણતો ન હો, તો પછી (જે રસ્તે તું જાય છે તે) ખોટો છે તે તું કેમ જાણીશ?

૧૩૪૫ તું જ્યાં સુધી સારૂં જાણતો નથી ત્યાં સુધી ખોટું જાણતો નથી. ઓ યુવાન, એક વિરૂધ્ધાઈમાંથી જ (માત્ર) (બીજી) વિરૂધ્ધાઇ જાણવી શક્ય છે.

૧૩૪૬ ત્યાર પછી (જેમ તું કહે છે તેમ) તું આ પશ્ચાતાપના વિચારને છોડી દેવામાં કમજોર છો, તેજ વેળાએ તું પાપ કરવામાં પણ આતુર હતો,

૧૩૪૭ ત્યારબાદ તું (જ્યારે) (પાપ કરવામાં) કમજોર હતો ત્યારે પશ્ચાતાપ શાના કારણે છે, કમજોરી સબંધી તપાસ કર, કોના ધક્કાથી (શક્તિના પ્રયાસથી) તે (નિપજાવાય) છે?

૧૩૪૮ કોઈએ પણ દુનિયામાં શક્તિ વગર કમજોરી જોઇ નથી. અને કદી પણ તેમ બનશે નહિ. (ખાત્રીપુર્વક) આ જાણી લે.

૧૩૪૯ તેવીજ રીતે, દરેક ઈચ્છા કે જે તું મનમાં સંઘરીશ તને તેના ખોટાપણા (નીરખવામાંથી) વંચિત કરાશે.

૧૩૫૦ અને જો પેલી ઈચ્છાનું અપલક્ષણપણું તને બતાવાયું તો તેના પોતાનો ગુણ પ્રમાણે તારો આત્મા (તેને) જોવામાંથી પાછો હટશે.

૧૩૫૧ જો તેણે (ખુદાએ) પેલા કામનું ખોટાપણું તને બતાવ્યું હોત કોઈ પણ (બળજબરીથી) તને ખેંચી ગયો ન હોત, (તેજ તને) પેલી દિશાએ લઇ ગયો હોત?

૧૩૫૨ અને (જેમ તું નિરખે છે) કે પેલું કામ કે જેનાથી તું ખૂબજ વધારે વિરૂદ્ધ છે, તેનું કારણ એ છે કે તેનું ખોટાપણું તારી દ્રષ્ટિમાં ચોકખી રીતે આવેલ છે.

૧૩૫૩ ઓ ખુદા, (તું) કે જે ગુપ્તતા જાણે છે અને વાણીમાં માયાળુ છે, અમારા હલકા કાર્યોનાં ભુલ અમારાથી સંતાડ નહિ.

૧૩૫૪ (અને) અમારામાં સારા આમાલોમાંની ભુલો જોતો નહિ, રખેને અમો ઠંડા બનીએ (નિરાશ થઈએ) (અને આ રસ્તાની) મુસાફરીમાંથી હટી જઈએ.

૧૩૫૫ (અગાઉ કહેવાએલી) ટેવ મુજબ, સુલેમાન (અ. સ.) પ્રભાતના અજવાળામાં દેવળમાં ગયા.

૧૩૫૬ બાદશાહ રોજના નિયમ મુજબ દેવળમાંના નવા છોડવાની (તપાસ)માં હતા.

૧૩૫૭ પેલી પવિત્ર આંખવાળું દિલ (કે જે) અદ્રશ્ય જોવાની (શક્તિ ધરાવે છે), (રૂહાનીયત) છોડો કે જે ગીધથી અદ્રશ્ય છે.

**સુફી કે જે ઘૂંટણ પર માથું રાખી બગીચામાં (રૂહાનીયત) ચિંતનમાં મશગુલ હતો, તેના દોસ્તોએ તેને કહ્યું, તારૂં માથું ઊંચું કર અને સુંદર છોડો અને પંખીઓ અને મહાન ખુદાની દયાથી નિશાનીઓનો આનંદ મેળવ," તેની વાર્તા.**

૧૩૫૮ અમુક સુફીએ બગીચામાં સુફીની રીતે પોતાનો ચહેરો પોતાના ગોઠણ ઉપર (ગુઢાર્થ) જાણવાનાં ખાતર મુકયો હતો.

૧૩૫૯ પછી તે પોતામાં ખૂબ જ ઉંડો ઉતર્યો. એક ઘૂસણીઓ માણુસ ગાઢ નિદ્રામાં તેના આભાસથી ખીજાણો.

૧૩૬૦ તેણે કહ્યું, "તું શા માટે સુએ છે? નહિ, દારૂઓ તરફ જો, આ ઝાડો નિહાળ અને (દૈવી દયાની) નિશાનીઓ અને લીલા છોડવાઓ (નિહાળ).

૧૩૬૧ ખુદાના આદેશને ધ્યાન દઈને સાંભળ, કારણ કે તેણે કહ્યું છે, "તમો જુઓ" તારો ચહેરો આ (દૈવી) દયાની નિશાનીઓ તરફ ફેરવ.

૧૩૬૨ તેણે જવાબ આપ્યો, "આ મિથ્યાભિમાની, તેની નિશાનીઓ દિલની (અંદર) છે, કે નિશાનીઓની નિશાની વગર પણ છે."

૧૩૬૩ (અહીં) ફળવાડી અને લીલોતરી આત્માનું ખાસ સત્વ છે, પ્રતિબિંબ તેના વગર વહેતા પાણીમાંના (પ્રતિબિંબ) જેવું છે.

૧૩૬૪ પાણીમાં માત્ર ફળવાડીની (પ્રતિબિંબીત નકલનો) આભાસ (માત્ર) છે. કે જો પાણીના ખંધા જથ્થાના કારણે કંપે છે.

૧૩૬૫ (ખરી) ફળવાડી અને ફળો દિલની અંદર છે. તેઓની ખુબસુરતીનું પ્રતિબિંબ આપણી અને (બહારની દુનિયા) જમીન ઉપર પડે છે.

૧૩૬૬ જો તે પેલા રૂહાની રાહબરના દિલમાં પ્રતિબિંબો ન હોત, તો પછી ખુદાએ તેને પ્રપંચના રહેઠાણ નામે બોલાવેલ ન હોત,

૧૩૬૭ આ ઢોંગ (તેમાં સમાએલ) છે, એટલે કે આ આભાસ, (બહારની દુનિયા), (પવિત્ર) માણુસોના આત્મા અને દિલના પ્રતિબિંબમાંથી (તેના અસ્તિત્વનું ઉતરી આવવું) અસ્તિત્વમાં છે.

૧૩૬૮ બધા ઉંધુંચતું સમજેલા આ પ્રતિબિંબમાં, આ સ્વર્ગીય જગ્યા છે તેવા અભિપ્રાયમાં (ધારણા કરતા) આવે છે.

૧૩૬૯ તેઓ ફળવાડીઓના અસલથી ભાગે છે, તેઓ પેલા આભાસને જોઇ આનંદ મનાવે છે.

૧૩૭૦ જ્યારે તેઓની બેદરકાર ઉંઘનો અંત આવે છે, તેઓ દિવા જેવું જુએ છે, પણ તેઓને તેવી દ્રષ્ટિથી (પછી) શું લાભ?

૧૩૭૧ પછી કબ્રસ્તાનમાં બુમબરાડા અને આક્રંદ ઉઠે છે, આ ભુલના કારણે (તેઓ) અફસોસની કયામત સુધી બુમ પાડે છે.

૧૩૭૨ અરે, ખરો સુખી તે છે કે જે મૃત્યુ પહેલાં મરણ પામે છે. એટલે કે જેણે આ 'દ્રાક્ષવાડી'ની અસલીયાતની સુગંધ મેળવી છે.'

મ. ભા. ૪–૫૧

**'સુલેમાનના દેવળના એક વિશ્રાંતિસ્થાનમાં 'કારબ'નું ઉગવું. અને હ. સુલેમાન (અ. સ.) એનું જ્યારે કે તેની સાથે વાત શરૂ કરી અને લાક્ષણિક ગુણધર્મ અને તેનું નામ જાણ્યું, ત્યારે દુઃખી થયાની વાર્તા.**

૧૩૭૩ પછી હ. સુલેમાન (અ. સ.) એ જોયું કે એક નવો છોડ (દેવળના) વિશ્રાન્તિ-સ્થાનમાં અનાજના ફણગાની માફક ઉગ્યો છે.

૧૩૭૪ તેમણે એક ઘણોજ અસામાન્ય છોડ લીલો અને તાજો જોયો. તેનું લીલાપણું દ્રષ્ટિમાંથી પ્રકાશ ખુંચવી લેતું હતું.

૧૩૭૫ પછી પેલા છોડે તુર્તજ સલામ કરી. તેણે જવાબ આપ્યો (સલામ સ્વીકારી). અને તેની ખુબસુરતી તરફ નવાઇ પામ્યા.

૧૩૭૬ તેમણે કહ્યું, "તારૂં નામ શું છે? મુખ વગર (તે) કહે, તેણે કહ્યું" ઓ જગતના બાદશાહ, તે 'કારબ' છે.

૧૩૭૭ તેમણે કહ્યું "તારામાં ખાસ ગુણધર્મ કયા છે?" તેણે જવાબ દીધો, "(જ્યાં) હું ઉગું છું, (ત્યાં) જગ્યા વેરાન બને છે."

૧૩૭૮ હું કે જે 'કારબ' છું, રહેઠાણનો નાશ કરનાર છું, હું આ પાણી અને માટીથી (બનાવેલ)નો નાશ કરનાર છું.

૧૩૭૯ પછી તેજ પળે સુલેમાન (અ. સ.) તુર્તજ સમજ્યા કે (તેનાથી જીવનની) અપાએલી અવધી આવી ગઈ છે. અને કે વિદાયનો (વખત) (જલ્દીથી) દેખાશે.

૧૩૮૦ તેમણે કહ્યું, "જ્યાં સુધી મારી હસ્તિ છે, ત્યાં સુધી આ 'દેવળ' આ દુનિયાના અનર્થોથી નુકશાન પામેલી બનશે નહિ.

૧૩૮૧ જ્યાં સુધી હું (અહીં) છું અને મારું અસ્તિત્વ ચાલુ છે ત્યાં સુધી 'સુલેમાનનું દેવળ' ભાંગીને ભુક્કો કેમ બનશે?

૧૩૮૨ તો પછી જાણ કે કાંઈપણ શંકા વગર આપણા દેવળનો વિનાશ આપણા મૃત્યુ બાદ સિવાય થશે નહિ.

૧૩૮૩ દિલ 'દેવળ' છે જેને કાયા સિજદો કરે છે, જ્યાં જ્યાં દેવળ છે ખરાબ સોબતી 'કારણ' છે.

૧૩૮૪ જ્યારે એક હલકા સોબતી માટે તમારામાં પ્રેમ ઉત્પન્ન થયો છે, ખબરદાર રહેજે તેનાથી ભાગી છુટ અને (તેનાથી) વાતચીત ન કર.

૧૩૮૫ તેને મુળમાંથી ઉખેડી નાખ, કારણ કે જો તે તેનું માથુ બહાર કાઢશે, તો તે તમને અને તમારા 'દેવળ' (દિલ) ને ઉખેડી નાખશે.

૧૩૮૬ ઓ પ્રેમી, તમારૂં 'કારબ' છળપ્રપંચ છે. શા માટે છળ તરફ બચ્ચાંની માફક
તમો પેટ ઘસડીને સરકો છો ?

૧૩૮૭ તમને પોતાને એક પાપી જાણો અને તમને પોતાને એક પાપી કહી બોલાવો,
બીતા નહિ, કે તે શિક્ષક, તારામાંથી પાઠ ચોરી જાય નહિ.

૧૩૮૮ જ્યારે તમો કહેશો, "હું અજ્ઞાન છું. (મને) દોરવણી આપો," આવું સાચું
વર્તન (એક ખોટી) ખ્યાતી કરતાં વધુ ઉતમ છે.

૧૩૮૯ ઓ દેખીતા શરમાએલા આદમી, તમારા બાપ (હ. આદમ)માંથી બોધપાઠ લે.
તેમણે તે બાદ કહેલું, "ઓ અમારા માલિક" અને "અમે ખોટું કર્યું છે."

૧૩૯૦ તેમણે સાચાં ખોટાં બહાનાં ન કર્યાં તેમજ તેમણે જુઠાણું જોડી કાઢ્યું કે ઢોંગ
અને પ્રપંચનો વાવટો ફરકાવ્યો નહિ.

૧૩૯૧ બીજા હાથ પર પેલા ઈબલીસે વાદવિવાદ શરૂ કર્યો, કહીને, હું રાતા ચહેરાવાળો
(માનવંતો) હતો, તેમને પીળો (નામોશીવાળો) બનાવ્યો છે.

૧૩૯૨ (આ) રંગ તારોજ રંગ છે, તું મારો છાપનાર છો. તું મારા પાપનું મુળ અને
અનર્થ અને છાપ છો.

૧૩૯૩ ખબરદાર રહેજે! (આયાત) પઢ, "કારણ કે તેં મને કુમાર્ગે દોર્યો છે."
એટલા માટે કે તમે લોભિષ્ઠ ન બનો અને અસત્ય ગુંથો નહિ.

૧૩૯૪ ક્યાં સુધી તમે કંજુસાઈના ઝાડ ઉપર કુદકા માર્યા કરશો ? એને તમારી પસં-
દગી એક બાજુ મુકશો ?

૧૩૯૫ પેલા ઈબલીસ અને તેના વેરાનોની માફક (કે જે) ખુદા સાથે વાદવિવાદ અને
લડાઇમાં (કામે લાગ્યો છે.)

૧૩૯૬ ત્યાં ફરજીયાત કેમ બને, જ્યારે તમો તમારૂં પહેરણુ (સારૂં કરતાં કરતાં)
આવી નમ્રતાથી પાપનાં સગડ કરો છો.

૧૩૯૭ શું કદી કોઇ ફરજીયાતપણે આવી નમ્રતાથી ચાલે ખરો ? શું કોઇ રસ્તો ભુલેલો
પેલાની માફક (આનંદથી) નાચતો જાય ખરો ?

૧૩૯૮ પેલા બીજાઓ તમને સારી શીખામણ આપતા હતા. તેઓને લગતી બાબતોમાં
(દુર રહેવા) તમો નીચ માણુસોની માફક લડતા હતા.

૧૩૯૯ તમોએ કહ્યું, "આ ખરૂં છે. આ માત્ર (સ્વીકારાએલો) રસ્તો છે. શા માટે
કોઇ કીંમત વગરનો મારા તરફ કટુતાભરી ફરીયાદ કરે ?

૧૪૦૦ શા માટે કોઇને આમ બોલવાની ફરજ પાડે ? શા માટે એક કે જેણે પોતાનો
રસ્તો ગુમાવ્યો છે તે હુંસાતુંસી કરે ?

૧૪૦૧ જે પણ તારૂં દુષ્ટ મન ઇચ્છા કરે (તેમાં) તારે જ પસંદગી કરવાની છે, જે
જે પણ તારી સમજણ ઇચ્છા ધરાવે, તું પોતે જ જરૂર પુરતું માગ.

૧૪૦૨ તે કે જે આશીર્વાદીત છે અને (રૂહાની ગુઢાર્થોથી) પરીચીત છે, જાણે છે કે સુઝ ઇબ્લીસની છે, જ્યારે પ્રેમ આદમનો છે.

૧૪૦૩ સમજણ દરીયાઓમાં તરવા (જેવી) છે, તે (તરનાર) બચાવાતો નથી, તે કામ-કાજના અંતે ડુબેલો છે.

૧૪૦૪ તરવું છોડી દે, અહંકાર અને દુશ્મનાઈ છોડી દે, આ કાંઈ ચોક્કસ (નહીં) અથવા એક (નાની) નદી નથી, તે એક મહાસમુદ્ર છે.

૧૪૦૫ અને વધુમાં (તે) એક આશરા વગરનો ઉંડો સમુદ્ર છે. તે તણખલાની માફક સાત સમુદ્રોને ઉખેડી નાખે છે.

૧૪૦૬ પ્રેમ પસંદ કરાએલા માટે એક વહાણ જેવો છે, ભાગ્યે જ સંકટ (પરિણામ) છે કારણ કે ઘણે ભાગે તે મુક્તિ છે.

૧૪૦૭ સમજણને વેચી નાખ અને વ્યાકુળતા ખરીદ કર, સમજણ એ અભિપ્રાય છે જ્યારે વ્યાકુળતા 'દિદાર' છે.

૧૪૦૮ હ. મુસ્તફા ('ખુદાઈ નુર')ની હાજરીમાં તમારી બુદ્ધિને કુરબાન કરો, કહો, "ખુદા મારા માટે બસ છે."

**૧૪૦૯ (ઝમાનાના નુહની) કિશ્તીમાંથી તમારૂં માથું 'કેનાન'ની માફક ખેંચો નહિ જેને (કેનાને) તેના બુદ્ધિશાળી આત્માએ ભરમાવ્યો હતો.**

૧૪૧૦ કહે, "હું ઉંચા પર્વતની ટોચ ઉપર જઈ પહોંચીશ; શા માટે હું હ. નુહનો ઉપકાર ચડાવું?

૧૪૧૧ તેના તરફ આભારીત બનવામાંથી તમો કેમ પાછા હઠો? ઓ અસત્યપ્રિય, જ્યારે ખુદા પણ તેના તરફ આશીર્વાદ પહોંચાડે છે.

૧૪૧૨ તેના તરફની કૃતજ્ઞતા આપણા આત્મા ઉપર (એક આશીર્વાદની માફક) કેમ ન બને? જ્યારે ખુદા તેને આભારીત વખાણ અને ઉપકારના શબ્દો ઉચ્ચારે છે?

૧૪૧૩ (તેઓના ઉચ્ચતમ દરજ્જા વિષે) તમે શું જાણો છો? ઓ અદેખાઈભરેલા કોથળા, ખુદા પણ તેના ઉપર આશીર્વાદ પહોંચાડે છે.

૧૪૧૪ પેલો એક (કેનાન જેવો) તરવાનું શીખ્યો નથી, કે જેથી તેણે પોતાની આશા નુહ ઉપર અને તેની કિશ્તી ઉપર ચોંટાડેલી છે,

૧૪૧૫ તે એક નાના બચ્ચાની માફક, છળપ્રપંચોથી અજ્ઞાત છે, કે જેથી તે બચ્ચાની માફક તેણે તેની માને વળગી રહેવું જોઈએ.

૧૪૧૬ અથવા કે તે પ્રણાલીકાગત જ્ઞાનથી ભરેલો નથી, (પણ) "ઓલીયા"માંથી દૈવી પ્રેરણાથી દિલથી પહોંચતી જ્ઞાનલા'રી ઉઠાવી છે.

પ્રેમ : આપણાં । વહાણ જેવો । તે મુક્તિ છે

સૂત્ર :- ઈખ્વાનસફા

૧૪૧૭ જ્યારે તમો એક કિતાબ, આવી (પ્રેરણાના) "નૂર" થી (વિરૂદ્ધની) લાવશો,
તમારો આત્મા, (તેની પ્રકૃતિમાં) પ્રેરણાથી મળતીયો છે, (તમને) ઠપકો દેશે.

૧૪૧૮ જાણે કે "ઝમાનાના કુત્બ" (ઝમાનાના ઇમામ) ના શબ્દોની બાજુમાં પ્રણાલિકાગત જ્ઞાન, જ્યારે પાણી (મળી શકતું હોય) ત્યારે રોજીંદી બંદગી વખતે
માટીથી વજુ કરવા જેવું છે,

૧૪૧૯ તારા પોતાને મુર્ખ (સાદો) બનાવ, અને તેની પાછળ પગલાં ભર (જેમ કહે
તેમ કર), આ મુર્ખતાના કારણ થકી જ તું 'મુક્તિ' મેળવી શકીશ.

૧૪૨૦ ઓ બાપ, આનાજ કારણે માણસ જાતના સુલતાન (હ. મુહમ્મદ ર. સ. અ.)એ
કહ્યું છે, "બહિશ્તના ઘણાખરા લોકો મુર્ખ છે."

૧૪૨૧ એટલે કે સમજણ એ ગર્વ અને અહંકારને તમારામાં ઉશ્કેરનાર છે (તો પછી)
એક મુર્ખ બન, એટલા માટે કે તમારૂં દિલ સ્થિર રહે.

૧૪૨૨ તેવો મુર્ખ નહિ કે જે મુરખવેડામાં (પોતાને શરમમાં) બેવડ બનાવે (પણ)
પણ મુર્ખ કે જે તેનામાં (ખુદામાં) ગુમાએલો, દિવાનો અને વ્યાકુળ છે.

૧૪૨૩ મુર્ખાઓ (મિસરની) પેલી સ્ત્રીઓ જેવા છે કે જેઓએ પોતાના હાથો તેઓના
હાથોની દ્રષ્ટિમાં મુર્ખાઇ, (પણ) હ. યુસુફના ચહેરાની (ખૂબસુરતી)થી ખબરદાર રહેવાની ભલી ચેતવણી આપતી,

૧૪૨૪ 'દોસ્ત' માટેના પ્રેમમાં તમારી સમજણથી કુરબાની કરો, ગમે તે રીતે (બધી)
સમજણો તે જગ્યામાંથી છે કે જ્યાં 'તે' છે,

૧૪૨૫ (રૂહાની રીતે) બુદ્ધિવાને તેમની સમજણને પેલા પ્રદેશ તરફ મોકલી છે, (માન)
નાદાન માણુસ આ પ્રદેશમાં રહ્યો છે જ્યાં 'પ્રિતમ' નથી.

૧૪૨૬ જો, વ્યાકુળતામાં આ તમારી સમજણ આ મસ્તકમાંથી નીકળી જાય, તારા મસ્તકના
દરેકે દરેક વાળ એક નવું માથું અને બુદ્ધિ બનશે.

૧૪૨૭ પેલા પ્રદેશમાં મગજ ઉપર વિચાર કરવાની મહેનત નથી. કારણ કે (ત્યાં) મગજ
અને બુદ્ધિ (રૂહાનીયત જ્ઞાનના) ખેતરો અને ફળવાડીઓ ઉત્પન્ન કરે છે.

૧૪૨૮ (જો તમો) ખેતર તરફ ફરશો (તો) ખેતરમાંથી હિકમતી વિવરણ સાંભળશો
(જો) તમો ફળવાડી તરફ આપશો. તમારી ખજુરી તાજી અને સમૃદ્ધ બનશે.

૧૪૨૯ આવી રીતે ખોટો ડોળ તજી દે, જ્યાં સુધી તમારો (રૂહાની) માર્ગદર્શક (ઇમામે
ઝમાન) દોરે નહિ ત્યાં સુધી ચાલતો નહિ.

૧૪૩૦ કોઈપણ જે માથા (રૂહાની રાહબર) સિવાય હાલેચાલે તો તે એક (માત્ર) પીઠ
છે, તેની હિલચાલ એ વિંછીની હિલચાલ જેવી છે.

૧૪૩૧ કુટિલતાપૂર્વક જતો, રતાંધળો અને કઢંગો અને ઝેરી, તેનો વેપાર પવિત્ર કાયાઓને ઝખમી કરવાનો છે.

બહિસ્તના ઘણા ખરા લાકો મુર્ખ છે.
મુર્ખ (ખુદામાં ખોવાયેલ, દિવાનો, વ્યાકુળ) સમજણ એ ગર્વ અને અહંકાર તમારામાં ઉશ્કેરનાર છે.
મુર્ખ બન જેથી દિલ સ્થિર રહે.

૧૪૩૨ તેનું માથું પછાડો કે જેનો આંતરિક આત્મા આના (જેવો) છે, અને જેની હંમેશની પ્રકૃતિ અને ગુણ આના (જેવા) છે.

૧૪૩૩ વાસ્તવિક રીતે તેના માટે આ સારૂં છે કે (પોતાનું) માથું પીટે કે જેથી તેનો ક્ષુદ્ર આત્મા કમનશીબ કાયામાંથી મુક્ત બને.

૧૪૩૪ ગાંડા માણસના હાથમાંથી હથીઆરો લઈ લ્યો કે ન્યાય અને ભલાઇ તમારાથી સંતોષાએલી બને.

૧૪૩૫ એટલે તેની પાસે હથીઆરની સમજણ નથી તો તેના હાથોને હાથકડી પહેરાવો, નહિતર તે એકસો ઈજાઓ પહોંચાડશે.

**જ્ઞાનની અને દૌલતની અને દરજ્જાની, હલકી પ્રકૃતિના માણસે પ્રાપ્તિ કરવી તે (આવા એકને) શરમમાં મુકવાનું (કારણ) છે અને એક તલવાર કે જે ડાકુના હાથમાં પડી છે તેના જેવું છે તેની સમીક્ષા.**

૧૪૩૬ હલકી પ્રકૃતિના આદમીને જ્ઞાન અને કળા શીખવવી એ એક ડાકુના હાથમાં તલવાર મૂકવા (જેવું) છે.

૧૪૩૭ એક કીંમત વગરનામાં જ્ઞાન આવે તેના કરતાં એક મદમસ્ત સીદીના હાથમાં તલવાર મુકવી વધારે સારું છે.

૧૪૩૮ હલકી પ્રકૃતિવાળાના હાથમાં જ્ઞાન અને દૌલત અને સત્તા અને દરજ્જો અને ઉત્તમ ગ્રહ એ એક જાતનો ગુનાહ છે.

૧૪૩૯ તેથી જ 'જિહાદ' સાચા ઇમાનદારો ઉપર આ હેતુ અનુલક્ષીને ફરજીઆત બનાવવામાં આવી હતી, (એટલે કે) તેઓ ગાંડા માણસના હાથમાંથી ભાલાની અણીઓ છીનવી લ્યે.

૧૪૪૦ તેનો (હલકી પ્રવૃત્તિવાળા માણસનો) આત્મા એક ગાંડા માણસ જેવો છે અને તેની કાયા તેની (ગાંડા માણસની) તલવાર (માફક) છે. પેલા દુષ્ટ માણસના હાથમાંથી તલવાર લઇ લ્યો.

૧૪૪૧ ઊંચી કચેરી એક અજ્ઞાન ઉપર શરમ લાદે તેવી એકસો સિંહો કેમ લાદશો ?

૧૪૪૨ તેની દુષ્ટતા છુપાએલી છે, (પણ) જ્યારે તેણે ઓજારો મેળવ્યાં, (સત્તા મેળવી) તેનો સરપ તેના દરમાંથી બહાર આવે છે અને મેદાનમાં ઝડપ કરે છે.

૧૪૪૩ આખું મેદાન સરપો અને વીંછીઓથી ભરાઇ જાય છે જ્યારે અજ્ઞાત માણસ મોટા હુકમનામાનો રાજા (અધીકારી) બને છે.

૧૪૪૪ કીંમત વગરનો આદમી કે જે દૌલત અને સત્તા મેળવે છે તે તેની પોતાની જ હલકાઇનો શોધનારો બને છે.

૧૪૪૫ કાં તો તે ઝેરી કાંટા જેવું વર્તન કરે છે અને થોડી ભેટો આપે છે અથવા તે ઉદારતા બતાવે છે અને ખોટી જગ્યા ઈનાયત કરે છે.

૧૪૪૬ તે બાદશાહને શેતરંજના પ્યાદાના ઘરમાં (ઠેકાણે) મુકે છે, એક મુર્ખ ઇનામો આપે છે તે આવાં હોય છે.

૧૪૪૭ જ્યારે સત્તા એક કે જેણે રસ્તો ગુમાવ્યો છે તેના હાથમાં પડે છે, તેને ઉંચી પદવી નિહાળે છે (પણ વાસ્તવમાં) તે ખીણમાં ગબડી પડ્યો છે.

૧૪૪૮ તે રસ્તો જાણતો નથી (છતાં) તે દોરવણી આપનારની માફક વર્તે છે. તેનો દુષ્ટ આત્મા દુનિયાને દાવાનળ બનાવે છે.

૧૪૪૯ જ્યારે (એક કે જે) એક બચ્ચાની (માફક) (રૂહાની) ગરીબાઇના રસ્તામાં અધીકારી જેવો ભાગ ભજવે છે ત્યારે શ્રાપિતોના પ્રેતો પેલાઓ કે જેઓ તેને અનુસરે છે તેને પકડે છે.

૧૪૫૦ તે કહે છે, "આવો, કારણ કે તને ચંદ્રમા બતાવીશ, (છતાં) પેલા અપવિત્ર કદી ચંદ્રમા જોયો નહિ.

૧૪૫૧ જ્યારે તેં તારી આખી જીંદગી ચંદ્રમાનું પ્રતિબિંબ પાણીમાં પણ જોયું નથી, તેઓ અર્ધપાઠેલા ઠોઠ તું (ચંદ્રમા) ક્યાંથી જોશે ?

૧૪૫૨ મુર્ખાઓ આગેવાનો બની ગયા છે, અને (તેઓની) બીક અંગે ડાહ્યાઓએ પોતાનાં માથાં સંતાડેલ છે.

## "ઓ તું કે જે પોતાને આચ્છાદન કરે છે"નું વિવરણ.

૧૪૫૩ આ કારણે તેણે (ખુદાએ) પયગમ્બર સાહેબને "મુઝઝમીલ" કહીને બોલાવ્યા, (એક કે જે આચ્છાદન કરે છે) કહીને, જુબ્બામાંથી બહાર આવ. ઓ તું કે જે ઉડ્ડયન શોખ ધરાવે છે.

૧૪૫૪ તારો ચહેરો જુબ્બામાં ખેંચ નહિ અને તારા ચહેરાને ઢાંક નહિ, કારણ કે દુનિયા એક અસ્થિર કાયા છે, તું સતેજ સમજશક્તિ છો.

૧૪૫૫ સાંભળ, પ્રતિસ્પર્ધીના અધીકારના કારણે સંતા નહિ, જ્યારે કે તારી પાસે વહીની ભવ્ય મીણબત્તી છે.

૧૪૫૬ સાંભળ, રાત્રી દરમ્યાન (બંદગી માટે) ઉભો થા, ઓ શાહજાદા, તું બત્તી છો, રાત્રીના બત્તી પ્રકાશ આપે છે.

૧૪૫૭ તારા તેજ વગર પ્રકાશિત દિવસ પણ રાત્રી (જેમ અંધારો) છે. તારા રક્ષણ વગર સિંહ સસલાનો બંદીવાન છે.

૧૪૫૮ (રૂહાનીયત) પવિત્રતાના સમુદ્રમાં કિશ્તીનો 'નાખુદા' બન. કારણ કે ઓ મુસ્તફા, તું એક બીજો 'નૂર' છો.

૧૪૫૯ એક કાબેલ રાહબર, સમજણથી (વિભુશીત થયેલ)ની દરેક રસ્તા ઉપર ખાસ કરીને પાણી ઉપર (મુસાફરી કરવાના) રસ્તામાં જરૂર હોય છે.

૧૪૬૦ જાગૃત થા ! રસ્તો રોકાએલી વણજાર ઉપર દ્રષ્ટિપાત કર, દરેક જગ્યાએ વહાલાનો કપ્તાન પિશાચ બન્યો છે.

૧૪૬૧ તું ઝમાનાનો 'ખિઝર' છો (અત્યારના ખિઝરને શોધો?)! અને (તકલીફમાંના દરેક વહાણનો મુક્તિદાતા છો. (હ. ઇસા) ખુદાના આત્માની માફક 'એકાન્ત'-વાસ વહેવારમાં ન આચરતો.

૧૪૬૨ (લોકોની) આ સભાની દ્રષ્ટિમાં તું એક અવકાશી બત્તી મિશાલ છો. (તેઓથી) છુટા પાડવામાં અને પોતાને એકાંતવાસમાં અનુસર નહિ.

૧૪૬૩ એકાંતવાસનો આ વખત નથી. સભાગૃહમાં આવ, એો તું કે જે 'હુમાય' જેવો છો. જ્યારે (આત્માઓ માટેની) દોરવણી 'કાફ' પર્વત જેવી છે.

૧૪૬૪ પૂર્ણિમાનો ચાંદ રાત્રીના આકાશના ઉપરના ભાગમાં ફરે છે, કુતરાઓના બૂમબરાડાના કારણે તે પોતાની મુસાફરીમાંથી અદ્રષ્ય થતો નથી.

૧૪૬૫ ઉપહાસ કરનારા કુતરાની માફક તારા ઉંચા દરજ્જાની દિશામાં પૂર્ણ કળા અંગે બૂમબરાડા કરતા હોય છે.

૧૪૬૬ આ કુતરાઓ (દૈવી) હુકમ તરફ બહેરા છે, "તમે ચૂપ બનો." તેઓ મુર્ખતા અંગે તારા પૂર્ણિમાના ચંદ્ર તરફ ઢોંગથી નમે છે.

૧૪૬૭ સાંભળ, એો (તું કે જે) બિમારીમાં દરદ મટાડે છે, બહેરા તરફ ગુસ્સાના કારણે આંધળાની લાકડીને જવા દેતો નહિ.

૧૪૬૮ શું તેં કહ્યું નથી?" "તે કે જે આંધળાને (સામે) રસ્તે દોરવી લઈ જાય છે તે ખુદા પાસેથી એકસો બદલાઓ અને ભેટો મેળવે છે.

૧૪૬૯ જે કોઈપણ એક આંધળાને ચાલીસ પગથીયાં દોરવી લઇ જાય છે તેને માફી અપાઈ છે, અને મુક્તિ શોધશે.

૧૪૭૦ તેથી જ તું આ અસ્થાઇ દુનિયામાંથી આંધળાનાં ટોળેટોળાં હાર ઉપર હારને દોરે છે.

૧૪૭૧ આ એક, 'રૂહાની રાહબર'નું કામ છે, તું રૂહાની રાહબર છે, તું "છેલ્લા ઝમાનામાં દિલગીરી હટાવતી ખુશી" છો.

૧૪૭૨ સાંભળો, એો ખુદાથી બીનારા લોકોના "ઇમામ," આ વૃથા કલ્પનાના વિચાર કરનારાઓને "ચોક્કસતા"માં પહોંચે ત્યાં સુધી તેઓને આગળ લઈ જાઓ.

૧૪૭૩ જે પણ કોઇને તારી વિરૂદ્ધ કાવતરૂં કરવા તરફ પ્યાદું બનવાનું દિલ છે, હું તેની ગરદન ફટકારીશ, "તું તારે આનંદપૂર્વક આગળ વધ."

૧૪૭૪ હું તેના આંધળાપણાના મથાળે (વધારે) આંધળાપણું મુકીશ, તે તેને સાકર તરીકે જોશે અને ખરેખર તો હું તેને ઝેર આપીશ.

૧૪૭૫ (બધી) બુદ્ધિઓ "મારા નૂર"થી પ્રકાશિત બનાવવામાં આવી છે, (બધાં) તરકટો મારાં તરકટોમાંથી શીખવાયાં છે.

૧૪૭૬ 'તુર્કોમન'નો કાળા નમદાનો તંબુ આ દુનિયાના (ઝનુની) નર હાથીઓના પગ આગળ ખરેખર તે વળી શું છે?

૧૪૭૭ ઓ મારા મોટામાં મોટા પયગમ્બર, મારા 'સરસર' પવન આગળ પેલી તેઓની પેલી યુક્તિ પ્રયુક્તિની બત્તી વાસ્તવમાં શું છે?

૧૪૭૮ "તું જરૂર ઉભો થા અને ભયંકર રણશીંગું ફુંક કે તું મરેલાને એક ક્ષણમાં જમીનમાંથી ઉભા કરે."

૧૪૭૯ જ્યારે કે તું ઝમાનાનો ઉપર ઉગતો 'ઇસરાફીલ' છો, તું 'પુનરૂત્થાન' ઉપર 'પુનરૂત્થાન' છો.

૧૪૮૦ ઓ વહાલા, જો કોઇ એમ કહે, 'પુનરૂત્થાન' ક્યાં છે? તારા ખુદને બતાવ, કહે, જુઓ, હું જ પુનરૂત્થાન છું.

૧૪૮૧ જુઓ, ઓ સવાલ કરનાર, કે જે દુઃખમાં ડુબેલો છો (જુઓ) કે આ પુનરૂત્થાન-માંથી એક સો દુનિયાઓ ઉભી થઈ છે.

૧૪૮૨ અને જો તે (ઉપહાસ કરનાર) (મારાં) આ વખાણ અને નમ્ર આજીજીઓ માટે લાયક બનેલો નથી તો પછી ઓ (રૂહાની) રાજા, મુર્ખને યોગ્ય જવાબ ચુપકીદી છે.

૧૪૮૩ ખુદાની બહિશ્તમાંથી જવાબમાં ચુપકીદી આવે છે જ્યારે, ઓ (વહાલા) આત્માની પ્રાર્થના જવાબ વગરની છે.

૧૪૮૪ અરે, અફસોસ, તે લલણીનો વખત છે પણ આપણા કમનસીબે દિવસ મોડો ઉગ્યો છે.

૧૪૮૫ વખત દબાણ કરે છે, આ (વિષયનું) વિવરણ એવું વિપુલ છે કે શાશ્વત જીવન તેના માટે (બહુજ) મર્યાદીત છે.

૧૪૮૬ આ સાંકડી ગલીઓમાં ભાલાને ઝડપથી ફેંકવું તે જે ભાલાને ફેંકે છે તેને માટે નામોશી લઇ આવે છે.

૧૪૮૭ વખત ટુંકો છે, અને ઓ યુવાન, એક ગીધનું મગજ અને સમજણ વખત કરતાં એકસો ગણી સાંકડી છે.

૧૪૮૮ તેવીજ રીતે જેમ ચુપકીદી એક મુર્ખ માટે (યોગ્ય) જવાબ છે, તો પછી આમ તું વિવરણ શા માટે લંબાવે છે?

૧૪૮૯ (કારણ કે) તે (ખુદા) તેની દયા અને તેની રહેમનાં મોજાંઓના સંપૂર્ણપણા-માંથી દરેક ઉજ્જડ જગ્યા ઉપર પણ વરસાદ અને બિનાશ ઇનાયત કરે છે.

**(કહેવત) જે બતાવાઇ છે, "જવાબ આપવો પડતો મુકવો (તે) એક જવાબ છે" હદીસને સમર્થન આપે છે કે મૂર્ખને યોગ્ય જવાબ ચુપકીદી છે. આ બન્ને કહેવતોના ખુલાસા હવે જે વાત જણાવાય છે તેમાં (સમાએલા) છે.**

૧૪૯૦ એક બાદશાહ હતો, તેને એક ગુલામ હતો, તે (ગુલામ) એવો એક હતો કે જેની સમજ મરી ગઇ હતી અને જેની વાસના જીવતી હતી.



આત્માની પ્રાર્થના જવાબ વગરની છે.

૧૪૯૧ તે તેની (બાદશાહની) સેવાની જરૂરીયાતોની દરકાર કરતો નહિ. તે હલકા વિચાર કરતો હતો અને તે (સારૂં) સમજતો હતો.

૧૪૯૨ બાદશાહે કહ્યું, "તેના માટે મંજુર કરેલ નાણાની રકમમાં ઘટાડો કરો, અને જો તે ચડસાચડસી કરે તેનું નામ દફતરમાંથી છેકી નાખો.

૧૪૯૩ તેની સમજણ ખામીવાળી હતી, તેની લુચ્ચાઇ વધુ હતી. જ્યારે તેણે જોયું કે મંજુર કરેલી નાણાની રકમમાં ઘટાડો કરાયો છે ત્યારે તે હિંસક અને માથાભારે બન્યો.

૧૪૯૪ જો તેનામાં સમજણ (બાકી) રહી હોત, તો પોતાના ખુદની આજુબાજુ ફર્યો હોત, એટલા માટે કે પોતાની ભુલ જુએ અને ક્ષમા કરાએલો બને.

૧૪૯૫ જ્યારે બેવકુફીના કારણે, એક ખીલે બંધાએલો ગધેડો હિંસક બને છે તેના આગલા બન્ને પગને વધારામાં બંધાય છે (અને ભારે બોજ લાદવામાં આવે છે).

૧૪૯૬ પછી ગધેડો કહેશે, "એક રાંઢવું મારા માટે બસ છે." (પણ) વાસ્તવમાં આમ ધારતો નહિ, કારણ કે પેલાં બે (રાંઢવાં) પેલા હલકટ પ્રાણીના કાર્યનું પરિણામ છે.

હ. મુસ્તફા (સ. અ. વ.) નીચેની હદીસનું સ્પષ્ટીકરણઃ "ખરેખર, સૌથી મહાન ખુદાએ ફિરસ્તાઓને પેદા કર્યા અને તેમનામાં જ્ઞાન મૂક્યું અને તેણે જનાવરો પેદા કર્યા અને તેમનામાં વિષયવાસના મૂકી અને તેણે આદમના દીકરાઓ પેદા કર્યા અને તેમાં જ્ઞાન અને વિષયવાસના મૂકી અને જે કોઇનું જ્ઞાન તેવી વિષયવાસના ઉપર સરસાઈ ભોગવે છે તે ફિરસ્તાઓ કરતાં મહાન છે અને તે કેવી વિષવાસના જ્ઞાન ઉપર સરસાઈ ભોગવે છે તે જનાવર કરતાં વધુ હલકો છે."

૧૪૯૭ હદીસમાં જણાવાયું છે કે મહાન ખુદાએ દુનિયામાં ત્રણ જાતમાં સજીવ જીવો પેદા કર્યા.

૧૪૯૮ (તેણે) એક વર્ગ સંપૂર્ણ રીતે સમજણ અને જ્ઞાન અને ઉદારતાવાળો (બનાવ્યો) તે ફિરસ્તો છે. તે બંદગીમાં સિજદામાં પડવા સિવાય કાંઈ જાણતો નથી.

૧૪૯૯ તેની અસલ પ્રકૃતિમાં આવેશ કે વિષયવાસના નથી. તે સંપૂર્ણ 'નૂર' છે. (તે) 'ખુદાના પ્રેમ'માંથી પોતાને જીવાડે છે.

૧૫૦૦ બીજો વર્ગ જ્ઞાનથી વંચિત જનાવરની માફક (કે જે) ઘાસ ખાવામાંથી જાડાઈમાં જીવે છે.

૧૫૦૧ તે ગમાણ અને ઘાસ સિવાય બીજું કંઇ જોતો નથી, તે (ભવિષ્યનું) દુઃખ અને કિર્તીના (આનંદ)થી બે ધ્યાન છે.

૧૫૦૨ ત્રીજો ( વર્ગ ) આદમનો વંશ અને માણુસ છે. અર્ધો ફિરશ્તાઈ અને તેનો અર્ધો ગધેડો ( જનાવરી ) છે.

૧૫૦૩ અર્ધો ગધેડો, ખરેખર જે હલકટ છે તેને વળગી રહે છે. બીજો અર્ધો જે કહેશો સાર વિવેકને વળગે છે.

૧૫૦૪ પેલા બે વર્ગો ( ફિરસ્તાઓ અને જનાવરો ) લડાઈ અને સંઘર્ષમાંથી આરામમાં છે જ્યારે આ માણુસ બન્ને પ્રતિસ્પર્ધાથી વાવાઝોડામાં ( ડુબેલો ) છે.

૧૫૦૫ અને વધારામાં, આ માણુસની ( જાત ) ચકાસણીમાં, જુદી જુદી બનેલી છે, તેઓ ( બધા ) ઇન્સાનના આકારમાં છે, પણ ( સત્ય રીતે ) તેઓ ત્રણ કોમો ( કુટુંબીઓ ) બન્યા છે.

૧૫૦૬ એક વર્ગ સંપૂર્ણ રીતે નિમજ્જન બન્યા છે. અને હ. ઇસા ( અ. સ. )ની માફક ફિરસ્તાની પ્રકૃતિમાં ભળી ગયા છે.

૧૫૦૭ આવું એક રૂપ પેલા હ. આદમ ( અ. સ. )નું છે, પણ વાસ્તવિકતા 'જીબ્રીલ' છે તે ગુસ્સામાંથી અને વાસનાના આવેશમાંથી અને વૃથા વાદવિવાદમાંથી મુક્ત બન્યો છે.

૧૫૦૮ તે સદ્‌વર્તનમાંથી અને ત્યાગીપણું અને ખુદીપણામાંથી મુક્ત કરાયો છે તમે ( કદાચ ) એમ કહેશો તે એક આદમના બચ્ચાથી જનમ્યો જ નથી.

૧૫૦૯ બીજી કક્ષાવાળાઓ ગધેડાઓની પ્રકૃતિમાં દાખલ થયા છે, તેઓ ખુબજ ગુસ્સા અને સંપૂર્ણ રીતે વાસનામય બન્યા છે.

૧૫૧૦ જીબ્રાઇલના ગુણુધર્મો તેનામાં હતા અને છુટા પડયા. તે ઘર ( ઘણું ) સાંકડું હતું અને પેલા ગુણુધર્મો ( ખૂબજ ) ભવ્ય હતા.

૧૫૧૧ દેહ કે જેમાંથી ( અક્લ ) આત્મા કાઢી લેવાયો, મૃત બને છે, જ્યારે તેનો આત્મા ( ફિરસ્તાઇ ગુણોથી ) વંચિત છે, તે એક ગધેડો બને છે.

૧૫૧૨ કારણુ કે આત્મા કે જેને પેલા ( ગુણુધર્મો ) નથી તે દુષ્ટ છે, આ શબ્દ ખરો છે અને એક ( સંપૂર્ણ ) ખરા સુફીએ ( તે ) કહ્યું છે.

૧૫૧૩ તે ( જનાવરી પ્રકૃતિનો ) જનાવરો કરતાં વધુ વ્યાકુળતાઓ સહન કરે છે. ( કારણુ કે ) તે દુનિયામાં હિકમતી કળાઓ અજમાવે છે.

૧૫૧૪ લુચ્ચાઇ અને ઢોંગી કે જે તે કેમ પેલી વળગાડવી તે જાણે છે તે બીજા કોઇ પણ જનાવરે ઉત્પન્ન કરી નથી.

૧૫૧૫ સોનેરી ભરતકામના પોષાકો વણવા, સમુદ્રના તળીયામાંથી મોતીઓ જીતવા (મેળવવા).

૧૫૧૬ બીજ ગણીત અથવા ખગોળ વિદ્યાની સુંદર ચાલાકીઓ અને વૈદકશાસ્ત્ર અને ફિલોસોફીનું પદાર્થ જ્ઞાન.

૧૫૧૭ કે જેઓ માત્ર આ દુનિયા સાથે સબંધીત છે, અને (તેમાં) સાતમા આસમાને ઉપર જવાનો રસ્તો (મળતો નથી).

૧૫૧૮ આ બધું (દુન્યવી) તબેલો બાંધવાનું જ્ઞાન છે કે જે બળદ અને ઉંટ (જેવા જીવોની) હસ્તિનો મૂળભૂત સિદ્ધાંત છે.

૧૫૧૯ એક જનાવરને થોડાએક દિવસો માટે હૈયાત રાખવાના કારણ માટે આ દિવાના મુર્ખાઓએ પેલી (કળાઓ અને વિજ્ઞાનને) "ગુઢાર્થો" નું નામ આપ્યું છે,

૧૫૨૦ ખુદા તરફના રસ્તાનું જ્ઞાન અને તેના રહેણાકનું જ્ઞાન, તે માત્ર દિલના માલિકો જ જાણે છે આવવા (કદાચ તમો કહો). તેનું દિલ જ (ખુદ) જાણે છે.

૧૫૨૧ તેણે (ખુદા) એ પછી આ સંયુક્ત ધોરણે ભલા પ્રાણીને પેદા કર્યા, અને જ્ઞાનથી મળતીઓ બનાવ્યો.

૧૫૨૨ પેલા (જનાવરી) વર્ગ (ના માણસને) તેણે બોલાવ્યા. "ઢોર જેવા" કારણ કે જાગૃત અને ઉંઘતા વચ્ચે મળતાપણું કયાં છે?

૧૫૨૩ જનાવરી આત્માને ઉંટ (અજ્ઞાનના) સિવાય બીજું કંઈ નથી. (હેવાનીયત) વર્ગના માણસો વિપરીત જાહેરી સમજ ધરાવે છે.

૧૫૨૪ (જ્યારે) જાગૃતી આવે છે. જનાવરી ઊંઘ વધુ વખત રહેતી નથી, અને તે (પ્રકાશિત ઈન્સાન) પોતાની (આગલી) ઉલટસુલટ સમજણો 'તખ્તીમાંથી વાંચે છે,

૧૫૨૫ જેમ એકની જાહેરી સમજ કે જેને ઊંઘે ઝડપ્યો છે, જ્યારે તે જાગૃત થાય છે, ઉલટસુલટ ગુણો દેખીતા બને છે,

૧૫૨૬ અનિવાર્યપણે, તે (જનાવરી ઈન્સાન) સૌથી હલકામાં હલકો છે, તેનાથી છુટો પડી જા, "હું અસ્ત પામતાને ચાહતો નથી."

**કુરાનેમજીદની નીચેની આયાતનું સ્પષ્ટકરણ. "અને પેલાઓ કે જેઓના દીલમાં એક બિમારી છે તેના જેવા માટે" તેણે (કુરાનની સુરા) "તેઓના ગંદકીપણામાં વધારો કર્યો" અને "તેના શબ્દો' એ પ્રમાણે તેણે ઘણાને ઊંધે રસ્તે દોરવવા દીધા અને એ પ્રમાણે તેણે ઘણાને "સત્યપંથે" દોરવાએલા બનાવ્યા,"**

૧૫૨૭ (જનાવરી ઈન્સાન સૌથી નીચામાં નીચો છે) કારણ કે તે પોતાને પરિવર્તન કરવાની લાયકાત ધરાવે છે અને તનતોડ મહેનત કરી નીચાપણામાંથી નાશી છૂટી શકે છે. પણ (ત્યાર બાદ) તેણે લાયકાત ગુમાવી,

૧૫૨૮ ફરીવાર, જ્યારે કે જનાવર (તે) લાયકાત ધરાવતો નથી, જનાવરી હાલતમાં (રહેવા માટે) તેનું બહાનું એ એક દેખીતી ચીજ છે,

૧૫૨૯ જ્યારે લાયકાત કે જે (મુક્તિ તરફની) દોરવણી છે, તેનાથી ચાલી ગએલ છે,
જે પણ આરોગ ને આરોગે છે તે એક ગધેડાનું મગજ છે,

૧૫૩૦ જો તે 'અનાકાર્ડીયમ' ખાય તો તે (તેના ઉપર) ભાંગની (અસર કરે છે); તેની
ચેતનાશક્તિનો લોપ અને ઘેલછા વધે છે.

૧૫૩૧ બીજો (માણુસોનો) વર્ગ રહે છે (તેઓ) લડાઈમાં (રોકાએલા રહે છે). (તેઓ)
અર્ધા જનાવર (છે), અર્ધા (રૂહાની રીતે) સજીવ અને સારી દોરવણીથી વિભુશીત
થએલા છે.

૧૫૩૨ રાત્રી દિવસ સંઘર્ષ અને અરસપરસ લડાઈમાં, તેની (આવી એકની) છેલ્લી
(હાલત) પહેલી (હાલત) સાથે લડાઈ લડે છે.

**વિવેકબુદ્ધિની માનવદેહ વિરૂદ્ધની લડાઈ મજનુનની તેની ઊંટડી સાથેના
વિસંવાદ માફક છે, મજનુનનો અનુરાગ ઉમદા ઓરત (લૈલા) તરફ
છે, જ્યારે કે ઉંટડીનો અનુરાગ પોતાના બચ્ચા તરફ પાછા જવાનો
છે. જેમ મજનુને કહ્યું "મારી ઊંટડીનો પ્રેમ મારી પાછળ છે. જ્યારે
મારો પ્રેમ મારી આગળ છે. અને ખરેખર હું અને તેણી મેળ-
વિહોણા છીએ."**

૧૫૩૩ ખાત્રીપુર્વક તેઓ (વિવેકબુદ્ધિ અને માનવદેહ) મજનુન અને તેની ઉંટડી જેવા છે.
પેલા એક આગળ અને આ એક અરસપરસની દુશ્મનીમાં પાછળ (ખેંચે છે).

૧૫૩૪ મજનુનની ઇચ્છા પેલી (પ્રિયતમા લયલાની હાજરીમાં ઝડપે જવાની છે, ઉંટડીની
ઇચ્છા પોતાના બચ્ચાની પાસે પાછળ દોડવાની છે.

૧૫૩૫ જો મજનુન એક પળ માટે પોતાને ભુલી જાય, તો ઉંટડી ફરે અને પાછી જાય.

૧૫૩૬ જ્યારે કે તેનું શરીર પ્રેમ અને આવેગથી ભરેલું હતું, તેને સહાયની શકયતા
ન હતી પણ પોતાની નજીક બનવું.

૧૫૩૭ તે જે નિરખવા જેવું હતું તે વિવેકબુદ્ધિ હતી, લૈલા માટેની લાલસા તેની વિવેક-
બુદ્ધિ ઊઠાવી ગએલ.

૧૫૩૮ પણ ઉંટડી ઘણી જ ઝીણવટથી જોવાવાળી અને સજાગ હતી, જ્યારે જ્યારે તેણી
પોતાની રસી ઢીલી જોતી,

૧૫૩૯ ત્યારે તેણી તુર્ત જ સમજતી કે તે ભાન વગરનો દિગ્મુઢ બન્યો છે. અને કાંઇ
પણ ઢીલ વગર પોતાના બચ્ચા તરફ પોતાનો ચહેરો ફેરવે છે.

૧૫૪૦ જ્યારે ફરીવાર તે પોતામાં આવતો ત્યારે તે તેજ જગ્યાએ જોતો કે તેણી ઘણા
માઇલ પાછી ગઈ છે.

૧૫૪૧ આવી સ્થિતીમાં મજનુ આવવા જવામાં એક ત્રણ દીવસની મુસાફરીમાં વર્ષો સુધી રહ્યો.

૧૫૪૨ તેણે કહ્યું "ઓ ઉંટ, જ્યારે કે આપણે બન્ને પ્રેમીઓ છીએ, તેથી આપણે
બન્ને પ્રતિસ્પર્ધીઓ સાથી મુસાફરો તરીકે અયોગ્ય છીએ,

વિવેકબુધ્ધિ (મજનું) લયલા, મજનું રસ્સી ઢીલી.
આગળ મુસાફરી ઊંટડીનું - પાછી મુસાફરી
માનવદેહ (ઊંટડી)
અરસપરસ દુશ્મની → પાછળ ખેંચે છે.

૧૫૪૩ તારી ચાહના અને અભિરૂચી મારાથી અનુકૂળ નથી. તારા સાથીદારપણામાંથી છૂટા પડવાનું પસંદ કરવું મને આવશ્યક લાગે છે.

૧૫૪૪ આ બે સાથી મુસાફરો (વિવેકબુદ્ધિ અને માનવદેહ) એક બીજાનો રસ્તો રૂંધતા ડાકુઓ છે, તે આત્મા ગુમાએલો છે કે જે કાયા ઉપરથી ઉતરતો નથી.

૧૫૪૫ આત્મા, ઉચામાં ઉંચી બહિશ્તમાંથી છુટી પડવાના કારણે એક (મોટી) અપેક્ષા ધરાવે છે, કાયા (વિષયવાસનાની ખુશીના) કાંટાળાં પાંદડાં માટે લાલસાના કારણે એક ઉંટડી જેવી છે.

૧૫૪૬ આત્મા તરફ (ઊડવા) પોતાની પાંખો ખોલે છે, કાયાએ પોતાના નહોરો જમીનમાં ખૂતાડી રાખ્યા છે.

૧૫૪૭ "જ્યાં સુધી તું મારી સાથે છો, ત્યાં સુધી, ઓ તું કે જે તારા ઘરનો મરેલો છે, તો પછી મારો આત્મા લૈલામાંથી ઘણે દુર રહેશે.

૧૫૪૮ આ જાતના અનુભવોમાં, મારા જીવનનો સમય, ઘણા વર્ષો સુધી, (નકામો) ગયો છે, રણપ્રદેશ અને રણ પ્રદેશમાં હ. મુસા (અ. સ.) ના લોકોની માફક (વ્યર્થ ગયો છે.)

૧૫૪૯ આ 'મીલન'ની મુસાફરી (માત્ર) બે પગલાંની એક બાબત હતી, (પણ) તારી સરકણી ગાંઠના કારણે હું રસ્તામાં સાઠ વર્ષો રહ્યો છું.

૧૫૫૦ આ રસ્તો નજીક છે, (દુર નથી) પણ મેં ઘણું જ મોડું ધીમે ધીમે કરેલ છે, હું આ સવારીમાં માંદો બન્યો છું, માંદો માંદો.

૧૫૫૧ મજનુને પોતાને માથાભર ઉંટડી ઉપરથી નીચે પડતો મુક્યો. તેણે કહ્યું. "હું દિલગીરીમાં ખવાઈ ગયો છું, ક્યાં સુધી ? ક્યાં સુધી ?

૧૫૫૨ પહોળું મેદાન મારા માટે ખૂબ જ સાંકડું બન્યું છે, તેણે પત્થરાળ જમીન ઉપર પોતાને ફંગોળ્યો.

૧૫૫૩ તેણે પોતાને એવો ઉદ્દામ રીતે ફંગોળ્યો કે પેલા હિંમતવાન માણસની કાયા ભાંગી પડી.

૧૫૫૪ જ્યારે તેણે પોતાને જમીન તરફ આમ ફંગોળ્યો, દૈવીભાવીએ તે જ પળે તેનો પગ પણ ભાંગ્યો.

૧૫૫૫ જ્યારે તેણે પોતાનો પગ બાંધ્યો અને કહ્યું, "હું એક દડો બનીશ, હું તેના બેટમાં વળાંક લેવા દડતો દડતો જઈશ.

૧૫૫૬ આના કારણે માટે મધુર વાણીવાળા 'સંતે' સવાર કે જે કાયામાંથી ઉતરતો નથી તેના ઉપર શ્રાપ ઉચ્ચાર્યા છે.

૧૫૫૭ માલિક માટેનો પ્રેમ લૈલાના પ્રેમ કરતાં વધુ નીચે કેમ બને ? તેના કારણે એક દડો બનાવવો એ વધુ કીંમતી છે.

સાથી મુસાફરો :- (1) વિવેક બુદ્ધિ
(2) કાયા.

૧૫૫૮ એક દડો બન, જ્યાં ઈમાનદારી હોય તે બાજુએ દડતો રહે, (અને) એના વળાંકમાં દડતો દડતો જા.

૧૫૫૯ કારણ કે હવે પછીની આ મુસાફરી ખુદાના ખેંચાણ (ના કારણે આધારીત) છે, જ્યારે પેલી (અગાઉની) ઉપરની મુસાફરી આપણી પ્રગતી છે.

૧૫૬૦ પ્રગતીની ખાસ પદ્ધતી આવી છે, કે જે માણસ જાત અને જીનનાં ખૂબજ પ્રયાસથી ચડીયાતું નીવડે છે.

૧૫૬૧ ખેંચાણ આવું છે, દરેક સામાન્ય ખેંચાણ નહિ, કે જેનાથી હ. આદમને (હ. મુહમ્મદને) શ્રેષ્ઠતા ઇનાયત થઈ. અને (હવે) છેલ્લી સલામ.

## ગુલામે પોતાને મળતી નક્કી કરેલ રકમમાં ઘટાડાની ફરીયાદ કરતી એક અરજી બાદશાહને લખી, તે વિષે.

૧૫૬૨ ગુલામ (ની વાર્તા તરફ પાછા ફરવા) ના ખાતર (આ મુદાઓ) ઉપરનું વિવરણ ટૂંકું કર, કે જેણે બાદશાહને એક સંદેશો લખ્યો છે.

૧૫૬૩ તે હુંસાતુંસી અને પોતાના માટે ઉચ્ચ અભીપ્રાય અને ધિક્કારભરેલું એક નિવેદન પેલા દયાળુ બાદશાહને મોકલાવે છે.

૧૫૬૪ કાયા એક પત્ર માફક છે, તેમાં ધ્યાન પરોવ (અને જો) કે તે બાદશાહ આગળ લાયક છે કે નહિ, પછી (તેની) પાસે લઈ જા.

૧૫૬૫ એક ખુણામાં જા, પત્ર ખોલ, (તેને) વાંચ. જો કે તેના શબ્દો બાદશાહોના લાયક છે કે નહિ-

૧૫૬૬ જો તે બંધબેસ્તા ન બનેલા હોય, તેને કટકા કરી ફાંડી નાખ, અને બીજા પત્ર લખ અને (ભુલ) સુધાર.

૧૫૬૭ પત્ર કે જે કાયા છે તેને ખોલવાનું સહેલું ધારતો નહિ, નહિતર દરેક જણ દિલની ગુપ્ત બાબત ચોકખી રીતે જોઇ શકે.

૧૫૬૮ પત્ર ખોલવો એ કેવું મુશ્કિલ અને કઠણ છે? એ મર્દોનું કામ છે, આંગળીના વેઢા ઉપર રમતા બચ્ચાઓનું કામ નથી.

૧૫૬૯ આપણે બધા પરિતૃપ્તીઓના કોષ્ટકથી (વાંચતાં) સંતોષાએલા બનીએ છીએ કારણ કે આપણે કંજુસાઇમાં અને વૃથા ઉમેદમાં પલળ્યા છીએ.

૧૫૭૦ પરિતૃપ્તિઓનું કોષ્ટક ગીધડાને માટે એક જાળ છે કે તેઓ પત્રકનું લખાણ પેલા કોષ્ટક જેવું છે તે વિચારે.

૧૫૭૧ મુખપૃષ્ઠ ઉઘાડ, આ શબ્દોમાંથી તારી ગરદન એક બાજુ ફરવતો નહિં, અને ખુદા સાચો રસ્તો સૌથી સારી રીતે જાણે છે.

૧૫૭૨ પેલું મુખપૃષ્ઠ એ જીભથી જાહેર કરાએલ નિવેદન જેવું છે, પત્રકમાં લખેલ બાબત એટલે કે (તારા આંતરીક ખુદને) મર્મસ્થાનને તપાસ.

કાયા = પત્ર માફક છે.

૧૫૭૩ (અને જો) કે તે તારી જાહેરાતથી સહમતીમાં છે કે નહિ. એટલા માટે, કે તમારા આમાલો પાખંડી બનેલા હોય.

૧૫૭૪ જ્યારે તમો એક ખૂબ જ વજનદાર કોથળો ઉપાડી જાઓ, ત્યારે તેમાં જોવા ચુકવું ન જોઈએ.

૧૫૭૫ કોથળામાં તમારી પાસે કેવી કડવી મીઠી (વસ્તુ) છે તે જોવા (ચુકવું નહિ), જો તે લઈ જવા માટે કિંમતી છે, તો જ લાવજો.

૧૫૭૬ નહિતર, (તેમાંના) પત્થરાઓથી તમારો કોથળો ખાલી કરો, અને આ નફા વગરની મહેનત અને નામોશીમાંથી પોતાને છોડાવજો.

૧૫૭૭ કોથળામાં તેજ મુકજો કે સાચા બાદશાહો અને શહેનશાહો આગળ લાવવાને લાયકાતવાળું હોય!

**એક મોટી પાઘડીવાળા પુનીતની વાર્તા અને એક માણસ તે પાઘડી ઉપાડી ગયો અને તેણે (પુનીતે) બુમ પાડી. "તેને ખોલી નાખ, અને તું શું ઉપાડી જાય છે તે જો, પછી (તારી મરજી પડે તો) તેને ઉપાડી જજે.**

૧૫૭૮ અમુક પુનીતે કેટલાંક જુનાં ચીંથરાં ભેગાં કર્યાં હતાં અને પોતાની પાઘડીમાં વીંટાળ્યાં હતાં.

૧૫૭૯ એટલા માટે તે મોટી બને અને જ્યારે તે 'હાતીમ'ના સભાગ્રહમાં આવે ત્યારે મહાન દેખાય.

૧૫૮૦ તેણે (જુદાં જુદાં) કપડામાંથી ચીંથરાઓ પીન લગાડી. જે ત્યાં હતાં, બહારની રીતે તેમનાથી પાઘડીને સુશોભીત બનાવી હતી.

૧૫૮૧ પાઘડીનો બહારનો દેખાવ બહિશ્તના પોષાક જેવો હતો. (પણ) તે પાખંડીની માફક અંદરમાં શરમજનક અને કંઢગો હતો.

૧૫૮૨ (દરવીશના ઝભ્ભાના) ગાભા અને ચામડાં પેલી પાઘડીની અંદર દટાએલાં હતાં.

૧૫૮૩ તેણે પોતાનો ચહેરો પ્રભાતમાં સભાગૃહ તરફ ફેરવ્યો કે આ ખોટા મોભાના કારણે તે (પાર્થીવ) આશીર્વાદો મેળવે.

૧૫૮૪ એક કપડાનો ચોર પોતાની કળા અજમાવવા અંધારા રસ્તા ઉપર રાહ જોતો ઉભો હતો.

૧૫૮૫ તેણે તેના માથા ઉપરથી પાઘડી ઝડપ મારીને પડાવી લીધી અને પછી દોડવું શરૂ કર્યું એટલા માટે કે તે પોતાનું કામકાજ પતાવી નાખે.

૧૫૮૬ એને લીધે પુનીતે તેના તરફ બુમ પાડી, કહીને, ઓ દીકરા, (પહેલાં) પાઘડી ખોલી નાખ પછી (તારી સાથે) લઈ જા.

૧૫૮૭ જેવી રીતે તું ચાર પાંખોથી (પુર ઝડપે) ભાગે છે, (તેવી જ ઝડપી) ઈનામ કે જે તું ઉપાડી જાય છે તેને ખોલી નાખ.

૧૫૮૮ તેને ખોલી નાખ અને તારા હાથથી અનુભવ કર, પછી જો તારી મરજી પડે તો ઉપાડી જજે, હું (તે) કબૂલ કરું છું.

૧૫૮૯ જ્યારે તે કે જે ભાગતો હતો તેણે તેને ખોલી, એકલાખ ચીંથરા રસ્તા પર નીચે પડયા.

૧૫૯૦ તેની પેલી 'ભવ્ય' પાઘડીમાંથી (લુંટારાના) હાથમાં માત્ર એક જુનો છેડો જ બાકી રહ્યો.

૧૫૯૧ તેણે ચીંથરા ભોંય પર પછાડયા; કહે, એ કિંમત વગરના આદમી, તારા આ ઢોંગે મને કામકાજ વગરનો બનાવ્યો.

## સંસારી માણસને સંસારની નીરવ ચેતવણી અને પેલાઓ કે જેઓ (તેમની સાથે) વિશ્વાસ રાખવાની આશા રાખે છે, તેની નાસ્તિકતા તે કેમ હટાવે છે તેના વિષે.

૧૫૯૨ તેણે પુનીતે કહ્યું, "મેં (તને) છેતર્યો છે, પણ (તેજ વખતે) મેં તને ચેતવણીના રસ્તે (સત્ય) બાબત જાહેર કરી છે.

૧૫૯૩ તેવી જ રીતે સંસાર તેના ખુશકારક ચેરવાથી (એક ભવ્ય દેખાવ કર્યો) તેજ વખતે એ (ચેતવણી) બુમ ઉચ્ચારી અને તેની નાસ્તિકતા જાહેર કરી.

૧૫૯૪ આ અસ્તિત્વ અને બગાડમાં, ઓ શેઠ, અસ્તિત્વ ઢોંગ છે અને પેલો પ્રપંચ ચેતવણી છે.

૧૫૯૫ અસ્તિત્વ કહે છે, આવો હું આહલાદજનક છું અને તેને બગાડ કહે છે, "ચાલ્યો જા, હું કંઈ જ નથી."

૧૫૯૬ ઓ તું કે જે વસંતઋતુની સુંદરતા તરફ (વખાણમાં) તારા હોઠ કરડે છે, પાનખરના ઠંડાપણા અને ફીકાશ તરફ નજર કર.

૧૫૯૭ તું દિવસ દરમ્યાન સૂર્યનો સુંદર ચહેરો નિહાળે છે, અસ્ત પામવાની પળે તેનું મૃત્યુ યાદ કર.

૧૫૯૮ તું પૂર્ણિમાનો ચાંદ આ સુંદર ચતુષ્કોણાકાર ઉપર જુએ છે ઘરણના વખત દરમ્યાન તેનો ગુસ્સો પણ લક્ષમાં લે.

૧૫૯૯ એક છોકરો પોતાની ખુબસુરતીના કારણે, લોકોનો માલિક બની બેઠો, આવતી કાલે તે નબળો બન્યો અને લોકોના કાંટા તરફ પદભ્રષ્ટ બન્યો.

૧૬૦૦ જો પેલાઓની કાયા યુવાની સર્વશ્રેષ્ઠ તબક્કાની તાજગીમાં તને પોતાનો શિકાર બનાવ્યો છે, ત્યારબાદ (તે) વૃદ્ધ થતાં તેની કાયા એક રૂના છોડ જેવી (સફેદ બની ગએલી) નિહાળ.

૧૬૦૧ ઓ તું કે જેણે ઉત્તમ ખાણીપીણીઓ જોઈ છે, જાગૃત થા અને પાયખાનામાં તેના અવશેષ જો.

૧૬૦૨ વિષ્ઠાને કહે, તારી ખુબસુરતી ક્યાં છે? સોડમ અને મધુરતા અને મીઠી સુગંધ ( કે જે ) રકાબીમાં હતી ( તે ક્યાં ગઈ ).

૧૬૦૩ તે જવાબ આપે છે, " તે ( ખુબસુરતી ) લલચામણી હતી, હું તેનો ફાંસો હતી. જ્યારે કે તું ( તેના ) શિકાર બન્યો છો, લલચામણી સંતાએલી બની છે.

૧૬૦૪ ઘણી આંગળીઓ કે જે હાથકળાના નિષ્ણાતોની અદેખાઈ હતી, આખરે કુજતી બની છે.

૧૬૦૫ આત્મા ( પ્રિતમની ) પ્રેમાળ મદમસ્ત આંખની માફક, આખરે તેને ઝાંખી જુએ છે અને તેમાંથી પાણી ટપકે છે.

૧૬૦૬ સિંહ ( બહાદુર ) કે જે સિંહો ( બહાદુર દુશ્મના ) ની હરોળમાં આગળ વધે છે, આખરે તેઓ ઉંદરથી જીતાય છે.

૧૬૦૭ ઘણે દુર નિહાળી શકતો સતેજ વિશિષ્ઠ માનસિક શક્તિનો કળાબાજ તેને આખરે એક ગધેડા જેવો મુઢ નિહાળે છે.

૧૬૦૮ ગોળ ફરતી કળ કે જે કસ્તુરી ( ના ભુક્કા ) વહાવે છે અને વિવેક બુદ્ધિ લઈ જાય છે. આખરે તે એક ગધેડાની કદ્રુપ સફેદ પુંછડી જેવી બને છે.

૧૬૦૯ તેનું ( દુનિયનું ) અસ્તિત્વ નિહાળ, શરૂમાં ( તે ) કેવી ખુશકારક અને આનંદમય છે અને અંતમાં તેની બેશરમાઈ અને બગાડો.

૧૬૧૦ કારણ કે તેણે જાળને ખુલ્લી બતાવી. તેણે મુર્ખની મુછ તારી હાજરીમાં જ ખેંચી કાઢી.

૧૬૧૧ પછી એમ ન કહેતો, " દુનિયાએ પોતાના છળકપટથી મને છેતરેલ છે, નહિતર મારી વિવેકબુદ્ધિ તેની જાળમાંથી ભાગી છુટી હોત. "

૧૬૧૨ હવે આપ, સોનાનો કૉલર અને કમરપટો, એક બેડી અને સાંકળ અને ચક્રાવર્તન ( કેમ ) બન્યો તે નિહાળ.

૧૬૧૩ દુનિયાની બધી વસ્તુઓ આના જેવી બનવાની ગણત્રી કર, તેનું શરૂ અને અંત ગણત્રીમાં લાવ.

૧૬૧૪ હરકોઈ જેમ જેમ વધુ અંત જુએ છે, તે વધુ આશીર્વાદીત છે, હરકોઈ જેમ જેમ વધુ તબેલો જુએ છે તે વધુ શ્રાપીત છે.

૧૬૧૫ દરેક જણનો ચહેરો ભવ્ય ચંદ્રમા જેવો નિરખ, જ્યારે તેં શરૂઆત જોઈ છે, અંત ( પણ ) જો.

૧૬૧૬ રખેને તું ઇબલીસની જેમ એક આંખે આંધળો માણસ બને, તે એક બાંધેલ માણસ જેવો ( એકતું ) અર્ધું જ જુએ છે, બીજું અર્ધું જોતો નથી.

૧૬૧૭ તેણે હ. આદમની માટી ( ટીન ) જોઈ પણ ખુદી તરફનું તેનું આજ્ઞાંકિતપણું ( દીન ) જોયું નહિ. તેણે તેનામાં આ દુનિયા જોઈ પણ તે આત્મા કે જે પેલી દુનિયા જોતો હતો તે જોયો નહિ.

૧૬૧૮ ઓ બહાદુર સ્ત્રીના કરતાં પુરૂષની સરસાઈ જોરના કારણે અને પૈસા બનાવવાના કારણે અને સ્થાવર જંગમ મીલ્કતના કારણે નથી.

૧૬૧૯ નહિતર, ઓ મારા કાકા, સિંહ અને હાથી ( તેઓમાં ) જોરના કારણે માણસ જાતથી સરસાઈ ભોગવતા હોત.

૧૬૨૦ ઓ વખતના દાસ, માણસોની સ્ત્રીઓ ઉપર સરસાઈ છે, કારણ કે માણસ અંતમાં વધુ વીરખનાર છે.

૧૬૨૧ માણસ કે જે અંત જોવાની બાબતમાં વળેલો છે, તે એક સ્ત્રીની માફક પેલા અંતથી જાણીતા થએલાથી હલકો છે.

૧૬૨૨ દુનિયામાંથી ( એક બીજાની ) વિરૂદ્ધાઈની બે બૂમો આવે છે, તું તેનાથી અનુકુળ છે તે તું ( પોતે જ ધારી લેજે ).

૧૬૨૩ તેની એક બૂમ ( રૂહાનીયત ) જીવન તરફ ભક્તિભાવમાં ઝડપ કરવાના ( કારણેની ) છે, અને તેની બીજી બૂમ અધમતાને ફોસલાવવાની છે.

૧૬૨૪ ( દુનિયા કહે છે ), ઓ મીઠા ચાહક, હું કાંટાવાળું ફુલ છું. ફુલ ખરી પડશે અને હું ( માત્ર ) કાંટાની ડાળ રહી જઈશ.

૧૬૨૫ તેની ( દુનિયાના ) ફુલની બૂમ છે, “ અહીં ફુલ વેચનાર છે, તેના કાંટાની બૂમ છે, મારા તરફ આગળ વધવાની તનતોડ મહેનત ન કરતો.

૧૬૨૬ ( જો ) તેં આ ( મોહક બૂમ ) સ્વીકારવા પ્રત્યુતર આપ્યો ( તો ) તું બીજાથી મુકી દેવાયો છો, કારણ કે એક પ્રેમી ( તેની ) ચાહક વસ્તુના પ્રતિસ્પર્ધીથી બહેરો છે.

૧૬૨૭ એક બૂમ આ છે, “ હું અહીં તૈયાર છું ” બીજી બૂમ છે. મારા પાછલા અંત ઉપર નજર, કર.

૧૬૨૮ મારૂં તૈયારી પણ તરકટ અને અટકાયત જેવું છે, અંતની પ્રતિકૃતિ અરીસામાં શરૂઆતમાંથી જ નિહાળ.

૧૬૨૯ જ્યારે તું આ બે કોથળમાંથી એકમાં ગયો છે, તું વિરોધી બન્યો છો અને બીજા તરફ બંધ બેસતો નથી.

૧૬૩૦ અરે ( ખરો ) સુખી તે છે કે જેણે શરૂઆતમાં જ સાંભળ્યું કે જે સમજણો અને ( પવિત્ર ) માણસોના રૂહાનીયત કાનોએ સાંભળ્યું હતું.

૧૬૩૧ ( જો ) તે ( દુનિયાએ ) ઘર ( દિલ ) ખાલી માલમ પડયું છે અને ( ત્યાં ) રહેઠાણ કર્યું છે, બીજું બધું તેને ( ઘરના માલિકને ) અનિષ્ઠ થએલું અથવા ( વિષેશમાં વિષેશ ) લાગશે,

૧૬૩૨ ( તેથી ) એક નવા ઘડાથી કે જેણે પોતાની મેળે પિશાબ ખેંચ્યો છે, પાણી ( તેમાંથી ) ગંદકી અલગ કરી શકતી નથી.

૧૬૩૩ દુનિયામાં દરેક ચીજ કંઈ કે કંઇ (પોતા તરફ) ખેંચે છે. નાસ્તિકતા નાસ્તિકને અને સચ્ચાઈ તેને કે જે 'સત્યપંથે' દોરવાયો છે, ખેંચે છે.

૧૬૩૪ ત્યાં અમ્બર અને લોહચુમ્બક બન્ને છે. ભલે પછી તમો લોઢું હો કે તણખલું તમો જરૂર આકર્ષાશો.

૧૬૩૫ લોહચુંબક જો તમે લોઢું હશો તો ઉપાડી જશે, અને જો તમો તણખલું હશો તો તમો અમ્બરના સમાગમવાળા બનશો,

૧૬૩૬ જ્યારે કોઇ પણ ભલા સાથે સબંધીત થયો નથી, તો તે અનિવાર્યપણે દુષ્ટનો એક સાથીદાર બનશે,

૧૬૩૭ હ. મુસા (અ.સ.) મિસરીઓની આંખોમાં ઘણુજ તિરસ્કારણીય હતા. ઇઝરાઇ-લીઓની આંખોમાં હામાન ખૂબ જ વધુ પડતો શ્રાપીત છે.

૧૬૩૮ હામાનનો આત્મા મિસરીઓને (પોતા તરફ) ખેંચતો હતો. હ. મુસા (અ.સ.)નો આત્મા ઇઝરાઇલીઓને શોધતો હતો.

૧૬૩૯ ગધેડાનું પેટ ઘાસને (ગળતી વેળાએ) (પોતા તરફ) ખેંચે છે. આદમ (માણસ)નું પેટ એક ઘઉંનો સેરવો ખેંચનારૂં છે,

૧૬૪૦ જો, (અજ્ઞાનતાના) અંધારાના કારણે, તું એક માણસને ઓળખી ન શકે તો તેના તરફ જો કે જેને તેણે પોતાનો "ઇમામ" બનાવ્યો છે,

**આત્મજ્ઞાનીનો આહાર "ખુદાના નૂર" (નો બનેલો) હોય છે, કારણ કે (પયગમ્બર સાહેબે કહ્યું છે) "હું મારા માલિક સાથે રાત્રી પસાર કરૂં છું. તે મને ખાવાનું અને પીવાનું આપે છે" અને પ્રબળ ઇચ્છા ખુદાનો ખોરાક છે કે જેનાથી તે સાચાઓની કાયાઓને (આત્માઓને) સજીવન કરે છે, એટલે કે 'પ્રબળ ઇચ્છાસાં ખુદાનો ખોરાક' (તેમને) પહોંચે છે, તે સમજાવવા વિષે.**

૧૬૪૧ દરેક ખોલકું તે જે તેની માદા તરફ જાય છે, કે જેથી તેનું તેનો એક મળતીઓ બનવાનું સ્પષ્ટ બને છે.

૧૬૪૨ માનવ વ્યક્તિનું દુધ છાતી (ઉપરના અર્ધા)માંથી આવે છે, ગધેડાનું દુધ નીચેના અર્ધામાંથી આવે છે.

૧૬૪૩ તે 'કમ્પાઉન્ડર'નો ઇન્સાફ છે, તે વિતરણની પ્રક્રિયાનું કાર્ય છે. નવાઇ આ છે, કે (દૈવી વિતરણની પ્રક્રિયાના કાર્યમાં) ફરજીયાતપણું કે અન્યાય નથી.

૧૬૪૪ જ્યાં ફરજીયાતપણું છે. ત્યાં પસ્તાવો કેમ બને? જ્યાં અન્યાય છે, ત્યાં રક્ષણ કેમ બને?

૧૬૪૫ દિવસ પુરો થયો છે, પાઠ આવતી કાલે થશે. આ જીંદગીનો દિવસ આ ગુઢાર્થનો કેમ સમાવેશ કરશે?

માનવ દૂધ – છાતી ઉપરના અર્ધામાંથી
જાનવરનું દૂધ – નીચેના અર્ધામાંથી

૧૬૪૬ ઓનું કે જેણે એક અધમના શ્વાસમાં (વૃથા શબ્દો) અને ખુશામતમાં પોતાનો બધો વિશ્વાસ મૂક્યો છે,

૧૬૪૭ તેં પરપોટાઓનો એક તંબુ ઉભો કર્યો છે, અંતમાં (તો માલુમ પડશે કે) તે તંબુને ખૂબ જ હલકા દોરડાં હતાં.

૧૬૪૮ દંભ વિજળી જેવો છે. અને તેના ચમકારામાં મુસાફરો રસ્તો જોઈ શકતા નથી.

૧૬૪૯ આ દુનિયા અને તેના લોકો જરા જેટલા પણ લાભકર્તા નથી. બન્ને (તેઓના) અવિશ્વાસુપણાની બાબતમાં સહમત છે,

૧૬૫૦ દુનિયાના પુત્ર (સંસારી માણસ) દુનિયા જેવો જ અવિશ્વાસુ છે, ભલે તે પોતાનો ચહેરો તારા તરફ ફેરવે, તે ચહેરો (ખરેખર તો) (પાછલી) ગરદન છે,

૧૬૫૧ પેલી (બીજી) દુનિયાના લોકો પેલી દુનિયા જેવા છે, (તેઓની) ઇમાનદારીના કારણે (તેઓની) સમજુતી અને વચન (પાલનમાં) તેઓ કાયમના માટે ચાલુ રહે છે,

૧૬૫૨ વાસ્તવમાં કયારે બે પયગમ્બરો એક બીજાથી વિરૂદ્ધ વર્ત્યા? કયારે તેઓએ (પોતાના) જાહેરી ચમત્કારો (રૂહાનીયત શક્તિઓ અને વિશેષ અધિકારો) એક બીજાથી વિકૃત કર્યા?

૧૬૫૩ પેલી દુનિયાનું ફળ નીરસ કેમ બને? બૌદ્ધિક આનંદ દિલગીરીમાં ફેરવાતો નથી.

૧૬૫૪ નફસે અમ્મારા (દુષ્ટ મન) (કોઇ વચનથી) બંધાએલ નથી. કારણ કે તે કરવાથી તેને મારી નાખવું જોઇએ. તે હલકટ છે, હલકાઈ લાંછન છે કે જેનાથી તેની ઇચ્છાઓ દોરવાણી છે.

૧૬૫૫ આ સભાગૃહ (દુનિયા) નફસે અમ્મારાઓ (દુષ્ટ અંતઃકરણો) માટે બંધબેસતી છે. કબર અને કફન મરેલાને માટે બંધ બેસતા છે.

૧૬૫૬ જો કે દુષ્ટ મન વિચારવંત અને સતેજ છે પણ તેનો 'કિલ્લો' (લક્ષ્યસ્થાન) આ દુનિયા છે, (તેથી) તેને મરેલા જેવો સમજ.

૧૬૫૭ (પણ જ્યારે) ખુદાની પ્રેરણાનું પાણી આ મરેલા (આત્મા)ને પહોંચે છે, જીવંત (આત્મા) એક શબની કબરમાંથી (જાગીને) દ્રષ્ટિમાં આવે છે.

૧૬૫૮ જ્યાં સુધી કે પ્રેરણા આવે (તે દરમ્યાન) તું "તેની જીંદગી લાંબી બનો!" ની પેલી મોહજાળમાં છેતરાએલો બનતો નહિ.

૧૬૫૯ અભિવાદન અને કિર્તી કે જે મરી જતી નથી તેને શોધ, સુર્યનું તેજસ્વીપણું કે જે અસ્ત થતું નથી.

૧૬૬૦ પેલાં ગહન વિજ્ઞાનો અને વાદવિવાદો ફિરઔનના લોકો જેવા છે, મૃત્યુ નાઈલ-નદીના પાણી માફક છે,

૧૬૬૧ જો કે તેઓનો ઝગઝગાટ અને આડંબર અને દેખાવ અને મંત્ર લોકોને ગરદનની કાંધથી ખેંચે છે,

૧૬૬૨ તે બધું જાદુગરોના મંત્રો જેવું છે તે જાણ, મૃત્યુ (હ. મુસા અ. સ.)ના દોરડું કે જે અજગર બન્યું તેના જેવું જાણ.

૧૬૬૩ તેણે (તેઓની) બધી જાદુગીરીનો એક કોળીઓ કર્યો. જગત અંધકારથી ભરેલું હતું. પ્રભાત તેને હડફ કરી ગયું.

૧૬૬૪ પ્રકાશ પેલા હડફ કરવાના (કાર્ય) અંગે ઘણો કે વધુ મોટો બનાવાયો ન હતો. નહિ તે અગાઉ હંમેશાં હતો તેવો જ છે.

૧૬૬૫ તે અસરની બાબતમાં (કે જે તેણે ઉત્પન્ન કરી છે) તેથી વધેલ છે, પણ તેના સત્યની બાબતમાં નહિ. સત્યને વધઘટ સાથે લેવાદેવા નથી.

૧૬૬૬ ખુદા દુનિયાને અસ્તિત્વમાં (તેના) લાવવાથી વધ્યો નથી. કે જે જેવો અગાઉ ન હતો તેવો અત્યારે બન્યો નથી.

૧૬૬૭ પણ પેદા કરાએલી ચીજોને અસ્તિત્વમાં તેના આણવાથી (ઇન્દ્રિયગમ્ય હસ્તિઓની) અસર વધારવામાં આવી.

૧૬૬૮ અસરનું વધવું એ તેનું પ્રગટીકરણ છે, એટલા માટે કે તેના ગુણ ધર્મો અને કાર્ય દ્રવ્યમય બનાવાય.

૧૬૬૯ (કહેવાતા) સત્વનું કાંઈ પણ વધવું એ સાબીતી છે કે તે (સત્વ) નિર્માણ ઠરેલું છે અને નિમિતોને તાબે છે.

**હ. મુસાએ પોતાના દિલમાં એક બીકનો વિચાર કર્યો; અમે કહ્યું, "બી નહિ, ખરેખર તું ચઢીયાતા દરજ્જાનો બનીશ."નું વિવરણ.**

૧૬૭૦ હ. મુસા (અ. સ.) એ કહ્યું, "જાદુ પણ એક ગભરાવતી વસ્તુ છે, હું કેમ વર્તીશ? કારણ કે આ લોકોને પરખ શક્તિ નથી."

૧૬૭૧ ખુદાએ કહ્યું, "હું પરખશક્તિ પેદા કરીશ, હું પારખી ન શકતા મનને (સત્ય) જોતું બનાવીશ.

૧૬૭૨ અલબત્ત તેઓ (જાદુગરો) સમુદ્રની માફક ફીણ ઉંચા કર્યાં છે, ઓ મુસા, તું સરસાઈ ભોગવીશ, બીતો નહિ.

૧૬૭૩ જાદુ તેના પોતાના વખતમાં ભવ્ય હતું. (પણ) જ્યારે દોરડું એક અજગર બન્યું છે, પેલી (જાદુની કળાઓ) નામોશીભરી બની છે.

૧૬૭૪ દરેક જણ ભવ્ય અને લાવણ્ય તરફ ઢોંગ કરે છે, મૃત્યુનો પત્થર આ લાવણ્યો માટે 'ટચ સ્ટોન' (કસોટીનો પત્થર) છે.

સત્યને વધઘટ સાથે લેવાદેવા નહિ

૧૯૭૫ જાદુ ગયું છે, અને હ. મુસા ( અ. સ. ) ના ચમત્કાર ભુતકાળ બનેલ છે. બન્નેનેં જોતાં, કટોરો ( ખરી હાલત જાહેર કરવાની ) છત્ર ઉપરથી પડી ગયાં છે.

૧૯૭૬ જાદુના કટોરાના અવાજે બદદુઆ સિવાય પાછળ શું મુકયું છે? મઝહબના કટોરાના અવાજે ભવ્યતા સિવાય પાછળ શું મુકયું છે?

૧૯૭૭ જ્યારે કે કસોટીનો પત્થર માણુસ અને સ્ત્રીથી સંતાએલ બન્યો છે, ઓ ભેળ-સેળિયા સિક્કા, હવે ( અસલ સિક્કાની ) હરોળમાં આવી જા, અને ડંફાશ માર,

૧૯૭૮ ડંફાશ મારવાનો અત્યારે વખત છે, જ્યારે કે કસોટીનો પત્થર ગેરહાજર છે, ત્યાં સુધી તેઓ એક હાથમાંથી બીજા હાથમાં માનપુર્વક પસાર કરશે.

૧૯૭૯ ભેળ સેળિયો સિક્કો મને ગર્વપૂર્વક હંમેશાં કહેનો હતો. " ઓ ચોકખા સોના, હું તારાથી કેમ ઉતરતો છું.

૧૯૮૦ સોનું કહે છે, હા. ઓ સાથી ચાકર, પણ કસોટીનો પત્થર આવે છે, તૈયાર બનજે."

૧૯૮૧ ગુઢાર્થના નિષ્ણાત માટે કાયાનું મૃત્યુએ ( આવકારદાયક ) બક્ષિશ છે, ચોકખા સોનાને કાતરોથી શું નુકશાન છે?

૧૯૮૨ જો ભેળસેળિયા સિક્કાએ પોતાને લગતો અંત જોયો હોત, તો તે શરૂઆતમાં જ એક કાળી ( વસ્તુ ) બનેલ હોત કે જે તે અંતમાં બની.

૧૯૮૩ જ્યારે ( પેલી વાતમાં ) તે શરૂઆતમાં કાળી બનેલ હોત. ( અસલ સિક્કા સાથે ) મોઢામોઢ આવવામાં તે બેવફાઈ અને ધિક્કારવામાંથી દૂર બન્યો હોત.

૧૯૮૪ તેણે ( દૈવી ) દયાના કિમીયો ગોત્યો હોત, તેની વિવેકબુદ્ધિએ તેના પ્રપંચ ઉપર સરસાઇ મેળવી હોત.

૧૯૮૫ જ્યારે કે તેનો ( હલકી ) હાલતના કારણે ભગ્નદિલ બનેલ છે. તેને પહેલાં તેને કે જે ભાંગેલાને સાંધે છે તેને જોએલ હોત.

૧૯૮૬ ( જ્યારે ) તેણે અંત જોયો અને ભાંગેલો બન્યો, કે તુર્ત જ તેને હાડકાં બેસાડ-નારથી પાટો બંધાયો.

૧૯૮૭ ( દૈવી ) દયા જસતના કટકાઓને કિમીયા તરફ ઉશ્કેરે છે, સોનાનો ઢોળ ચડાવેલ ( સિક્કો ) ( દૈવી ) દયાથી વંચિત રહો.

૧૯૮૮ ઓ ઢોળ ચડાવેલ સિક્કા, પ્રપંચો કર નહિ, જાણી લેજે કે તારો ખરીદનાર ( હંમેશાં ) આવો આંધળો રહેશે નહિ.

૧૯૮૯ ( કયામતના દિવસના ) સંમેલનની જગ્યાનો પ્રકાશ તેઓની ( ખરીદ કરનારાઓની ) આંખો જોતી બનાવશે અને તારી ( તેઓની ) નજર બંધ કરવી ખુલ્લી બની જશે.

૧૯૯૦ પેલાએ કે જેઓએ અંત જોયો છે તેના તરફ નિહાળ, તેઓ આત્માઓની અજાયબી અને આંખની અદેખાઇ છે.

૧૬૯૧ પેલાઓ કે જેઓએ અંત જોયો છે તેના તરફ નિહાળ, તેઓની આંતરિક ખુશી ઢંગી છે, તેઓ હકીકતમાં 'સત્ય'થી કપાઈ ગયા છે.

૧૬૯૨ વર્તમાનને જોનાર, કે જે અજ્ઞાનતા અને શંકામાં છે (તેના માટે) સાચું પ્રભાત અને ખોટું પ્રભાત બન્ને (એક સરખાં છે.)

૧૬૯૩ આ સુવાન, ખોટા પ્રભાતે એક લાખ વણજારોને નાશનાં પવનને આપ્યાં છે.

૧૬૯૪ એવું અસલપણું નથી કે જેને એક ખામીવાળું હિસાબી મેજ ન હોય, આત્મા કે જેની પાસે કસોટીનો પત્થર અને કાતરો નથી તેના માટે અફસોસ,

## ખોટો દાવો ધરાવનારને મિથ્યાડંબર છોડી દેવાની ચેતવણી અને (સાચા રાહનુમા 'ઈમામ') ને અનુસરવા આદેશ આપવા વિષે

૧૬૯૫ બુ મુસા ઇલીસે (નબીના ખોટા દાવેદારે) કહ્યું, "હું પોતેજ એક આહમદ (હ. મુહમ્મદ) છું મેં હ. આહમદના દીનને ઢોંગીપણાથી નિષ્ફળ બનાવ્યો છે.

૧૬૯૬ બુ મુસાઇલીમને કહો, અસભ્યતાથી વર્તો નહિ, શરૂઆતમાં ખોટે રસ્તે ભરમાવ નહિ, અંત નિહાળ.

૧૬૯૭ દોલત એકઠી કરવાની લાલસામાં આમ દોરવણી આપનાર 'હાદી') તરીકે ન વરત, પાછળ અનુસર, એટલા માટે કે મીણબત્તી (સાચો 'રાહબર') (તારી) આગળ ચાલે.

૧૬૯૮ મીણબત્તી ચંદ્રમણી માફક, (મુસાફરનું) અંતિમ મુકામ (ચોકખી રીતે) બતાવે છે, આ દિશામાં અના જ (રૂહનીયત લાભ) અથવા સકંજા માટેની (દુ:ખની) જગ્યા છે.

૧૬૯૯ તું અનુસરીશ કે નહિ પણ જ્યાં સુધી તું 'બતી' (રૂહાની રાહબર) ની સાથે છો, બાજનું રૂપ અને કાગડાનું રૂપ (તને) દ્રષ્યમાન બનશે.

૧૭૦૦ નહિતર, (ખબરદાર રહેજે, કારણ કે) આ કાગડાઓએ ઢોંગની (બતી) સળગાવી છે, તેઓ સફેદ બાજોના અવાજ શીખ્યા છે.

૧૭૦૧. ભલે એક માણસ 'હુદ હુદ'ની રાડ શીખે (છતાં) 'હુદ હુદ' નું ગુઢાર્થ અને 'સબા' માંનો સંદેશો ક્યાં છે?

૧૭૦૨ બનાવટીમાંથી કુદરતી અવાજ વચ્ચેનો ભેદ પારખ. હુદહુદની (કલગી) તાજમાંથી બાદશાહોના તાજ નો ભેદ પારખ.

૧૭૦૩ આ શરમ વગરના માણસોએ પોતાની જીભો ઉપર દરવેશોની વાણી લગાડી છે અને બ્રહ્મજ્ઞાનનાં ઉંડા કારણો (લગાડયાં છે)

૧૭૦૪ જુના જમાનાના દરેક લોકોનો નાશ થયો કારણ કે તેઓએ પગરખાંના લાકડાને (સામાન્ય) લાકડું હોવાનું જોયું.

બતીની સાથે હોતાં < કાગડા / બાજ નું રૂપ દેખાશે.

૧૭૦૫ તેઓને પરખશક્તિ હતી કે પેલા (ભેદભાવ) જાહેર બનાવે. પણ લોભ અને કંજુસાઈ (માણસને) આંધળો અને બહેરો બનાવે છે.

૧૭૦૬ (શારીરિક) આંધળાનો અંધાપો (દૈવી) દયાથી દૂર નથી, હોતો. તે કંજુસાઈનો અંધાપો છે કે જે માફીને લાયક હોતો નથી.

૧૭૦૭ વધસ્થંભ ઉપર ખીલાથી જોડી મારવું (સખત દુઃખ), બાદશાહ (ખુદા) થી દેવું તે દયાથી દુર નથી અદેખાઈના વધસ્થંભ ઉપર ચડાવવું (મહા દુઃખ) દેવું, (ખુદા) માફ કરતો નથી.

૧૭૦૮ ઓ મચ્છી, અંત નિહાળ, હુક નિહાળ નહિ હલકી તૃષ્ણાએ તારી આંખ કે જે અંત જુએ છે તેને માટે બાંધ્યો છે.

૧૭૦૯ શરૂઆત અને અંત બન્ને આંખોથી જો ખબરદાર રહેજે શ્રાપિત ઈબલીસની માફક એક આંખવાળો બનતો નહિ.

૧૭૧૦ એક આંખવાળો માણુસ તે છે કે જે વર્તમાન જુએ છે, જનાવરોની માફક અજ્ઞાત હવે પછી (આવનાર જોતો નથી),

૧૭૧૧ તે કારણે એક બળદની બે આંખોને (એક માણુસની) એક આંખ જેવી ગણત્રી થાય છે, તેઓના (નાશ) માટેના નુકશાનમાં તેને (બળદને) ઉત્તમ ગુણ હોતા નથી.

૧૭૧૨ તેની બે આંખો તેની કીમત અર્ધા જેટલી છે, જેવી રીતે કે તારી આંખ તેની બે બે આંખોના ટેકા જેવી છે.

૧૭૧૩ પણ જો તું આદમના દીકરાની એક આંખ ફોડી નાંખે, બંધારણના એક કાયદા પ્રમાણે તેની કીંમતનું અર્ધું તારે ભરી દેવું જોઈએ.

૧૭૧૪ કારણ કે માણુસજાતની આંખ એક દોસ્તની બે આંખોની (મદદ) વગર પોતાની મેળે કામ કર્મે જાય છે.

૧૭૧૫ તે કારણે ગધેડાની આંખની (શક્તિ) શરૂઆત જોવા, અંત જોવાની શક્તિથી જોડાએલી નથી, તે (ગધેડા) એક આંખવાળા માણુસની માફક છે (ભલે) તેને બે આંખો હોય.

૧૭૧૬ આ મુદ્દાનો અંત નથી, અને પેલા ઓછા સમજવાળા (મુર્ખ), રોટલાઓની આશામાં એક કાગળ લખે છે.

## પોતાની બાંધી આપેલ રકમ માટે એક અરજી લખનારા ગુલામની બાકી રહેલી વાર્તા.

૧૭૧૭ પત્ર (લખવા) પહેલાં તે રસોડાના કારભારી પાસે ગયો અને કહ્યું, "ઓ દયાળુ બાદશાહના રસોડાના કંજુસ.

૧૭૧૮ તે તેનાથી અને તેની ઉદારતાથી દુર છે. આ મારી બાંધેલી રકમની (નાની) રકમ (બાબત), તેની ગણત્રીમાં આપી,



એક આંખ વાળો → વર્તમાન જુએ છે.

૧૭૧૯ તેણે (કારભારીએ) કહ્યું, "તેણે આમ કોઈ ભલા કારણે હુકમ કર્યો છે, નહિ કે કૃપણતા અથવા બંધ મુઠીના કારણે.

૧૭૨૦ તેણે જવાબ આપ્યો, ખુદાના કસમ, આ ખોટી અફવા છે, જુનું સોનું પણ બાદશાહની આંખમાં ધુળ જેવું છે.

૧૭૨૧ કારભારીએ દસ જાતની દલીલો રજુ કરી. તેણે તે બધી (દલીલો) તેની કંજુસાઈ કે જે તેનામાં હતી તે કારણે રદ કરી.

૧૭૨૨ બપોરના જમણ વખતે જ્યારે તેની (હંમેશ મુજબ) ની રકમ ઘટાડવામાં આવી તે નિંદા કરવામાં ઘણું બોલ્યો (પણ) તે કાંઇ કામનું ન હતું.

૧૭૨૩ તેણે કહ્યું, "તમો આ વસ્તુ ઇરાદાપૂર્વક કરો છો," બીજાએ કહ્યું, "નહિ, અમો (રાજા) ના હુકમને તાબે છીએ."

૧૭૨૪ આ શાખામાંથી છે તેથી ગણના નહિ કર, મુળમાંથી તેની ગણના કર. પણછ તરફ ઘા કર નહિ. કારણ કે તીર (ખરેખર) તો હાથથી છુટેલ છે.

૧૭૨૫ (શબ્દો) "તેં ફેંકી ન હતી જ્યારે કે તેં ફેંકી" એ (માણસની સમજણની) કસોટી છે, પયગમ્બર સાહેબ ઉપર દોષ ન દે, કારણ કે પેલું (ફેંકવું) એ એક ખુદામાંથી (આવેલ કાર્ય હતું).

૧૭૨૬ પાણી મુળમાંથી જ ડહોળું છે, ઓ તું કે જે નકામો ગુસ્સે છો, આગળ દ્રષ્ટિ કર. એક વાર તારી આંખ ખોલ.

૧૭૨૭ તે ગુસ્સા અને આવેશમાં અમુક જગ્યાએ ગયો અને બાદશાહને એક ગુસ્સા ભરેલો પત્ર લખ્યો.

૧૭૨૮ પત્રમાં તેણે બાદશાહની સ્તુતિ ગાઇ અને બાદશાહની મહાનતા અને ઉદારતાના મોતી પરોવ્યાં.

૧૭૨૯ કહે ઓ તું કે જેનો હાથ માગણી કરનારની જરૂરીયાત પુરી કરવામાં સમુદ્ર અને વાદળાંઓથી વધી જાય છે.

૧૭૩૦ કારણ કે તે જે વાદળાં આવે છે, તે આંસુ સહીત આવે છે, (જ્યારે) તારો હાથ (દયાનો) ખુમચો હસતા મુખે અતૂટપણે મુકે છે.

૧૭૩૧ જો કે પત્રનો બહારનો દેખાવ વખાણ કરતો હતો. (પણ) વખાણની અંદર ગુસ્સાની વાસના પગલાં દેખાડતી હતી.

૧૭૩૨ તમારા બધા આમાલો પ્રકાશથી વંચીત અને કઢંગા છે કારણ કે તમો દુર, તમારી અસલ પ્રકૃતિના પ્રકાશથી ઘણે દુર છો.

૧૭૩૩ દુષ્ટના કાર્યોનો ભપકો, જેમ તાજાં ફળો જલ્દીથી સડેલાં બને છે તેમ કરમાઇ જાય છે,

૧૭૩૪ વર્તમાન જીવનનો ભપકો જલ્દીથી કરમાય જાય છે. એટલે કે તે પેઢી અને ઢોંગની દુનિયાથી સબંધિત છે.

૧૭૩૫ જ્યારે પ્રશંસકમાં દુશ્મનાઇની ભાવના હોય છે ત્યારે પ્રશંસાથી અંતઃકરણોમાં ખુશી થતી નથી.

૧૭૩૬ ઓ દિલ, દુશ્મનાઇ અને નફરતથી પવિત્ર બની જા, અને પછી ગા, "અલ હમ્મદ લિલ્લાહ" અને (તેની ખીદમતમાં) લાગી જા.

૧૭૩૭ તારી જીભ ઉપર "અલ હમ્દલિલ્લાહ" અને અંદર નફરત એ જીભના ભાગ ઉપર નાસ્તીકતા અથવા લુચ્ચાઇ છે.

૧૭૩૮ અને વધુમાં ખુદાએ કહ્યું, "હું બહારની બાજુ જોતો નથી. હું આંતરિક લક્ષમાં રાખુ છું.

એક પ્રશંસક ખ્યાતી માટે લક્ષ આપવામાં પોતાના વખાણના પાત્રનો ઉપકાર માનતો હતો જ્યારે તેની આંતરિક વ્યથા અને દુઃખની (નિશાનીઓ) વાસ અને તેના બહારના કપડાંલતાના ચીંથરેહાલ બતાવતું હતું કે પેલાં આભારનાં સંબોધનો વૃથા અને જુદાં હતા, તેની વાર્તા.

૧૭૩૯ અમુક માણસ ફાટેલા કોટમાં (વિંટળાએલો) ઈરાનમાંથી (બેર) આવ્યો, તેના દોસ્તોએ (તેમનાથી) તેની જુદાઈ સંબંધી તપાસ કરી.

૧૭૪૦ તેણે જવાબ આપ્યો, "હા. જુદાઈની (દિલગીરી) હતી, પણ મુસાફરી ખૂબ જ આશીર્વાદીત અને શુભ સમાચાર આપનારી નીવડી.

૧૭૪૧ કારણ કે ખલીફાએ મને માનના દસ પોષાકો આપ્યા, તેના ઉપર એકસો વખાણો અને પ્રશંસા હોજો !

૧૭૪૨ તે આભારનાં અને વખાણનાં લાક્ષણિક ગીતો ગાતો હતો, ત્યાં સુધી કે તે આભારને સીમા અને હદને વટાવી ગયો.

૧૭૪૩ પછી તેઓએ તેને કહ્યું, "તારો કંગાળ ખોટો દેખાવ તારા જુઠાણાની સાક્ષી પુરે છે."

૧૭૪૪ (તું) નગ્ન, ઉઘાડા માથાવાળો, (દુઃખોથી) તવાઇ ગએલો તેં આ આભારદર્શનો ચોરેલાં છે અથવા શીખ્યો છો.

૧૭૪૫ તારા બાદશાહ તરફનાં વખાણ અને ઉપકારની નિશાનીઓ તારા આ કરમાએલા મોઢા અને પગો ઉપર કયાં છે ?

૧૭૪૬ જો કે તારી જીભ પેલા બાદશાહના વખાણ (કરવામાં) ગુંથાય છે (છતાં) તારા સાતેઇ સભ્યો (તારી કાયા) (તેની) ફરીયાદ કરે છે,

૧૭૪૭ પેલા બાદશાહ અને દાનવીર સુલતાનના દાનમાં તારા માટે એક જોડ જોડા અને (સુરવાલ માટે જગ્યા ન હતી).

૧૭૪૮ તેણે જવાબ આપ્યો, જે તેણે ઇનાયત કર્યું તે મેં આપી દીધું, બાદશાહે કાળજી રાખવાના રસ્તામાં કાંઇ બાકી રાખેલ નહિ.

૧૭૪૯ મેં બધી જ ભેટો બાદશાહ પાસેથી મેળવી અને અનાથો અને ગરીબો વચ્ચે તેમને વહેંચી આપી.

૧૭૫૦ મેં માલમિલ્કત આપી દીધી અને બદલામાં ( અંનતકાળની ) લાંબી જીંદગી મેળવી કારણ કે હું સંપૂર્ણપણે મારી કુરબાની કરનાર હતો.

૧૭૫૧ પછી તેઓએ તેને કહ્યું, " તારા પર આશીર્વાદ હોજો ! ધનદોલત ગઇ છે, ( તો પછી ) આ કોલસામાંથી કાઢેલા તેલનો ધુમાડો તારામાંથી કેમ છે ?

૧૭૫૨ એક સો કાંટા જેવા ધિક્કારો તારા દિલમાં છે, આનંદની નિશાની વ્યથા કેમ બને !

૧૭૫૩ પ્રેમની અને સખાવતની અને ( ખુદાથી ) ખુશી હોવાની, જો જે વીત્યું તે જે તેં કહ્યું તે સાચું હોય તો નિશાનીઓ કયાં છે ?

૧૭૫૪ નિઃશંક, હું કબુલ કરૂં છું કે ધનદોલત ચાલી ગએલ છે, ( પછી ) ( તારી ) ( રૂહાનીયત ધનદૌલત માટે ) ની તમન્ના કયાં છે ? જો વાવાઝોડું પસાર થઇ ગયું છે તો વાવાઝોડાની નિશાની કયાં છે ?

૧૭૫૫ જો ( તું એવો ઢોંગ કરે કે ) તારી આંખ ( એક વાર ) કાળી અને આત્માને ચેતન રેડતી હતી, અને જો તે આત્માને ચેતન રેડતી વધુ વાર ન હોય ( છતાં ) શા માટે તે વાદળી છે ?

૧૭૫૬ ખુદના સમર્પણની નિશાનીઓ કયાં છે ? અને કટુભાષી, ખોટા અને ખાલી શબ્દોની વાસ ( તારામાંથી ) આવે છે, ચુપ બન !

૧૭૫૭ ( ખુદાની ખાતર કરેલી ) સખાવતને તેમાં ( દિલમાં ) એક સો નિશાનીઓ હોય છે, ભલાઇના કરનારને એક સો પ્રતિકો હોય છે.

૧૭૫૮ ખુદાની જમીનમાં ચોકખા બીયાંનું એક વાવેતર, અને પછી પેદાશ નહિ, ( તે અશકય છે ).

૧૭૫૯ જો ધનદૌલત સખાવતમાં ખર્ચાણી તો એક સો જીંદગીઓ અવેજી ગોઠવણોની માફક દિલમાં ઉત્પન્ન થાય છે.

૧૭૬૦ જો ( રૂહાનીયત ) અનાજનાં ડુંડાઓ " હું " ( ખુદા ) ના બગીચામાંથી ઉગે નહિ તો પછી ( મને ) કહો, ખુદાની જમીન વિશાળ કેમ બને ?

૧૭૬૧ જ્યારે કે મરણાધીનતાની આ જમીન ( મોલ: ) નિપજાવવા વગર નથી તો પછી ખુદાની જમીન ( તેના વગરની ) કેમ બને ? ( ખુદાની ) પેલી ( જમીન ) એક વિશાળ જગ્યા છે.

૧૭૬૨ ખરેખર, આ ( ખુદાની ) દુનિયાનો મોલ નિપજાવો અનંત છે. એક માત્ર બીયાંનો ઓછામાં ઓછો પાક સાતસો ગણો છે.

૧૭૬૩ તમે કહ્યું, " અલ હમ્દલ્લિાહ " પેલાઓ જે કિર્તીઓ ગાય છે તેની નિશાનીઓ ( તારામાં ) કયાં છે ? એક સગડ પણ બહાર કે તારા અંદરમાં નથી.

૧૭૬૪ ( માત્ર ) આત્મજ્ઞાનીઓનું સુહાનું ગુણ ગાવું સત્ય છે, કારણ કે તેના પ્રયોગો અને
હાથો તેના વખાણ કરવાનો સાક્ષી પુરે છે.

૧૭૬૫ તેણે કાયાના અંધારા ખાડામાંથી તેને ઊંચો ઉપાડી લીધો છે, અને કાયાના
કેદખાનાના તળીયામાંથી તેનો છુટકારો કર્યો છે.

૧૭૬૬ તેના ખભા ઉપર મહત્તાની નિશાની; ભક્તિભાવનો રૂપેરી પોશાક અને 'નૂર' કે જે
પોતાની મેળે ( તેની સાથે ) જોડાયું છે.

૧૭૬૭ તેને બદલાતી દુનિયામાંથી મુક્ત કરાયો છે, અને તે ગુલાબના બગીચામાં રહે છે
અને ( તેમાં ) એક વહેતો ઝરો છે–ઊંચી ઉત્કટ ઇચ્છા- અને સ્થાન.

૧૭૬૮ તેની બેસવાની જગ્યા અને ઘર અને રહેઠાણ ધરાવતાં આંતરિક અંતઃકરણના
તખ્ત ઉપર છે.

૧૭૬૯ ઇમાનદારીનું તખ્ત કે જેમાં બધા 'પવિત્રો' ( પયગમ્બરો ) સમૃદ્ધ થયા અને
આનંદી અને ચહેરાની તાજગી ( મેળવી ).

૧૭૭૦ તેઓનાં ( ખુદાનાં ) વખાણ, વસંતઋતુના કારણે બગીચાના વખાણની માફક એક સો
નિશાનીઓ અને એક સો ભપકાઓ છે.

૧૭૭૧ ઝરાઓ અને નાળીએરીઓ અને છોડવાઓ અને ગુલાબના ક્યારાઓ અને સફેદ
રંગના મેદાનો તેની વસંત લહેરીની સાક્ષી પુરે છે,

૧૭૭૨ દરેક જગ્યાએ પ્રિતમ તરફના હજારો સાક્ષીઓ મોતી છીપની સાક્ષી પૂરે તેમ
સાક્ષી પુરવામાં ( મશગુલ ) છે,
પણ તારા શબ્દોમાંથી એક હલકા અંતઃકરણની વાસ આવે છે અને એ શેખીખોર
૧૭૭૩ તમારૂં ( આંતરિક ) દુઃખ તમારા મોઢા અને ચહેરા ઉપર પ્રતિબિંબીત થાય છે.
( આ દુનિયાના ) લડાઈના મેદાનમાં એવા વિચારવંતો છે કે જે વાસ ઓળખી
૧૭૭૪ કાઢે છે, તમારી અટકળમાં ગુઢાર્થની બુમોની (નકલ) ખોટી રીતે ઉચ્ચારો નહિ.
કસ્તુરીની બડાઈ ન હાંક, કારણ કે પેલી ડુંગળીની વાસ તારા શબ્દોની ગુપ્તતા
૧૭૭૫ જાહેર કરે છે.
તમો કહો છો, મેં ગુલાબી સાકર ખાધી છે, જ્યારે લસણની વાસ (તમારા
૧૭૭૬ સાંભળનારને ) ભટકાયા છે અને કહે છે "અકલ વગરની વાત કરો નહિં.
દિલ જાણે કે તેમાં એક મોટું ઘર છે, દિલના ઘરને સંતાએલા પાડોસીઓ છે.
૧૭૭૭ બારીના ચીરામાંથી અને દિવાલોમાંની ( ફાટમાંથી ) દિવાલોમાં તેઓ ગુપ્ત વિચારો
૧૭૭૮ નિરખે છે.
એક તડમાંથી કે જ્યાં ઘરના માલિકને વિચાર બાંધવાની પ્રક્રિયા નથી અને કે જેમાં
૧૭૭૯ તેનો કાંઈ ભાગ નથી.

૧૭૮૦ કુરાનમાંથી પઢ (આયાત કે જે જાહેર કરે છે) કે સેતાન અને તેની કોમ ગુપ્ત રીતે માણુસ જાતના (આંતરિક) હાલતની ગંધ મેળવે છે.

૧૭૮૧ કે જે રસ્તાની માણુસ જાત અજ્ઞાન છે. કારણુ કે તે આ સમજણુની દુનિયાની નથી, અથવા આ પ્રાતિકૃતિઓમાંની એક નથી.

૧૭૮૨ પારેઓની વચ્ચે કાંઈપણુ ઢાંગની તરકીબ શોધતો નહિ 'કસોટીના પત્થર' તરફ કાંઈપણુ બડાઈ હાંકતો નહિ, એ હલકી બનાવટના સિક્કા,

૧૭૮૩ (રૂહાનીયત) ટચ સ્ટોન (રૂહાની રાહબર) ને ખરો અને બનાવટી સિક્કો જાણુવાનો એક રસ્તો છે કારણુ કે ખુદાએ તેને કાયા અને દિલ બન્નેનો 'અમીરૂલ' બનાવેલ છે.

૧૭૮૪ જ્યારે કે સેતાનો તેઓનું સ્થુળપણું હોવા છતાં, આપણુા આંતરિક આત્મા અને માન્યતાથી જાણીતા બનેલા હોય છે.

૧૭૮૫ અને ચોરીછુપીથી અંદર રસ્તો છે, (તેથી) આપણે તેઓની ચોરવાની યુક્તિઓથી તેઓને તાબે થઈએ છીએ.

૧૭૮૬ (અને) તેઓ (આપણુા ઉપર) ચાલુ રીતે ગેરવ્યવસ્થા અને નુકશાન ઠોકી બેસાડે છે કારણુ કે તેઓ (આંતરિક) ટનલ અને બાકીની તડના ધણી છે.

૧૭૮૭ તો પછી, દુનિયામાં પ્રકાશિત આત્માએ આપણી આંતરિક હાલતના બેખબર કેમ બને?

૧૭૮૮ આત્માએ કે જેએએ પોતાના તંબુ આસમાનમાં ખોડયા છે, તેઓ પ્રસારની બાબતમાં સેતાનોથી ઉતરતા કેમ બને?

૧૭૮૯ સેતાન આસમાન તરફ એક ચોરની માફક જાય છે, અને તે ખરતા તારાથી ભાંગેલ છે,

૧૭૯૦ તે આકાશમાંથી માથાભેર પડે છે જેમ એક કંગાળ (નાસ્તિક) ભાલાના ફટકાથી લડાઈમાં (ઘવાઈને પડે છે તેમ)

૧૭૯૧ તે આહલાદક આત્માઓની રોષની લાગણીથી બને છે, (જ્યારે કે) તેઓ (ફિરસ્તાઓ) તેમને (સેતાનોને) આસમાનમાંથી માથાભર ફેંકે છે.

૧૭૯૨ જો તમો પક્ષાઘાતથી પીડાતા અને લુલા અને આંધળા અને બહેરા છો તો પણ (આવો) હલકો અભીપ્રાય મોટા આત્માઓનો ધરાવતા નહિ,

૧૭૯૩ શરમાએલો બન અને હલકા શબ્દો ઉચ્ચાર નહિ. પોતાને (ખોટી રીતે) દુઃખમાં ડુબાવ નહિ કારણુ કે તારા શરીરની (ખબરથી)થી પર ઘણુા જાસુસો નિહાળી રહ્યા છે.

**દૈવી હકીમો બિમારીઓ, ધાર્મીક અને રૂહાનીઅત, દોસ્તના ચહેરામાં અથવા અજાણ્યામાં અને તેની વાણીમાં અને તેની આંખોના રંગમાં અને આ બધા વગર પણ દિલના રસ્તાથી પતો લગાડે છે. કારણ કે "ખરેખર તેઓ (માણસોના) દિલો પર જાસુસો છે તેથી જ્યારે તમો તેમની સાથે બેસો છો ત્યારે નિખાલસતાથી વર્તન કરજો.**

૧૭૯૪ આ કાયાના હકીમોને (દવાઓનું) જ્ઞાન હોય છે, તમો તમારા દર્દથી જાણીતા છો તેના કરતાં તેઓ વધુ જાણીતા છે,

૧૭૯૫ કે જેથી તેઓ તમારી તંદુરસ્તીની હાલત મુત્રની શીશીમાંથી પારખી શકે છે. જો કે તમો તમારી દવા તેનાથી જાણી શકતા નથી.

૧૭૯૬ તો પછી દુનિયામાં દૈવી હકીમો મોમાંના એક શબ્દ વગર તમારામાનું (દર્દ) કેમ પારખી ન શકે?

૧૭૯૭ તમારી નાડી અને તમારી આંખો અને ચામડીના રૂપરંગમાંથી એકસરખી રીતે તેઓ તુર્ત જ એક સો રૂહા બીમારીઓ તમારામાં પારખે છે.

૧૭૯૮ અને તમારી નાડી ચામડીના રૂપરંગ અને શ્વાસમાંથી એકસરખી રીતે તમારામાંના દરેક જાતના રોગનું નિદાન કરશે.

૧૭૯૯ વાસ્તવમાં તે (માત્ર) આ નવા શીખેલા હકીમો છે કે જેઓને આ બહારની નિશાનીઓની જરૂર છે.

૧૮૦૦ સંપૂર્ણ (રૂહાની ડાકટર રૂહાની રાહબર) તમારૂં નામ ઘણા દૂરથી સાંભળશે અને જલ્દીથી તમારા શરીર અને હસ્તિના ઉંડામાં ઉંડા તળીએ સોંસરવો માર્ગ કરશે.

૧૮૦૧ નહિ, તેઓએ તમારા જન્મ પહેલાં ઘણા વર્ષોથી તમને જોયેલ છે, તમારી સાથ બધા સંજોગો સહિત (જોએલ છે).

**અબુ યઝીદ (બીસ્તામીનું) નું અબુલહસન ખરકાનીના તેના જન્મ થવાના વર્ષો પહેલા જાહેરાત કરવી અને તેના બાપના તેમજ આંતરિક ખાશિયતોનું વિગતવાર વર્ણન આપવું અને નિરીક્ષણના પ્રયોજન માટે ઇતિહાસકારોએ તેને લખી લીધું.**

૧૮૦૨ તમોએ બાયઝીદની કહાણી સાંભળી છે, અબુલ હસનની (રૂહાનીયત) હાલતનું અગાઉથી તેણે શું જોયું?

૧૮૦૩ એક દિવસ પેલો ધર્મનિષ્ઠાનો સુલતાન પોતાના મુરીદો સાથે ખુલ્લા મેદાન અને ગામડા તરફ (જતો) પસાર થતો હતો.

૧૮૦૪ ઓચિંતાના 'રય' પ્રગણામાં 'ખારકાન'ની દિશામાંથી એક મધુર સુગંધ તેમને આવી.

૧૮૦૫ તેજ જગ્યા પર તેઓએ કોઇ એક ઝંખતો હોય તેની દર્દમય બૂમ ઉચ્ચારી અને પવનની લહરીમાંથી સુવાસ સુધી.

૧૮૦૬ તેઓ મધુર સુગંધ આનંદપૂર્વક સુંઘતા હતા. તેમનો આત્મા પવનની લહરીમાંથી 'મદીરા'નો આણુંદ માણતો હતો.

૧૮૦૭ જ્યારે એક ઘડીની બહારની બાજુ પર 'મિઠાશ' દેખાય છે ત્યારે તે ઠંડા પાણીથી ભરપૂર ભરેલ છે.

૧૮૦૮ તે હવાની ઠંડીના કારણે પાણીમાં ફેરવાયું છે, ઘડાની અંદરથી ભિનાશ ચાલી ગઈ નથી.

૧૮૦૯ સુગંધ અર્પતી પવન લહરી તેના માટે પાણી બની, તેના માટે પાણી પણ ચોકખી 'મદીરા' બની.

૧૮૧૦ જ્યારે મદહોશીની નિશાનીઓ તેનામાં દેખાણી, એક મુરીદે પેલા શ્વાસને લગતો તેને સવાલ કર્યો.

૧૮૧૧ પછી તેણે તેને પૂછયું, "આ મધુર ઉર્મિઓ (શું છે) કે જે પાંચ (ઇંદ્રિયો) અને છએ (દિશાઓની) મર્યાદાથી પર છે?

૧૮૧૨ તમારો ચહેરો ક્યારેક રાતો અને ક્યારેક પીળો અને ક્યારેક સફેદ બને છે, (આ) બનાવ અને શુભ સમાચાર શા છે?

૧૮૧૩ તમો સુગંધ સુંઘી રહ્યા છો, અને એક પણ ફુલ દ્રષ્યમાન નથી, કાંઈ પણ શંકા વગર તે અદ્રષ્યમાંથી અને વિશ્વવ્યાપકના બગીચામાંથી છે.

૧૮૧૪ ઓ તું કે જે દરેકની અભિલાષા છો કે જે (રાજીખુશીથી) પોતાના ખુદની ખુદા માટેની અભિલાષાને પગલે ચાલે છે, તું કે જેને અદ્રષ્યમાંથી એક સંદેશો અને પત્ર દરેક પળે આવે છે.

૧૮૧૫ તું કે જેની (રૂહાનીયત) સૂંઘવાથી ઇંદ્રિયને દરેક પળે, જેમ હ. યાકુબ (અ. સ.) ને હ. યુસુફ (અ. સ.) માંથી સુગંધ આવતી તેમ સુગંધ આવે છે.

૧૮૧૬ પેલા પાણીના પાત્રમાંથી અમારા ઉપર એક ટીપું રેડો, અમને એક શબ્દ પેલા બગીચાની સુગંધનો આપો.

૧૮૧૭ ઓ (તું કે જે) (રૂહાની) રાજાની ખૂબસુરતી છો, અમો પરિચીત (ટેવાએલા) નથી, કે તમો એકલા પીઓ, જ્યારે અમારા હોઠો સૂકાયેલા છે.

૧૮૧૮ ઓ ચકોર, ચપળતાપૂર્વક ઉગતા આસમાનને પાર કરનારા, તમોએ જે પીધું છે તેનો એક ઘૂંટડો અમારા પર રેડો.

૧૮૧૯ દુનિયામાં 'મદિરાના સભાગૃહના પ્રમુખ' તારા સિવાય બીજો કોઈ નથી. ઓ બાદશાહ, ગાઢ સાથીદાર ઉપર (રહેમતની) નજર કર!

૧૮૨૦ આ 'મદિરા' હાથનીચે (ખાનગીમાં) ગટગટાવવી શક્ય કેમ છે? ખરેખર, માણસને જોખમમાં સંડોવનાર છે.

૧૮૨૧ તે કદાચ દેખાવ બદલે અને સુગંધને સંતાડે (પણ) તે તેની મદહોશ બનેલી આંખને કેમ સંતાડશે ?

૧૮૨૨ વાસ્તવમાં આ એક એવી સુગંધ નથી કે દુનિયામાં હજારો પડદાઓ સંતાડેલી રાખે.

૧૮૨૩ રેતાળ પ્રદેશ અને મેદાન તેની ઉગ્રતાથી ભરાઈ ગયેલો છે, અને મેદાન તો શું ? કારણ કે તેણે (બહિશ્તના) નવે તબક્કા પાર કર્યા છે.

૧૮૨૪ સુરાહીના મોઢા ઉપર ચુનાના કોલથી લપેડા ન કર, કારણ કે ખરેખર આ એક નગ્ન ઢાંકવાનું કબૂલ કરતો નથી.

૧૮૨૫ માયાળુપણું બતાવો, ઓ તું કે જે જાણે છે અને ગૂઢાર્થ કહી શકતો નથી, જાહેર કરો કે જેને તારા બાજે (તારા આત્માએ) પોતાનો શિકાર બનાવ્યો છે.

૧૮૨૬ તેમણે કહ્યું "એક અદ્ભુત સુવાસ મારા તરફ આવે છે. જેમ ચમનમાંથી પયગમ્બર સાહેબના કારણ માટે સુગંધ (આવી તેમ)

૧૮૨૭ કારણ કે હ. મુહમ્મદ (ર. સ. અ.) એ કહ્યું, ખુદાની સુવાસ પશ્ચિમી પવનના હાથ ઉપરની અને ચમનમાંથી આવે છે.

૧૮૨૮ 'રામીન'ની સુવાસ 'વીસ'ના આત્મામાંથી આવે છે, ખુદાની સુવાસ પણ 'ઊવયઝ'માંથી આવે છે.

૧૮૧૯ ઊવયઝ અને 'કરણ'માંથી એક અદ્ભુત સુગંધે પયગમ્બર સાહેબને મદહોશ' અને પરમાનંદના ભરપુર બનાવ્યા.

૧૮૩૦ જ્યારે ઊવયઝ પોતામાંથી પસાર થઇ ગયા પેલો દુન્યવી (ઊવયઝ) અવકાશી બન્યો હતો.

૧૮૩૧ આમળાંનો મુરબ્બો બનાવ્યો, તેના ખાટો સ્વાદ વધુ વાર બાકી ન રહ્યો.

૧૮૩૨ (તેવી જ રીતે) (રૂહાનીયત) આમળાં કે જે સ્વાર્થીપણાંથી સ્વતંત્ર થયાં છે, આમળાંનો (માત્ર) દેખાવ જ છે (પણ) લહેજત નથી.

૧૮૩૩ આ વિષયને છેડો જ નથી. પેલી (કહાણી તરફ) પાછો ફર કે (આપણે જોઇએ કે) પેલા પવિત્ર માણસ (બાયઝીદે), અદિઠ દુનિયામાંની પ્રેરણાથી શું કહ્યું.

હ. પયગમ્બર (ર. સ. અ.) ના શબ્દો "ખરેખર, હું કૃપાળુ ખુદાની ફૂંકનો ચમનની દિશામાંથી અનુભવ કરૂં છું."

૧૮૩૪ તેણે (બાયઝીદે) કહ્યું, "આ સ્થળમાંથી એક દોસ્તની સુગંધ આવે છે, કારણ કે એક (રૂહાની) બાદશાહ આ ગામડામાં આવે છે.

૧૮૩૫ આટલા આટલા વર્ષો બાદ એક બાદશાહ (અહીં) જન્મશે તે આસમાનો ઉપર એક તંબુ ખોડશે.

૧૮૩૬ તેનો ચહેરો ખુદાના ગુલાબના બગીચાના ગુલાબોથી રંગીન બનેલો હશે. તે દરજ્જામાં મારાથી સરસાઇ ભોગવશે.

૧૮૩૭ ( મુરીદે પૂછ્યું.) તેનું નામ શું છે? તેણે જવાબ આપ્યો." તેનું નામ 'અબુલ હસન' અને તેનાં બાહ્ય દેખાવનું, તેની ભમરો અને હડપચીનું વર્ણન કર્યું.

૧૮૩૮ તેમણે તેની ઉંચાઈ અને તેમના રૂપરંગ અને તેની કાયાનું વર્ણન કર્યું, અને તેના વાળોની લટો અને તેમના ચહેરાનું વિગતવાર વર્ણન કર્યું.

૧૮૩૯ તેમણે તેમના ( રૂહાનીયત ) લક્ષણો અને તેમના ગુણધર્મો અને ( રૂહની ) રસ્તો અને તેનો ( રૂહાનીયત ) દરજ્જો અને હાલત જાહેર કરી.

૧૮૪૦ કાયાના રૂપરંગો, કાયા ( પોતાની ) માફક ઉછીનાં લીધેલાં છે, તારૂં દિલ તેમના પર લગાડતો નહિ. કારણ કે તેઓ ( માત્ર ) એક જ કલાક ચાલુ રહેનાર છે.

૧૮૪૧ કુદરતી ( જનાવરી ) આત્માના લક્ષણો પણ નાશવંત છે, પેલા આત્માના લક્ષણો શોધ કે જે આસમાનથી ઉપર છે.

૧૮૪૨ તેની કાયા એક બત્તીની મિશાલ દુનીયા ઉપર છે, ( પણ ) તેનું "નુર" આસમાનના ( સાતમા ) તબક્કાની ઉપર છે.

૧૮૪૩ સુર્યના પેલાં કિરણો ઘરમાં છે, ( પણ ) તેઓનો ગોળો આસમાનના ચોથા ઘુમટ- ( ચોથા આસમાન ) માં છે,

૧૮૪૪ ગુલાબની આકૃતિ ખોટી ખુશીની ખાતર નાકની નીચે ( રાખવામાં ) આવે છે. ( પણ ) ગુલાબની સુવાસ છત અને મગજના મહેલ ઉપર છે.

૧૮૪૫ એક ઉંઘેલો માણુસ એડનમાં દુઃખનું ( સ્વપ્ન ) જુએ છે, તેનું પ્રતિબિંબ ચોકખું તેની કાયા ઉપર દેખાય છે.

૧૮૪૬ ખૂબજ કાળજીપુર્વક સાંચવી રાખનાર પાસે હ. યુસુફ ( અ. સ. ) નું પહેરણ મિસરમાં હતું. કનાન ( નો પ્રદેશ ) તેના પહેરણની ( મધુર ) સુગંધથી ભરાએલો હતો.

૧૮૪૭ ભવિષ્યવાણી સાંભળ્યા બાદ, તેઓએ ( ભવિષ્યવાણીની ) તારીખની નોંધ કરી લીધી, ભવિષ્યવાણીની સત્યતા જાણવા તેઓ ઉત્સુક બન્યા.

૧૮૪૮ જ્યારે ખરો વખત અને દિવસ આવ્યો ત્યારે પેલો ( રૂહાની બાદશાહ જન્મ્યો અને પોતાની રૂહાની શક્તિઓ બતાવી.

૧૮૪૯ પેલાં વર્ષો પસાર થઇ ગયાં, બાયઝીદના મરણ બાદ 'અબુલ હસન' ( દુનિયામાં ) દેખાણા.

૧૮૫૦ તેની બધી મનોવૃતીઓ ઉદારતાપુર્વક અર્પતી કે અટકાયતી બાદશાહ ( બાયઝીદે ) અગાઉ કહી હતી તેવીજ સાબીત થઈ.

૧૮૫૧ તેનો ( બાયઝીદનો ) રૂહાની રાહબર, 'રક્ષાએલી તખ્તી' છે તે શેનાથી રક્ષાએલ છે? તે ભુલથી રક્ષાએલ છે,

૧૮૫૨ ખુદાની પ્રેરણા એ કાંઈ ભવિષ્ય શાસ્ત્ર કે ભૂસ્તરશાસ્ત્ર અથવા સ્વપ્નાઓ જેથી નથી. અને સત્ય શું છે તે સૌથી સારી રીતે ખુદા જાણે છે.

૧૮૫૩ સુફીઓ (પોતાના સિદ્ધાંત) સમજાવવામાં દિલની પ્રેરણાને (દૈવી પ્રેરણા) કહી બોલાવે છે. એટલા માટે કે (તેની ખરી પ્રકૃતિને) ગીધમાંથી છુપાવે.

૧૮૫૪ તેને દિલની પ્રેરણા બનેલી સમજ કારણ કે તે (દિલ) સ્થળ છે કે જ્યાં તે જોવામાં આવે છે, જ્યારે દિલ તેનાથી સજાગ છે ત્યારે ત્યાં ભુલ કેમ સંભવે ?

૧૮૫૫ ઓ સાચા ઈમાનદાર, તું "ખુદાના નુર"થી જોવાવાળો બન્યો છે. તું ભુલ અને બેદરકારીમાંથી સલામત બન્યો છો.

## આત્મા માટે અને સુફીના દિલ માટે ખુદાના આહારની નક્કી કરેલ હદમાં ઘટાડો કરવા વિષે.

૧૮૫૬ એક સુફી ગરીબાઇના કારણે શા માટે દુઃખી બનશે ! ગરીબાઇનું અસલ સત્વજ તેની પરીચારીકા અને તેનો ખોરાક બને છે.

૧૮૫૭ કારણ કે બહિશ્ત અણગમતી ચીજોમાંથી ફાલીફુલી છે, અને દયા એક લાચાર અને ભાંગેલાનો હિસ્સો છે.

૧૮૫૮ તે કે જે (લોકોનાં)માંથી ગર્વિષ્ઠપણે ભાંગે છે, ખુદાની દયા અને તેના પેદા કરેલા સજીવ જીવો તેના તરફ આવતા નથી.

૧૮૫૯ આ વિષયનો છેડો જ નથી, અને પેલો યુવાન (ગુલામ) તેના નક્કી કરેલા ખાણાથી ઘટાડાથી શક્તિથી વંચીત બન્યો છે.

૧૮૬૦ તે સુફી સુખી છે કે જેની રોજની રોજી ઘટાડાઈ છે. તેનો મણકો એક મોતી બને છે અને તે સમુદ્ર બને છે.

૧૮૬૧ જે કોઈપણ પેલી પસંદગી (રૂહાનીયત) 'એલાઉન્સ'થી વાકેફ બન્યો છે, તે 'તેનો' કે જે દરેક 'એલાઉન્સ'નું મુળ છે તેને 'હજુર'માં આવવાનો અને લાયક બન્યો છે.

૧૮૬૨ જ્યાં પેલા રૂહાનીયત 'એલાઉન્સ'નો એક ઘટાડો છે, ત્યાં તેનો આત્મા તેના ઘટાડાના કારણે ક્રુજે છે.

૧૮૬૩ (કારણ કે) પછી તે જાણે છે કે એક ભુલ (તેનાથી) આચરેલી બની છે, કે જેણે (દૈવી) બહાલીના ચમેલીના કયારામાં ખલેલ પહોંચાડી છે.

૧૮૬૪ એવું બન્યું કે જ્યારે પેલો માણસ (ગુલામ) તેના પાકની ખામીના કારણે નીપજના માલિકને એક પત્ર લખ્યો.

૧૮૬૫ તેઓ તેનો પત્ર ઇન્સાફના માલિક પાસે લઈ આવ્યા, તેણે તે પત્ર વાંચ્યો અને કાંઈ જવાબ પાછો વાળ્યો નહિ.

૧૮૬૬ તેણે કહ્યું, "તેને (કાળની) કાંઇ દરકાર નથી પણ ખોરાકની વાનીઓની (નુકશાની) છે. પછી મૌન, મુર્ખને સૌથી સારો જવાબ છે.

૧૮૬૭ તેને મારાથી જુદાઇને મિલન માટે જરા પણ દરકાર નથી, તે શાખાને વળગ્યો છે, તે મુળને શોધતો જ નથી.

૧૮૬૮ તે એક મુર્ખ છે અને સ્વાર્થીપણામાં (રૂહાની) રીતે મરેલો છે, કારણ કે શાખા માટેની તેની જલદ દરકારના કારણે તેના મુળ માટે તેને દરકાર જ નથી.

૧૮૬૯ આસમાનો અને પૃથ્વીને એક સફરજન કે જે દૈવી શક્તિના ઝાડમાંથી દેખાતું બનેલું નિહાળ.

૧૮૭૦ તું સફરજનની અંદર એક કીડા જેવો છે, અને ઝાડ અને માળીથી અજ્ઞાત છો.

૧૮૭૧ એક બીજો જીવડો પણ સફરજનમાં છે પણ તેનો આત્મા બહારની દિશાએ ઉપર-વાવટો ફરકાવતો ઉપર છે.

૧૮૭૨ તેની હિલચાલ સફરજનના ભુક્કા કરી નાખે છે, સફરજન પેલો ધક્કો સહન કરી શકતું નથી.

૧૮૭૩ તેની હિલચાલે (બધા) પડદા ફાડી નાખ્યા છે, તેનું રૂપ (પેલા એક) જીવડાનું છે પણ તેની અસલીયાત અજગર છે.

૧૮૭૪ અગ્નિ કે જે શરૂમાં લોઢામાંથી ઘસે છે, પોતાનો પગ મંદતાપુર્વક મુકે છે.

૧૮૬૫ શરૂઆતમાં કપાસ તેની પરિચારિકા છે પણ અંતમાં તે પોતાના ભડકાઓ ઈથિર સુધી ઊંચે લઈ જાય છે.

૧૮૭૬ શરૂઆતમાં, માણસ ઉંઘ અને ખાવાની ગુલામીમાં છે, અંતિમ રીતે તે ફિરસ્તાઓથી વધુ ઉંચો છે.

૧૮૭૭ રૂ અને ગંધકની દીવાસળીના રક્ષણની અંદર તેનો ભડકો અને પ્રકાશ 'સુહા'ની ઉપર પહોંચે છે.

૧૮૭૮ તે અંધારી દુનિયાને પ્રકાશમાન બનાવે છે, તે એક સોયથી લોઢાની બેડીના કટકા કરે છે.

૧૮૭૯ જો કે અગ્નિ પણ કાયાથી સબંધીત છે, તે આત્મા અને રૂહાનીયતમાંથી કાઢી લીધેલ નથી.

૧૮૮૦ કાયાને પેલી ભવ્યતામાં ભાગ નથી. કાયા આત્માના સમુદ્ર સાથેની સરખામણીમાં પાણીના એક ટીપા જેવો છે.

૧૮૮૧ કાયાના દિવસો આત્માથી વધ્યા છે, જ્યારે (તેમાંથી) આત્મા ચાલ્યો જાય છે, ત્યારે શું બને છે તેની નોંધ કર.

૧૮૮૨ તારી કાયાની પહોંચ મર્યાદા એક અથવા બે વારની છે, તારો આત્મા આકાશ તરફ ઝડપની ઉડ્ડયન બનાવનાર છે.

૧૮૮૩ ઓ શાહજાદા, આત્માની કલ્પનામાં બગદાદ અને સમરકંદ માત્ર એક અર્ધું ડગલું છે.

૧૮૮૪ તારી આંખની સફેદ ચરબી વજનમાં બે દીરહમ છે, તેના આત્માનો પ્રકાશ આકાશના ઉંચા ભાગો ઉપર પહોંચે છે.

૧૮૮૫ પ્રકાશ આ આંખ વગર સ્વપ્નામાં જુએ છે, આ પ્રકાશ વગર આંખ પાયમાલી વગર શું બને?

૧૮૮૬ આત્મા કાયાની દાઢી અને મૂછથી સુસંગત નથી. પણ આત્મા વગર કાયા હાડપિંજર અને અધમ છે.

૧૮૮૭ જનાવરી આત્માનો દબદબો આવો છે, આગળ વધ, ઇન્સાની આત્માની નજર ફેરવ.

૧૮૮૮ માણસ અને જીબ્રાઇલના આત્માના સમુદ્રના કિનારામાં તર્કશાસ્ત્રના વાદવિવાદથી પર–પસાર થઇ જા.

૧૮૮૯ ત્યારબાદ, હ. આહમદ (ર. સ. અ.) નો આત્મા તારા હોઠ કરડશે (ચુંબન કરશે) અને જીબ્રાઈલ તારી બીકમાં પાછા પગલાં ભરશે.

૧૮૯૦ અને કહેશે, જો હું એક ડગલું તારા તરફ આગળ આવું, હું તેજ પળે નષ્ટ થઇ જાઉં.

**ગુલામ ક્રોધે ભરાયો કારણ કે બાદશાહ પાસેથી તેના પત્રનો કાંઈપણ જવાબ આવ્યો ન હતો.**

૧૮૯૧ ખરેખર આવા લાયકને માથું અને પગ હોતા નથી. પેલો યુવાન, તેના પત્રનો જવાબ વગરનો બનતાં ખીન્ન બન્યો છે.

૧૮૯૨ અને કહે છે, અરે, આ એક નવાઇ છે, બાદશાહે મને કેમ જવાબ ન આપ્યો? અથવા (બનવો જોગ છે કે) કાગળનો લઇ જનાર (અદેખાઈના) વંટોળના કારણે બેવફાઇથી વર્ત્યો છો.

૧૮૯૩ અને કાગળ સંતાડયો અને તે બાદશાહને બતાવ્યો નહિ, કારણ તે એક ઢોંગી અને પાણીની નીચે એક તણખલું હતો.

૧૮૯૪ હું ચકાસણીના રસ્તાથી એક બીજો પત્ર લખીશ, અને બીજો સફળતાપૂર્વક કામ પુરૂં કરતો સંદેશક શોધીશ.

૧૮૯૫ પેલો ગાફેલ આદમી અજ્ઞાનતાથી અમીર અને કારભારી અને પત્ર લઈ જનાર ઉપર દોષ ચડાવતો હતો.

૧૮૯૬ તે કદી (આની) તપાસ કરવા પોતે જતો ન હતો અને કહેતો, હું 'સત્યપંથ' (થી ભાગી જવામાં) મૂર્તિપુજકની માફક વિકૃત રીતે વર્ત્યો છું.

**પવનનું કર્મ ચ્યુત થવાના કારણે હ. સલેમાન (અ. સ.) ની વિરૂદ્ધ વિકૃત રીતે ફુંકાયા બાબત.**

૧૮૯૭ પવન વિકૃત રીતે હ. સુલેમાન (અ. સ.) ના તખ્ત વિરૂદ્ધ ફુંકાયો, પછી હ. સુલેમાન (અ. સ.) એ કહ્યું, "ઓ પવન, વિકૃત રીતે પસાર ન થા.

૧૮૯૮ પવને પણ કહ્યું, "વિકૃત રીતે (અન્યાયના કાર્યથી) વર્તો નહિ: ઓ હ. સુલેમાન અને જો તમો વિકૃત રીતે ચાલો તો મારા વિકૃતપણા તરફ ગુસ્સે ન બનો.

૧૮૯૯ ખુદાએ આ ત્રાજવાં એવા ઇરાદાએ ગોઠવ્યાં છે કે અનંત કાળ માટે અમારા તરફ ન્યાય કરવામાં આવે.

૧૯૦૦ (જો) તમો ત્રાજવામાં ઓછું જોખશો (અન્યા કરશો) તો હું તમોને ટૂંકુ માપ આપીશ, જ્યાં સુધી તમો મારી સાથે પ્રમાણિક છો ત્યાં સુધી હું પ્રમાણિક છું.

૧૯૦૧ એ પ્રમાણે હ. સુલેમાન (અ. સ.) નો મુગટ એક બાજુ સરકાવ્યો અને પ્રકાશીત દિવસ તેના માટે રાત્રી જેવો અંધારો બનાવ્યો.

૧૯૦૨ તેમણે કહ્યું, "ઓ રાજમુગટ, મારા માથા ઉપર ત્રાંસો ન બન, ઓ સૂર્ય, મારી પૂર્વ દિશામાંથી ફરી ન જા.

૧૯૦૩ તે પોતાના હાથથી રાજમુગટ સીધો મૂકતો હતો (પણ), ઓ યુવાન, રાજમુગટ હંમેશાં ફરીવાર તેનાથી ત્રાંસો બનતો હતો.

૧૯૦૪ તેણે કહ્યું, "શા માટે, ઓ રાજમુગટ શું બાબત છે? વિકૃત રીતે નમી ન જા.

૧૯૦૫ તેણે જવાબ આપ્યો, જો તમો મને એકસો વાર સીધો મૂકશો. (તે નકામું છે) ઓ વિશ્વાસુ, હું ત્રાંસો જઇશ જ્યારે તે તમો (પણ) ત્રાંસા જાઓ છો.

૧૯૦૬ પછી હ. સુલેમાન, (અ. સ.) એ પોતાનો આંતરિક ભાગ સીધો મૂક્યો. તેમણે વિષયવાસના કે જે તેનામાં હતી (તે દુર કરી) પોતાનું દિલ ઠંડુ બનાવ્યું.

૧૯૦૭ આથી તેમનો રાજમુગટ તુર્તજ સીધો અને તેઓની ઇચ્છા મુજબનો બન્યો.

૧૯૦૮ ત્યારબાદ તેઓ ઇરાદાપૂર્વક તેને ત્રાંસો મૂકતા હતા (પણ) રાજમુગટ હંમેશાં જાણીબુઝીને પાછો ફરતો, તેમના માથાના મુગટની (યોગ્ય જગ્યાએ) આવી જતો.

૧૯૦૯ તે બાદશાહે આઠ વખત તેને ત્રાંસો બનાવ્યો અને (તેટલી જ વાર) તેના માથાના મુગટ ઉપર તે સીધો બન્યો.

૧૯૧૦ મુગટે બોલવું શરૂ કર્યું, કહીને, "ઓ બાદશાહ; (હવે) ગર્વથી મુક્ત બનો, જ્યારે કે તમે માટીમાંથી તમારી પાંખો હલાવી છુટી કરી છે ત્યારે હવે, ઉપર ઉડો.

૧૯૧૧ મને આ (હદથી) આગળ વધવાની અને આ (બાબત) ના ગુઢાર્થના પડદાઓ કટકામાં ચીરવાની રજા નથી.

૧૯૧૨ મારા મોઢા ઉપર તમારો હાથ મૂકો, (અને) અસ્વીકાર્ય વાણીમાંથી મારું મોઢું બંધ કરો.

૧૯૧૩ તો પછી જે પણ કાંઇ દુઃખ તારા ઉપર આવી પડે, કોઈને પણ રોષે ભરાઈને ગુનેહગાર ગણતો નહિ. તારા પોતા ઉપર ફર.

૧૯૧૪ બીજા કોઇને હલકો ધાર નહિ. એ તું કે જે તારા દોસ્તની ઇચ્છાને ખુશ કરે છે પેલો ગુશ્રામ જે મનસુબા કરતો હતો તે કરતો નહિ.

૧૯૧૫ કયારેક તેનો ઝગડો સંદેશક સાથે, કયારેક કારભારી સાથે અને કયારેક તેનો ગુસ્સો દયાળુ શહેનશાહની વિરૂદ્ધ (જતો હતો).

૧૯૧૬ હું ફિરઓન જેવો છે, કે જેણે મુસા (અ.સ.)ને (એક બાજુ) મૂક્યા હતા. અને લોકોના બાળકોનાં માથા વધેરી લેતો હતો.

૧૯૧૭ દુશ્મન (હ. મુસા અ. સ.) પેલા આંધળા દિલના માણસના ઘરમાં જ હતા, (જ્યારે) તે (બહાર) બચ્ચાંઓની ગરદનો કાપતો હતો.

૧૯૧૮ તમો પણ બહારના બીજાઓ તરફ ખરાબ છો, જ્યારે તમો અંદરના દુ:ખી દેહીક આત્મા તરફ વિનયશીલ બન્યા છો.

૧૯૧૯ તે તમારો ખરેખરો દુશ્મન છે, (છતાં) તમો તેને મિઠાઇ આપો છો, જ્યારે તમો બહાર દરેક જણ પર ગુનાહની આળ મુકો છો.

૧૯૨૦ તમો ફિરઔન આંધળા અને આંધળા દિલના છો, તમારા દુશ્મનો માટે વિનયશીલ અને ગુન્હા વગરનાને નામોશીથી વર્તો.

૧૯૨૧ ઓ ફિરઔન( ના બનાવટી ), કયાં સુધી નિર્દોષોને કતલ કરશો અને તમારી નુકશાનકારક કાયાચે લાડ લડાવશો?

૧૯૨૧ તેની સમજણ પેલા (બીજા) બાદશાહ કરતાં વધુ ઉતમ હતી, ખુદાના વટહુકમે તેને સમજણ વગરનો અને આંધળો બનાવ્યો હતો.

૧૯૨૩ બુદ્ધિદાનની આંખ અને કાન ઉપર ખુદાની સીલ તેને (બુદ્ધિમાનને) એક જનાવર જેવો બનાવે છે (ભલે) જો તે એક પ્લાટો છે.

૧૯૨૪ ખુદાઇ હુકમ દિલની તખ્તી પર એવી દ્રષ્ટિમાં આવે છે કે જેમ હ. બાયઝીદની ભવિષ્યવાણી (ભવિષ્યના બનાવમાં) ગુપ્ત હતી.

**શેખ અબુલ હસન (ર. સ.) એ હ. બાયઝીદની જાહેરાત તેના અસ્તિત્વમાં આવવાની અને તેના ઉપર શી વિતકો વિતશે તેનું સાંભળવું.'**

૧૯૨૫ તેણે (હ. બાયઝીદે) કહ્યું હતું તેમજ બન્યું, અબુલ હસને પેલી (ભવિષ્યવાણી) લોકો પાસેથી સાંભળી.

૧૯૨૬ (એટલે કે) હસન મારો મુરીદ બનશે અને મારો સાચો અનુયાયી બનશે, અને દરરોજ પ્રભાતે મારી કબરમાંથી બોધપાઠો મેળવશે.

૧૯૨૭ તેમણે (અબુલ હસને) કહ્યું, "મેં પણ તેમને સ્વપ્નામાં જોયા છે. અને શેખના આત્મામાંથી આ સાંભળ્યું છે.

૧૯૨૮ તેઓ દરરોજ સવારે પોતાનો ચહેરો કબર તરફ ગોઠવતો અને બપોર સુધી ધ્યાનમાં ઉભા રહેતા.

૧૯૨૯ અને કાં તો શેખનો આભાસ તેના તરફ આવતો અથવા કંઇપણ બોલાયા વગર તેની મુશ્કીલીઓનો ઉકેલ મળી જતો.

૧૯૩૦ ત્યાં સુધી કે એક દિવસ તેઓ પ્રસન્ન રીતે (કબરને જોવા) આવ્યા. નવા પડેલા બરફથી બધી કબરો છવાએલી હતી.

૧૯૩૧ તેમણે બરફના ઢગલે ઢગલા, વાવટાઓની હારમાળા માફક જોયા, અને તેમનો આત્મા ખિન્ન બન્યો.

૧૯૩૨ પેલા (રૂડાની રીતે) હૈયાત શેખની કબરમાંથી તેણે એક બુમ સાંભળી, "સાંભળ, હું તને બોલાવું કે તરે મારી પાસે દોડયે આવવું.

૧૯૩૩ એઇ, આ દિશામાં મારા અવાજ તરફ આવે, ભલે દુનિયા બરફથી છવાઇ ગઇ હોય, (છતાં) મારાથી તારો ચહેરો દૂર ફેરવ નહિ.

૧૯૩૪ તે દિવસથી તેમની (રૂડાની) હાલત અદ્ભૂત બની અને પેલી અજાયબ વસ્તુઓનો તેમણે અનુભવ કર્યો કે જે શરૂમાં માત્ર તેઓ સાંભળતા હતા.

**જ્યારે પેલા પત્રનો કાંઈ જવાબ ન મળ્યો ત્યારે પેલા ગુલામે બાદશાહને એક બીજો પત્ર લખ્યો.**

૧૯૩૫ પેલા હલકા વિચાર કરવાવાળાએ એક બીજો પત્ર ગાળા ગાળથી ભરેલો અને સાર્વત્રિક વિરોધ અને લાંબી ફરીયાદનો લખ્યો.

૧૯૩૬ તેણે કહ્યું "મેં એક પત્ર બાદશાહને લખ્યો, અને, મને નવાઈ લાગે છે કે ત્યાં પહોંચ્યો હશે અને તેને રસ્તો મળ્યો હશે.

૧૯૩૭ ન્યાયી વર્તનવાળા (બાદશાહે) બીજો પણ વાંચ્યો અને પહેલાની માફક કાંઇ જવાબ આપ્યો નહિ અને ચૂપકીદી અખત્યાર કરી.

૧૯૩૮ બાદશાહે પેલાની બધી સગવડતાઓ ખુંચવી લીધી. તેણે (ગુલામે) પત્ર પાંચવાર ફરી ફરીને મોકલ્યો.

૧૯૩૯ હજુરીયાએ કહ્યું, "સઘળું છતાં, તે તમારો ગુલામ છે, જો તમો તેને એક જવાબ લખો તો તે યોગ્ય જ છે.

૧૯૪૦ જો તમો તમારા ગુલામ અને નોકરના ઉપર એક કૃપાદ્રષ્ટિ નાખશો તો તમારા સર્વાધીશપણામાં કઈ ઉણપ આવશે ?

૧૯૪૧ તેણે (બાદશાહે) કહ્યું. "આ સહેલું છે. પણ તે એક મુર્ખ છે. એક મુર્ખ આદમી ખુદાથી તજાયેલો અને ધૃણાજનક છે.

૧૯૪૨ ભલે હું તેનું પાપ અને ભુલ માફ કરી દઉં તો પણ તેની બીમારીનો મને પણ ચેપ લાગશે.

૧૯૪૩ એક ખુજલીવાળા માણુસના સમાગમથી એકસો બધાજ ખુજલીવાળા બને છે, ખાસ કરીને આ ઘૃણાજનક તળ્ળ દીધેલ ખુજલીની બાબતમાં.

૧૯૪૪ ખુજલી, સમજણુની ખામી નાસ્તિક ઉપર પણ ન પડો, તેની (મુર્ખની) કમન-સીબી વાદળાઓને વરસાદ વગરનાં રાખે છે.

૧૯૪૫ તેની કમનસીબીના કારણે વાદળાં ભિનાશ નાખતાં નથી. ઘુવડપણાના કારણે એક શહેરને વેરાન બનાવાય છે.

૧૯૪૬ પેલા મુર્ખાઓની ખુજલીના કારણે હ. નુહના જળપ્રલયે એક આખી દુનિયાના (લોકોને) નામોશીમાં તારાજ કર્યા.

૧૯૪૭ પયગમ્બર સાહેબે કહ્યું છે, જે પણ કોઇ મુર્ખ છે, તે આપણો દુશ્મન છે અને એક પ્રેત છે કે જે (મુસાફરનો) રસ્તો રોકે છે.

૧૯૪૮ જે પણ કોઈ બુદ્ધિવાન છે તે (આપણુને) આપણા આત્મા જેવો (વહાલો) છે, તેની લહરી અને હવા આપણુને તુલસી જેવી મીઠી છે.

૧૯૪૯ (જો) બુદ્ધિવાન મારી નિંદા કરે છે (તો) હું ખૂબજ ખુશી થાઉં છું. કારણકે તે કાંઇક ધરાવે છે કે જે મારા કાર્યમાંથી પરીણમતું પરીણમ્યું છે.

૧૯૫૦ તેની નિંદા નકામી નથી. તેની મિજબાની એક મેજ વગરની નથી.

૧૯૫૧ (પણ) જો મુર્ખ મારા હોઠ ઉપર મીઠાઇ મુકે, અને તે મીઠાઈ થકી તાવ આવે.

૧૯૫૨ જો તું ભલો અને પ્રકાશિત બન્યો છો તો આ ખાત્રીપુર્વક જાણો કે એક ગધે-ડાની arse ને ચુંબવી તેમાં (ખુશકારક) સ્વાદ નથી.

૧૯૫૩ તે (સ્વાદહિન ભોજન) તમારા મોંઢાને દુર્ગન્ધ મારતું બનાવે છે. તમારાં કપડાં (ખોરાકના) મેજ વગર તેની કીટલી થકી કાળાં થયાં છે.

૧૯૫૪ બુદ્ધિ એક મેજ છે, નહિ કે રોટલો અને ભુંજેલું ગોસ. ઓ પુત્ર બુદ્ધિનો પ્રકાશ આત્માનો આહાર છે.

૧૯૫૫ માણુસને 'નુર' સિવાય બીજો ખોરાક નથી, આત્મા તેના સિવાય બીજા કશા પાસેથી આહાર મેળવતો નથી.

૧૯૫૬ આ (પાર્થીવ) ખોરાકમાંથી થોડો થોડો (પોતાને) કામનો રહે, કારણ કે આ એક ગધેડાનો આહાર છે નહિ કે પેલા એક સ્વતંત્ર (અમીર) આદમીનો.

૧૯૫૭ કે જેથી તમો અસલ આહારમાં (તલ્લીન થવાના) શક્તિશાળી બનો છો અને 'નુર'ના આનંદી કોળીયા ખાવાની ટેવવાળા (બનો).

૧૯૫૮ તે 'પેલા નુર' નું પ્રતિબિંબ છે કે આ રોટલો રોટલો બન્યો છે તે પેલા (દૈહીક) આત્માના વધુ પડતા વહેવામાંથી છે કે આ (જનાવરી) આત્મા આત્મા બન્યો છે.

૧૯૫૯ જ્યારે તમો એક વાર 'નૂરનો ખોરાક' ખાશો ત્યારે તમો (પાર્થીવ) રોટલા અને ચુલા ઉપર ધુળ રેડશો.

૧૯૬૦ બુદ્ધિ બે બુદ્ધિઓની બનેલી છે, પહેલી નિશાળમાં એક વિદ્યાર્થી માફક મેળવેલ જે તમો શીખો છો.

૧૯૬૧ કિતાબ અને શિક્ષક અને પ્રતિબિંબ અને યાદદાસ્ત અને માન્યતાઓમાં અને ઉત્તમ અને અણશિખાએલા પદાર્થજ્ઞાનમાંથી.

૧૯૬૨ (આ બાબતોથી) તમારી સમજણ બીજાઓથી ચડીયાતી બને છે, પણ (તમારા) અંતઃકરણમાં સાચવી રાખવામાં પેલું (જ્ઞાન) જે તે મોટા બોજા રૂપ છે.

૧૯૬૩ તમો (જ્ઞાનની શોધમાં) જતા આવતા અને મુસાફરીમાં (લાગેલા), (લખાએલી) તખ્તી સાચવો છો, સાચવેલી તખ્તી તે છે કે આનાથી પસાર થઈ ગએલ છે.

૧૯૬૪ બીજી બુદ્ધિ એ ખુદાનું ઈનામ છે, તેનો ઝરો આત્માની વચ્ચે છે.

૧૯૬૫ જ્યારે (ખુદાએ આપેલ) પાણીનું જ્ઞાન છાતીમાંથી વહેવા માંડે છે, તે ગંદુ અથવા જુનું અથવા પીળું (અપવિત્ર) બનતું નથી.

૧૯૬૬ અને જો તેનો (બહાર નીકળવાનો) રસ્તો અટકાવવામાં આવે, તો નુકશાન શું? કારણ કે તે (દિલના) ઘરમાંથી ચાલુ રીતે ઉછળીને બહાર આવે છે.

૧૯૬૭ મેળવેલ જ્ઞાન એક નીક જેવું છે કે જે ઘરમાંથી મહોલ્લાઓમાં વહે છે.

૧૯૬૮ જો તેનો (ઘરના) પાણીનો રસ્તો બંધ કરવામાં આવે તો તેને જરા જેટલુંય પાણી મળશે નહિ, તારા પોતામાંથી ઝરો શોધ!

**કહાણી કે કોઇ એકને બીજાની સલાહ સુચના જોઈતી હતી, કે જેણે કહ્યું, "બીજાની સલાહ લે કારણ કે હું તારો દુશ્મન છું."**

૧૯૬૯ અમુક માણસ કોઈ બીજા એકની સલાહ સૂચના મેળવતો હતો, કે તે માનસિક મૂઝવણમાંથી અને ઘેરી વિટંબણામાંથી મુક્ત બને

૧૯૭૦ તેણે જવાબ આપ્યો, ઓ નામાંકિત આદમી, બીજાને શોધ, મને નહિ, અને સલાહ સુચન માટેની બાબત તેને સમજાવી.

૧૯૭૧ હું તારા માટે એક દુશ્મન છું. તું મને વળગ નહિ. એક માણસ એક દુશ્મનની સલાહથી કદી ફતેહમંદ બનશે નહિ.

૧૯૭૨ જા, તારો એકાદ મિત્ર હોય તેને શોધ, એક દોસ્ત પોતાના દોસ્તની કાંઈપણ શંકા વગર ભલાઇ શોધે છે.

૧૯૭૩ હું એક દુશ્મન છું, તે અનિવાર્ય છે કે સ્વાર્થીપણામાં હું તને આખો રસ્તો રસ્તો બતાવું અને તમારા તરફ દુશ્મની બતાવું.

૧૯૭૪ તે એક (ચોગ્ય) શરત નથી કે એક વરૂ પ સેથી ચોકીદાર (ભરવાડનું) કામ લેવામાં આવે, ખોટી જગ્યાએમાંથી (કાંઈપણ) માગણી કરવી એ માગણી નકારવા માફક છે.

૧૯૭૫ કાંઈપણ શંકા વગર હું તમારો દુશ્મન છું. હું તમને રસ્તો કેમ બતાવું? હું રસ્તો રોકનાર છું.

૧૯૭૬ જે કોઈપણ પોતાના દોસ્ત સાથે ભલે નાવણીની ભઠ્ઠી પાસે હો યતો પણ તે એક ફુલોના બગીચામાં છે.

૧૯૭૭ જે કાંઈપણ દુનિયામાં પોતાના એક દુશ્મન સાથે બેસે છે તે ભલે બગીચાના ફુલોમાં બેઠો હોય તો પણ તે નાવણીની ભઠ્ઠીમાં છે.

૧૯૭૮ તારા દોસ્તને સ્વાર્થીપણાથી ખીજવ નહિ. રખેને તારો દોસ્ત તારો પ્રતિસ્પર્ધી અને દુશ્મન બની જાય.

૧૯૭૯ ખુદાની ખાતર અથવા તારા પોતાના આત્માની શાંતી માટે લોકોનું ભલું કર.

૧૯૮૦ કે તમો (તેમને) તમારી દ્રષ્ટિમાં હમેશાં દોસ્ત જુઓ અને કે તમારા દિલમાં કઢંગા વિચારો ધિક્કારમાંથી ઉત્પન્ન થાય નહિ.

૧૯૮૧ જ્યારે કે તમો (મારા તરફ) દુશ્મનાઈથી વર્તો છો, (મારામાંથી સલાહ સુચના મેળવવાનું) માંડીવાળો. એક દોસ્તની સલાહ શોધો કે જે (તમારી) લાગણી જગાડે છે.

૧૯૮૨ તેણે જવાબ આપ્યો, "ઓ અબુલ હસન, હું તમોને ઘણા વખતથી મારા એક દુશ્મન બનેલા ઓળખું છું.

૧૯૮૩ પણ તમો એક ખુલ્લો દિલના અને રૂહાનીયત આદમી છો. તમારી સમજણ તમને અયોગ્ય રસ્તે જવા દેશે જ નહિ.

૧૯૮૪ (દૈહિક) ખાશિયત પોતાના પ્રતિસ્પર્ધી ઉપર વેર લેવાની ઈચ્છા કરે છે. સમજણ દેહ ઉપર એક લોઢાની સાંકળ છે.

૧૯૮૫ તે આવે છે અને તેને થતાં અટકાવે છે અને તેને વશમાં રાખે છે, સમજણ તેના ભલા કામમાં એક અમલદાર જેવી છે.

૧૯૮૬ સમજણ જ્યારે ઈમાન સાથે મળેલી છે તે એક રક્ષક અને ઈન્સાફી પોલીસ અમલદાર જેવી છે, તે દિલના શહેરનો એક રક્ષક અને ઇન્સાફ કરનાર છે.

૧૯૮૭ તે માનસિક રીતે બિલાડીની માફક સજાગ છે, ચોર એક ઉંદરની માફક દરમાં સંતાએલ રહે છે.

૧૯૮૮ જ્યારે જ્યારે ઉંદર ફાવી જવાવાળો બને છે, ત્યારે બિલાડી હોતી નથી, અથવા ભલે પછી ત્યાં એક બનાવટી બિલાડી પણ હોય.

૧૯૮૯ (સમજણ સાથે) બિલાડીની (સરખામણી કરવી) તે શું છે? સમજણને લગતું ઈમાન કે જે કાયામાં છે તે સિંહ છે કે જે સિંહોને હંફાવે છે.

સમજણ + ઈમાન સાથે
મળે તો એક રક્ષક (અમલદાર) જેવી છે
જે રક્ષક, ને ઈન્સાફ કરનાર છે.

૧૯૯૦ તેની ગર્જના ( દૈહિક ) જનાવરોને ફાડી ખાતો ન્યાયાધીશ છે, તેનો અવાજ ચરતાં જનાવરોને અટકાવનાર છે.

૧૯૯૧ ( જો ) શહેર ચોરો અને કપડાના ઉઠાવગીરોનું ભરેલું છે, તો જો તારી ઇચ્છા પડે તો એક પોલીસ અમલદારને રાખ અને મરજી પડે તો ન રાખ.

**એક ચડાઈની ફોજના સેનાધિપતી તરીકે હુદાયલના એક યુવાનને હ. પયગમ્બર ( ર. સ. અ. ) સાહેબે બનાવ્યો કે જેમાં મોટી ઉમરના વડીલો અને અનુભવી લડવૈયાઓ હતા.**

૧૯૯૨ હ. પયગમ્બર સાહેબ એક સેનાનો કાફરો અને અહંકારને ખાળવા સામે લડવા મોકલતા હતા.

૧૯૯૩ તેમણે હૂદાયલના એક યુવાનને પસંદ કર્યો અને તેને લશ્કર અને પાયદળનો સેનાધિપતિ બનાવ્યો છે.

૧૯૯૪ એક લશ્કરનો પાયો બેશક તેનો સેનાધિપતી છે, હાદી વગરનો એક માણસ માથા વગરનું ધડ છે.

૧૯૯૫ કે તમો ( રૂહાની રીતે ) મરેલા અને જીર્ણાવસ્થા છો, તો આ બધાનું કારણ તમોએ ' હાદી 'ને છોડી દીધો તે છે.

૧૯૯૬ આળસ અને અદેખાઇ અને અહમતાના કારણે તમારૂં માથું પાછું ખેંચો છો અને તમને પોતાને માથું બનાવો છો ( માથાભેર પડવા માટે ).

૧૯૯૭ ( તમો ) એક જનાવર જેવા છો કે જે ભાગ ઉપાડવામાંથી ભાગી છુટે છે ને પોતાનું માથું ડુંગરોમાં ઉઠાવી જાય છે.

૧૯૯૮ તેનો ધણી તેની પાછળ દોડે છે, બુમ પાડે છે, ઓ અસ્થિર ભેજાવાળા, ત્યાં દરેક બાજુએ એક ગધેડાની શોધમાં વરૂ બેઠું છે.

૧૯૯૯ જો તું મારી આંખો આગળથી અદ્રષ્ય બનીશ, તો શક્તિશાળી વરૂ દરેક દિશામાંથી તને ભેટી જશે.

૨૦૦૦ તે તારા હાડકાં સાકરની માફક આવી જશે, કે જેથી તું ફરીવાર કદી જીવન જોશે નહિ.

૨૦૦૧ ( અથવા ) પેલા ( તાત્કાલીક વિનાશને ) ન ધારતો પણ કોઇપણ હિસાબે તું ઘાસ વગરનો રહી જઇશ, બળતણની ભારીઓની ખામીથી અગ્નિ ( આખરે ) બુજાઇ જાય છે.

૨૦૦૨ ખબરદાર થા ! મારા કબજામાંથી અને બોજાના ભારી પણામાંથી છટકી જા નહિ. કારણ કે હું તારો ( બુદ્ધિશાળી ) આત્મા છું.

૨૦૦૩ તમો ( બોજાના ) એક જનાવર છો, કારણ કે તમારો દૈહિક આત્મા તમારા પર પ્રબળતા ભોગવે છે; સવિશેષ પ્રબળ ( ગુણધર્મ ) ( એક વસ્તુની ) ખાશિયત નક્કી કરે છે.

હાદી - વગર માથા વગરનું ધડ છે

૨૦૦૪ સર્વશક્તિમાને તને એક ગધેડો કહી બોલાવ્યો નથી, તેણે તને એક ઘોડો કહી બોલાવ્યો છે, અરબો અરબી ઘોડાને 'તાઅલ' (આવ) કહે છે.

૨૦૦૫ હ. મુસ્તફા (ર. સ. અ.) ખુદાના જનાવરો માટેના (કે જે) દુષ્ટ દૈહિક આત્મા છે, (તેવા) તબેલાની નજર રાખનાર હતા.

૨૦૦૬ માયાળુપણાના ખેંચાણ અંગે તેણે (ખુદાએ) કહ્યું, "કહે તાઅલવ (તમો આવો) અંતમાં હું તમોને કેળવું હું કેળવણી આપનાર છું."

૨૦૦૭ (હ. પયગમ્બર સાહેબે કહ્યું છે.) જ્યારે કે મેં દૈહિક આત્માને કેળવણી આપી છે મેં આ જનાવરો પાસેથી ઘણી લાતો ખાધી છે.

૨૦૦૮ જ્યાં જ્યાં તાલીમ આપવાનો એક શોખ હોય, ત્યાં લાતોથી બચવાનું કોઇ સાધન હોતું નથી.

૨૦૦૯ અનિવાર્યપણે ઘણાં સંકટો પયગમ્બરો ઉપર પડયાં છે, કારણ કે તે એક ડાહ્યા (અજ્ઞાનને) તાલીમ આપવાનું દુઃખ છે.

૨૦૧૦ તમો એકલા એકલા ધ્રુજો છો, મારા શબ્દે (મારો હુકમના તાબે થવાનાં) એક ઘોડાની ધીમી ચાલે ચાલો, કે તમો નમ્ર બનો અને બાદશાહ માટે સવારી કરવાના લાયક બનો.

૨૦૧૧ માલિકે કહ્યું છે, કહો, તમો આવો, કહો, તમો આવો, ઓ જનાવરો કે જેઓ સદ્વર્તનમાંથી ભડકીને ભાગ્યા છો.

૨૦૧૨ ઓ પયગમ્બર, જો તેઓ ન આવે તો દિલગીર બનતો નહિ. પેલા બન્ને (જ્યુ અને ક્રીશ્ચિયન) ના કારણે દઢતા વગર ધિક્કારભરેલો બનતો નહિ.

૨૦૧૩ કેટલાયના કાનો આ 'તાઅલવ' (ની બુમોથી) બહેરા છે. દરેક જનાવરને એક જુદો તબેલો હોય છે.

૨૦૧૪ કેટલાક આ બોલવવાથી ભાગી છુટે છે, દરેક જનાવરનો સ્ટોલ જુદો જુદો છે.

૨૦૧૫ કેટલાકે આ કહાણીથી લજ્જાની લાગણી અનુભવી છે. કારણ કે દરેક પંખીનું પાંજરૂં જુદું છે.

૨૦૧૬ ફિરસ્તાઓ પણ સમોવડીયા નથી, આ કારણથી તેઓએ બહિશ્તમાં જુદા જુદા દરજ્જા બનાવ્યા છે.

૨૦૧૭ બચ્ચાંઓ, ભલે પછી તેઓ (તેજ) નિશાળમાં એકજ હોય (પણ) શિક્ષણ લેવામાં તેઓ એકબીજાથી સરસાઇ ભોગવે છે.

૨૦૧૮ પુર્વના અને પશ્ચિમના રહેનારાઓ ઇન્દ્રિયની સમજશક્તિઓ ધરાવે છે (પણ) દ્રષ્ટિનું કામકાજ આંખની ઇન્દ્રિય જ ધરાવે છે.

૨૦૧૯ ભલે એક લાખ કાનો પંક્તિમાં ગોઠવાએલા બને, તેઓ બધાને એક ચોકખી આંખની ગરજ છે.

૨૦૨૦ ફરીવાર, કારોની પંક્તિઓને આત્માના શબ્દો અને પ્રણાલિકા અને વહીના સાંભળવાની બાબતમાં એક ( ખાસ ) કામગીરી છે.

૨૦૨૧ એક લાખ આંખો પેલો માર્ગ ( માનસિક શક્તિ ) ધરાવતી નથી, કોઈપણ આંખ સાંભળવાથી પરિચીત નથી.

૨૦૨૨ તેવીજ રીતે, એક પછી એક દરેક ઈન્દ્રિયની ગણત્રી કરો. દરેક બીજીના કાર્યથી અલગ કરેલી છે.

૨૦૨૩ પાંચ જાહેરી અને પાંચ આંતરિક જ્ઞાનેન્દ્રિઓ દસ પંક્તિઓમાં ( ખુદાની બંદગી માટે ) ( ફિરસ્તાના ) સ્વરૂપે ઉભી છે.

૨૦૨૪ કોઈપણ જે 'સત્ય પંથ'ની પંક્તિમાંથી પોતાને ( બેફરમાનીથી ) પાછો ખેંચે છે, તે તે પંક્તિમાં જશે. જે પાછળ છે.

૨૦૨૫ ( ખુદાઈ ) હુકમ ' તાઅલવ ' ( તમો આવો ) ને નાનો સમજ નહિ, આ શબ્દ એક ખુબ જ મોટો કિમીયો છે.

૨૦૨૬ જો એક જસત ( હલકી આદમી ) આ તમારી શબ્દ કહેવામાંથી નફરતથી ચાલ્યો જશે, કાંઈપણ શંકા વગર તેનામાંથી કિમીયો જ ઝુંટવાઈ જશે.

૨૦૨૭ જો તે તેના જાદુ જેવા આત્માએ ચાલુ ઝમાનામાં તારા ઉપર ( ચંત્રો ) છાંટયા છે, ( છતાં ) તમારૂં કહેણુ તેને પાછલા ભાગમાં અંતમાં નફો આપશે.

૨૦૨૮ ઓ ( ખુદાના ) ગુલામ, કહે, તમે આવો, કહે તમે આવો, ધ્યાન રાખજે કારણ કે ખરેખર, ખુદા શાંતીના ( ધામમાં ) તને આમંત્રે છે.

૨૦૨૯ તો પછી મહેરબાન, અદ્મ અને મોટાઈમાંથી ( બહાર ) આવો. ' રૂહાની રાહબર ' ની શોધ કર. રાહબર થવાની ઈચ્છા ન કરતો.

## હ. પયગમ્બર ( સ. અ. )ની હુદાયલના માણસની સેનાધિપતિની નિમણુંક સામે એક વાંધો ઉઠાવનારે વાંધો ઉઠાવ્યો.

૨૦૩૦ જયારે હ. પયગમ્બર સાહેબે હુદાયલના ( કબીલા ) માંથી એક સેનાપતીની લશ્કર માટે નીમણુંક કરી કે જેનું લશ્કર દૈવી મદદવાળું હતું.

૨૦૩૧ એક અસભ્ય આદમી ઇર્ષા અંગે ચુપકીદી રાખી શકયો નહિ. તેણે વાંધો અને વિરૂદ્ધાઈ ઉચ્ચારી.

૨૦૩૨ માણસ જાત નજર નાખો, તેઓ કેવા કાળા ( રૂહાની પ્રકાશ વગરના ) છે અને તેઓ કેવા એક નાશ પામતી ચીજ વસ્તુની ઈચ્છામાં નાશ પામે છે.

૨૦૩૩ તેઓ બધા મગરૂરીના કારણે ( ખુદામાંથી ) જુદાઈમાં આત્માના મરેલા, ઢોંગમાં જીવતા છે.

૨૦૩૪ તે અજાયબી છે કે આત્મા કેદમાં છે. (અને બધો વખત) જેલની ચાવી તેના પોતાના હાથમાં છે.

૨૦૩૫ પેલો યુવાન (આત્મા) પગથી માથા સુધી નર્કમાં પડયો છે, (જ્યારે) વહેતી નદી (લગભગ) તેના પહેરણને અડતી વહે છે.

૨૦૩૬ તે હંમેશાં એક બાજુએથી બીજી બાજુએ વિરામની જગ્યાની બાજુમાં અને ખુરશી કે જેમાં તે પીઠને ટેકો આપે ત્યાં હરે ફરે છે.

૨૦૩૭ (ખુદાઈ) 'નુર' ગુપ્ત છે અને શોધ (તેના અસ્તિત્વની) સાબીતી છે. કારણ કે દિલ (આત્મા) નકામો આશ્રયસ્થાન શોધતો નથી.

૨૦૩૮ જો આ દુનિયાના કેદખાનાને આશ્રયસ્થાન ન હોત તો અણગમાની કંઈ લાગણી ન હોત કે ન હોત રાહત શોધતું દિલ.

૨૦૩૯ તારો અણગમો તને એક રક્ષકની માફક ખેંચી જાય છે, કહીને, ઓ આડા ગએલા આદમી, સત્યતાનો રસ્તો શોધ.

૨૦૪૦ રસ્તો છે, પણ તે ગુપ્ત જગ્યાએ સંતાએલ છે, તેની શોધખોળ વૃથા શોધવા અંગે ગીરો મુકાએલી છે.

૨૦૪૧ જુદાઈ ખાનગીમાં 'મિલન' નો શોધમાં છે. આ શોધકમાં શોધાયાનો ચહેરો તું જરૂર પારખીશ.

૨૦૪૨ બગીચાનાં મરેલાં (ઝાડ અને છોડો) મૂળમાંથી ઉપર ઉભાં થાય છે, "જીવનના આપનારને નિરખ!

૨૦૪૩ દુનિયાના આ કેદીઓની આંખો (જે) પેલી પાર પડેલ છે તેના ઉપર કેમ ચોંટશે? જો (મુક્તિના) શુભ સમાચાર લાવનાર કોઇ ન હોય તો?

૨૦૪૪ તો ત્યાં એક લાખ અપવિત્રો પાણી શોધતા ન હોય, જો નદીમાં પાણી જ ન હોય.

૨૦૪૫ જો દુનિયા ઉપર તારા પક્ષે આરામ ન પણ હોય, (છતાં) જાણ કે ઘરે ગાદલું અને પલંગપોશ છે.

૨૦૪૬ જો આશ્રયસ્થાનના હોવા સિવાય આરામ :વગરનો (શોધક) ન હોય તે કે જે આવેશનોમાથાનો દુ:ખાવો લઈ જાય છે તેના વગર આ દુ:ખાવો હોત જ નહિ.

૨૦૪૭ તેણે (વાંધો લેનારે) કહ્યું, "નહિ, નહિ, ઓ ખુદાના સંદેશક, લશ્કરના સેનાપતી તરીકે કોઈ વૃદ્ધ શેખ સિવાય બીજા કોઈની નીમણુંક કરતા નહિ.

૨૦૪૮ ઓ ખુદાના સંદેશક, (ભલે) જો યુવાન સિંહથી જન્મેલા (જેવો બહાદુર) હોય, લશ્કરનો ઉપરી વૃદ્ધ સિવાય બીજો નીમાવો ન જોઈએ.

૨૦૪૯ તમોએ પોતે જ કહ્યું છે, અને તમારા શબ્દો (એક સાચા) સાક્ષી છે. 'આગેવાન મોટી ઉમરનો હોવો જોઇએ, મોટો જ હોવો જોઇએ.

૨૦૫૦ એ ખુદાના સંદેશક, આ લશ્કર તરફ જુઓ ( કે જેમાં ) આટલા બધા વૃદ્ધો અને તેનાથી ઉંચા દરજ્જાના ( માણસો ) છે.

૨૦૫૧ આ ઝાડના પીળાં પાંદડાંને નજરમાં ન લ્યો, ( પણ ) તેના પાકેલાં સફરજન તોડી લ્યો.

૨૦૫૨ વાસ્તવમાં તેના પીળાં પાંદડાં કેવી રીતે ( કીંમત ) વગરનાં છે ? આ વિસ્તરવા અને પૂર્ણતાની નિશાની છે.

૨૦૫૩ ( વડીલની ) દાઢીનાં પીળા પાન ( વાળ ) અને તેના સફેદ વાળ તેની પાકી ગએલી સમજણના કારણે આનંદનાં મોજાં લાવે છે.

૨૦૫૪ નવાં ફુટેલાં લીલા રંગનાં પાંદડાંઓ નિશાની બતાવે છે કે આ ફળ કાચું છે.

૨૦૫૫ પાંદડાં વગરની તૈયારી ( રૂહાની ગરીબાઈ ) એ 'નોસ્કીક' ની નિશાની છે. સોનાનું પીળાપણું એ નાણું બદલનારના ચહેરાની લાલી થવાનું કારણ છે.

૨૦૫૬ જો તે કે જે ( હજી ) ગુલાબી ગાલવાળો છે, તેના ચહેરા ઉપર તાજગી છે. ( છતાં ) તેણે જ્ઞાનની સ્કુલમાં લખવાનું શીખવું શરૂ કર્યું છે.

૨૦૫૭ તેના લખવાના અક્ષરો બહુ વાંકાચુંકા છે. સમજણની દ્રષ્ટિએ તે એક અપંગ છે. ભલે પછી તેની કાયા ચપળતાથી ચાલે છે.

૨૦૫૮ જો કે એક બુઢા માણસના પગો ઝડપી હિલચાલથી વંચિત રખાયા છે. તેની સમજણને બે પાંખો મળી છે અને મધ્યબિંદુએ ઉડયો છે.

૨૦૫૯ જો તમને ( આના ) માટેનો એક દાખલો જોઈતો હોય તો 'જાફર' ( ઈબ્ને અબુ તાલીબ ) તરફ જુઓ, ખુદાએ તેને પગ અને હાથને બદલે પાંખો આપી.

૨૦૬૦ સોનાનું બોલવામાંથી અટકી જા, કારણ કે આ મુદ્દો ગહન છે. આ મારૂં દિલ પારાની માફક વ્યાકુળ બન્યું છે.

૨૦૬૧ મારી અંદરથી એક સો મધુર શ્વાસની ચુપકીદીઓ પોતાના હાથે મારા હોઠ ઉપર મુકે છે, હેતુ વ્યકત કરે છે "તે પુરતું છે."

૨૦૬૨ ચુપકીદી સમુદ્ર છે, અને પાણી એક નદી જેવી છે. સમુદ્ર તને શોધે છે. નદીને શોધતો નહિ,

૨૦૬૩ સમુદ્ર પાસેથી મળેલા સુચનોમાંથી તારૂં માથું ફેરવતો નહિ. ( વિષયને ) સમાપ્ત કર અને સાચો રસ્તો સૌથી સારી રીતે ખુદા જાણે છે.

૨૦૬૪ પેલા ઉદ્ધત વાંધા ઉઠાવનારે શબ્દો ઉચ્ચારવા એવી રીતે મંદ ચાલતા હોઠમાંથી હ. પયગમ્બર સાહેબની હજુરમાં ચાલુ રાખ્યા.

૨૦૬૫ શબ્દો ( તેની વાતને ) ટેકો આપતા હતા ( પણ ) તે અજ્ઞાન હતો કે પ્રણાલિકાગત જ્ઞાન એ દિવ્ય દ્રષ્ટિની હજુરમાં માત્ર લવરી કરવી છે.

૨૦૬૬ ખરેખર આ પ્રણાલિકાનું જ્ઞાન નજર માટે ( માત્ર ) અવેજી વસ્તુ છે, તેઓ માટે તે નથી કે જેઓ 'હાજર' છે ( પણ ) તેને માટે છે કે જે ગેરહાજર છે.

૨૦૬૭ જે કોઇએ પણ 'દ્રષ્ટિ' મેળવી છે, તેની આગળ આ પ્રણાલિકાની બાબતો ઉપયોગી નથી.

૨૦૬૮ જ્યારે તમો તમારા પ્રિયતમની બાજુમાં બેઠા છો, આના પછી 'દલાલસ' હદપાર થાય છે.

૨૦૬૯ જે કોઇપણ બચપણમાંથી પસાર થઈ ચુક્યો છે. અને એક માણસ બન્યો છે. પત્ર અને 'દલાલસ' તેને કંટાળાજનક બને છે.

૨૦૭૦ તે વત્રો વાંચે છે, (પણ માત્ર) (બીજાઓને) શીખવાના ઇરાદે (વાંચે છે) તે શબ્દો ઉચ્ચારે છે, (પણ માત્ર) બીજાઓને સમજતા કરવાના કારણે (વાંચે છે)

૨૦૭૧ પ્રણાલિકા માટે જેઓ 'દ્રષ્ટિ'વાળા છે તેની હાજરીમાં બોલવું એ ખોટું છે, કારણ કે તે આપણી ખામી અને બેદરકારીની સાબીતી છે.

૨૦૭૨ 'દ્રષ્ટિવાન'ની હાજરીમાં ચુપકીદી તમારા માટે સંગીન તક છે. આના કારણે જ (ખુદા પાસેથી) સંબોધન આવ્યું. ("તમો ચુપ બનો")

૨૦૭૩ જો તે (દ્રષ્ટિવાન) તમને બોલવાની રજા આપે. ખુશીથી બોલો પણ, જૂઠું ન કહો અને (તમારા શબ્દો)ને લંબાણમાં લઇ ન જતા.

૨૦૭૪ અને જો તેઓ લંબાણપૂર્વક બોલવાનું કહે તેવી જ નમ્રતાથી બોલજે અને તેનાં હુકમ અનુસાર વર્તજે.

૨૦૭૫ હું પણ જેમ અત્યારે, આવી સરસ રીતે સંત્રોચ્ચાર (કવીતા ગાતાં) ઝીયાઉલહક હુસામુદ્દીનથી (બોલી રહ્યો છું).

૨૦૭૬ સચ્ચાઈના રસ્તાને લગતું મારૂં વિવરણ જ્યારે હું કાપી કહ્યો છું. ત્યારે તે એક સો જાતની કરામતોથી મને બોલવામાં ખેંચે છે.

૨૦૭૭ ઓ હુસામુદ્દીન, ખુદાના પ્રકાશ, જેમ કે જ્યારે તું જુએ છે તેમ શા માટે (મારામાંથી) વાણી શોધે છે.

૨૦૭૮ કદાચ (તારા હિસ્સે) આ માગણી તારા ઇચ્છીત માટેના પ્રેમમાંથી જાગી હોય, (જેમ કવીએ કહ્યું છે) "મને પીવા મદીરા આપો અને તે (મદિરા) છે કે નહિ તે કહો.

૨૦૭૯ તે પળે તેનો પ્યાલો તારા મોઢા આગળ છે (પણ તારો) કાન કહે છે, "કાનનો હિસ્સો કયાં છે?"

૨૦૮૦ "(ઓ કાન) તારો હિસ્સો (પ્રેમની) ગરમી છે, અરે, તું ગરમ થએલો અને મદમસ્ત બન્યો છો." તેણે જવાબ આપ્યો, "મારી લાલસા આના કરતાં વધુ છે."

## હ. મુસ્તફા. (૨. સ. અ.)એ વાંધો ઉઠાવનારને જવાબ દીધો.

૨૦૮૧ જ્યારે પેલો આરબ માયાળુ સ્વભાવવાળા હ. મુસ્તફા (ર. સ. અ.)ની હજુરમાં હદથી વધુ વાદવિવાદ લઈ ગયો.

૨૦૮૨ ત્યારે પેલા વલ નજમના રાજા અને અખ્બાસના સુલતાને (ગુસ્સામાં) પોતાના હોઠ કરડયા અને પેલા મુર્ખ બકવાદ કરનારને કહ્યું "બસ."

૨૦૮૩ તેઓ પોતાનો હાથ વાંધો ઉઠાવનારના મોઢા ઉપર (બોલતાં અટકાવવા) મુક્તા હતા, (જાણે એમ કહેવા હોય) જેને અદ્રશ્યનું જ્ઞાન છે, તેની હાજરીમાં તું કેટલો લાંબો વખત બોલ્યા કરીશ?

૨૦૮૪ તે કે જે 'દ્રષ્ટિ' થી વિભુશીત છે તેને પાસેનું સુકેલ છાણુ લાવ્યો છે, કહે છે, "કસ્તુરીની કોથળીને બદલે આને ખરીદો."

૨૦૮૫ ઓ તું દુર્ગંધ ફેલાવતા મગજ અને દુર્ગંધ ફેલાવતા મોઢવાળા, તેં તારા નાકની નીચે ઉંટની લાદ મૂકી છે, અને કહે છે, ઓહ આહ્‌લાદજનક!

૨૦૮૬ ઓ ત્રાંસું જોતા બેગાના મૂર્ખ; તેં ખુશીમાં ઓહ, ઓહ, ઉચ્ચાર્યું છે, કે તારી હલકી બનાવટી ચીજોને તૈયાર વેચાણ મળે!

૨૦૮૭ અને કે તું (રૂહાની) સુગંધની પવિત્ર અંગમાં દગો કરે, કે જે અવકાશી ગુલાબના બગીચામાં વેરે છે.

૨૦૮૮ જો કે તેની (ઓલીયાની) સહનશીલતા મૂર્ખ બનવાનો આભાસ કરે છે, દરેકે પોતાને થોડો ઘણો જાણવો જોઇએ.

૨૦૮૯ જો આજ રાત્રે રાંધવાના ઘડાનું મોઢું ખુલ્લું રહી જાય, છતાં બિલાડીને મરજી મુજબ કરવાની છુટ હોવી જોઈએ.

૨૦૯૦ જો કે પેલો કિર્તીવંત (ઓલીયા) એ સુતો હોવાનો ઢોંગ કરેલ છે (છતાં) તે (ખરેખર) ખૂબ જ સજાગ છે, તેની પાઘડી ઉપાડી ન જતો.

૨૦૯૧ રૂહાની ઉત્તમતાથી વંચિત ઓ દુરાગ્રહી, તું ખુદાના પસંદ કરાએલાની હાજરીમાં આ સેતાનના મંત્રો કયાં સુધી ઉચ્ચારીશ?

૨૦૯૨ આ (પસંદ કરાએલાના) ટોળાને એક લાખ સંયમો છે, તેમાંનો દરેક એકસો ડુંગરની માફક અચળ છે.

૨૦૯૩ તેઓનો સંયમ એક મૂર્ખને સજાગ બનાવે છે અને એકસો આંખવાળા ચપળ નજરવાળા માણસને પોતાનો રસ્તો ભુલવાનું કારણ બને છે.

૨૦૯૪ તેઓનો સંયમ ઉત્તમ પસંદ કરાએલ મદિરાની માફક મગજમાં આનંદપૂર્વક ક્રમશ સવાર થાય છે.

૨૦૯૫ (દુન્યવી) અદ્‌ભુત મદિરાથી ચકચુર બનેલા માણસને નિહાળ, (ચેસ)ની રમતમાં વાંકીચુંકી ચાલતી રાણીની માફક પીધેલા માણસે ચાલવું શરૂ કર્યું છે.

૨૦૯૬ પેલા ઝડપથી પાકતા શરાબની અસરમાં પેલો (હિંમતવાન) યુવાન રસ્તાની મધ્યમાં એક ઘરડા માણસની માફક પડે છે.

૨૦૯૭ ખાસ કરીને આ (રૂહાની) મદિરા કે જે 'બલા' ની બરણીમાંથી છે તેની અસરની ચણત્રી કર, નહિ કે મદમસ્તની પેલી મદિરા કે જે (માત્ર) એક જ રાત ચાલે છે.

૨૦૯૮ (પણ) પેલા (શરાબ) મિજબાનીમાંની છેલ્લી વાનગી તરીકે પીતાં અને એકથી બીજી જગ્યાએ ભમતાં કે જેના અંગે ગુફાના માણસો (સાત સુનારાઓ) એ પોતાની સમજણ ત્રણસો નવ વર્ષો સુધી ગુમાવી.

૨૦૯૯ મિસરની સ્ત્રીઓએ પેલી (મદિરાનો) એક પ્યાલો પીધો અને પોતાના હાથોના કટકા કર્યા.

૨૧૦૦ ફિરઓનના જાદુગરોને પણ હ. મુસા (અ. સ.) નો નશો હતો. તેઓએ ફાંસીઓને પોતાનો પ્રિતમ બનતી નિહાળી.

૨૧૦૧ જાફરે તય્યાર પેલી મદિરાથી મદહોશ હતો, પોતાની ખુદીમાં હોતાં, તે પોતાના પગો અને હાથો (ખુદાની ખાતર) કુરબાન કરતો હતો.

**હ. બાયઝીદ (ર. અ.)ના કહેણની કહાણી "સર્વ વખાણ મારાં છે! મારો દરજ્જો કેવો મહાન છે!" અને તેના મુરીદોનો વાંધો.**

ઉઠાવવો, અને આનો જવાબ તેમણે કેવી રીતે આપ્યો, વાણીના રસ્તે નહિ પણ "દિદાર" ના રસ્તે (જવાબ આપ્યો).

૨૧૦૨ પેલો માનવંત દરવીશ, હ. બાયઝીદ પોતાના મુરીદો પાસે આવ્યા; કહે, "અરે, હું ખુદા છું."

૨૧૦૩ (ગુઢાર્થ) જ્ઞાનોના પેલા ધણીએ મદહોશીની રીતમાં ચોકખું કહ્યું, "સાંભળો; મારા સિવાય બીજો કોઇ ખુદા નથી, તેથી મારી બંદગી કરો.

૨૧૦૪ જ્યારે પેલો પરમાનંદ પસાર થયો ત્યારે તેઓએ પ્રભાતમાં તેને કહ્યું, "તમોએ આમ આમ કહ્યું છે, અને આ નાસ્તિકતા છે.

૨૧૬૫ તેમણે કહ્યું, "આ વખતે જો હું બદનક્ષી કરૂં તો તુર્તજ આવજો અને મારામાં છુરા ખોંસી દેજો.

૨૧૦૬ ખુદા કાયાને સમાધિસ્થ કરે છે, અને હું કાયા સામે છું. જ્યારે હું આના જેવી ચીજ કહું ત્યારે તમારે મને મારી નાખવો જોઇએ.

૨૧૦૭ જ્યારે પેલા (રૂહાનીયત) સ્વતંત્રે આદેશ આપ્યો, દરેક મુરીદે એક છુરો તૈયાર કર્યો.

૨૧૦૮ ફરીવાર તેઓ (હ. બાયઝીદ) પેલી શક્તિશાળી સુરાહીથી મદહોશ બન્યા, પેલા આદેશો તેમના મગજમાંથી અદ્રષ્ય થયાં.

૨૧૦૯ ભોજનની પીરસણી આવી, તેની વિવેકબુદ્ધિ બેગાની બની. પ્રભાત આવ્યું. તેની મીણબત્તી લાચાર બની.

૨૧૧૦ વિવેકબુદ્ધિ 'પ્રીફેક્ટ' જેવી છે, જ્યારે બાદશાહ આવે છે ત્યારે લાચાર પ્રીફેક્ટ ખુણામાં ઘુસે છે.

૨૧૧૧ વિવેક બુદ્ધિ ખુદાનો પડછાયો છે. ખુદા સૂર્ય છે, સૂર્યની સામે ઝઝુમવાની પડછાયામાં કંઈ શક્તિ છે?

૨૧૧૨ જ્યારે એક જીન્ન એક માણસ ઉપર સરસાઇ મેળવે છે ત્યારે માણસાઇના ગુણધર્મો માણસમાંથી અદ્રષ્ય થાય છે.

૨૧૧૩ જે પણ કાંઈ તે કહે છે તે પેલો જીને (ખરેખર) કહ્યું હશે. એક કે જે આ દિશાની માલિકીનો છે તેણે પેલો એક કે જે પેલી પારનો છે (તેના હુકમ આધીન) થી બોલ્યો હશે.

૨૧૧૪ જ્યારે કે એક જીન્નને આ અસર છે ત્યારે પેલા જીન્નના પેદા કરનારની શક્તિ (કેવી જબરદસ્ત) બનવી જોઈએ.

૨૧૧૫ તેનો (તાબે થએલા માણસનો) તે (વ્યક્તિગત રીતે) ચાલ્યો ગયો છે. વાસ્તવમાં તે જીન્ન બન્યો છે, તુર્ક, દૈવી પ્રેરણા (મેળવ્યા) વિના અરબીનો બોલનાર બન્યો છે.

૨૧૧૬ જ્યારે તે પોતામાં આવે છે, ત્યારે તે અરબીનો એક શબ્દ પણ જાણતો નથી જેમ એક જીન્નને આ સત્ય અને ગુણ છે.

૨૧૧૭ તો પછી પ્રાર્થના કર, શું જીન્ન અને માણસનો માલિક જીન્નથી ઉતરતી કક્ષાનો છે?

૨૧૧૮ જો એક સુરાહીના બહાદુર માણસે એક ઝનુની સિંહનું લોહી પીધું છે, તો તમો કહેશો કે મદિરાએ તે કર્યું છે, નહિ કે તેણે.

૨૧૧૯ અને જો તે સંપૂર્ણ સમજણપુર્વકના શબ્દો ઉચ્ચારે તો તમો કહેશો કે મદિરા પેલા શબ્દો બોલી છે.

૨૧૨૦ મદિરાને આ ગડબડ અને તોફાન (આકર્ષવાની શકિત) છે "ખુદાના નુર" ને તે સદ્‌ગુણ અને શકિત નથી.

૨૧૨૧ તમને પોતાને ખુદીમાંથી તદ્દન ખાલી કરવાં (કે જેથી) તમો નીચે મુકાએલા બનશો અને તે (તમારામાં) શબ્દને શક્તિશાળી બનાવશે.

૨૧૨૨ જો કે કુરાને મજીદ હ. પયગમ્બર સાહેબના હોઠોમાંથી લખાયું છે, જો કોઈ કહે કે તે ખુદા બોલેલ નથી તો તે એક નાસ્તિક છે.

૨૧૨૩ જ્યારે બેખુદીના હુમાએ પાંખો મેળવી (અને ઊંચે ચડયું) ત્યારે હ. બાયઝીદે (પેલા શબ્દો) ફરી ઉચ્ચારવા શરૂ કર્યા.

૨૧૨૪ વ્યાકુળતાનો પ્રલય તેની સમજણ ખેંચી ગયો, તેઓ પહેલાં કરતાં વધુ સખત શબ્દો બોલ્યા.

૨૧૨૫ (કહીને) મારા ઝભ્ભામાં ખુદા સિવાય બીજા કંઈ નથી, તું કેટલો લાંબો વખત પૃથ્વીમાં અને આસમાનમાં ગોતીશ?

૨૧૨૬ બધા મુરીદો ક્રોધે ભરાણા અને તેના પવિત્ર શરીર ઉપર છુરા ભોંક્યા.

૨૧૨૭ ગીર્દકુહના બહાદુરોની માફક દરેક જણ પોતાના રૂહાની સરદારને દયા વગર ઘાયલ કરતા હતા.

૨૧૨૮ દરેક જણ જે શેખના (શરીરમાં) છુરો હલાવતો તે તેના પોતાના જ શરીરમાં પાછો ફરી ઉંડો જખમ કરતો હતો.

૨૧૨૯ (ગુઢાર્થ) જ્ઞાનોના ધરાવનાર પેલાના શરીર ઉપર એક પણ જખમની નિશાની હતી નહિ, જ્યારે પેલા મુરીદો ઘાયલ બન્યા હતા અને લોહીમાં ડુબ્યા હતા.

૨૧૩૦ જેણે જેણે તેની છાતી ઉપર ફટકાની નિશાની લીધી તેણે પોતાનું જ ગળું કાપેલું જોયું અને દયાજનક રીતે ગુજરી ગયો.

૨૧૩૧ અને જેણેજેણે તેની છાતી ઉપર ફટકો લગાવ્યો, તેની (પોતાનીજ) છાતી ફાટી ગઈ હતી અને તે કાયમને માટે મરેલો બન્યો.

૨૧૩૨ અને તે કે જે પેલા મહાન ભાગ્યના રૂહાની બાદશાહથી પરિચીત હતો (અને) તેના દિલે ભારે ફટકો મારવાની અનુમતી આપી નહિ.

૨૧૩૩ અર્ધા જ્ઞાને તેનો હાથ બાંધ્યો; (તેથી) તેણે પોતાની જીંદગી બચાવી અને પોતાને ઘાયલ કર્યો.

૨૧૩૪ સવાર પડયું, અને મુરિદો ઓછા હતા. તેઓના ઘરોમાંથી રડારોળના સુસવાટા ઉઠયા.

૨૧૩૫ હજારો માણસો અને સ્ત્રીઓ (હ. બાયઝીદ) પાસે આવ્યા, કહે, ઓ તું કે જેના એક માત્ર પહેરણમાં બે દુનિયા સમાએલી છે.

૨૧૩૬ જો તમારી આ કાયા એક મનુષ્યની કાયા હોત તો તેનો એક માનવના શરીરની માફક છુરાઓથી નાશ થયો હોત.

૨૧૩૭ એક ખુદીની હસ્તી સ્પર્ધામાં એક બેખુદની સામે પડે છે, ખુદની હસ્તી તેની પોતાની જ આંખમાં એક કાંટો ભોંકે છે.

૨૧૩૮ ઓ તું કે જે બેખુદોને તલવારથી જખમ કરો છો, તમો પોતે જ તમારી કાયાને ઘાયલ કરો છો, ખબરદાર થા!

૨૧૩૯ કારણ કે બેખુદ (ખુદામાં) સમાઇ ગયો છે, અને સહિસલામત છે. તે હંમેશ માટે સલામતીમાં રહે છે.

૨૧૪૦ તેનું રૂપ ચાલ્યું ગયું છે, અને તે એક આરસી બન્યો છે, બીજાના ચહેરાનું (પ્રતિક) રૂપ સિવાય બીજું કંઈ નથી.

૨૧૪૧ જો તમો (તેના પર) થુંકશો તો તમો તમારા પોતાના ચહેરા ઉપર થુંકશો, અને જો તમો આરસી તરફ ઘા કરશો, તમો તમારા પોતા ઉપર ઘા કરો છો.

૨૧૪૨ અને જો તમે એક કઢંગો ચહેરો (અરીસામાં) જોશો, તો તમે છો અને જો તમો હ. ઇસા અને મરીયમને જોશો તો તે તમો જ છો.

૨૧૪૩ તે આ કે પેલો નથી, તે સાદો (પવિત્ર) છે, તેણે તમારી પ્રતિમા તમારી સમક્ષ ખડી કરી છે.

૨૧૪૪ જ્યારે વિવરણ આ મુદ્દાએ પહોંચ્યું. તેણે પોતાના હોઠો બંધ કર્યા, જ્યારે કલમ આ મુદ્દાએ પહોંચી, તે કટકાઓમાં ભાંગી ગઇ.

૨૧૪૫ (ઓ મારા આત્મા) તારા હોઠો બંધ કર, તારા કબજામાં ભલે જોરદાર વાણી હોય તો પણ એક શબ્દ ઉચ્ચારતો નહિ અને સાચો રસ્તો સૌથી સારી રીતે ખુદા જાણે છે.

૨૧૪૬ ઓ તું કે જે (પ્રેમની) મદિરાથી મદહોશ છો, તું છાપરાના છેડા પર છો, બેસી જા અથવા નહિ તો) નીચે ઉતરી આવ. અને તારા પર આશીર્વાદ હો.

૨૧૪૭ દરેક પળે જ્યારે તમો (પ્રિતમથી મિલનનો) આનંદ અનુભવો છો પેલી ખુશકારક પળને છતનો છેડો બનતો સમજ.

૨૧૪૮ ખુશકારક પળ (ને ગુમાવવાની બીક) માટે ધ્રુજતો બન, ખજાનાની માફક તેને સંતાડ. તેને ખુલ્લી કરતો નહિ.

૨૧૪૯ રખેને (તમારા) બાંહેધરી પામેલા પ્રેમ ઉપર ઓચીંતા મહાદુઃખ આવી પડે, ધ્યાન રાખજે, પેલી સકંજાની જગ્યામાં ખૂબજ ડરતો ડરતો જજે,

૨૧૫૦ તે પળે ખુશીયાલીની પળ ગુમાવવાની આત્મા બીક. ગુપ્ત છાપરાના છેડાથી તેની નીચે પડવાની નિશાની છે.

૨૧૫૧ જો તમો ગુહાર્થ છતનો છેડો જોતા નથી (છતાં) આત્મા જોતો હોય છે, કારણ કે તે (બીકથી) થરથરતો હોય છે.

૨૧૫૨ દરેક ગુપ્ત સજા કે જે થવાની છે તેણે ખુશીના નાના મિનારના છેડા ઉપર પોતાની જગ્યા લીધી છે.

૨૧૫૩ ખરેખર છતના છેડા સિવાય પડવાનું હોતું નથી. હ. નૂહના લોકોના અને હ. આદમના લોકોના કિસ્મતમાંથી ચેતવણી લે.

### હ. પયગમ્બર (સ. અ. વ.) ની હજુરમાં પેલા ઉદ્ધત માણસની વાકચાતુરી અને વાતોડીયાપણાનું કારણ સમજાવવું.

૨૧૫૪ જ્યારે હ. પયગમ્બર સાહેબના હદ વગરના આવેશોનું કીરણ (વાંધો ઉઠાવનારને) ભટકાણું, પેલો મુર્ખ આદમી પણ મદહોશ અને ખુશ બન્યો.

૨૧૫૫ અલબત્ત, પ્રસન્નતાની મદહોશીના પરિપાકમાં તે વાતોડીયો બન્યો. મદહોશ માણસ સન્માન (સાચવી) શકયો નહિ, અને લવારો શરૂ કર્યો.

૨૧૫૬ દરેક પ્રસંગે બેખુદ (મદહોશ) ભુલ કરતો નથી (પણ) શરાબ ઉદ્ધત માણસને
વધુ ઉદ્ધત બનાવે છે.
૨૧૫૭ જો તે (મદિરા પીનાર) બુદ્ધિશાળી ન હોય તો તે સારા ગુણો બતાવે છે. અને
જો તે હલકી પ્રકૃતિનો હોય તો તે વધુ ખરાબ બને છે.
૨૧૫૮ પણ જ્યારે કે બહુમતી હલકટ અને પતિત છે ત્યારે સઘળાઓ માટે શરાબ હરામ
કરવામાં આવેલ છે.

### હ. પયગમ્બર (ર. સ. અ.) નું એક હુદાલતના (યુવાન) માણસને વડીલો અને અનુભવીઓ ઉપર લશ્કરના સેનાપતી તરીકે ચાહવો અને પસંદ કર્યો તેનું કારણ સમજાવવા વિષે.

૨૧૫૯ જ્યારે કે બહુમતી પતિત છે, ત્યારે પ્રશ્નો સામાન્ય રિવાજથી ઉકેલાય છે, રસ્તો
લુંટતા માણસના હાથમાંથી તલવાર છીનવી લેવામાં આવે છે.
૨૧૬૦ હ. પયગમ્બર (ર. સ. અ.) એ કહ્યું "આ તું કે જે બહારની બાજુઓ ઉપર
જુએ છે, તેને યુવાન અને અણઘડ જેવો જો નહિ.
૨૧૬૧ અરે, કેટલાય એક કાળી દાઢીવાળા છે અને માણસ (તેનો માલિક) (ડહાપણમાં)
ઘરડો છે, અને કેટલાય સફેદ દાઢીવાળા ડામર જેવા (કાળા) દીલના છે.
૨૧૬૨ મેં અવારનવાર તેની સમજણની ચકાસણી કરી છે, પેલા યુવાને બાબતોને (હાથ)
ધરવામાં (સમજણમાં પુરી સમજવાળી) ઉમર બતાવી છે.
૨૧૬૩ ઓ પુત્ર (ખરેખરો) વૃદ્ધ તે છે કે જે સમજણમાં બુઢો છે. નહિ કે માથા ઉપર
અને દાઢીમાં વાળની સફેદાઇ છે.
૨૧૬૪ તે (કોઈપણ બુઢો) ઇબલીસ કરતાં વધુ બુઢો કેમ હોય? જ્યારે તેને સમજણની
ખામી છે. તે નકામો છે.
૨૧૬૫ ધારો કે તે એક બચ્ચું છે, જ્યારે તેને (જીવન અર્પતી) હ. ઈસા (અ. સ.)ની
ફુંક છે. (અને) વૃથા ઉમેદ અને નકામી કીર્તિથી પર છે?
૨૧૬૬ પેલા વાળનું સફેદપણું, પાટા બાંધેલ આંખ, કે જેને ઘણી થોડી સૂક્ષ્મ દષ્ટિ,
પાકાપણાની છે તેની સાબીતી છે.
૨૧૬૭ જ્યારે કે આંધળી નકલ કરનાર (જાહેરી) સાબીતી સિવાય કાંઈ ઓળખી શકતો
નથી તે ચાલુપણે (બકારની) નિશાનીઓમાં (સત્ય) તરફનો રસ્તો શોધે છે.
૨૧૬૮ તેના કારણે જ અમોએ કહ્યું છે, જ્યારે તમો (કાંઈ કામ) કરવાની યોજનાની
ઇચ્છા કરો (તમને સલાહ દેવા) કોઈ વડીલને પસંદ કરો.
૨૧૬૯ જે કોઇ આંધળું અનુકરણ કરવાના પડદાથી છુટ્યો છે તે "ખુદાનું નૂર" કે જે
(ખરેખર) છે તેનાથી જુએ છે.

૨૧૭૦ સાબીતી વગર અને વિવરણ વગર પવિત્ર "નૂર" તેની (વસ્તુની) ચામડી નોખી પાડે છે અને મધ્યમાં દાખલ થાય છે.

૨૧૭૧ એક કે જે (માત્ર) દેખાવ જ લક્ષમાં લે છે તેને મિશ્ર ધાતુનો અને અસલ સિક્કા (વચ્ચે શું તફાવત) છે? ખજુરી ટોપલી વિષે તે કેમ જાણશે?

૨૧૭૨ અરે, એવું પણ સોનું છે જે ધૂણાટથી કાળું બનાવાયું છે, કે જેથી તે હરએક અદેખા ચોરના હાથમાં (પડતાં) બચાવેલું બને.

૨૧૭૩ અરે, એવું ઘણું ત્રાંબું છે કે જેને સોનાનો ઢોળ ચડાવેલ છે, કે જેથી તે (નકલી બનાવનાર (પેલા) ઓછી સમજણવાળાને તે વેચે

૨૧૭૪ અમો, કે જેઓ આખી દુનિયાની આંતરિક (ખરી) હાલત જોઈએ છીએ, દિલ જુઓ અને બહારના રૂપ તરફ જુઓ નહિ.

૨૧૭૫ ન્યાયાધીશો કે જેઓ બહારના રૂપથી સંબંધીત છે, બહારના દેખાવ ઉપરથી અનુરૂપ ફેંસલો આપે છે.

૨૧૭૬ જ્યારે તેણે (શંકાશીલ પુરૂષે) ઇમાનની ફરજ ઉચ્ચારી છે, અને સાચી શ્રદ્ધાની (અગાઉની નિશાની) બતાવી છે, તુર્ત જ આ લોકો (ન્યાયાધીશો) તેને સાચા ઇમાનદાર તરીકે જાહેર કરશે.

૨૧૭૭ એવા કેટલાય ઢોંગી છે કે જેઓએ આ બહારના રૂપમાં પનાહ (આસરો) લીધી છે અને ખાનગીમાં એકસો ઇમાનદારોનું લોહી વહેવરાવ્યું છે.

૨૧૭૮ બુદ્ધિ અને દીનમાં ઘરડો બનવાની તનતોડ કોશીષ કર. કે જેથી તમો વિશ્વ-વ્યાપક સમજણ, આંતરિક (હકીકત)ના એક જોનારા બનો.

૨૧૭૯ જ્યારે ખૂબસૂરત વિવેકબુદ્ધિએ નહિવતમાંથી પોતાનો ચહેરો ખુલ્લો કર્યો છે, તેણે (ખુદાએ) તેને સનનો પોશાક અને એક હજાર નામ આપ્યાં છે.

૨૧૮૦ પેલા મધુર શ્વાસોશ્વાસનાં નાકોનો સાર આ છે કે તે (સમજણ) કોઇની પણ જરૂરીયાતવાળી નથી.

૨૧૮૨ અને જો મૂર્ખતાનો આકાર દ્રષ્યમાન બને, તેની પાસે રાત્રીનો અંધકાર પ્રકાશમાન બને.

૨૧૮૩ કારણ કે તે રાત્રી કરતાં વધુ અને ઘોર અંધારૂં છે, પણ દયાજનક ચામાચીડીયું એ અંધારાનું એક ખરીદનાર (શોધનાર) છે.

૨૧૮૪ થોડો થોડો દીવસના પ્રકાશને તારાથી મળતીયો બનાવ. નહિતર તમો પ્રકાશથી વંચિત એક ચામાચીડીયું જ રહેશો.

૨૧૮૫ તે (ચામાચીડીયા જેવો માણસ) દરેક જગ્યા જ્યાં મુશ્કેલ અને માનસિક મુંઝવણની શંકા છે ત્યાં તો પ્રેમી છે અને દરેક જગ્યાનો દુશ્મન જ્યાં (રૂહાની) પરમસુખની બત્તી છે.

૨૧૮૬ તેનું દિલ માનસિક મુંઝવણનું અંધારૂં શોધે છે, એટલા માટે કે તેનું કૌશલ્ય વધુ મોટું દેખાય.

૨૧૮૭ કે જેથી તે તમને પેલા મુશ્કિલ સવાલથી અધીકારમાં લઈ લ્યે અને તેમને તેની પોતાની હલકી પ્રકૃતિથી બેદરકાર બનાવે.

## સંપૂર્ણ બુદ્ધિશાળી અને અર્ધ બુદ્ધિશાળી અને સંપૂર્ણ આદમી અને અર્ધ આદમી અને મૂર્ખ બનેલો કિંમત વગરનો કંગાળ સત્યાનાશના નશીબવાળાની નિશાનીઓ વિષે.

૨૧૮૮ બુદ્ધિશાળી માણુસ તે છે જેની પાસે બત્તી છે, તે વણજારનો આગેવાન અને માર્ગદર્શક છે.

૨૧૮૯ પેલો આગેવાન કે જે તેના પોતાના પ્રકાશ પાછળ જાય છે. પેલો નિસ્વાર્થ મુસાફર પોતનો જ અનુયાયી છે.

૨૧૯૦ તે એક એવો છે કે જેણે પોતામાં જ વિશ્વાસ મૂકયો છે. અને તમને પ્રકાશ કે જેમાં તેના આત્માએ રહેવાની ક્રિયા કરી છે તેમાં વિશ્વાસ મૂકવા ( કહે છે ).

૨૧૯૧ બીજો કે જે અર્ધ બુદ્ધિશાળી છે, તેની આંખને ( તદ્દન ) બુદ્ધિશાળી પુરુષ નિહાળે છે.

૨૧૯૨ એક આંધળો માણુસ માર્ગદર્શકને પકડી રાખે તેમ તેને પકડેલ છે કે જેથી તેના થકી તે જોનાર અને કાર્યવત અને વિશિષ્ઠ બન્યો છે.

૨૧૯૩ ( પણ ) જેમ એક ગધેડા માટે કે જેને બાજરીના એક દાણા જેટલા વજનની બુદ્ધિ નથી, કે જેને પોતાને કાંઈ પણ સમજણ નથી અને બુદ્ધિશાળી ( રાહબરને ) છોડીને ભાગી ગયો.

૨૧૯૪ ( કે જે ) થોડો ઘણો પણ રસ્તો જાણતો નથી ( અને છતાં ) માગદર્શકથી પાછળ જવાનું અણછાજતું ગણે છે.

૨૧૯૫ તે એક ઘણા લાંબા વગડાઉ જંગલમાં મુસાફરી કરે છે, કયારેક નિરાશામાં લંગડાતો અને કયારેક એક દોડતો ( આગળ વધતો હોય છે ).

૨૧૯૬ તેની પાસે એક મિણબત્તી પણ નથી, કે જેને તે પોતાનો માર્ગદર્શક બનાવે. એક અર્ધી મીણબત્તી પણ નહિ કે તે એક પ્રકાશની ભીખ માગે.

૨૧૯૭ તેને ( સંપૂર્ણ ) સમજણ પણ નથી કે જેથી તે જીવનનો શ્વાસ લ્યે, તેમજ તેને અર્ધી સમજણ નથી કે તે પોતાને એક મરેલો બનાવે.

૨૧૯૮ તે ( એક અર્ધ બુદ્ધિશાળી ), ( સંપૂર્ણ ) સમજણવાળા માણુસ તરફ ( આદરભાવમાં ) પોતાને સંપૂર્ણ મરેલો બનાવે છે, કે જેથી તે પોતાની નીચી હાલતમાંથી ( ઉંચા ) મથાળાની જગ્યાએ ચડે.

૨૧૯૯ ( જો ) તમને સંપૂર્ણ સમજણ ન હોય તો એક બુદ્ધિશાળી માણુસના રક્ષણ હેઠળ મરેલો બનાવો કે જેના શબ્દો જીવંત હોય છે.

૨૧૦૦ તે ( સમજણુથી વંચિત માણુસ ) જીવતો નથી. કે તે હ. ઈસાની ફુંકથી અનુકૂળ થાય અથવા તે મરેલો પણ નથી કે જેથી તે જીવન અર્પતી હ. ઈસા (અ. સ.)ની ફૂંક માટે નહેર બને.

૨૨૦૧ તેનો આંધળો આત્મા દરેક દિશામાં પગલાં પાડે છે, અંતમાં તે નાશી જશે નહિ પણ તે ઉપર કુદકા મારશે.

**એક સરોવર અને મચ્છીમારો અને ત્રણ મચ્છીઓ, એક બુદ્ધિશાળી અને એક અર્ધ બુદ્ધિશાળી અને એક ત્રીજી ભરમાએલી, મુર્ખ, બેદરકાર અને નકામી, અને બધી ત્રણેના અંતની કહાણી.**

૨૨૦૨ ઓ ઉદ્ધત આદમી, આ એક સરોવર કે જેમાં ત્રણ મોટી મચ્છીઓ હતી તેની કહાણી છે.

૨૨૦૩ તમે તેને કલીલમાં વાંચી હશે પણ તે ( માત્ર ) તે કહાણીનું ફોતરૂં છે જ્યારે આ રૂહાનીયત સત્વ છે.

૨૨૦૪ કેટલાંક મચ્છીમારો સરોવર પાસેથી પસાર થયા અને પેલો સંતાએલો (શિકાર) જોયો.

૨૨૦૫ પછી તેઓ જાળ લાવવા ઉતાવળે દોડયા, મચ્છીઓએ જોયું અને (તેઓના ઈરાદાથી) સજાગ બની.

૨૨૦૬ પેલી બુદ્ધિશાળીએ મુસાફરીએ જવાનો નિર્ધાર કર્યો. મુશ્કેલ અણુગમતી મુસાફરી કરવાનો નિર્ધાર કર્યો.

૨૨૦૭ તેણીએ કહ્યું, "હું આ ( બીજાઓ ) સાથે વાટાઘાટ નહિ કરું, કારણ કે નક્કી તેઓ ( મારો ઇરાદો અમલમાં ) મૂકવામાં તેઓ મને નબળી બનાવશે.

૨૨૦૮ તેઓનું અસલ રહેઠાણ અને ઘરના પ્રેમે તેઓના આત્મા ઉપર અસર જમાવી હતી, તેઓની પ્રમાદી અને અજ્ઞાનતા મારા પર ( અસર ) કરશે.

૨૨૦૯ સલાહ સુચના માટે કેટલાક ભલા અને ( રૂહાની રીતે ) હૈયાત માણુસોની જરૂરત છે કે તમને જીવતા બનાવે અને તેવો હૈયાત એક કયાં છે? ( કયાં મળશે? ).

૨૨૧૦ ઓ મુસાફર, એક મુસાફરથી સલાહ મસલેહત કર, કારણ કે એક સ્ત્રીની સલાહ તારો પગ લુલો બનાવશે.

૨૨૧૧ અક્ષરશ ઉચ્ચારણમાંથી આગળ જા, "વતનનો પ્રેમ" ( તેના જાહેરી અર્થ તરફ) અટકતો નહિ, કારણ કે તારૂં ખરૂં વતન પેલી પાર છે, એ આત્મા, ( આત્મા ) અને બાજુનો નથી.

૨૨૧૨ જો તું તારા વતનની ઈચ્છા કરે, ઝરાનો પેલીપારનો કિનારો પસાર કર, આ સાચી હદીસનો ખોટો અર્થ કરતો નહિ.

અક્ષરશઃ → આગળ જા
વતન નો પ્રેમ -

## વજુ વખતે પઢાતી બંદગીનો આંતરિક અર્થ કે જેનાથી નિયમીત વજુ બજાવાય છે.

૨૨૧૩ નિયમીત વજુ કરવામાં, એક જુદા જ રૂપની બંદગી શરીરનો દરેક અવયવ માટે હદીસમાં આપવામાં આવી છે.

૨૨૧૪ જ્યારે તમો પાણી તમારા નાકમાં ખેંચો, ત્યારે સંપૂર્ણતઃ માલિક પાસે સ્વર્ગની સુગંધ માગો.

૨૨૧૫ એટલા માટે કે પેલી સુગંધ તમને બહિશ્ત તરફ દોરવે, ગુલાબની સુગંધ ગુલાબના ઝાડો તરફ દોરવે છે.

૨૨૧૬ જ્યારે તમો વિશુદ્ધિકરણ ( છાંટા ) નું કાર્ય ગુજારો ત્યારે પ્રાર્થનાનું રૂપ અને શબ્દો આ છેઃ " ઓ માલિક, આ ( ગંદકીમાંથી ) મને પવિત્ર કર."

૨૨૧૭ મારો હાથ આ જગ્યા પર પહોંચ્યો છે, અને તેને ધોએલ છે, ( પણ ) મારો હાથ મારો આત્મા ધોવા માટે નબળો છે.

૨૨૧૮ ઓ તું કે જેનાથી નાલાયકનો આત્મા લાયક બનાવાય છે; તારી દયાનો હાથ આત્માઓને પહોંચતો હોય છે.

૨૨૧૯ આ ( જે ) હું દુષ્ટ ( જેમ હું છું ), મારી શક્તિ મુજબ કર્યું છે; ઓ કીર્તિવંત, તું પવિત્ર બનાવ કે જે હદ વગરનો છે.

૨૨૨૦ ઓ ખુદા, મેં મારી ચામડી ગોબરી ચીજોથી ધોઈ સ્વચ્છ કરી છે. તું આ પ્યારા આત્માને દુનિયાના કલંકોથી સાફ કરજે!

અમુક માણસ વિશુદ્ધિકરણના વખતે કહ્યા કરતો, " ઓ ખુદા બહિશ્તની સુંદર સુવાસ મને સુંઘવા દેજે " તેને બદલે, ઓ ખુદા, એક કે જે ઘણોજ પશ્ચાતાપ કરે તેવા મને બનાવજે, અને એક કે જે પોતાને પવિત્ર બનાવે છે તેવો મને બનાવજે કે જે વિશુદ્ધિકરણ વખતે યોગ્ય દુઆ છે, અને તે વિશુદ્ધિકરણના વખતે નાક સાફ કરતાં યોગ્ય રીત ગાયા કરતો, એક અનુભવી માણસે ( તેને ) સાંભળ્યો અને તે સહન કરી શક્યો નહિ.

અમુક માણસે વિશુદ્ધિકરણના વખતે કહ્યું " (ઓ ખુદા), મને બહિશ્તની સુગંધથી મેળવ."
૨૨૨૧ ( આથી ) એક માણસે કહ્યું " તમે સારી રીત વાપરી છે, પણ દુઆ માટે
૨૨૨૨ ( યોગ્ય ) બખોલ ગુમાવી છે.
જ્યારે કે આ દુઆ નાક માટે લાગુ પડતી રીત છે, શા માટે તેં નાકને લાગુ
૨૨૨૩ પડતું સુત્ર 'આસ' ને શા માટે લાગુ કર્યું ?
એક ( વિષયવાસનાથી ) મુક્ત બનેલ પોતાના નાકમાં બહિશ્તની સુવાસ સૂંઘે છે,
૨૨૨૪ પુંઠમાંથી બહિશ્તની સુગંધ કેમ આવશે ?

૨૨૨૫ ઓ તું કે જેણે માનવતા મુર્ખાઓની હાજરીમાં આણી છે, અને ઓ તું કે જેણે મગરૂરી ( રૂહાનીયત ) રાજાઓની હજુરમાં આણી છે.

૨૨૨૬ હલટકો તરફ મગરૂરી કરવી એ સારૂં અને યોગ્ય છે, ધ્યાન રાખજે, ઉલટી રીતે વર્તન કર નહિ, તેની ઉલટી રીત તારા બંધનનું કારણ છે.

૨૨૨૭ ગુલાબ નાકના કારણ માટે ઉગે છે, ઓ હલકટ, મધુર સુવાસ એ નાકનું નિયમિત વેતન છે.

૨૨૨૮ ગુલાબની સુગંધ સુંઘવાની ઇન્દ્રિય માટે છે, ઓ બહાદુર માણસ, આ નીચેનો ખાડો પેલી સુવાસની જગ્યા નથી.

૨૨૨૯ બહિશ્તની સુગંધ તને આ જગ્યામાંથી કેમ આવશે ? જો તને ( મધુર ) સુગંધની જરૂરીઆત હોય, તો તેની યોગ્ય જગ્યાઓથી શોધ.

૨૨૩૦ તેવીજ રીતે " વતનનો પ્રેમ " ખરો છે, ( પણ ) પહેલાં, ઓ શેઠ, તારૂં વતન ( ખરેખરૂં ) કયું છે ?

૨૨૩૧ પેલી સમજુ મચ્છીએ કહ્યું " હું મુસાફરી કરીશ. હું તેઓની સલાહ અને શિખામણમાંથી મારૂં દિલ ખેંચી લઇશ.

૨૨૩૨ અત્યારે શિખામણ માટેનો વખત નથી, સાંભળ, મુસાફરીએ નીકળી પડ ! મઉલા મુર્તુઝાઅલી ( અ. સ. )ની માફક ( ગુપ્તતા કહેવાની ) ઉત્કંઠાને કુવામાં મુક.

૨૨૩૩ ઉત્કંઠા માટેના એક યોગ્ય વિશ્વાસુ ભાગ્યે જ માલમ પડે છે, રાત્રે મુસાફરી કર અને તારી હીલચાલ રાત્રીના ચોકીદારની માફક ગુપ્ત બનાવ.

૨૨૩૪ આ સરોવરમાંથી દરિયા તરફ ચાલી નીકળ. દરિઓ શોધ અને આ વમળમાંથી રજા લઈ લે.

૨૨૩૫ પેલી સચેત ( મચ્છી ) એ તરવું શરૂ કર્યું અને તેના જોખમી રહેઠાણમાંથી પ્રકાશના સમુદ્ર તરફ જતી હતી.

૨૨૩૬ એક હરણની માફક કે જેનો કુતરાએ પીછો કર્યો છે અને પોતાના શરીરમાં એક જ્ઞાનતંતુ બાકી રહે ત્યાં સુધી દોડવું ચાલુ રાખેલ છે.

૨૨૩૭ કુતરો પીછો કરતો હોય ત્યારે સસલાની ઉંઘ ( બેદરકારી ) એ એક પાપ છે, જેને ફિકર છે તેની આંખમાં ઉંઘ ખરેખર કેમ હોય ?

૨૨૩૮ પેલી મચ્છી રવાના થઇ અને દરિયાને રસ્તે પડી. તેણીએ દુરનો અને બહોળા વિસ્તારનો રસ્તો લીધો.

૨૨૩૯ તેણીએ ઘણાં દુઃખો વેઠયાં અને અંતે બધા પછી સલામતી અને સુખાપતી તરફ રવાના થઈ.

૨૨૪૦ તેણીએ પોતાને ઊંડા મહાસાગરમાં નાખી કે જેના તાગે કોઈ આંખ પહોંચી શકે નહિ.

શાણી કે આગળના - વતનપ્રેમ
સરોવર કે દરિયા તરફ

૨૨૪૧ તેથી જ્યારે મચ્છીમારો પોતાની જાળ (સરોવરે) લઈ આવ્યા, તેથી અર્ધ બુદ્ધિશાળી ખૂબ જ દીલગીર થઇ.

૨૨૪૨ અને કહ્યું, "અફસોસ, મેં તક ગુમાવી છે, પેલા માર્ગદર્શકને હું શા માટે અનુસરી નહિ ?

૨૨૪૩ તે ઓચીંતી ભાગી છુટી પણ તેણીને જતાં જોઇએ મારે પણ ખુબ જ ઉતાવળે તેની પાછળ જવું જોઇતું હતું.

૨૨૪૪ ભુતકાળ માટે અફસોસ કરવો નકામો છે, જે ગયું છે તે પાછું આવવાનું નથી, તેને યાદ કરવું તે પણ કાંઈ મદદકર્તા નથી.

**પકડાએલું પંખી કે જેણે (નીચેના) આદેશો આપ્યા તેની કહાણી. જે ભુતકાળમાં પસાર થઈ ગયું તેની દિલગીરી ન કરવી. ચાલુ જરૂરીયાત માટે બચાવના પગલાનો વિચાર કર અને પશ્ચાતાપમાં વખત પસાર કરતો નહિ.**

૨૨૪૫ અમુક માણસે પ્રપંચ અને ફાંસાથી એક પંખી પકડયું. પંખીએ તેને કહ્યું, "ઓ અમીર સાહેબ.

૨૨૪૬ તમે ઘણા બળદો અને ઘેટાઓ ખાધાં છે, તમે ઘણા ઊંટો કુરબાન કર્યા છે.

૨૨૪૭ તમો દુનિયામાં તેમનાથી કદી પુરેપૂરા ધરાયા નથી અને મારા અવયવોથી પણ ધરાવાના નથી.

૨૨૪૮ મને જવા દો કે જેથી હું તમારા ઉપર ત્રણ સલાહો ઇનાયત કરૂં કે જેથી તમો જાણી શકો કે હું ડાહી છું કે મુર્ખ છું.

૨૨૪૯ (હું તમને) પેલી સલાહોમાંથી એક તમારા હાથ ઉપર જ (આપીશ). તેમનામાંની બીજી તારા ટેકાવાળા છાપરા ઉપરથી (આપીશ).

૨૨૫૦ અને ત્રીજી સલાહ હું તને એક ઝાડ ઉપરથી આપીશ. (મને જવા દો) કારણ કે તમો આ ત્રણ સલાહો દ્વારા નશીબદાર બનશો.

૨૨૫૧ તારા હાથ ઉપર જે (કહેવાનું છે) તે કહેણ આ છે. કોઈની પણ પાસેથી (જ્યારે તું) એક મુર્ખાઈ (સાંભળે) ત્યારે તેને માનતો નહિ.

૨૨૫૨ જ્યારે તે (પંખીએ) તેની હથેળી ઉપર પેલી ગંભીર સલાહ ઉચ્ચારી તે સ્વતંત્ર બન્યું અને (તેના ઘરની) દિવાલ ઉપર બેઠું.

૨૨૫૩ અને કહ્યું, "બીજું છે, જે પસાર થઈ ગયું તેના ઉપર દિલગીરી ન થતો." જે પણ તારામાંથી પસાર થયું છે, તેના માટે દિલગીર ન અનુભવતો.

૨૨૫૪ ત્યાર બાદ, તેણીએ તેને કહ્યું, "મારા શરીરમાં દસ દિરહમ વજનનું એ અબાધિત મોતી સંતાડેલું છે."

(1) હાથ ઉપર - સાંભળે તો માનતો નહિ. સ્વતંત્ર બન્યું.
(2) ઘરની દિવાલ પર - પસાર થઈ - તેની દિલગીરી ના ... 
(3) મારા શરીરમાં 10 દિરહમ વજનનું મોતી

૨૨૫૫ (જેમ તું હૈયાત છો તેવી જ ખાત્રીપુર્વક) તારા આત્માના સત્યથી (કહું છું), પેલું ઝવાહીર તારૂં સદ્દકિસ્મત અને તારાં બચ્ચાંઓ માટેનું નશીબ હતું.

૨૨૫૬ તેં મોતી ગુમાવ્યું છે, કારણ કે તે તારા માટે નક્કી થએલો હિસ્સો નહિ હતો, એક મોતી તેના જેવું અસ્તિત્વમાં જ નથી.

૨૨૫૭ એક ઔરતની માફક કે તેણી મોટા બચ્ચાંની સુવાવડ વખતે આક્રંદ કરતી હોય તેમ પેલા શેઠે (પંખી પકડનાર) જોરશોરથી આક્રંદ કરવું શરૂ કર્યું.

૨૨૫૭ પંખીએ તેને કહ્યું "મેં તને શિખામણ આપી ન હતી, કહીને કે જે ગઇકાલે પસાર થઇ ગયું તેનો માટે તારામાં દિલગીરી હોવી ન જોઈએ.

૨૨૫૯ જ્યારે કે તે પસાર થઇ ચાલ્યું ગયું છે, શા માટે તું દિલગીર થાય છે? કાં તો તું મારી સલાહ સમજ્યો નથી અને કાં તો તું બહેરો છો.

૨૨૬૦ અને બીજી સલાહ મેં જે તને આપી, "ઊંધી દોરવણી અંગે એ મુર્ખાઇભરેલા નિવેદનમાં જરા પણ વિશ્વાસ મુકતો નહિ.

૨૨૬૧ ઓ બહાદુર માણસ, હું પોતે પણ વજનમાં દસ દિરહમ નથી તો પછી મારામાં દસ દિરહમ વજન કેમ બને?

૨૨૬૨ શેઠ પોતામાં પાછો આવ્યો. (સમજણમાં આવ્યો). અને કહ્યું. સાંભળ, ત્રીજી ઉતમ સલાહ જાહેર કર."

૨૨૬૩ પંખીએ કહ્યું, "હા, તેં પેલી (સલાહો) નો સારો ઉપયોગ કર્યો છે, કે જેથી હું ત્રીજી સલાહ વૃથામાં આપું?

૨૨૬૪ એક સુતેલા અજ્ઞાનને સલાહ આપવી તે વેરાન જમીનમાં બીયાં ફેંકવા બરાબર છે.

૨૨૬૫ મુર્ખાઇ અને અજ્ઞાનવાનું ભાડું, જેમ તેમ કામ ચાલે તેવું કરી લેવું સ્વીકારાતું નથી. તેને (મુર્ખને) ડહાપણનું બી આપતા નહિ. ઓ સલાહ દેનારા.

### અર્ધ બુદ્ધિશાળીએ (છુટવાના) એક નિમિત્ત સાધનની તરકીબ કાઢી અને મરેલી હોવાનો ઢોંગ કર્યો.

૨૨૬૬ તકલીફના વખતે બીજી મચ્છીએ જ્યારે તે પેલી બુદ્ધિશાળીના રક્ષણના પડછાયામાંથી છુટી પડી ત્યારે કહ્યું.

૨૨૬૭ તે દરીયા તરફ ગઇ છે અને દુઃખમાંથી છુટી થઈ છે, આવો એક સારો મદદગાર મારાથી ગુમવાયો છે.

૨૨૬૮ પણ હું તેનો વિચાર કરીશ નહિ. અને મારામાં ધ્યાન લગાડીશ, આ (ચાલુ) વખતે હું મરેલી હોવાનો ઢોંગ કરીશ.

૨૨૬૯ પછી હું મારૂં પેટ ઉપર ફેરવીશ અને મારી પીઠ નીચે અને પાણી ઉપર હાલીશ.

૨૨૭૦ હું ઉપર બરફ હાલે છે તેમ હાલીશ, નહિ, કે એક માણુસ તરે છે તેમ તરીશ નહિ.

૨૨૭૧ હું મરેલી બનીશ, હું મને પોતાને પાણીના હવાલે કરીશ. દુઃખમાં સલામત બનવું એ મોત પહેલાં મૃત્યુ પામવું છે.

૨૨૭૨ મોત પહેલાં મૃત્યુ પામવું એ સલામત બનવું છે. ઓ યુવાન, આમજ હ. મુસ્તફા ( સ. સં. અં. ) એ આપણને ફરમાવ્યું છે.

૨૨૭૩ તેઓએ કહ્યું છે, તમો સઘળા મોત આવે તે પહેલાં મરીજાઓ, નહિતર ( આના પછી ) તમો સખત દુઃખોમાં મરશો.

૨૨૭૪ તે ( મચ્છી ) પેલી રીતે મરી ગઇ અને પોતાના પેટ ઉપર ફેંક્યું, પાણી તેણીને ક્યારેક ઉપર ક્યારે નીચે લઈ જતું હતું.

૨૨૭૫ પેલો પીછો કરનારાઓમાંનો દરેક જણ (મચ્છીમારો) ( દિલમાં ) એક મોટું દુઃખ અનુભવ્યું, કહીને અફસોસ સૌથી સારી મચ્છી મહેલી છે.

૨૨૭૬ તે ( મચ્છી ) તેમના આ કહેણ અફસોસથી ખુશી થઈ ( તેણીએ પોતાના મનમાં ), "આ મારી તરકીબ કામ આવી છે, હું તલવારના ઝટકાથી મુકત બની છું."

૨૨૭૭ પછી એક ઉપયુક્ત મચ્છીમારે તેને પકડી અને તેના પર થૂંક્યો અને જમીન ઉપર ઘા કર્યો.

૨૨૭૮ તેણી ( અર્ધ બુદ્ધિશાળી મચ્છી ) આળોટતી આળોટતી છુપી રીતે પાણીમાં ચાલી ગઈ ( માત્ર ) પેલી મુર્ખ (જ્યાં હતી) ત્યાં રહી. દુઃખમાં આમ તેમ તરફડીયાં મારતી.

૨૨૭૯ પેલી મુર્ખ ડાબી અને જમણી તરફ કુદકા ભુસકા ચાલુ રાખ્યા એટલા માટે કે તેના પોતાના પ્રયત્નોથી ને પોતાનું શરીર બચાવે.

૨૨૮૦ તેઓએ જાળ નાખી અને તેણી ( આખરે ) જાળમાં જ રહી, મુર્ખતાઇ પેલા ( દુઃખ )-ના અગ્નિમાં ખેંચી ગઈ.

૨૨૮૧ તળવાની કડાઈઓમાં અગ્નિના મથાળે તેણી મુર્ખાઇની સાથીદાર બની.

૨૨૮૨ (ત્યાં) તેણી ભડકાની અગ્નિમાં આકુળ વ્યાકુળ થતી હતી. સમજણ તેને કહેતી હતી, "એક ચેતવણી આપનાર તારી પાસે આવ્યો ન હતો?"

૨૨૮૩ તે દુઃખ અને તકલીફના દાંતામાંથી, નાસ્તિકોના આત્માઓની માફક જવાબ દેતો હતો, તેઓએ કહ્યું "હા."

૨૨૮૪ પછી ફરીવાર તે કહેતો હતો, જો આ વખતે હું આ ગરદન ભાંગતા દુઃખમાંથી નાશી છૂટું તો,

૨૨૮૫ હું મારૂં ઘર સમુદ્ર સિવાય બીજે બનાવીશ નહિ હું મારૂં રહેઠાણ તળાવે બતાવીશ નહિ.

૨૨૮૬ હું કિનારા વગરનો સમુદ્ર શોધીશ અને સહિસલામત બનીશ. હું સલામતીમાં જઇશ અને કાયમના સુખમાં જઈશ.

(1). દુઃખમાં સલામત એ મોત પહેલા મૃત્યુ પામવું છે.

(1). મોત પહેલા મૃત્યુ પામવું એ સલામત બનવું છે.

સજાના વખતે એક મુર્ખનું વચન આપવું અને પશ્ચાતાપ કરવો. એમાં વિશ્વાસ મૂકવો ન જોઇએ કારણ કે ભલે તેઓને પાછા મોકલવામાં આવે તો પણ ચોક્કસ તેઓ કે જેની મનાઇ કરવામાં આવી હતી તેજ તેઓ કરશે અને ખરેખર તેઓ જુઠા છે. "જુઠાઓ ઈમાન રાખી શકતા નથી."

૨૨૮૭ વિવેકબુદ્ધિ તેને કપેતી હતી, બાલિશતા તારી સાથે છે, ( તારા સાથીદાર તરીકે ) બાલિશતા અંગે વચન ભાંગવામાં આવશે."

૨૨૮૮ વચનપાલનમાં અડગ રહેવું એ વિવેકબુદ્ધિ સાથે સબંધ ધરાવે છે. તને વિવેકબુદ્ધિ નથી. ચાલ્યો જા, ઓ તું કે જેની કિંમત એક ગધેડાની છે!

૨૨૮૯ વિવેકબુદ્ધિ તેણીનું વચન (બઇયત:) યાદ કરે છે. સમજણ વિસ્મરણનો પડદો ચીરે છે,

૨૨૯૦ જ્યારે કે તને વિવેક બુદ્ધિ નથી, વિસ્મરણ તારો રાજ્યકર્તા છે, તે તારો દુશ્મન છે અને તારી તરકીબોનો વિનાશ લાવનાર છે

૨૨૯૧ વિવેકબુદ્ધિના વંચિતપણા અંગે કંગાળ પતંગીયું ભડકો અને બળવું અને ( જ્યારે બળે છે ત્યારે ) પડવાનો અવાજ યાદ કરતું નથી.

૨૨૯૨ જ્યારે તેની પાંખો બળી જાય છે ત્યારે તે પસ્તાવો કરે છે. ( પણ ) લાલસા અને વિસ્મરણ ( ફરીવાર ) તેને ભડકામાં અફળાવે છે.

૨૨૯૩ હાથની પકડ અને સંશય અને ધારણાશક્તિ અને મગજમાં યાદ રાખવું એ એ વિવેક બુદ્ધિ ધરાવે છે, કારણ કે વિવેકબુદ્ધિએ ( પેલી ) સુઝો ઉત્પન્ન કરી છે.

૨૨૯૪ જ્યારે ત્યાં મોતી નથી ત્યારે તેનો ઝગઝગાટ કેમ હસ્તિમાં હોય? જ્યારે કોઈપણ ( મુર્ખતા છોડવાની ) ફરીવાર યાદી ન આપે ત્યારે તે ( મુર્ખતામાંથી ) પાછો કેમ ફરે?

૨૨૯૫ વધુમાં આ ઇચ્છા તેની વિવેકબુદ્ધિની તમન્નામાંથી ઉદ્દભવે છે કારણ કે પેલી મુર્ખતાનો પ્રકૃતિ કેવી છે તે તે જોતો નથી.

૨૨૯૬ પેલો પસ્તાવો દુઃખના પરીણામે હતો. નહિ કે વિવેકબુદ્ધિ કે જે ખજાનાની માફક પ્રકાશિત છે તેનાથી.

૨૨૯૭ જ્યારે દુઃખ પસાર થઈ ગયું, પેલો પસ્તાવો રહેતો નથી. પેલો પશ્ચાતાપ અને રૂદન ધુળ જેટલી કીમતનું પણ નથી.

૨૨૯૮ પેલો પસ્તાવો દુઃખના અંધકારમાંથી પેદા થયેલ ફળ છે. જેમકે ( કહેવત છે તેમ ) દિવસ રાત્રીના શબ્દો ભૂંસી નાખે છે.

૨૨૯૯ જ્યારે દુઃખનો અંધકાર ચાલ્યો ગયો છે. અને તે ( મુર્ખ ) સુખી થયો છે. તેનું પરિણામ અને ફળ તેના દિલમાંથી ચાલ્યાં જાય છે.

(1) { વિવેક બુધ્ધિએ સુઝો ઉત્પન્ન કરી
(ખજાનાની માફક પ્રકાશીત)
પસ્તાવો = દુ:ખનું પરિણામ.

૨૩૦૦ તે પશ્ચાતાપની પ્રતિજ્ઞાઓ કરતો હોય છે જ્યારે 'પીર' વિવેકબુદ્ધિ બુમ પાડતી હોય છે, જો કે તેઓને પાછા મોકલવા જોઈએ. તેઓ જરૂર પાછા ફરશે.

કલ્પનાએ વિવેકબુદ્ધિની બનાવટી નકલ અને તેની પ્રતિસ્પર્ધી છે. અને કે ભલે તે વિવેકબુદ્ધિની જેવી જ લાગે છે પણ તે વિવેકબુદ્ધિ નથી તે સમજાવવું. અને એક બીજાને હ. મુસા (અ. સ.) ના જવાબની કહાણી, કે જેઓ વિવેકબુદ્ધિના ધરાવનાર હતા, અને ફિરઔન કે જે કલ્પનાનો કબજો ધરાવનાર હતો.

૨૩૦૧ વિવેકબુદ્ધિ વિષયવાસનાની વિપરીત છે. ઓ બહાદુર માણસ, વિષયાશક્તિ વળગેલ છે તેને વિવેકબુદ્ધિના (નામે) બોલાવ નહિ.

૨૩૦૨ તે કે જે વિષયાસક્તિનો ભિખારી છે, તેને કલ્પના કહે. કલ્પના તાર્કિક સુઝના સિક્કાથી વિપરીત છે.

૨૩૦૩ ચકાસણીના પત્થર સિવાય, કલ્પના અને વિવેકબુદ્ધિ ચોકખી રીતે ઓળખાતી નથી, જલદીથી બન્નેને ચકાસણીના પત્થર ચકાસી જો.

૨૩૦૪ કુરાને મજીદ અને પયગમ્બરોની (રૂહાની) આ ચકાસણીના પથ્થર છે, તેઓ એક છે, તેઓ એક 'ટચસ્ટોન'ની માફક વિપરીત સિક્કાની માફક કહે છે, "આવો."

૨૩૦૫ કે જેથી મારા સંબંધના કારણે તું તારા ખુદને (ઓળખ) કે તું મારી (રૂહાનીયત) ઉંચી કે નીચી હાલત માટે લાયક નથી.

૨૩૦૬ જો એક કરવત વિવેકબુદ્ધિના બે કટકા બનાવે, તે (વિવેકબુદ્ધિ) અગ્નિમાં સોનું હસે તેમ હસતી બનશે.

૨૩૦૭ કલ્પના ફિરઔન; આગ લગાડનાર દુનિયાથી સંબંધિત છે, વિવેકબુદ્ધિ હ. મુસા (અ. સ.) રૂહાની પ્રકાશ આપનાર (માફક છે).

૨૩૦૮ હ. મુસા નહિવતપણાના રસ્તા ઉપર ગયા, ફિરઔને તેમને કહ્યું, "(મને) કહો, તમો કોણ છો?"

૨૩૦૯ તેમણે કહ્યું, "હું ક્ષતિની વિરૂદ્ધ રક્ષણ છું."

૨૩૧૦ તેણે કહ્યું, "નહિ, ચુપ રહે (આ ગુઢાર્થીક) બુમ બંધ કર, તારો અસલ વંશ અને નામ મને કહે.

૨૩૧૧ તેમણે કહ્યું "મારો વંશ તેના ધુળના ખાડામાંથી ઉતરી આવેલ છે, મારૂં અસલ નામ છે, તેના ગુલામોમાંથી હલકામાં હલકો."

૨૩૧૨ પેલા અપૂર્વ માલિકના, હું ગુલામથી જન્મેલ ગુલામ છું. સ્ત્રી અને પુરૂષ ગુલામોના પેટે જન્મેલ (ગુલામ છે).

૨૩૧૩ મારો અસલ વંશ જમીન અને પાણી અને માટીમાંથી ઉતરી આવેલ છે. ખુદાએ માટી અને પણીમાં એક આત્મા અને દિલ આપ્યું.

૨૩૧૪ આ મારી માટીની કાયા માટીમાં પાછી ફરશે, ઓ ભયંકર આદમી, તેવી જ રીતે તું પણ માટીમાં જ પાછો મળી જઈશ.

૨૩૧૫ આપણું અને બધા ગર્વિષ્ઠોનું અસલ માટીના ઢેફામાંથી છે, અને તેની એકસો જાતની નિશાનીઓ છે.

૨૩૧૬ કારણ કે તમારી કાયા માટીમાંથી ટેકો ( આકાર ) મેળવે છે, અને જમીનમાંના આહારમાંથી તારી ગરદન ( ગોસથી ) વીંટાએલી છે.

૨૩૧૭ જ્યારે આત્મા છુટા થાય છે તે ( કાયા ) ફરીવાર વિકરાળ અને ભયંકર કબરમાં માટી બને છે.

૨૩૧૮ તું અને અમો અને બધા કે જેઓ તને મળતા છે, તેઓ માટી બનશે અને તારી શક્તિ કે સત્તા વધુ વાર રહેશે નહિ, ખરેખર, પેલું નામ તારા માટે વધુ યોગ્ય છે.

૨૩૧૯ તેણે ( ફિરઔનને ) કહ્યું; " આ વંશ સિવાય બીજું પણ તારું નામ છે, ખરેખર પેલું નામ તારા માટે વધુ યોગ્ય છે."

૨૩૨૦ ફિરઔનનો ગુલામ અને તેના ગુલામોનો ગુલામ, ( ઓ ગુલામ ) કે જેની કાયા અને આત્મા તેનાથી ( ફિરઔનથી ) પોષાયા છે.

૨૩૨૧ એક વિરોધી, ઉદ્ધત અને ખોટો ગુલામ કે જે આ દેશમાંથી એક ગુન્હાહિત કૃત્ય માટે ભાગી છુટયો.

૨૩૨૨ તું એક ખૂની અને દુષ્ટ અને અનુપકારી છો, નિઃશંક આજ ગુણોમાંથી ( બાકી ) માટે એક ન્યાયનું રૂપ ( બને છે ).

૨૩૨૩ ( તું ) દેશવટામાં તિરસ્કારાએલો અને ગરીબ અને જર્જરિત છો, જ્યારે કે તું મારા ઉપકાર અને ભલાઇને કબુલ કરતો નથી.

૨૩૨૪ તેમણે ( હ. મુસા અ. સ. ) એ કહ્યું, ખુદાથી માલિકીમાં ભાગીદાર બને તેવો પુરૂષ દુર હટો !

૨૩૨૫ ( તે ) એકજ ( છે ) તેની બાદશાહીનો કોઇ ભાગીદાર નથી. તેના ગુલામોનો તેના સિવાય કોઇ શેઠ નથી.

૨૩૨૬ તેના પેદા કરાએલાઓને તેના સિવાય બીજો માલિક નથી, બીજો કોઇ નાશ પામનાર સિવાય તેના ભાગીદાર હોવાનો દાવો કરે ખરો ?

૨૩૨૭ તેણે પ્રયોજના બનાવી છે, તેજ મારો પ્રયોજક છે, જો કોઇ બીજો ( તેના માટે ) દાવો મુકે તો તે દુષ્ટતાનો શોધક છે.

૨૩૩૮ તું મારી ભમર ચોંટાડી શકે નહિ. ( તો પછી ) તું મારો આત્મા કેમ જાણી શકે ?

૨૩૨૯ નહિ જ. તે તુંજ છો કે જે બેવફા અને અધમ છો, કારણ કે તેં ખુદાથી ભાગીદારીનો દાવો કર્યો છે.

ખુદાઈ માલિકી માં - ભાગીદાર x બન
તજ શકે.

૨૩૩૦ જો મેં અજાણ્યુપણે એક લફંગા માણસને માર્યો છે, તો મેં રમત ખાતર કે મારા ખાતર મારી નાખેલ નથી.

૨૩૩૧ મેં મારી મૂઠીથી એક ફટકો માર્યો, અને તે ઓચિંતો પડ્યો, એક કે જેને ખરેખર આત્માજ ન હતો, તેણે આત્મા છોડી દીધો.

૨૩૩૨ મેં એક કુતરાને માર્યો છે, તેં લાખો નિર્દોષો અને બેગુનાહ બચ્ચાંઓને ( ખુદાથી ) મોકલાએલાને,

૨૩૩૩ કતલ કર્યાં છે, અને તેઓનું ખૂન ( પાપ ) તારી ગરદન ઉપર છે, તારા આ લોહી પીવાના કારણે તારા ઉપર શું આવી પડશે તેની ગણત્રી કર.

૨૩૩૪ તેં હ. યાકુબના વંશજોને મારી નાખ્યા છે, મને મારી નાખવાની ઉમેદની શોધમાં

૨૩૩૫ તારા ધિક્કારપણા છતાં ખુદાએ પોતે મને પસંદ કરી લીધો, પેલી ( યોજના ) કે જે તારો આત્મા ઉપજાવી કાઢતો હતો, ફેંકાઇ ગયો હતો.

૨૩૩૬ તેણે ( ફિરઔનને ) કહ્યું, ભલે કાંઇ પણ શંકા વગર આ બધી ચીજો ( સત્ય હોય છતાં ) શું તે મારા તરફ અને રોટલા તરફ અને નિમક ( કે જે તેં ખાધું છે ) તેની કૃતજ્ઞતા છે ?

૨૩૩૭ કે તું ભેગા થએલા લોકોની હાજરીમાં અવહેલનાથી વર્તે અને પ્રકાશિત દિવસને દિલ માટે અંધારો બનાવે ?

૨૩૩૮ તેમણે (હ. મુસા અ. સ.) એ કહ્યું, "કયામતની અવહેલના વધુ ભયજનક છે. ( કે જે તું ભોગવીશ ). જો તું ભલા બુરામાં મારા તરફ તારૂં લક્ષ નહિ આપે તો

૨૩૩૯ તું એક માખીનો ચટકો સહન કરી શકતો નથી, તો પછી સરપનું કરડવું તું કેમ સહન કરીશ ?

૨૩૪૦ દેખાવમાં હું તારા કામનો નાશ કરૂં ? પણ ( હકીકતમાં ) હું ગુલાબના બગીચામાં કાંટો બનાવું છું.

ખેડ ઉજાડવા સાથે સુસંગત છે, અને મનની સ્વસ્થતા મનની વ્યાકુળતા સાથે અને આખું ભાગેલા સાથે અને વિજય હારમાં અને અસ્તિત્વ નહિવત સામે અને આવી રીતે બાકીની વિરોધીઓ અને જોડીઓ સાથે, તે સમજાવવા વિષે.

૨૩૪૧ અમુક માણસ આવીને જમીન ખેડતો હતો. એક મુર્ખ બુમ પાડી ઉઠયો અને પોતાને વશ રાખી શકયો નહિ.

૨૩૪૨ કહે, શા માટે તમે આ જમીનનો નાશ કરો છો અને ચીરા પાડો છો અને તે વેરણછેરણ કરો છો ?

૨૩૪૩ તેણે કહ્યું "ઓ મુર્ખ ચાલ્યો જા, મારા વિરુદ્ધ આગળ ન વધ, ખેડ અને ઉખેડવાનો ( ફેર ) સમજતો જા.

૨૩૪૪ આ (જમીન) એક ગુલાબનો બગીચો અને ધાન્યનું ખેતર જ્યાં સુધી આ જમીન બેડોળ અને નાશ ન પામે ત્યાં સુધી કેમ બને?

૨૩૪૫ તે ફળવાડીઓ અને પાકો અને પાંદડાઓ અને ફળ, જ્યાં સુધી તેને ઉપરનીચે કરવાની વ્યવસ્થા નહિ બને ત્યાં સુધી કેમ બનશે?

૨૩૪૬ જ્યાં સુધી તમો થાકી ગએલા ગુમડાને નસ્તરથી કાપો નહિ ત્યાં સુધી તે સારૂં કેમ થશે અને તમો તન્દુરસ્ત કેમ બનશો?

૨૩૪૭ જ્યાં સુધી તે (હકીમ) તમારી (હલકી) પ્રકૃતિને દવાથી નહિ સુધારે ત્યાં સુધી સાધારણ અસ્વસ્થતા કેમ હટશે? દરદ મટાડનાર વસ્તુની અસર કેમ થશે?

૨૩૪૮ જ્યારે એક દરજી એક કાપડમાંથી કટકા કટકા કાપે છે, શું કોઈ પેલા કામેલ દરજીને ફટકારશે?

૨૩૪૯ કહીને, આ પસંદગીનું રેશમ તેં કેમ કાપી નાખ્યું? એક કાપેલા (કપડાથી) હું શું કરી શકું?

૨૩૫૦ જ્યારે જ્યારે તેઓ (બાંધનારા) એક જુના મકાનને સારી હાલતમાં સુધારવાનું કરે છે ત્યારે શું તેઓ પહેલાં જુનીનો નાશ કરતા નથી?

૨૩૫૧ તેવી જ રીતે એક સુતાર, લુહાર અને ખાટકી, તેઓ સાથે પણ સુનરૂદ્ધાર પહેલાં વિનાશ છે,

૨૩૫૨ હરડેનો ભુકો કરવો અને કાચી હરડે, તેઓના ભુક્કા કરવાનાં કારણે તેઓ કાયાની (તન્દુરસ્તી) સુધારવાનું નિમિત્ત બને છે.

૨૩૫૩ જ્યાં સુધી તમે ઘંટીમાં ઘઉંને પીસશો નહિ ત્યાં સુધી આપણું મેજ ખાદ્ય વસ્તુથી સુશોભીત કેમ બનશે?

૨૩૫૪ (તારા) પેલો રોટલો અને નિમક (માટેની કૃતજ્ઞતાની ફરજ) માટેનો દાવો એવો છે કે એ મચ્છી, જાળમાંથી મારે તને મુક્ત કરવી,

૨૩૫૫ જો તું મુસાની શીખામણ માનીશ તો તું આવી એક અનંત જાળમાંથી છટકી શકીશ!

૨૩૫૬ તેવી જ રીતે જેમ તેં પોતાને વિષયાસક્તિનો ગુલામ બનાવ્યો છે, તેં દુષ્ટ મનને અજગર બનાવ્યો છે.

૨૩૫૭ હું તારા અજગર માટે એક અજગર લાવ્યો છું કે જેથી હું તારા અજગરની ફૂંક મારા અજગરની ફુંક થકી સુધારૂં.

૨૩૫૮ કે જેથી પેલા એકની ફૂંક આ એકની ફુંકથી હરાવેલી બને અને કે મારો અજગર પેલા (તારા) અજગરનો નાશ કરે.

૨૩૫૯ જો તું તાબે થઇશ તો તું બે અજગરોથી મુક્ત છો, નહિતર તે (તારો અજગર) તારા આત્માનો સંપૂર્ણ વિનાશ લાવશે.

૨૩૬૦ તેણે (ફિરઔને) કહ્યું, "સત્ય કહેતાં, તું એક ઘણોજ લુચ્ચો જાદુગર છે, કારણ કે કળા થકી તેં કુસંપ દાખલ કર્યો છે.

૨૩૬૧ તેં સંપીલી કોમમાં બે ભાગલા પાડયા છે, જાદુ ચિરાડોને ડુંગર અને પર્વત બનાવે છે.

૨૩૬૨ તેમણે (હ. મુસા અ. સ.) એ કહ્યું "હું ખુદાના સંદેશામાં ડુબેલો છું. કોઇએ કદી ખુદાના નામ સાથે જાદુને જોયો છે?

૨૩૬૩ જાદુનું સત્વ (ખુદાનું) અનુપકારીપણું અને અશ્રદ્ધા છે, મુસાનો આત્મા સત્ય ધર્મની ઝળહળતી મશાલ છે.

૨૩૬૪ ઓ ઉદ્ધત, હું જાદુને મળતા કેમ હોઉં? કારણ કે મસિઆહ મારી (જીવન અર્પતી) ફુંકનો અદેખો બને છે.

૨૩૫૫ ઓ ગંદા, હું જાદુગરોથી મળતીયો કેમ હોઉં? કારણ કે (વહી ઉતરેલ) કિતાબો મારા આત્મામાંથી પ્રકાશ મેળવે છે.

૨૩૬૬ જ્યારે તું વિષયાસક્તિની પાંખો ઉપર, ઉપર ચડે છે, અનિવાર્યપણે તું (તારા દિલમાં) પેલો મારા વિરૂદ્ધનો હલકો વિચાર નિભાવે છે.

૨૩૬૭ દરેક જણ કે જેનાં કાર્યો પેલાં જંગલી પશુઓ જેવાં છે, તેઓને ઉમદા શખ્સની વિરૂદ્ધ હલકટ વિચારો હોય છે.

૨૩૬૮ જ્યારે કે તું દુનિયાનો એક ભાગ છો, ત્યારે તું ગમે તેવો છો ઓ ખોટા દોરવાએલા, તું પોતાના જેવો જ બધાઓને બનેલા જુએ છે.

૨૩૬૯ જો તું ગોળ ગોળ ફરે અને તારૂં માથું ગોળગોળ ફરે, તારી દષ્ટિના (અવયવો) ઘરો ગોળ ફરતું જુએ છે.

૨૩૭૦ અને જો તમો દરિયામાં ચાલતા એક વહાણમાં ચડો, તો તમો દરિયાનો કાંઠો (તમારી સાથે જ) દોડતો જોશો.

૨૩૭૧ જો તમો સંઘર્ષ (માં વળગી રહેવામાં) દિલ તરફ સાંકડા (દબાએલા) છો તો તમો દુનિયાનું આખું વાતાવરણ સાંકડું બનેલું જોશો.

૨૩૭૨ અને જો તમો તમારા દોસ્તોની મરજી મુજબ સુખી છો તો આ દુનિયા એક ગુલાબના બગીચા જેવી લાગશે.

૨૩૭૩ કેટલાએક સીરીયા અને ઇરાક જેટલા દુર ગયા છે અને અશ્રદ્ધા અને ઢોંગ સિવાય બીજું કંઈ જોયું નથી.

૨૩૭૪ અને કેટલા બધા હિન્દ અને હિરાત જેટલા દુર ગયા છે. અને વેચવું અને ખરીદ કરવા સિવાય બીજું કંઇ જોયું નથી.

૨૩૭૫ અને કેટલા બધા તુર્કસ્તાન અને ચીન જેટલા દુર ગયા છે પણ ઢોંગ અને ગુપ્ત લુચ્ચાઇ સિવાય બીજું કંઇ જોયું નહિ.

૨૩૭૬ જ્યારે કે રંગ અને સુગંધ સિવાય બીજી કંઇ તેની નિરખવાની દૃષ્ટિ નથી તે કાંઇ પણ રૂહાનીયત જોઈ શકશો નહિ.

૨૩૬૭ ( જો ) એક ગાય બગદાદમાં ઓચીંતી આવે અને ( શહેરની ) આ બાજુએથી પેલી બીજી બાજુએ જાય.

૨૩૭૮ છતાં ( તેની ) બધી ખુશીઓ અને આનંદો તેણી તરબુચની છાલ સિવાય બીજામાં જોશે નહિ.

૨૩૭૯ ( જો ) તણખલું અથવા સુકું ઘાસ રસ્તા ઉપર પડેલું છે ( તે ) આવા એક મંદ બુદ્ધિ અથવા અક્કલહિન માટે લાયકનું છે.

૨૩૮૦ ( તેની જનાવરી ) પ્રકૃતિના નખ ઉપર ( લટકતો ) માંસના કટકાની માફક સુકો તેનો આત્મા, ગૌણ કારણોથી બંધાએલો, વધુ મોટો બનતો નથી.

૨૩૮૧ પણ વિસ્તીર્ણ જ્ઞાન કે જ્યાં સાધનો અને કારણોના ભુક્કા બોલી ગયા છે ત્યાં, એ ખૂબજ માનવંત સાહેબ, " ખુદાની જમીન છે. "

૨૩૮૨ તે હંમેશ એક ચિત્તની માફક બદલતી રહે છે, આત્મા એક નવી ને નવી દુનિયા આંતરદૃષ્ટિથી જુએ છે.

૨૩૮૩ ( દરેક ચીજ ) જ્યારે તે એક ઢબછબમાં કાયમી જડેલ હોય છે ત્યારે ભલે તે બહિશ્ત અને એડનની નદીઓ હોય, કઢંગી બને છે.

માણસની બુધ્ધિગમ્ય દરેક ઇન્દ્રિયને સમજણની જુદી જુદી વસ્તુ હોય છે, કે જેનાથી બીજી ઇન્દ્રિઓ અજ્ઞાન હોય છે, ( દાખલા તરીકે ) દરેક પ્રવીણ કલાકાર બીજી કળાના પેલા પ્રવીણ કલાકારોથી મળતા હોતા નથી. અને તેની ( બીજી ઇન્દ્રિયની ) અજ્ઞાનતા કે જે તેનું કામ નથી તે પેલી સમજણની ચીજો હસ્તિમાં નથી તેમ સાબિત કરતી નથી. અલબત તે પ્રત્યક્ષ રીતે તેમને નકારે છે. છતાં અહીં આ જગ્યાએ આપણે એટલું જ, તેની અજ્ઞાનતાને અસ્વિકારનો ઇરાદો ધારી લઈએ છીએ.

૨૩૮૪ તારી સમજણ દુનિયાના તારા દ્રષ્ટિબિંદુના માપ છે, તારી અપવિત્ર સમજશક્તિઓ ( પવિત્ર માણસ )થી વંચીત રાખતો પડદો છે.

૨૩૮૫ તારી સમજણોને દીર્ઘદ્રષ્ટિના પાણીથી થોડીવાર માટે ધોઇ નાખ, જાણ કે સુફી લોકો નાનો પોષાક ધોવા આની માફક છે.

૨૩૮૬ જ્યારે તમો પવિત્ર થયા છો ત્યારે પવિત્ર માણસનો આત્મા પડદો ચીની નાખશે પોતાની મેળે તને વળગશે.

૨૩૮૭ ભલે આખી દુનિયા પ્રકાશ અને કિરણોના રૂપોથી ભરાઇ જાય તો પણ ( માત્ર ) આંખ જ પેલી ખુબસુરતી માટે સજાગ બનશે.

ગાય- બગદાદમાં - ફરે
ચરવું ખુશી ગડબડની છાલમાં
આનંદ

૨૩૮૮ ( ધારો કે ) તમોએ આંખ બંધ કરી છે અને કાનને આગળ લાવે છે કે તમો વખાણ લાયક સુંદર ચહેરો અને તેના વાળના ગુચ્છા બતાવો.

૨૩૮૯ કાન કહેશે, હું ( દ્રવ્યમાન ) રૂપ તરફ હાજર થતો નથી. જો તે રૂપ એક બુમ પાડે તો હું તે સાંભળીશ.

૨૩૯૦ હું પ્રવીણ છું, પણ ( માત્ર ) મારી પોતાની કળામાં. મારો હુન્નર ( બોલેલા ) શબ્દ કે અવાજ ( સાંભળવાનો તેનાથી કંઇ વધુ નહિ.

૨૩૯૧ ( અને જો તું કહીશ ', એ નાક, આવ અને આ ખુબસુરતી જો, તો નાક આ ઈરાદાને લાયક નથી.

૨૩૯૨ જો ત્યાં કસ્તુરી કે ગુલાબ જળ હોય તો હું તે સૂંઘીશ, આ મારો હુન્નર, વિજ્ઞાન અને જ્ઞાન છે.

૨૩૯૩ હું રૂપેરી હાંડલાનો ચહેરો કેમ જોઇશ? ધ્યાન રાખજે, ( મારા ઉપર ) એવું કામ લાદતો નહિ જે મારાથી બને નહિ.

૨૩૯૪ ફરીવાર ભ્રષ્ટ બનેલ સમજણને ભ્રષ્ટ દ્રષ્ટિ સિવાય બીજું કંઇ નથી ( તેથી ) તેની હજુરમાં વાંકો જા કે સીધો, જેમ તારી મરજી પડે તેમ.

૨૩૯૫ ખાત્રીપુર્વક જાણ કે તેની આંખ કે જે બેવડું જુએ છે તે ઐક્ય જોવામાંથી વેગળી છે એ ( સત્યપંથ )ના મદદગાર શેઠ.

૨૩૯૬ તું કે જે એક ફિરઔન છે, સંપૂર્ણપણે દગલબાજ અને ઢોંગી છે, જ્યારે કે તું મારામાં અને તારામાં કાંઇ ભેદભાવ તો નથી.

૨૩૯૭ એ ખોટી રમત રમતા આદમી, તારા જેવો મને નિરખ નહિ, કે જેથી તું એક ને બે જુએ નહિ.

૨૩૯૮ એક પળ માટે મારામાં મારી આંખોથી ( ઈન્સાફની નજરે ) જો, કે તું અસ્તિત્વની પેલી પાર એક વિસ્તીર્ણ પ્રદેશ નિહાળે.

૨૩૯૯ અને સંકુચિતપણા અને નામોશી અને પ્રખ્યાતી ( હલકી કે સારી ) માંથી મુક્ત બને અને પ્રેમમાં પ્રેમ નિહાળે અને ( તારા પર ) શાંતિ હોજો !

૨૪૦૦ પછી, જ્યારે તને કાયામાંથી મુક્ત બનાવાયો, ત્યારે તું જાણીશ કે કાન અને નાક આંખ બની શકે છે.

૨૪૦૧ પેલી મધુર ઝબાનવાળા ( રૂહાની ) રાજાએ સત્ય જ કહ્યું છે કે આત્મજ્ઞાનીનો દરેક વાળ એક આંખ બને છે.

૨૪૦૨ ખાત્રીપૂર્વક, આંખને શરૂઆતમાં ( દ્રષ્ટિની ) આંખ હોતી નથી, તે ગર્ભાશયમાં એક માંસનો ટુકડો હતો.

૨૪૦૩ એ પુત્ર, ચરબીને ( આંખનો સફેદ ભાગ ) ને જોવાનું કારણ બનતું નિહાળ નહિ, નહિતર, સ્વપ્નામાં રૂપો દેખાતાં કોઈ જોઈ શકે નહિ.

ઍંડપ જેવી વાળી આંખ
એકને બે નાખે.

૨૪૦૪ જીન્નાત અને સેતાન તેવી જ રીતે જુએ છે, અને તે બંનેમાંથી કોઈને જોવાની ઇન્દ્રિયમાં ચરબી નથી.

૨૪૦૫ હકીકતમાં (અસલ) પ્રકાશ અને (આંખની) ચરબી વચ્ચે કાંઇ સબંધ ન હતો. પ્રેમાળ પેદા કરનારે તેમને સબંધ આપ્યો.

૨૪૦૬ હ. આદમ (અ. સ. માટીના હતા. (પણ) તેઓ માટીને મળતા કેમ હોય! જીન્ન કાંઇપણ (બીજા તત્વોના ભેળ સેળ સિવાય) અગ્નિનાં છે.

૨૪૦૭ પણ જીન્ન અગ્નિના રૂપમાં તેને જ મળતા નથી, ભલે તું તેનું અસલ ગણત્રીમાં લે.

૨૪૦૮ પણ પવનનું (અસલી) છે, પણ તે પવનને કેમ મળતું આવે? ખુદાએ સબંધ વગરનાને સંબધીત બનાવેલ છે.

૨૪૦૯ આ નિષ્પન્ન વસ્તુઓનો અસલીયાત સાથેનો સબંધ અવર્ણનીય છે, જો કે તેણે તેમને જોડયા.

૨૪૧૦ જ્યારે કે માણસ માટીનો જન્મેલ છે, ત્યારે આ દીકરો અને તેના બાપ વચ્ચેના સબંધ કયાં છે?

૨૪૧૧ જો એક સંબધ સમજણથી ગુપ્ત છે, તો તે અવર્ણનીય છે, અને સમજણ તેના પગલે પગલે કેમ ચાલે.

૨૪૧૨ જો તેણે પવનને આંખ વગર દ્રષ્ટિ ન આપી તો પછી તે હ. આદમના લોકો વચ્ચેનો ભેદ કેમ બતાવતો હતો?

૨૪૧૩ તે દુશ્મનમાંથી સાચો ઇમાનદાર કેમ જાણતો હતો? તે તુંબડાના આકારના હાથા વગરના પ્યાલામાંથી શરાબ કેમ ઓળખતો હતો?

૨૪૧૪ તમરૂદના અગ્નિને આંખ ન હતી તો હ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહને (બચાવવા) ઝહેમત શા માટે ઉઠાવતો હતો.

૨૪૧૫ જો નાઈલ નદીને પેલો પ્રકાશ અને દ્રષ્ટિ ન હોત તો ઈઝરાઈલીઓમાંથી મિસરીઓને કેમ પકડી પાડયા હોત?

૨૪૧૬ જો પર્વત અને ખડગને દ્રષ્ટિથી વિભુશીત કરવામાં આવ્યા ન હોત તો પછી તે (પર્વત) હ. દાઉદ (અ. સ.) નો દોસ્ત (સાથી) કેમ બનત!

૨૪૧૭ જો આ પૃથ્વી એક રૂહાની આંખ ન ધરાવતી હોત તો આવી રીતથી કારૂનને કેમ ગળી ગઇ હોત?

૨૪૧૮ જો રૂદન કરતો (થંભ) દિલની આંખ ધરાવતો ન હોત, તો પછી પેલા માનવંત (પયગમ્બર સાહેબથી) જુદાઇ કેમ જોઇ હોત?

૨૪૧૯ જો કાંકરો એક આંખ ધરાવતો ન હોત તો તેણે (અબુજહલની), બંધ મૂઠીમાં પુરાવો કેમ આપ્યો હોત?

૨૪૨૦ ઓ બુદ્ધિશાળી, તારી પાંખો અને પીંછાં ખુલ્લાં કર, સુરા વાંચ. (જ્યારે પૃથ્વી) ને ખૂબ જ મોટા કંપથી કંપતી બનાવાશે."

એક આંખ – કાંકરો –(અબુજહલ)- બંધ મૂઠીમાં
પૃથ્વી એક રૂ.આંખ ધરાવતી - કારૂનને

૨૪૨૧ કયામતના દિવસે આ જમીન ભલાં બુરાં જોયા વગર તેને લગતાં પુરાવાઓ કેવી રીતે આપશે ?

૨૪૨૨ કારણ કે, "તેણી તેણીના અનુભવો અને બાતમીઓ જાહેર કરશે, જમીન અમોને તેણીની ગુપ્તતાઓ ખુલ્લી કરશે.

૨૪૨૩ ઓ બાદશાહ, (ફિરઔન) તારા તરફ મને (પયગમ્બર તરીકે) નું મોકલવું એ ચોકખી સાબીતી છે કે મોકલનાર સજાગ હતો.

૨૪૨૪ તે ખૂબ જ વણસેલી માંદગી માટે આવી એક દવા તેને (સાજા કરવામાં) ફતેહ પામવાના કારણ માટે યોગ્ય છે.

૨૪૨૫ અત્યાર સુધીમાં તેં (તને અપાએલી) ચેતવણીઓ જોઇ છે કે ખુદાએ (તારા; તરફ આવવા) માટે મને પસંદ કર્યો છે.

૨૪૨૬ (અને કે) હું 'દોરડુ' અને 'નૂર' મારા હાથમાં લેતો, તારું ઉદ્ધત રણશીંગુ ભાંગી નાખીશ.

૨૪૨૭ આના કારણે ઇન્સાફનો માલિક જુદાં જુદાં ભયંકર દ્રષ્યો તારામાં બતાવતો હતો.

૨૪૨૮ તારા દુષ્ટ મન અને તારા અમર્યાદ બેફરમાનીપણાને યોગ્ય કે તું જાણે કે તારા માટે યોગ્ય શું તે તે જાણે છે.

૨૪૨૯ કે તું જાણે કે તે ડાહ્યો અને સર્વજ્ઞ અને અસાધ્ય રોગોનો સાજો કરનાર છે.

૨૪૩૦ ખોટા અર્થઘટનોથી તને પેલાં (દ્રષ્યો) તરફ આંધળો અને બહેરો બનાવાયો હતો. કહીને, "ખૂબ જ ઘસઘસાટ ઉંઘના કારણે આ બન્યું.

૨૪૩૧ અને હકીમ અને ભવિષ્યશાસ્ત્રી (બુદ્ધિના) ચમકારાઓમાં તેની (સ્પષ્ટ) સાચી હકીકત જોઇ (પણ), લાલસાઓના કારણે તે છુપાવી.

૨૪૩૨ તેણે (હકીમે) કહ્યું, "તારા રાજ્ય અને બાદશાહીથી તે દૂર હટે કે તારા અંતઃકરણમાં આતુરતા દાખલ થાય.

૨૪૩૩ જયારે (કાયાવી) બંધારણ, ખોરાક કે જે નાપસંદગીનું છે અથવા ઉત્તમ વાનગીઓથી અસ્વસ્થ થયું છે, ઉંઘમાં દ્રષ્યો જુએ છે."

૨૪૩૪ (તેણે આમ કહ્યું) કારણ કે તેણે નીરખ્યું કે તે એક એવો નથી કે સારી શીખામણની ઈચ્છા ધરાવે છે અને કે તું હિંસક અને ખૂન પીનાર અને નમ્રતાની પ્રકૃતિ તો નથી.

૨૪૩૫ બાદશાહો સચ્ચાઈના કારણ ખાતર લોહી વહેવડાવે છે, પણ તેઓની દયા તેઓની સખ્તાઈ કરતાં વધુ મોટી હોય છે.

૨૪૩૬ બાદશાહને 'માલિક'ની પ્રકૃતિ હોવી જોઇએ, તેની દયા તેના કોપ ઉપર સરસાઇ ભોગવતી હોવી જોઈએ.

૨૪૩૭ ગુસ્સો બાદશાહ ઉપર (જેમ) સંતાનમાં હોય છે તેમ સરસાઈ ભોગવતો હોવો ન જોઈએ. (તેથી) તે તરકટના ઇરાદે બિનજરૂરી લોહી વહેવડાવે છે.

૨૪૩૮ ફરીવાર, એક બાયલા જેવા અંતઃકરણે તેના ઉપર સરસાઈ ભોગવવી જોઈએ નહિ. કારણ કે તેના કારણે તેની ઘરવાળી અને પરીચારીકાઓ ગણિકાઓ બનશે.

૨૪૩૯ તે તારા દિલને સેતાન માટેનું એક ઘર બનાવ્યું છે, તેં ધિક્કારને તારો એક કિલ્લો બનાવ્યો છે.

૨૪૪૦ એવા ઘણાં દિલો છે કે જેઓને તારા તિક્ષ્ણ રણશીંગાએ ઘાયલ કર્યાં છે, અને, મારા દોરડાએ તારા આગળ વધતા રણશીંગાને ભાંગી નાખેલ છે.

**આ દુનિયાના લોકો પેલી (બીજી) દુનિયાના લોકો ઉપર હુમલો કરે છે અને ધસારો કરે છે, (તેઓની) હદ જેટલા દુર સુધી, અર્થાત સમકાલીન લોકો અને સંપ્રસારણ કે જે અદ્રષ્યની હદ છે, અને તેઓ (આ દુનિયાના લોકો) (તેઓએ તૈયાર કરેલ) સકંજાથી સભાન નથી. કારણ કે નાસ્તિક ત્યારે જ (માત્ર) હુમલો કરે છે કે જ્યારે 'જીહાદ' કરનાર પવિત્ર લડાઇમાં જતો નથી.**

૨૪૪૧ દેહધારીના લશ્કરે રૂહાનીઓના કિલ્લા અને દુર્ગની દિશામાં હુમલો કર્યો.

૨૪૪૨ એટલા માટે કે તેઓ અદ્રષ્યની પરિસીમાનો રસ્તો કબજે કરે, કે જેથી કોઈપણ પવિત્ર આત્મા પેલા રહેઠાણમાંથી (દુનિયામાં) ન આવે.

૨૪૪૩ જ્યારે પવિત્ર લડવૈયા લડાઇમાં હુમલો કરતા નથી, નાસ્તિકો ઉલટી રીતે હુમલો લઈ આવે છે.

૨૪૪૪ જ્યારે અદ્રષ્યના પવિત્ર લડવૈયા પોતાની ધૈર્યતાના કારણે હલકી પ્રકૃતિના માણસ, તારા પર હુમલો કરવામાંથી દુર રહે છે.

૨૪૪૫ ત્યારે તું અદ્રષ્યની પરિસીમાના રસ્તા તરફ હુમલો કરે છે એટલા માટે કે અદ્રષ્યના માણસો આ દિશામાં આવે નહિ.

૨૪૪૬ શું તે પેટ અને પીઠ ઉપર તારો હિંસક હાથ મુકયો ન હતો કે તું દુષ્ટતાથી (સંવનનનો) સરિયામ રસ્તો હાથ કરે (બંધ કરે).

૨૪૪૭ તું સરિયામ રસ્તો કે જે સર્વશક્તિમાને સંતાનોત્પત્તિના ઇરાદાએ ઉઘાડેલ છે તે કેમ હાથ કરે (બંધ કરે)?

૨૪૪૮ ઓ સત્તાની અવજ્ઞા કરનાર, તેં રસ્તાઓ બંધ કર્યા. (પણ) અને તારા સખત પ્રયત્ન છતાં એક અધિકારી આગળ આવ્યો છે.

૨૪૪૯ અરે, હું અધિકારી છું. હું તારી સત્તા ભાંગીશ, અરે, તેના નામે હું તારૂં નામ અને કિર્તી ભાંગીને ભુકો કરીશ.

૨૪૫૦ હવે આવ, મજબુતાઈથી રસ્તા બંધ કર! તારી મુછ તરફ (થોડીવાર) હસી લે!

૨૪૫૧ દૈવી વટહુકમ તારી મુછ કટકે કટકે ઉડાવી મુકશે. કે જેથી તું જાણે કે (દૈવી) હુકમ અગમચેતી આંધળી બનાવે છે.

૨૪૫૨ શું તારી મુછ 'આદ' (ના લોકો કરતાં) વધુ પ્રખર છે? કે જેની હુંફ થકી (બધી) જમીનોને ધ્રુજવું પડે છે?

૨૪૫૩ તું થામુદ (ના કબીલા) કરતાં વધુ વાદવિવાદ કરનાર છે કે જેઓ કદી હસ્તિમાં ન આવ્યા?

૨૪૫૪ ભલે પણ હું આવી એકસો (સાબીતીઓ) કહે તો રહું તું બહેરો છો, તેં સાંભળ્યું છે અને નથી સાંભળવાનો ઢોંગ કર્યો છે.

૨૪૫૫ મેં જે શબ્દો ઉચ્ચાર્યા તે હું ફરીવાર કહું છું. શબ્દો વગર (પણ) મેં તારા તારા માટે દવા ઘોળી છે.

૨૪૫૬ કે જે હું તારી કાયાને લગાડીશ, કે જેથી તે શમેલું બને અથવા તારૂં નાક અને તારી દાઢી હંમેશને માટે બળી જાય.

૨૪૫૭ અંતે કે તું જાણે કે તે સર્વજ્ઞ છે, એ (ખુદાઇ) દુશ્મન, તે દરેક કે જેને જેને તે લાયક છે તેને તે આપે છે.

૨૪૫૮ જ્યારે તેં ખોટું કર્યું છે અને હલકું શોધ્યું છે ત્યારે શું તેને યોગ્ય અસર ભોગવેલી તેં જોઇ નથી?

૨૪૫૯ જ્યારે જ્યારે એક જ વાર (પણ) તેં ભલાઈ આસમાન તરફ મોકલી હોય, શું તેનો બદલો તે બાદ તેવો જ પાછો આવતો નથી?

૨૪૬૦ જો તું સાવધાન અને જાગ્રત બને તો તું દરેક પળે તારા કૃત્યનો પ્રત્યુત્તર જુએ!

૨૪૬૧ જ્યારે તું સાવધાન છો અને (સૂઝ)નું દોરડું પકડયું છે, તારી કયામતને આવવાની જરૂર નથી.

૨૪૬૨ તે કે જે એક સુચન (નો અર્થ) જાણે છે, તેને ખુલ્લી રીતે તે જાહેર કરવાની જરૂરત હોતી નથી.

૨૪૬૩ આ દુઃખ (તારી) મુર્ખતાઈ અંગે હિકમતી દોરવણીઓ અને સુચનોને ન સમજવા અંગે તારા ઉપર પડે છે.

૨૪૬૪ જ્યારે તારૂં દિલ કાળુ અને દુષ્ટતા અંગે અંધારૂં બન્યું છે ત્યારે સમજી જજે, એ કે અહીં મુર્ખ બનવું ન જોઇએ.

૨૪૬૫ નહિતર, વાસ્તવમાં પેલું અંધારૂં (એક દુઃખનું) તીર બનશે અને (તારી) મૂર્ખતાનો દંડ તારો પીછો કરી પકડી પાડશે.

૨૪૬૬ અને જો તીર આવે નહિ તો તે (ખુદાની) દયામાંથી છે, નહિ કે (તારા પાપની) ગંદકી ન જોવાના પ્રતાપે નહિ.

ખોટું · હલકું કરે → તેની અસર
ભોગવવી પડે
કોઈ વક્ત.
ભલાઈ · આસમાન તરફ · બદલો પાછો
તેવો મળે ! પાછો
આવે

૨૪૬૭ ધ્યાન દઈને સાંભળ, જો તને એક પવિત્ર દિલ જોઈતું હોય તો સાવધાન બનજે કારણ કે દરેક કાર્યની અસરમાં તારા માટે કંઈક ઉત્પન્ન થાય છે.

૨૪૬૮ અને જો તને આના કરતાં વધુ ઉત્કટ ઇચ્છા છે, (અને જો) સાહસ, સાવધ (ના રૂહાની દરજ્જાથી) પર જાય છે.

**માટીની માણસની કાયા ઉત્તમ દ્રવ્યના લોઢા જેવી, એક અરીસો બનવાને શક્તિશાળી છે, કે જેથી તેમાં આ દુનિયામાં (હોવા) છતાં બહિશ્ત અને દોજખ અને કયામત વિગેરે તાત્કાલીક દ્રષ્ય જોવાય છે, આભાસની રીતે નહિ, તે સમજાવવા વિષે.**

૨૪૬૯ પછી ભલે તમો સિંહ જેવા કાળી કાયાવાળા હશો, ઓપવાની આદત કરો, ઓપવાની, ઓપવાની.

૨૪૭૦ કે જેથી તારૂં દિલ પ્રતિબિંબોથી ભરેલ એક અરીસા જેવું તેમાંની દરેક બાજુ સુંદર રૂપેરી અંતઃકરણથી ભરેલું બને.

૨૪૭૧ જો કે લોઢું કાળું અને પ્રકાશથી વંચિત હતું. એને તેમાંનું કાળાપણું ચોકખું કર્યું.

૨૪૭૨ લોઢાની આરી ઓપવાનું (સહન કર્યું) અને તેનો ચહેરો સુંદર બનાવ્યો કે જેથી પ્રતિબિંબો તેમાં જોઇ શકાય.

૨૪૭૩ જો માટીની કાયા ચીતરી ચડે તેવી અને કાળી છે, તેને ઓપ, કારણ કે તે ઓપવાના ઓજારને ગ્રહણશીલ છે.

૨૪૭૪ એટલા માટે કે અદ્રષ્યનાં રૂપો તેમાં દેખાય અને કે હુરાં અને ફરિશ્તાઓનાં પ્રતિબિંબો તેમાં દોટ મૂકે.

૨૪૭૫ ખુદાએ તને ઓપવાનું ઓજાર, વિવેકબુદ્ધિ આપી છે, અંતે કે તેનાથી દિલનું પાંદડું (સપાટી) સુશોભીત બનાવાય.

૨૪૭૬ તું ઓ બંદગી વગરના આદમી, ઓપવાના ઓજાર (વિવેકબુદ્ધિને) બેડીમાં રાખેલ છે અને વિષયાસક્તિના બે હાથો ઢીલા કર્યા છે.

૨૪૭૭ જો બેડીને વિષયાસક્ત ઉપર મુકવામાં આવે તો ઓપનાર (વિવેકબુદ્ધિ) નો હાથ સંયુક્ત બને.

૨૪૭૮ લોઢાનો ટુકડો કે જે અદ્રષ્યની આરસી બની (અદ્રષ્યનાં) બધાં રૂપો તેમાં દેખાતાં બને,

૨૪૭૯ (પણ) તે (તારૂં દીલ) કાળું બનાવ્યું છે અને તારી પ્રકૃતિમાં કચરો આપવા દીધો છે "તેઓ દુનિયા ઉપર હલકાં કામ કરે છે" તો આ (આંતરિક) અર્થ છે,

૨૫૮૦ તેવું જ અત્યાર સુધી તેં કર્યું છે, હવે તેમ કરતો નહિ તેં પાણીનું ગંદુ બનાવ્યું છે, હવે (તેમ) વધુ ડહોળું કરતો નહિ.

૨૪૮૧ તેને (પાણીને) અપવિત્ર કરતો નહિ. આ પાણી ભલે ચોકખું બને અને (પછી) તેનાં ચંદ્રમા અને તારાઓ ફરતા જો.

૨૪૮૨ કારણ કે માણસ નદીના પાણી જેવો છે. જ્યારે તે ગંદુ બને છે. તું તેનું તળીયું જોઈ શકે નહિ.

૨૪૮૩ નદીનું તળીયું જવાહીરો અને મોતીઓથી ભરેલું છે, ચેતવણી ધ્યાનમાં લેજે, પાણી ગંદુ કરતો નહિ. કારણ કે તે (અસલમાં) ચોકખું અને સ્વતંત્ર છે.

૨૪૮૪ માણસનો આત્મા હવાને મળતાં છે, જ્યારે તે (હવા) ધૂળ સાથે ભેગી થાય છે, તે આકાશને ઢાંકે છે.

૨૪૮૫ અને (આંખને) સુર્યના જોવામાંથી અટકાવે છે. (પણ) જ્યારે તેની ધુળ ચાલી ગઈ હોય છે તે ચોકખી અને સ્વચ્છ બને છે.

૨૪૮૬ તેમ છતાં તારો સંપૂર્ણ અંધારૂ તારામાં ખુદા બતાવતો હોય છે. કે જેથી તું મુક્તિના રસ્તાને સાંધે.

**હ. મુસા (અ. સ.) એ દૈવી પ્રેરણા, વહી દ્વારા) ફિરઔનના કાલ્પનિક માનચિત્રો અને ગુપ્ત વિચારો અદ્રશ્યમાંના જાહેર કરવા એટલે ખુદાનું સર્વજ્ઞપણામાં ઇમાન લાવે અથવા (કાંઈ નહિ તો) પેલો અભિપ્રાય પકડી રાખે.**

૨૪૮૭ (તારી પ્રકૃતિના) કાળા લોઢામાં તે, તેની શક્તિના પ્રતાપે અંતમાં જે ચિત્ર પસાર થવા આવવાનું છે તે બતાવતો હતો.

૨૪૮૮ એટલા માટે કે તું પેલા અન્યાય અને દુષ્ટતાપણાથી (અલગ થવાશે) પાઠ મેળવે. તુ. પેલાં (કાલ્પનિક માનચિત્રો) જોતો હતો અને વધુ દુષ્ટ થતો હતો.

૨૪૮૯ તે તારામાં કદરૂપા આકારો સ્વપ્નામાં બતાવતો હતો, તું તેમનાથી પાછો સંકોચાતો હતો અને (વાસ્તવિક રીતે) તે તારાં પોતાનાં જ રૂપ હતા.

૨૪૯૦ ઇથોપીયન સીદ્દીની માફક કે જેણે પોતાનો ચહેરો અરીસામાં કદરૂપો જોયો.

૨૪૯૧ (આરસીએ) કહે તું કેવી કદરૂપી છો! તું માત્ર આના માટે જ લાયક છો. (આરસીએ જવાબ આપ્યો) ઓ દુષ્ટ આંધળા મારૂ કદરૂપાપણું તારૂં જ છે.

૨૪૯૨ તું તારા કદ્રુપા ચહેરા ઉપર ગંદકી લગાડે છે, તે મારા ઉપર નથી, કારણ કે મારામાં તેજસ્વીપણું છે.

૨૪૯૩ એક વખતે તું તારા કપડાં બળેલાં જોતો હતો એક વખતે તારા મોઢાં અને આંખો ઉપર ટાંકા લેવાયા હતા.

૨૪૯૪ હવે એક (લાલચુ) જનાવર તારૂં લોહી શોધે છે, હવે તારૂં માથું એક જંગલી જનાવરના દાંતમાં (છે).

૨૪૯૫ કોઇવાર (તું તારા સ્વપ્નામાં) એક સંડાશની વચ્ચે ઉપર નીચે (હતો), તો કોઇ વાર ભયંકર લોહી સુકાએલા વા વંટોળમાં ડુબેલો (હતો).

૨૪૯૬ ક્યારેક આ પવિત્ર આસમાનમાંથી તને એક અવાજ આવતો, કહીને, તું શ્રાપિત છો, તું શ્રાપિત છો, શ્રાપિત (છો).

૨૪૯૭ ક્યારેક પર્વતોમાંથી તને એક અવાજ આવતો, ખુલ્લી રીતે કહેતો, ચાલ્યો જા, તું ડાબા હાથના માણસોમાંનો એક છો.

૨૪૯૮ ક્યારેક દરેક નિર્જીવ વસ્તુમાંથી તને એક અવાજ આવતો (કે જે કહેતો), "ફિરઓન સદાસર્વદા માટે દોજખમાં પડયો છે."

૨૪૯૯ અને તેં આ ચીજો કરતાં પણ વધુ ખરાબ ચીજો (જોઈ છે), કે જે હું શરમની ખાતર બોલીશ નહિ, રખેને તારી ગંદી પ્રકૃતિ (ગુસ્સાથી) ગરમ બને!

૨૫૦૦ ઓ તું કે જે (મારી ચેતવણી) ધ્યાનમાં લેનાર નથી, મેં તને ઘણું થોડું કહ્યું છે, (અને) થોડામાંથી તું જાણે કે હું (બધી બાબતોથી) માહીતગાર છું.

૨૫૦૧ તું તને પોતાને આંધળો અને બહેરો બનાવતો હતો, કે જેથી તું સ્વપ્નાં અને માનસિક ચિત્રો વિષે વધુ વિચાર કરે નહિ.

૨૫૦૨ તું કેટલો લાંબો વખત નાસીશ? અરે, તારી હલકી ધારણાશક્તિના નીરખવા છતાં તે તને દેખાએલ છે.

## પશ્ચાતાપનો દરવાજો ખુલ્લો છે તે સમજાવવું.

૨૫૦૩ સાંભળ, હવેથી (આવી રીતે) વર્તતો નહિ, (પણ) સાવચેતીનાં પગલાં લે કારણ કે ખુદાની દયા અંગે પશ્ચાતાપનો દરવાજો ખુલ્લો છે.

૨૫૦૪ પશ્ચીમના દ્વારથી પશ્ચાતાપનો એક દરવાજો કયામત સુધી માણસજાત માટે ખુલ્લો છે.

૨૫૦૫ જ્યાં સુધી સુર્ય પશ્ચીમમાંથી પોતાનું માથું ઉંચું કરે છે ત્યાં સુધી પેલો દરવાજો ખુલ્લો છે, તારો ચહેરો તેનાથી ફેરવ નહિ.

૨૫૦૬ (ખુદાની) દયાના કારણે બહિશ્તને આઠ દરવાજા છે, ઓ પુત્ર, પેલા આઠમાંનો એક પશ્ચાતાપનો દરવાજો છે.

૨૫૦૭ બીજા બધા કોઈ કોઇવાર ખુલે છે. કોઇ કોઇવાર બંધ (હોય છે) માત્ર એક પશ્ચાતાપનો દરવાજો ખુલ્લો હોય છે.

૨૫૦૮ આવ, તક ઝડપી લે, દરવાજો ખુલ્લો છે, અદેખા (સેતાનના) સખત પ્રયત્નો છતાં તારો માલસામાન ત્યાં ઉપાડી જા.

## હ. મુસા (અ. સ.) એ ફિરઔનને કહ્યું: "મારી એક સલાહ "માની લે અને બદલામાં ચાર અતિ ઉત્તમ યોગ્યતા લેતો જા.

૨૫૦૯ આવ, મારી પાસેથી એક વસ્તુ સ્વીકાર અને તેનો અમલ કર અને પછી તેના બદલા તરીકે ચાર મારી પાસેથી લે.

બહિશ્તના આઠ દરવાજા–
આઠમાંનો- પશ્ચાતાપનો દરવાજો.
ખુલ્લો છે

૨૫૧૦ તેણે જવાબ આપ્યો, " એ મુસા, પેલી એક ચીજ કઈ છે? મને પેલી વસ્તુ માટે થોડું વધુ સમજાવ.

૨૫૧૧ તેમણે કહ્યું " પેલી એક ચીજ એ છે કે તારે ખુલ્લી રીતે કહેવું જોઈએ કે " પેદા કરનાર સિવાય બીજા કોઈ ખુદા નથી."

૨૫૧૨ અવકાશમાંના ગોળાઓનો અને ઉંચા તારાઓનો અને માણુસોનો અને સેતાન અને જીન્ન અને પંખીનો પેદા કરનાર.

૨૫૧૩ સમુદ્ર અને મેદાન અને પર્વત અને રણનો પેદા કરનાર, તેની બાદશાહી હદ વગરની છે, અને તેના જેવો બીજો કોઈ નથી.

૨૫૧૪ તેણે (ફિરઓને) કહ્યું, " એ મુસા, તું મને બદલામાં આપવાનું કહે છે તે ચાર ચીજો કઈ છે? તે જાહેર કર (અને મારી સમક્ષ) લાવ.

૨૫૧૫ તે બનવાજોગ છે કે પેલાં ઉત્તમ વચનની પસંદગીથી મારૂં અશ્રદ્ધાનું વાવંટોળ શમી જાય.

૨૫૧૬ કદાચ મારૂં એકસો મણ વજનનું અંધશ્રદ્ધાનું તાળું પેલા ઉત્તમ અને ઇચ્છિત વચનોથી ખુલેલું બને.

૨૫૧૭ સંજોગવશાત મધની નદીની અસરના કારણે, આ ધિક્કારનું ઝેર મારા શરીરમાં મધમાં ફેરવાઈ જાય.

૨૫૧૮ અથવા પેલી નદીના પવિત્ર દુધના પ્રતિબિંબના કારણે (મારી) બંદીવાન બનેલી સમજણ એક પળ માટે પોષાએલી બને.

૨૫૧૯ અથવા સંજોગવશાત પેલી મદિરાની નદીઓના પ્રતિબિંબના કારણે, હું મદહોશ બનું અને (દૈવી) હુકમને (તાબે થવાની) ખુશીની સુગંધ મેળવું.

૨૫૨૦ અથવા બનવાજોગ છે કે પેલી પાણીની નદીઓની શુભેચ્છાના પ્રતાપે મારી વેરાન નાશ પામેલી કાયા તાજગી મેળવે.

૨૫૨૧ મારી વેરાન જમીન ઉપર થોડી લીલોતરી દેખાય, મારી કાંટાવાળી ઝાડી (હંમેશ રહેનાર) રહેઠાણનો બગીચો બને.

૨૫૨૨ કદાચ, બહિશ્ત અને ચાર નદીઓના પ્રતિબિંબના કારણે મારો આત્મા (તેની) ખુદાની દોસ્તીમાંથી દોસ્તનો શોધક બને.

૨૫૨૩ તેવીજ રીતમાં જેમ દોજખના પ્રતિબિંબમાંથી હું અગ્નિ બન્યો છું. અને ખુદાના ગુસ્સામાં ડૂબ્યો છું.

૨૫૨૪ એક પળ માટે દોજખના સરપના પ્રતિબિંબમાંથી હું એક સરપની માફક તેઓ કે જેઓ બહિશ્તમાં રહે છે તેના પર ઝેર ઓકતો બન્યો છું.

૨૫૨૫ બીજી વખત (દોજખના) ગરમ પાણીના ઉકળવાના પ્રતિબિંબમાંથી મારા ત્રાસના પાણીએ લોકોને સડેલા હાડકા (જેવા) બનાવ્યા છે.

૨૫૨૬ ઝમહરીર ( નર્કની સખત ઠંડી ) ના પ્રતિબિંબે મને ઝમહરીર જેવો બનાવ્યો છે. અથવા સાયર ( નર્કની અગ્નિ ) ના પ્રતિબિંબે હું સાયર જેવો બન્યો છું.

૨૫૨૭ હું અત્યારે ગરીબ અને ત્રાસેલાની દોજખમાં છું, તેના પર શ્રાપ હો કે જેમને હું ઓચીંતા ( મારા ) તાબે થવા શોધ કરૂં.

### હ. મુસા (અ. સ.) નું પેલી ચાર ઉત્તમ યોગ્યતાઓનું સમજાવવું. (કે જે) ફિરઔનના માટે ઈમાન લાવવા માટે ઈમામ તરીકે (ઈનાયત કરવામાં આવે).

૨૫૨૮ હ. મુસા ( અ. સ. ) એ કહ્યું, " પેલી ચારમાંની એક તારી કાયા માટે ચાલુ તન્દુરસ્તી હશે.

૨૫૨૯ પેલાં દર્દો કે જે દવાની ( કિતાબમાં ) વર્ણવાયાં છે, ઓ આદરણીય ! તે તારાથી છેટાં હશે.

૨૫૩૦ બીજું તને એક લાંબી જીંદગી હશે, કારણ કે મૃત્યુ તારા જીવન ઉપર હુમલો કરવામાં સાવચેત રહેશે.

૨૫૩૧ અને સુખમાં વીત્યાબાદ, આ ( પારિણામીક ) અસર બનશે નહિ, એટલે કે તું દુનિયામાંથી તારી ઇચ્છા વિરૂદ્ધ આગળ જશે.

૨૫૩૨ નહિ, પણ ( તું ) ધાવતું બાળક ( દુધની ઇચ્છા ) કરે તેમ મૃત્યુની ઇચ્છા કરતો જઇશ, નહિ કે દુઃખના કારણ કે જેણે તને બંદીવાન બનાવ્યો હોય.

૨૫૩૩ તું મૃત્યુ શોધતો બનીશ, પણ દુઃખમય અચોક્કસતાથી નહિ, નહિ તું ( ઓ કાયાના ) ઘરના નાશ પામવામાં બન્નેનો જોઇશ.

૨૫૩૪ તેથી તું તારા પોતાના હાથે કુહાડી લઈશ અને કાંઈપણ દરકાર વગર ઘર ઉપર ઝીકીશ.

૨૫૩૫ કારણ કે તું ઘરને ખજાના તરફ અડચણ બનેલો જોઇશ અને આ એક જ દાણો એકસો ધાન્યના ગંજોનો અટકાયતી બનેલો જોઇશ.

૨૫૩૬ આ દાણો પછી, તું અગ્નિમાં ફગાવીશ અને ( માત્ર ) ઈમાનને અંગીકાર કરીશ કે જે માણસ માટે કીંમતી છે.

૨૫૩૭ ઓ તું કે જે એક માત્ર પાંદડાંને ( વળગી રહેવાના ) કારણે ( આખી ) એક ફળવાડી ( ના આનંદથી ) વંચિત બન્યો છો, તું એક કીડા જેવો છો કે જે એક પાંદડાની ( ઈચ્છા માટે ) દ્રાક્ષવાડીથી નસાડી મુકાવાયો છે.

૨૫૩૮ જ્યારે દયાએ આ કીડાને જગાડયો, ત્યારે આ કીડો અજ્ઞાનતાના અજગરને હડપ કરી ગયો.

૨૫૩૯ કીડો ફળો અને ઝાડોથી ભરપુર એક દ્રાક્ષ વાડી બન્યો, તેવી જ રીતે એક આશીર્વાદીત માણસ બદલાય છે.

### "હુ એક છુપો ખજાનો હતો અને જાણીતો બનવાની મેં ઈચ્છા કરી," તેનું વિવરણ.

૨૫૪૦ ઘરને ઉખેડી નાખ, કારણ કે એક લાખ ઘરો આ ચમનના અકીક પત્થરમાંથી બનાવાશે.

૨૫૪૧ ઘરની નીચે એક ખજાનો પડેલો છે, અને ( તેના માટે ) બીજો કોઈ ઉપાય નથી, ઘરનો વિનાશ કરતાં ગભરાતો નહિ અને વળગી રહેતો નહિ.

૨૫૪૨ કારણ કે હાથ ઉપરના એક ખજાનામાંથી એક હજાર ઘરો બાંધવાની જહેમત એક દુઃખ વગર બાંધવાં શકય છે.

૨૫૪૩ અંતમાં આ ઘર પોતાની મેળે વિનાશમાં પડશે. અને નીચેનો ખજાનો ) ચોક્કસ શોધાયા વગરનો બનશે.

૨૫૪૪ પણ તે ( ખજાનો ) તારો બનશે નહિ, જ્યારે કે આત્મા પેલું ( દૈવી ) ઈનામ ( ઘરને ) નાશ કરવા માટેના પગાર તરીકે મેળવે છે.

૨૫૪૫ જ્યારે તેણે તે કામ કર્યું નથી તેનું વેતન નહિ મળે, " ( હવે પછી ) માણસ માટે કંઈજ નથી. પણ ( અહીં ) જે તેણે કામ કર્યું તેનો ( બદલો ).

૨૫૪૬ ત્યારબાદ તું તારો હાથ ( દિલગીરીમાં ) કરડશે, કહીને, અફસોસ, આના જેવો એક ચંદ્રમા વાદળાની અંદર ( છુપાએલો ) હતો.

૨૫૪૭ તેઓએ મને ( જે કરવાનું ) કહ્યું, તે ભલાઈ મેં કરી નથી, ખજાનો અને મહેલ ચાલ્યાં ગયાં છે, અને મારો હાથ ખાલી છે.

૨૫૪૮ તેં ભાડું દઈને એક ઘર ભાડે રાખ્યું છે, તે વેચવા કે ખરીદવાના કોઈ પણ કાર્યથી તારી મિલ્કત નથી.

૨૫૪૯ આ ભાડાનો સમય મૃત્યુ સુધીનો છે, એટલા માટે કે આ સમય દરમ્યાન તું તેમાં કામ કરે.

૨૫૫૦ તું દુકાનમાં થીગડા સાંધે છે ( જ્યારે ) આ તારી દુકાનની અંદર ( ખજાનાની ) બે ખાણો દટાએલી છે.

૨૫૫૧ આ દુકાન ભાડા ઉપર રાખેલી છે, ઉતાવળો બન, ત્રીકમ લે અને તેના પાયાને તોડી ફોડી નાખ.

૨૫૫૨ કે એક ઓચીંતાના તું ખાણ ઉપર કુહાડી ઝીંકો અને દુકાનમાંથી અને થીગડાં શોધવામાંથી મુક્ત બને.

૨૫૫૩ થીગડાં શોધવું શું છે? પાણી પીવું અને રોટલા ખાવા, તું વજનદાર ઝબ્બાને આ થીગડાંઓ લગાવે છે.

૨૫૫૪ આ ઝબ્બો, તારી કાયા હમેશાં ફાટી જાય છે અને તું આ તારા ખાવા અને પીવાથી તું થીગડાં મારે છે.



થીંગડા: ખાવુ. પીવું.

૨૫૫૫ એ તું કે જે ભાગ્યશાળી બાદશાહ (હ. આદમ અ. સ.) નો વંશ છો તારા પોતામાં આવ, આ થીગડાં શીવવા માટે શરમા,

૨૫૫૬ આ કાયાના અસ્તિત્વના થીગડાને ફાડી નાખ, એટલા માટે કે (આ ખજાનાની) બે ખાણો તારી સમક્ષ પોતાનાં માથાં ઉંચા કરે.

૨૫૫૭ રખેને આ ભાડે રાખેલા ઘરનો સમય તેમાંથી કાંઇ પણ ફાયદો મેળવ્યા પહેલાં પુરો થઇ જાય.

૨૫૫૮ પછી દુકાનનો માલિક તને બહાર કાઢશે અને ખજાનાની ખાતર આ દુકાનનો નાશ કરશે.

૨૫૫૯ (જયારે) તું દિલગીરીમાં તારૂં માથું કુટતો હોઇશ અને બીજીવાર તારી મૂર્ખ દાઢીને પીંખતો હોઇશ.

૨૫૬૦ કહીને, અફસોસ, આ દુકાન મારી હતી, (પણ), હું આંધળો હતો અને આ રહેઠાણની જગ્યામાંથી કોઈ નફો મેળવ્યો નહિ.

૨૫૬૧ અફસોસ! પવન આપણું અસ્તિત્વ ઉઠાવી ગયું. (આયાત) "ખુદાનાં ચાકરો માટે ઓ દિલગીરી" હંમેશાની (સત્ય) બને છે.

## પોતાની દૈહિક પ્રકૃતિના ડહાપણ અને કલ્પનાથી માણસ કેમ મુરખ બને છે અને અદ્રશ્યનું જ્ઞાન શોધતો નથી કે જે જ્ઞાન પયગમ્બરો ધરાવતા હતા.

૨૫૬૨ મેં ઘરમાં (સુંદર) છબીઓ અને રંગીન ચિત્રો જોયાં, પેલા ઘરના (મારા) પ્યારમાં હું બેખુદ બન્યો.

૨૫૬૩ હું કોઈપણ છુપાએલ ખજાનાથી સજાગ ન હતો, નહિતર, મેં કુહાડી ઝીંકવામાં આનંદ માન્યો હોત.

૨૫૬૪ અરે, જો મેં કુહાડીને તેનું કામ કરવા દીધું હોત, તો અત્યારે મને દિલગીરીની પાવતી મળી ગઇ હોત.

૨૫૬૫ હું મારી આંખો છબીઓ ઉપર નાખતો હતો અને બચ્ચાંઓની માફક (તેના) પ્રેમમાં પડતો હતો.

૨૫૬૬ પછી, પેલા સદ્ભાગી સંતે ખરું જ કહ્યું છે, "તું એક બચ્ચું છો, ઘર છબીઓ અને રંગીન ચિત્રોથી ભરપુર છે.

૨૫૬૭ તેમણે ઇલાહીનામામાં ઘણાં સુચન આપેલાં છે, કહીને, તારા પોતાના ઘરમાંથી ધૂળ વાળી ઝુડીને ઉડાડી મૂકો.

૨૫૬૮ (ફિરઓન) કહ્યું, "ઓ મુસા, બસ. (મને) બીજું વચન કહે, કારણ કે મારૂં દિલ તેને (સાંભળવાની, આતુરતા અંગે) વ્યાકુળતામાં ગુમાએલ બન્યું છે.

૨૫૬૯ હ. મુસા ( અ. સ. ) એ કહ્યું, " આ ત્રીજું ( વચન ) એક બેવડી (એક સલ્તનત) બંને દુનિયા ( પાર્થીવ અને રૂહાની ) સાથે સંબધ ધરાવે છે, પ્રતિસ્પર્ધી અને દુશ્મનથી સ્વતંત્ર.

૨૫૭૦ સલ્તનત કે જેનો તું અત્યારે કબજો ધરાવે છે તેનાથી વધુ મોટી, કારણ કે તે ( તું જ્યારે ખુદા સાથે ) લડાઇમાં હશે ત્યારે હશે.

૨૫૭૧ તે કે જે તારા ઉપર ( જ્યારે તું ) લડાઈમાં છે ત્યારે આવી એક બાદશાહી ઈનાયત કરે છે, તે ( જ્યારે તું ) તેની સાથે સુલેહમાં હોઈશ. ત્યારે કેવી ભવ્ય (બાદશાહી) તારા મેજ ઉપર ઈનાયત કરશે ! આનો સારી રીતે વિચાર કર.

૨૫૭૨ પેલી ( દૈવી ) દયા કે જેણે આવી ( ઉત્તમ ) ચીજો તારા જુઠાપામાં આપી છે, ત્યારે તારા વિશ્વાસુપણામાં તેની રહેમત કેવી બને તેનો હિસાબ કર.

૨૫૭૩ તેણે કહ્યું, " ઓ મુસા, ચોથું (વચન) શું છે ? જલ્દીથી તે જાહેર કર. મારી ધીરજ ચાલી ગઈ છે, અને મારી ઉત્કંઠા વધી ગઇ છે."

૨૫૭૪ તેમણે કહ્યું, " ચોથી એ છે કે તું ( હંમેશ માટે યુવાન, ડામર જેવા કાળા વાળ અને ગાલો ( ગુલાબી ) અરધવાન ( ફુલ ) જેવા.

૨૫૭૫ અમને પયગમ્બરોને રંગ અને સુગંધ કીંમત વગરનાં છે, પણ તું નિર્બળ છે ( તેથી ) અમોએ અમારા શબ્દો અલ્પ બનાવ્ય છે.

૨૫૭૬ રંગ અને અતર અને રહેઠાણની ડંફાશ મારવી એ આનંદ અને ( માત્ર ) બચ્ચાં-ઓની છેતરામણી છે.

હદીસનું " લોકો તરફ તેઓની સમજણના માપ અનુસાર બોલો, નહિ કે તમારી સમજણના માપ અનુસાર, કે જેથી ખુદા અને તેના સંદેશકને જુઠ આપવામાં ન આવે,

૨૫૭૭ જ્યારે કે મારું કામ એક બાળક સાથે હોય, ત્યારે બચ્ચાંને યોગ્ય ભાષા માટે બોલવી જોઇએ.

૨૫૭૮ કહીને, નિશાળે જાઓ કે જેથી હું તારા માટે એક પંખી ખરીદ કરું અથવા સુકી દ્રાક્ષો અને અખરોટો અને પિસ્તા ( ઘરે ) લાવું.

૨૫૭૯ તું માત્ર કાયાની યુવાની જુએ છે; ઓ ગધેડા, આ યુવાની ભોગવ, બાજરો લે.

૨૫૮૦ તારા ચહેરા ઉપર કદી કરચલી પડશે નહિ, તારા સારા નશીબની યુવાની હમેશાં તાજી રહેશે.

૨૫૮૧ ઘરડી ઉમરનું ખરબચડું કહી તારા ચહેરા ઉપર આવશે નહિ, નહિ કે તારી 'સાપ્રઇસ' જેવી કાયા કદી બેવડ બનેલી બને !

૨૫૮૨ યુવાનીની શક્તિ તારામાંથી કદી અદ્રષ્ય નહિ થાય. નહિ કે તારા દાંતોમાં કદી ખામી કે દુઃખ આવે.

૨૫૮૩ તારા વાળ કદી સફેદ થશે નહિ. તેમ તારી પુઠ વાંકી વળશે નહિ બલકે, તારા દમેદમ તારી હાલત વધુ ને વધુ સારી થતી રહેશે.

૨૫૮૪ જુવાનીની મહત્તા એવી સારી રીતે જળવાઇ રહેશે કે જેમ ઉકાશા બહિશ્તના દરવાજો (તેના માટે) ખોલવાના સારા સમાચાર લાવ્યો.

**હ. પયગમ્બર સાહેબની હદીસ, "જે કોઈ પણ સફર (મહીનો) પુરા થયાના ખુશી સમાચાર મને આપશે હું તેને બાહિશ્ત (માં ભવિષ્યમાં દાખલ થયાના) ખુશી સમાચાર તે આપીશ.**

૨૫૮૫ હ. આહમદ (સ. અ. વ.) છેલ્લા (જમાનાના) (પયગમ્બર) નું દુનિયા છોડી જવાનું રબ્બીઉલ અવ્વલના (મહીનામાં) નિર્વિવાદ બનશે.

૨૫૮૬ જ્યારે તેવણનું દિલ આ દુનિયાને છોડવાની પળનું જ્ઞાન મેળવશે, તો તે પણ પેલી પળથી સમજણપુર્વક પ્રેમમય બનશે.

૨૫૮૭ અને જ્યારે સફર (મહિનો) આવશે, ત્યારે સફરના કારણે આનંદ અનુભવશે કહીને, આ મહીના બાદ હું મુસાફરી કરીશ.

૨૫૮૮ (દૈવી) રાહનુમાઈ માટે આ ઝંખનામાં તેઓ (હ. મુહમ્મદ સ. અ. વ.) આક્રંદ કરતા, દરેક રાત્રીએ પહો ફાટતાં સુધી, "ઓ રસ્તા ઉપરના મહાન કિર્તીવંત સાથી"

૨૫૮૯ તેમણે કહ્યું, "જ્યારે સફર મહીનો આ દુનિયામાંથી વિદાય લે ત્યારે કોઈ પણ માણસ કે જે સારા સમાચાર મને આપશે.

૨૫૯૦ કે સફર મહીનો પસાર થઈ ગયો અને રબ્બીઉલ અવ્વલનો મહીનો આવ્યો છે, તેને માટે હું સારા સમાચાર અને મધ્યસ્થી બનવાનો કરાર કરીશ.

૨૫૯૧ ઉકાશાએ કહ્યું, "સફર પુરો થયો અને ચાલ્યો ગયો" તેમણે (હ. પયગમ્બર સાહેબે) કહ્યું "ઓ શક્તિશાળી સિંહ (બહાદુર), બહિશ્ત તારી છે."

૨૫૯૨ બીજો કોઇ એક આવી કહે, 'સફર પુરો થયો' તેમણે (હ. પયગમ્બર સાહેબે) કહ્યું, "ઉકાશા સારા સમાચાર આપવાનું ફળ ઉપાડી ગયો."

૨૫૯૩ તેથી, માણસો, (પોતામાંથી) દુનિયાથી અલગ થવા માટે આનંદ કરો, જ્યારે આ બચ્ચાંઓ (તેમનામાં) સતત ચાલુ રહેવામાં આનંદ કરે છે.

૨૫૯૪ જેમ કે એક આંધળું પંખી મીઠું પાણી જોતું નથી, ખારૂં પાણી તેને 'કવસર' જેવું દેખાય છે.

૨૫૯૫ આમ હ. મુસા (અ. સ.) એક પછી એક દયા (ની બક્ષિશો) ગણાવતા હતા, કહેતા હતા, "તારા સદ્કિસ્મતનો ચોકખો (દારૂ) કીટામાં ફેરવાશે નહિ;

૨૫૯૬ તેણે (ફિરઔન) કહ્યું "તેં સારૂં કર્યું છે અને સારૂં બોલ્યો છો. પણ (મને વખત આપો) કે હું (મારા) ભલા દોસ્તથી સલાહ મસ્લેહત કરૂં."

## હ. મુસા ( અ. સ.) માં ઈમાન લાવવામાં ફિરઔનની આસીયાથી સલાહ-મસ્લેહત લેવી.

૨૫૯૭ તેણે (હ. મુસા અ. સ.) ના આ શબ્દો આસીયાને જણાવ્યા, તેણીએ કહ્યું "એ કાળા દિલવાળા, આના ઉપર તારો આત્મા કુરબાન કર!

૨૫૯૮ આ (હ. મુસા અ. સ.)ની વાણીમાં ઘણી (દૈવી) રહેમતો છુપાએલી છે. એ સદ્ગુણી બાદશાહ, તેમને જલ્દીથી સ્વીકારી લ્યો!

૨૫૯૯ વાવણીનો વખત આવ્યો છે, આનંદ, (કેવી) એક નફાકારક વાવણી છે! તેણીએ આમ કહ્યું અને રોઈ અને (તેની સાથેના વાદવિવાદમાં) ગરમ થઈ.

૨૬૦૦ તેણી પોતાની બેઠક ઉપરથી કુદી પડી અને કહ્યું "તું આશીર્વાદીત છો! એ ગરીબ ટાલીયા માણસ, એક સૂરજ તારા માટે એક મુગટ બન્યો છે.

૨૬૦૧ ટાલીયા પણાની ખામી એક ટોપી ઢાંકે છે, ખાસ કરીને જ્યારે ટોપી સૂરજ અને ચાંદો છે.

૨૬૦૨ તેજ સભાગ્રહ કે જ્યાં આ (વાણી) તેં સાંભળી ત્યાંજ શા માટે તેં 'હા' ન પાડી અને વખાણના એકસો સંભાષણ ન કર્યા?

૨૬૦૩ જો આ (હ. મુસા અ. સ.) ના શબ્દો સુર્યના કાનમાં દાખલ થયા હોત તે (સુર્ય) આની આશામાં માથાભર નીચે આવ્યો હોત.

૨૬૦૪ આ વચન અને બક્ષિશ શું છે તે બધું શું તમો સમજો છો? ખુદા ઇંબલીસ માટે કાળજી બતાવે છે.

૨૬૦૫ જ્યારે પેલો દયાળુ આટલા માયાળુ પણાથી તને પાસે બોલાવે છે અરે, ત્યારે તારૂં દિલ હલ્યા વગર કેમ તેની જગ્યાએ રહે છે તેની (મને) નવાઈ લાગે છે.

૨૬૦૬ (અને) તારૂં દિલ કેમ ભાંગ્યું નહિ કે જેથી તારા આ દિલના ભાંગવાના કારણે, બન્ને દુનિયામાં (સુખનો) તારો હિસ્સો ઉત્પન્ન થાય.

૨૬૦૭ દિલ કે જે ખુદાઈ નિર્માણના કારણ માટે ભોગવે છે, શહીદોની માફક બન્ને દુનિયામાંથી ફળો મેળવે છે.

૨૬૦૮ ખરેખર, (આ) બેદરકારી અને આ અંધાપો (દૈવી ડહાપણ) નું નિદર્શન છે એટલા માટે કે તે (બેદરકાર) સહન કરે. પણ શા માટે આટલી હદ સુધી બેધ્યાન બને?

૨૬૦૯ ખરેખર બેદરકારી દૈવી ડહાપણ અને બક્ષિશનું એક (નિદર્શન) છે. એટલા માટે કે (તેનો) જથ્થો તેના હાથમાંથી ઓચિંતો ભાગી જાય નહિ.

૨૬૧૦ પણ આવી મોટી (બેદરકારી) નહિ કે તે સાજો ન થાય તેવો સોજો બને. આત્મા તરફ એક ઝેર અને એક જે બિમાર છે તેની સમજણ બને.

૨૬૧૧ કે જે ખરેખર, આના જેવી મારકેટ શોધે કે જ્યાં એક માત્ર ગુલાબની તું આખી ગુલાબની વાડીઓ ખરીદે છે.

૨૬૧૨ (કે જ્યાં) એક બીયાંની બદલીમાં તને એકસો વૃક્ષવાટિકાઓ રજુ કરાય છે. એક નજીવી રકમ માટે બદલામાં એક સો ખાણો (રજુ કરાય છે.)

૨૬૧૩ 'કાન લિલ્લાહ' પેલી નજીવી રકમ માટે અપાય છે, એટલા માટે કે 'કાન' લિલ્લાહ લહુ' તારા હાથમાં આવે.

૨૬૧૪ કારણ કે આ અચોક્કસ નબળો હું (જંગમ મિલ્કત) હસ્તિમાં માલિકના 'હું' ના (કાયમી) સુદ્રઢપણાથી આવી.

૨૬૧૫ જ્યારે હું કે જે પસાર થઈ જાય છે તે ખુદ તેને શરણે આપ્યો છે. ત્યારે તે હંમેશ માટેનો કાયમી બને છે. અને કદી પણ મરતો નથી.

૨૬૧૬ (તે) એક પાણીના ટીપા માફક છે (કે જે) હવાથી અને જમીનથી બીએ છે આ બન્નેના કારણે તેને પસાર થતો બનાવાય છે.

૨૬૧૭ જ્યારે તેણે સમુદ્રમાં છલંગ મારી છે, કે જે તેનું અસલ સ્થાન હતું, ત્યારે તે સુર્યની ગરમી અને પવન અને જમીનમાંથી મુક્ત બન્યું છે.

૨૬૧૮ તેનું બહારનું રૂપ સમુદ્રમાં અદ્રષ્ય થયું છે, પણ તેનું સત્વ નાશ ન પામનાર અને હંમેશનું અને ઉત્તમ બન્યું છે.

૨૬૧૯ સાંભળ, ઓ (તુંને જે એક) ટીપા (જેવો) છે, પસ્તાવો કર્યા વગર પોતાને સુપ્રત કરી દે કે જેથી ટીપાની બદલીમાં તું સમુદ્ર મેળવે.

૨૬૨૦ સાંભળ ઓ ટીપા, આ માત્ર તારા પોતા ઉપર ઈનાયત કર અને સમુદ્રના હાથમાં નાશ પામવામાંથી સહિસલામત બન.

૨૬૨૧ આવું ખુશનશીબ ખરેખર કોના હાથમાં પડે? એક સમુદ્ર એક ટીપા માટે અરજદાર બન્યો છે.

૨૬૨૨ ખુદાના નામમાં, ખુદાના નામમાં વેચાઈ અને જલ્દી ખરીદાઈ જા. એક ટીપું આપ, અને (બદલામાં) સમુદ્ર લે કે જે મોતીઓથી ભરેલો છે.

૨૬૨૩ ખુદાના નામમાં, ખુદાના નામમાં, જરાપણ ઢીલ કરતો નહિ. કારણ કે (હ. મુસા અ. સ.)ના આ શબ્દો દયાના સમુદ્રમાંથી આવ્યા છે,

૨૬૨૪ (બીજી બધી) મહેરબાનીઓ (સરખામણીમાં) આ મહેરબાનીમાં ગુમ થઈ જાય છે, પેલી એકની સૌથી નાની (મહેરબાની) સાતમા અવકાશે પહોંચે છે,

૨૬૨૫ સાંભળ એક અદ્દભૂત બાજ તારી પાસે પડયો છે, કોઈપણ શોધનાર (તેની) શોધમાં તેને શોધશે નહિ.

૨૬૨૬ તેવો (ફિરઔને) કહ્યું "ઓ સમજુ, હું હામાનને કહીશ. વઝીરની સલાહ બાદશાહ માટે જરૂરી હોય છે.

૨૬૨૭ તેણીએ કહ્યું: "આ ગુપ્ત હકીકત હામાનને કહેતાં નહિ. એક આંધળી ખખડી ગએલ બુઢી ડોસી એક બાજ વિષે શું જાણે?

**બાદશાહી બાજ અને ખખડી ગએલ બુઢી ડોસીની કહાણી.**

૨૬૨૮ (જો) તમે એક સફેદ બાજ એક ખખડી ગએલ વૃદ્ધાને આપશો (તો) તેણી તેણીની ભલાઇ (ધારીને) તેનાં નહોર કાપશે.

૨૬૨૯ આંધળી ઘરડી ડોસી આંધળી રીતે નહોર કાપશે કે જે શિકારમાં તેના ઉપયોગનું મુળ છે,

૨૬૩૦ કહેશે, તારી મા ક્યાં ગઈ છે કે ઓ શાહજાદા, તારા નહોરો આવા લાંબા થયા છે!

૨૬૩૧ તેણીએ તેના નહોરો અને ચાંચ અને પાંખો કાતરી નાખી. ગંદી ઘરડી ડાકણ આ (પ્યાર ઉભરાવાના) વખતે કરે છે.

૨૬૩૨ જ્યારે તેણી તેને માંસ અને કેક આપે છે. ત્યારે તે ખાશે નહિ. તેથી ગુસ્સે થએલ છે અને હેતની લાગણી છોડી દે છે.

૨૬૩૩ કહીને, 'મેં' તારા માટે આવો (સરસ) 'તતમાજ' રાંધ્યો છે અને તું ઉદ્ધતાઇ અને ગર્વ બતાવે છે.

૨૬૩૪ તું તકલીફ અને દુઃખમાં જ ડુબવાને લાયક છો. તારા માટે સુખ અને સમૃદ્ધિ ક્યાંથી લાયક હોય!

૨૬૩૫ તેણી તેને 'તતમાજ'નો સેરવો આપે છે, કહીને, જો તારે કેક ખાવાની ઇચ્છા ન હોય તો આ લે (ખા).

૨૬૩૬ બાજની પ્રકૃતિ 'તતમાજ'નું સુપ ખાવાનો હેવાયો નથી. ઘરડી ડોશી ભવાં ચડાવે છે અને ગુસ્સો વધી જાય છે.

૨૬૩૭ સ્ત્રી પોતાના ગુસ્સામાં તેના માથા ઉપર ધગધગતો ગરમ સુપ રેડે છે, તેના માથાનો તાજ તાલકો બને છે.

૨૬૩૮ દાઝવાના દુઃખના કારણે તેની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે, આનંદી દિલવાળા બાદશાહને તે યાદ કરે છે.

૩૬૩૯ પેલી બે સુંદર નખરાંબાજ આંખોમાંથી (આંસુ વહેતો હતો. કે જે બાદશાહના ચહેરામાંથી એકસો સર્વોત્કૃષ્ટતા ધરાવતો હતો.

૨૬૪૦ તેની આંખ કે જે બીજી બાજુ ફેરવાતી રહેતી તે કાગડાએ કરેલા ઝખમોથી ભરપુર બની છે, સારી આંખ દુઃખતી આંખના દુઃખ અને તકલીફથી (નુકશાન પામેલી) છે.

૨૬૪૧ (તેને) સમુદ્ર જેટલા દુર (જોઈ શકાય તેવી આંખ છે (એક આંખ છે) ખૂબજ મર્યાદા વગરના અંતરમાં કે જ્યાંથી બન્ને દુનિયા એક વાળના દોરા જેવી દેખાય (તેવી છે).

મર્યાદા વગરના અંતરમાં
બંને દુનિયા. વાળના દોરા જેવી દેખાય

૨૬૪૨ જો હજારો ગોળા તેની આંખમાં દાખલ થાય, તો તેઓ સમુદ્રમાં ઝરો અદ્રષ્ય થાય તેમ અદશ્ય બને.

૨૬૪૩ આંખ કે જે ઈન્દ્રિયની સમજણના પાત્રથી પર ચસાર થએલ છે અને અદ્રષ્યના દ્રષ્યમાંથી ચુંબનો જીતે છે

૨૬૪૪ ખરેખર, મને એવો એક પણ કાન મળતો નથી કે જેને હું પેલી ખુબસુરત આંખને અનુલક્ષી આ ગુઢાર્થ કહું.

૨૬૪૫ જે સ્તુતિમય અને પૂજનીય પાણી ( પેલી આંખમાંથી ) રલાતું હોય, તો હ. જીબ્રીઇલ તેના આંસુના ટીપાં ( આતુરતાથી ) ઉપાડી જાય.

૨૬૪૬ કે જેથી તે પોતાની પાંખો અને ચાંચ ઉપર ઘસે, જો પેલો ઉમદા ઇન્સાન તેમ કરવાની રજા આપે તો.

૨૬૪૭ બાજ કહે છે, જો કે પેલી બેવડ વળેલ ડોશીનો ગુસ્સો ભભુકયો છે, ( છતાં ) તેણે મારી કિર્તી અને ભવ્યતા અને બેખુદી અને જ્ઞાનને ભરખેલ નથી.

૨૬૪૮ બાજ ( કે જે ) મારો આત્મા છે, હજી પણ એકસો રૂપો ગુંથે છે. ફટકા ઉંટડી ઉપર પડે છે, નહિ કે સાલિહ પર.

૨૬૪૯ એકજ આદરયુક્ત ભીતિમય ફુંક કે જે સાલિહ ફૂંકે છે, પર્વતની પીઠ ( પેટ ) એકસો આવી ઉંટડીઓ બહાર કાઢે છે.

૨૬૫૦ ( મારૂં ) દિલ કહે છે, " ચુપ રહે અને વિવેકબુદ્ધિ વાપર, નહિતર ( દૈવી ) અદેખાઇ ( અસ્તિત્વના ) તાણાવાણાનો અંત લાવશે.

૨૬૫૧ તેની અદેખાઇને એકસો ગુપ્ત રહેમતો હોય છે, નહિતર એક પળમાં તે એકસો દુનિયાને હજમ કરી જાય.

૨૬૫૨ બાદશાહી ગર્વે તેનામાં ( ફિરઔનમાં ) શીખામણ માટે જગ્યા ઝડપી લીધી હતી, તેથી તેણે પોતાના દિલને શીખામણના ભંડારમાથી આંચકી લીધું હતું.

૨૬૫૩ કહીને, હું હામાન પાસેથી સલાહ લઇશ. કારણ કે તે બાદશાહીનો ટેકો અને શક્તિના ધરી છે.

૨૬૫૪ માલિકનો સાચો સાથી હ. મુસ્તફા ( ર. સ. અ. )નો અસહાબ હતો, બુલહબ બુજહલનો સલાહકાર બન્યો.

૨૬૫૫ સમાનતાના ગુણ તેની પ્રકૃતિમાં ઉંડા ઉતર્યા હતાં ( કે જેથી તેને ) હામાન ( તરફ ) ખેંચ્યો, એવો ( મજબુતાઇથી ) કે પેલી આસીયા ( ની શીખામણો ) તેને કંટાળા-જનક બની.

૨૬૫૬ મળનીયો મળતીયા તરફ એકસો પાંખોથી ઉડે છે અને બધાં બંધનોને તેના ( મળતિયા ) માટેની ઇચ્છામાં ફગાવી દે છે.

એક સ્ત્રી કે જેનું બાળક પાણીના ખાંચાના મથાળા પર ધીમી ગતીએ ચડેલું અને પડી જવાના ભયમાં હતું (આપી.) તેણીએ હ. મૌલા મુર્તઝાઅલી (અ. સ.) ની મદદ ચાહી, તેની કહાણી.

૨૬૫૭ એક સ્ત્રી હ. મૌલા મુર્તઝાઅલી (અ. સ.)ની પાસે આવી અને કહ્યું, મારૂં એક બચ્ચું પાણીના ખાંચાના મથાળે ઉપર ગયું છે.

૨૬૫૮ જો હું તેને બોલાવું, તો તે મારા હાથમાં આવશે નહિ અને જો હું તેને છોડી દઉં છું, મને બીક લાગે છે કે તે જમીન ઉપર પડશે.

૨૬૫૯ તે આપણા જેવાના કહેવાનો અર્થ સમજે તેટલું બુદ્ધિશાળી નથી. જો હું કહીશ, મારી પાસે આવ (અને) ભયમાંથી (નાશી જા).

૨૬૬૦ વધુમાં તે હાથથી કરેલો ઇશારો સમજશે નહિ, અથવા જો તે સમજશે તો ધ્યાન દેશે નહિ. આ પણ ખરાબ (વ્યર્થ) છે.

૨૬૬૧ ઘણી વખત મેં તેને દૂધ અને સ્તનની ડીંટડી બતાવી છે. (પણ) તે હંમેશાં તેની નજર અને ચહેરો મારાથી ફેરવી લ્યે છે.

૨૬૬૨ ખુદાની ખાતર, (જ્યારે કે) તમો. અમીરો, તેઓ જ છો કે જેઓ આ દુનિયા અને પેલી (બીજી) દુનિયામાં રાહત આપો છો.

૨૬૬૩ જલ્દીથી ઇલાજ કરો, કારણ કે મારૂં દિલ ધ્રૂજે છે. રખેને મારા દિલના અંજામ-માંથી દુઃખભરેલી ફાટી પડું.

૨૬૬૪ તેવણ (હ. મૌલાઅલી) એ કહ્યું, મથાળે એક બીજા બાળકને લઈ જા.. એટલા માટે કે છોકરો પોતાનો મળતીયો જુએ.

૨૬૬૫ અને પાણીના ખાંચામાંથી તેના મળતીયા તરફ ધીમે ધીમે આવજે. મળતીયો મળતીયા સાથે હંમેશ પ્રેમમાં હોય છે.

૨૬૬૬ પેલી સ્ત્રીએ તેમજ કર્યું, અને જ્યારે તે સ્ત્રીના બાળકે પોતાનો મળતીયો જોયો ત્યારે તેણે પોતાનું માથું ખુશીમાં તેના તરફ ફેરવ્યું.

૨૬૬૭ અને પાણીના ઓથાના છેડા તરફથી મથાળા તરફ આવ્યા. જાણ કે એક મળતીયો બીજા મળતીયાને આકર્ષે છે.

૨૬૬૮ પેલું બચ્ચું ઘસડતું ઘસડતું પેલા બીજા બચ્ચા પાસે આવ્યું. તે નીચે જમીન ઉપર પડવામાંથી બચાવાયું હતું.

૨૬૬૯ પયગમ્બરો આજ કારણે માણસ જાતમાંથી છે. કે તેઓ (માણસજાત) (પયગમ્બરો સાથે) મળતા પણ અંગે પાણીના ખાંચામાંથી બચાવી લેવામાં આવે.

૨૬૭૦ તેથી જ તે પણ (હ. પયગમ્બરે) પોતાને 'તમારા જેવો માણસ' કહીને બોલાવ્યો કે જેથી તમો તમારા મળતીયા પાસે આવો અને ગુમાએલા બનો નહિ.

૨૯૭૧ કારણ કે મળતાપણું અને અદ્‌ભુત ખેંચનાર છે. જ્યાં જ્યાં એક શોધનાર છે ત્યાં ત્યાં તેનો મળતીયો તેને આકર્ષે છે.

૨૬૭૨ હ. ઇસા (અ. સ.) અને હ. ઇદ્રીસ (અ. સ.) બહિતરમાં ઉપર ચડયાં, જ્યારે કે તેઓ ફિરસ્તાઓથી મળતીયા હતા.

૨૬૭૩ ફરીવાર, હારૂત અને મારૂત કાયાથી મળતીયા હતા. જેથી તેઓ ઉંચી જગ્યાએથી ખચે ઉતર્યા.

૨૬૭૪ નાસ્તિકો સેતાન સાથે મળતીયા બન્યા છે, તેઓના આત્માઓ સેતાનોને મુરીદો બન્યા છે.

૨૬૭૫ તેઓ એક લાખ મનોવૃત્તિઓ શીખ્યા છે, તેઓએ બુદ્ધિ અને દિલની આંખોને શીવી લીધી છે.

૨૬૭૬ તેઓની હલકામાં હલકી મનોવૃત્તિ અદેખાઇ છે, પેલી અદેખાઈ કે જેણે ૪ ઇબ્લીકાની ગરદન ઝાટકી (ભાંગી નાખી છે).

૨૬૭૭ પેલા સેતામોમાંથી ધિક્કાર અને અદેખાઇ શીખ્યા છે કારણ કે તે (સેતાન) (ખુદાના) પેદા કરનારાઓને કાયમી બાદશાહી આપવામાં આવે તે તે ઇચ્છતો નથી.

૨૬૭૮ જ્યારે તે ડાબી કે જમણી બાજુએ કોઇને સમ્પૂર્ણ જુએ છે ત્યારે તેને (પેટમાં) ચૂક આવે છે અને અદેખાઇ અંગે (તેનામાં) દર્દ ઉત્પન્ન થાય છે.

૨૬૭૯ કારણ કે દરેક કંગાળ નીચ કે જેની ગંજી બળી ગઇ છે તે કોઈ એક પણની મીણબત્તી સળગેલી અને તેમાં રાજી નથી હોતો.

૨૬૮૦ સાંભળ, હાથ ઉપર થોડો (રૂહાની) સંપૂર્ણતાનો અંશ મેળવ, એટલા માટે કે બીજાના સંપૂર્ણપણાથી તું દિલગીર બને નહિ.

૨૬૮૧ આ અદેખાઇ હટાવવા ખુદાને અરજ કર્યા કર કે ખુદા આ કાયામાંથી તને મુક્ત બનાવે.

૨૬૮૨ અને એક આંતરિક માલીકી તારા ઉપર ઇનાયત કરે કે જેમાંથી બહાર તરફ અળગો બનશે જ નહિ.

૨૬૮૩ ખુદા એક મદિરાના ઘુંટડાને એવી (શક્તિ) આપે છે કે એક તેનાથી મદહોશ બનેલો તેનાથી બન્ને દુનિયામાંથીસે ના છે.

૨૬૮૪ તેણે 'હાશીશ'ના હાથમાં એવી મિલ્કત મૂકી છે કે થોડીવારમાં તે તેને (કે જે તે ખાય છે) તેને ખુદીમાંથી મુક્ત કરે છે.

૨૬૮૫ ખુદા ઉંઘને એવી રીતે (બંધબેસતી) બનાવે છે કે તે બન્ને દુનિયાના (બધા) વિચારોને ભૂંસી નાખે છે.

૨૬૮૬ તેણે મજનુને એક (કુતરાની) ચામડી માટેના પ્રેમમાંથી એવો બનાવ્યો કે એક દુશ્મનમાંથી દોસ્તને પારખતો નહોતો.

૨૬૮૭ તેની પાસે આવી જાતની એક લાખ મદિરા હતી કે જે તે તારા (બુદ્ધીમય) નિદર્શનો ઉપર સત્તા જમાવે છે,

૨૬૮૮ કારણ કે દૈહિક આત્મા માટે શ્રાપના શરાબો છે કે જે (સત્ય) પંથેથી એવા હલકટને ઉઠાવી જાય છે.

૨૬૮૯ બુદ્ધિશાળી માટે ત્યાં આનંદની મદિરાઓ છે, કે જેથી તે રહેઠાણ મેળવે છે કે જ્યાં છોડવાપણું જ નથી.

૨૬૯૦ તેની મદહોશીમાં તે આકાશનો તંબુ જડમૂળથી ઉખેડે છે અને પેલી (દુન્યવી) દિશામાંથી ઉપરનો રસ્તો લ્યે છે.

૨૬૯૧ સાંભળ, ઓ દિલ, દરેક મદહોશીથી ઉઘુંચતું સમજતો બન નહિ. હ. ઈસા (અ. સ.) ખુદાથી ઉન્મત્ત બન્યા, ગધેડો જળથી ઉન્મત્ત બન્યો છે.

૨૬૯૨ આ બરણીઓમાંથી આના જેવી 'મદિરા' શોધ. મદહોશી તેનાથી (મેળવી તે) શ્રાપિત નથી.

૨૬૯૩ પ્રેમની દરેક વસ્તુ એક ભરેલી બરણી માફક છે, એક કીટથી (ભરેલ) અને બીજી મોતીઓની માફક પવિત્ર.

૨૬૯૪ ઓ મદિરાના જાણનાર વિવેચક, ખબરદાર થા સાવધાનીથી ખાત્રી કર કે તું ભેળ-સેળમાંથી સ્વતંત્ર એક મદિરા શોધે.

૨૬૯૫ બન્ને (બરણીઓ) તને ઉન્મત્ત બનાવશે પણ આ (આશીર્વાદીત) ઉન્મત્ત (તને) ખેંચતો ખેંચતો, ઇન્સાફના માલિક પાસે દોરી જશે.

૨૬૯૬ તેથી તું વિચાર અને આતુરતા અને હિકમતોમાંથી મુક્ત બનાવશે (જ્યારે) આ સુઝ બંધન વગરના ધીમી ચાલે ચાલતા ઉંટની માફક છે.

૨૬૯૭ જ્યારે કે પયગમ્બરો આત્મા અને ફિરસ્તા સાથે મળતીયા છે, તેઓ ફિરસ્તાઓને આસમાનમાંથી ખેંચે છે.

૨૬૯૮ પવન (હવા) અગ્નિનો દોસ્ત અને મળતીઓ છે, કારણ કે બન્નેની વલણ ઉપર જવાની છે.

૨૬૯૯ જ્યારે તમો એક ખાલી ઘડાનું મોં બંધ કરશો અને ટાંકી કે નદીમાં તેને મુકશો ત્યારે.

૨૭૦૦ તે કયામત સુધી ડુબશે નહિ, કારણ કે તેનું દિલ (અંદર) ખાલી છે અને તેમાં પવન (હવા) સિવાય બીજું કંઇ નથી.

૨૭૦૧ જ્યારે કે (બંદીવાન) પવનની ઇચ્છા ઉપર (જવાની) છે, તે તેનાથી ભરેલ વાસણને પણ ઉપર ખેંચે છે.

૨૭૦૨ ફરીવાર, આત્માઓ કે જેઓ પયગમ્બરોથી મળતીયા છે, તેમની તરફ પડછાયાઓની માફક હાલેચાલે છે.

૨૭૦૩ કારણ કે તેની (આવા એક આત્મા) સમજણ સવિશેષ પ્રબળ છે, અને કાંઇપણ શંકા વગર જ્ઞાન ફિરસ્તાની પ્રકૃતિમાં મળતી છે.

૨૭૦૪ જ્યારે (ખુદાના) દુશ્મનમાં દૈહિક આત્માની વાસના સવિશેષ પ્રબળ છે, દૈહિક આત્મા નીચામાં નીચા સાથે મળતીયો છે, અને તેના તરફ જાય છે.

૨૭૦૫ મિસરી ઉદ્ધત ફિરઔનનો એક મળતીયો હતો, ઇઝરાઇલી હ. મુસા (અ. સ.) કલીમનો એક મળતીયો હતો.

૨૭૦૬ હામાન (બીજા કોઈ પણ કરતાં) ફિરઔનનો મળતીઓ હતો. તેણે (ફિરઔને) તેને પસંદ કરી લીધો અને મહેલમાં ઉંચી પાયરી ઉપર બેસાડયો.

૨૭૦૭ અનિવાર્યપણે તેણે (હામાને) તેને (ફિરઔનને) ઉંચી પદવીમાંથી નીચામાં નીચા તળીએ ખેંચ્યો, કારણ કે પેલા બન્ને ગંદાઓ દોજખથી મળતીયા હતા.

૨૭૦૮ બન્ને, દોજખની માફક બળતા અને 'નૂર' ના વિરોધી છે, બન્ને દોજખની માફક દિલના પ્રકાશથી તદ્દન વંચિત છે.

૨૭૦૯ કારણ કે દોજખ કહે છે, ઓ સાચા ઈમાનદાર, જલ્દી પસાર થઇ જા, જ્યારે કે તારા પ્રકાશે અગ્નિની ગરમી બુજાવી નાખી છે.

૨૭૧૦ ઓ સાચા ઇમાનદાર, પસાર થા, કારણ કે તારો પ્રકાશ, જ્યારે તેનું પહેરણ ખોલે છે, મારી અગ્નિને બુજાવે છે.

૨૭૧૧ માણસ દોજખ માટે નિર્માણ કરાયો છે (તે) પણ, પ્રકાશમાંથી પાછો હટે છે, કારણ કે ઓ પુજવા યોગ્ય તેને દોજખની પ્રકૃતિ છે.

૨૭૧૨ સાચા ઇમાનદારથી દોજખ નાશી જાય છે જેવી રીતે સાચો ઇમાનદાર પોતાના બધા જોરથી દોજખમાંથી ભાગી જાય છે.

૨૭૧૩ કારણ કે તેનો પ્રકાશ અગ્નિથી મળતીયો નથી, 'નૂર' નો શોધક હકીકતમાં અગ્નિનો પ્રતિસ્પર્ધી છે.

૨૭૧૪ હદીસમાં કહેવાયું છે કે જ્યારે સાચો ઇમાનદાર દોજખમાંથી રક્ષણ આપવા ખુદા પાસે યાચના કરે છે ત્યારે.

૨૭૧૫ દોજખ પણ તેનામાંથી રક્ષણ આપવા પોતાના સઘળા આત્માથી માગે છે, "ઓ ખુદા, મને એક ફલાણા ફલાણાથી દુર રાખજે!"

૨૭૧૬ તે મળતાવડાની આકર્ષણ શક્તિ છે, તો હવે ગણત્રી કર કે તું નાસ્તિકતા અથવા 'સત્યપંથ'ની બાબતમાં કોની સાથે મળતીયો છો?

૨૭૧૭ જો તું હામાન તરફ ઢળેલો છો તો તને હામાનની પ્રકૃતિ છે અને જો તું મુસા તરફ ઢળેલો છો તું એક ખુદાની મહત્તા વધારનાર છે.

૨૭૧૮ અને જો તું બન્ને તરફ ઢળેલો અને પ્રેરાયો છો તો તું દૈહિક આત્મા અને વિવેકબુદ્ધિ બન્ને ભેળસેળ થએલ છો.

૨૭૧૯ આ (બન્ને) એકબીજા સાથે લડાઇમાં છે, ધ્યાન રાખજે, ધ્યાન રાખજે કે અને તનતોડ મહેનત કરજે કે રૂહાનીયત સમજણો (ઇન્દ્રિયજન્ય) રૂપો ઉપર સરસાઈ ભોગવે.

૨૭૨૦ લડાઈની દુનિયામાં તે એક ખુશી છે કે તું હમેશાં દુશ્મન ઉપર હાર ઠોકી બેસાડે.

૨૭૨૧ આખરીમાં પેલો લડાયક દેખાવનો (દુષ્ટ) આદમી (ફિરઓન) તેની (દિલની) સખ્તાઇમાં હામાનને મસલત માટે કહ્યું.

૨૭૨૨ તેણે પેલા (હ. મુસા અ. સ.) કે જેથી સાથે ખુદા-બોલતો (તેના) વચનો કહ્યું અને પેલા ઉંધા દોરવાએલા તે પોતાનો વિશ્વાસુ બનાવ્યો.

### હ. મુસા (અ. સ.) માં ઈમાન લાવવા માટે ફિરઓનને તેના વઝીર હામાનની સલાહ લેવા વિષે.

૨૭૨૩ તેણે હામાનને જ્યારે એકલો જોયો ત્યારે કહ્યું હામાન કુદી પડયો અને તેના પહેરણનો આગલો ભાગ ફાડયો.

૨૭૨૪ પેલા શ્રાપિતે ખૂબજ જોરથી આક્રંદની બુમો ઉચ્ચારી, અને ડુસકાં ભર્યાં અને તેની પાઘડી અને ટોપી જમીન પર પછાડી.

૨૭૨૫ કહે, તેણે બાદશાહના સન્મુખ આટલા ગર્વીષ્ટપણાથી પેલા નકામાં શબ્દો ઉચ્ચારવાની હીંમત કરી?

૨૭૨૬ તેં આખી દુનિયાને તારા તરફ ઢળતી તાબે થવાની બનાવી છે, તેં ધનસંપત્તિ મેળવી છે, તારી માલ-મિલ્કત સોના જેવી બનાવી લે.

૨૭૨૭ પૂર્વ અને પશ્ચિમના બધા ભાગના બાદશાહો, તારી વિરૂદ્ધાઈ કર્યા વગર તને ખંડણી આપે છે.

૨૭૨૮ એ શક્તિશાળી શહેનશાહ, બાદશાહો તારા બારણુંના ઉંબરાની ધુળ ઉપર પોતાના હોઠો ખુશીથી ઘસે છે.

૨૭૨૯ જ્યારે દુશ્મનનો ઘોડો આપણાં ઘોડાને જુએ છે ત્યારે તે પોતાનો ચહેરો ફેરવે છે અને વગર ચાબુકે નાશી જાય છે.

૨૭૩૦ અત્યાર સુધી તારી પૂજા કરવામાં આવી છે. અને આખી દુનિયાથી માનપૂર્વક સન્માનાયો છો. (હવે) તું હલકામાં હલકો ગુલામ બનીશ.

૨૭૩૧ એક હજાર અગ્નિમાં પડવું આના કરતાં વધુ બહેતર છે, કે એક માલિક એક ગુલામનો નોકર બને.

૨૭૩૨ નહિંજ, એ ચીનના બાદશાહ, પહેલા મને મારી નાખો કે જેથી મારી આંખો બાદશાહમાં આ (આધીનતા) નિહાળતી ન બને.

૨૭૩૩ એ બાદશાહ મારૂં માથું પહેલાં ઉડાવી દે કે જેથી મારી આંખો આ બદનામી નિહાળે નહિ.

૨૭૩૪ ખરેખર, આવું કદી બન્યું નથી, અને તેવું બનશે નહિ, કે જમીન આસમાન બને અને આસમાન જમીન બને.

૨૭૩૫ (કે) આપણા ગુલામો આપણા સાથી કાર્યકરો બને (અને કે) આપણા પેલા બીકણો આપણા દિલોને (ઘાતકી રીતે) ઝખમી કરવાવાળા બને.

૨૭૩૬ (કે આપણા) શત્રુઓ તેજસ્વી આંખવાળા અને (આપણા) દોસ્તો આંધળા બને, તો પછી (આમ બનશે તો) ગુલાબનો બગીચો આપણા માટે કબરના તળીયા જેવો બનશે.

**હામાનની વાણીની પ્રપંચતા બતાવવી.(ખુદાની) તેના પર લ્યાનત હોજો!**

૨૭૩૭ તેણે દુશ્મનમાંથી દોસ્તને ઓળખ્યો નહિ. તે એક આંધળા માણસની માફક પાસાની રમત રમતો હતો.

૨૭૩૮ ઓ શ્રાપિત, એમ છતાં પણ નિર્દોષોને તારા દુશ્મન કહે નહિ. તારો દુશ્મન તારા પોતા સિવાય બીજો કોઇ નથી.

૨૭૩૯ તારી દ્રષ્ટિમાં આ હલકી હાલત (કે જેમાં તું છો) એ દૌલત છે, જ્યારે તે ભાગવાનું શરૂ કરે છે અને અંતે તે 'લત' છે.

૨૭૪૦ જો આ દુનિયાની માલ મિલ્કતથી આસ્તે આસ્તે ભાગશે નહિ તો આ તારી વસંત ઉપર પાનખર આવશે જ.

૨૭૪૧ પૂર્વ અને પશ્ચિમે તારા જેવા ઘણા જોયા છે કે જેઓનાં માથાં તેઓની કાયાથી જુદા કરવામાં આવ્યાં છે.

૨૭૪૨ બધા પછી પણ, પૂર્વ અને પશ્ચિમ કે જે કાયમી નથી તેને વેઠી લેતું બનાવશે?

૨૭૪૩ તું તે વાતમાં ગર્વ લે છે કે માણસો બીક અને બંધન થકી થોડા દિવસો માટે તારા ખુશામતિઆ બન્યા છે.

૨૭૪૪ જ્યારે માણસો કોઇની સ્તુતિમાં નમે છે, ત્યારે તેઓ (ખરેખર તો) તેના આત્મામાં ઝેર ઠાંસે છે.

૨૭૪૫ જ્યારે તેનો વખાણનાર તેનામાંથી ફરી જાય છે ત્યારે તે જાણે છે કે પેલી (સ્તુતિ) ઝેરમય અને તેના માટે નાશકારક હતી.

૨૭૪૬ અરે, તે આશીર્વાદીત છે કે જેનો દૈહિક આત્મા નીચો પડયો હતો, અફસોસ તેને માટે કે જે અજ્ઞાનતા અંગે પહાડ જેવો બન્યો છે.

૨૭૪૭ જાણ કે આ ગર્વ મારી નાખતું ઝેર છે, પેલો મુર્ખ પેલા ઝેરમય મદિરાથી મન્દમસ્ત બન્યો હતો.

૨૭૪૮ જ્યારે એક દુઃખી કંગાળ ઝેરમય મદિરા પીએ છે ત્યારે તે એક પળ માટે પોતાનું માથું ખુશીમાં નમાવે છે.

૨૬૪૯ એક ઘડી બાદ તે ઝેર તેના આત્મા ઉપર પડે છે, ઝેર તેના આત્મા ઉપર સંપૂર્ણ કબજો લઈ લ્યે છે.

૨૭૫૦ જો તમારી તેના ઝેરપણામાં મજબુત માન્યતા ન હોય (અને જાણતા ન હો) તો તે કેવું (વિનાશકારી) ઝેર છે, (તે) આદના લોકો તરફ નિહાળી (નક્કી કર).

૨૭૫૧ જયારે એક બાદશાહ બીજા બાદશાહ ઉપર સરસાઈ મેળવે છે ત્યારે તે તેને મારી નાખે છે અથવા એક કે જેલમાં પુરી રાખે છે.

૨૭૫૨ પણ જો તે એક પડી ગએલા ઘાયલ માણુસને જુએ છે તો બાદશાહ તેનાં માટે સારવાર કરાવશે અને તેને બક્ષિશો ઈનાયત કરશે.

૨૭૫૩ જો પેલો ગર્વ ઝેર નથી. તો પછી તેણે (હારેલા) રાજાને કોઈપણુ ભૂલ કે ગુનાહ વગર શા માટે માર્યો ?

૨૭૫૪ અને તે પેલા (આધારહિન) માણુસને સાથે આટલી બધી માયાળુપણુાથી વર્ત્યો કે જેણે કાંઈ ખીદમત કરી ન હતી ? આ બંને કાર્યોમાંથી તમે ગર્વ (નો ઝેર-મહા પ્રકૃતિ) જાણુશો.

૨૭૫૫ કોઈ પણુ રસ્તા પરના લુંટારાએ એક ભીખારી ઉપર કદી હુમલો કર્યો નથી. એક વરૂ કદી મરેલા વરૂને કરડયો છે ?

૨૭૫૬ હ. ખિઝર (અ. સ.) એ હોડીમાં એક કાણું પાડયું એટલા માટે કે હોડી દુષ્ટ (ના હાથમાં જતાં) બચાવાય.

૨૭૫૭ જ્યારે કે ભાંગેલા (પસ્તાવા કરનાર) ને બચાવાશે, ભાંગેલા બન (પસ્તાવો કર-નાર બન) સહીસલામતી ગરીબાઇમાં રહેલી છે. ગરીબાઈમાં દાખલ થા.

૨૭૫૮ પર્વત કે જેની ખાણુમાં રોકડ હસ્તિ ધરાવે છે તેને ત્રીકમના ઘાથી ટુકડામાં ભુક્કા બોલાવાય છે.

૨૭૫૯ તલવાર તેના માટે છે કે જેની ગરદન (ઉંચી અને મગરૂર) છે, કોઈપણુ ફટકો પડછાયો કે જે (જમીન ઉપર) ફેંકાયો છે તેના માટે નથી હોતો.

૨૭૬૦ વિખ્યાતી તેલ અને અગ્નિ છે, ઓ ઉંધા દોરવાએલા ઓ ભાઇ, તું શા માટે અગ્નિમાં જાય છે ?

૨૭૬૧ કોઇપણુ કે જે જમીનની સપાટી પર છે તે તીરનું નિશાન કેમ બનશે ? આની ગણુત્રી કર !

૨૭૬૨ (પણુ જો) તે જમીન પોતાનું માથું ઉંચકશે, તો પછી નિશાનોની માફક તે સાજા ન થઈ શકે તેવા ફટકાઓ સહન કરશે.

૨૭૬૩ આ અહમ (ખુદાના) પેદા કરાએલાથી (ચડવાનો) સીડી છે, અંતે આ હાડકાં ઉપરથી તેઓ પડશે જ.

૨૭૬૪ એક જેમ જેમ વધુ ને વધુ ઊંચો જાય છે, તેમ તે વધુ ને વધુ મુરખ બને છે, કારણુ કે તેના હાડકાં વધુ ખરાબ રીતે ભાંગેલાં બનશે.

૨૭૬૫ આ (વિષયના) મુળમાંથી કાઢેલું છે અને તેના મુળભુત સિદ્ધાંનો એ છે કે પોતાને ખુદા સાથેની ભાગીદારીમાં (દાવો કરી) માનવંત બનાવે.

૨૭૬૬ જ્યાં સુધી કે તું મરી ગયો છે અને તેનામાંથી જીવંત બન્યો છો તું (તેની સાથે) ભાગીદારીમાં રાજ્ય કરવું શોધતો એક દુશ્મન છો.

૨૭૬૭ જ્યારે તું તેના થકી જીવંત બન્યો છો, કે જે વાસ્તવમાં તેજ છે; તે સંપૂર્ણ એકતા છે, ત ભાગીદારી કેમ હોય?

૨૭૬૮ આનું વિવરણ (ભક્તિભાવનો) કાર્યોની આરસીમાં શોધ; કારણ કે તું તેની સમજણ, વાણી કે વિવરણમાંથી મેળવી શકીશ નહિ.

૨૭૬૯ જો હું મારામાં છે તે કહું તો ઘણા દિલો તુર્તજ લોહીમાં ફેરવાઈ ગએલાં બનશે.

૨૭૭૦ હું અટકીશ, ખરેખર, બુદ્ધિમાન માટે આ (જે કહેવાયું તે) બસ છે મેં બે વાર બુમો પાડી છે, જે કોઇ સાંભળવાને લાયક હોય તેને માટે તે બસ છે.

૨૭૭૧ ઉપસંહારમાં પેલા હલકા શબ્દોના કારણે હામાને આની માફક (ભયંકર) રસ્તામાં ફિરઔનનો રસ્તો રૂંધ્યો.

૨૭૭૨ કોળીઓ, સૌભાગ્ય, તેના (ફિરઔનના) મુખ સુધી પહોંચ્યું હતું, (જ્યારે કે) તેણે (હામાને) તેનું ગળુ ઝડપથી કાપી નાખ્યું.

૨૭૭૩ તેણે ફિરઔનની ગંજી પવનને આપી (તેનો નાશ કર્યો). કોઇપણ બાદશાહને આવો વઝીર ન હોજો!

હ. મુસા (અ. સ.) નું ફિરઔનનું ઈમાન કબુલ કરવા બાબતમાં નિરાશ બનવું, કારણ કે હામાનના શબ્દોએ ફિરઔનનાં દિલ ઉપર અસર ઉપજાવી હતી.

૨૭૭૪ હ. મુસા (અ. સ.) એ કહ્યું, "અમોએ માયાળુપણું અને ઉદારતા બતાવી છે (પણ) ખરેખર તે સ્વીકારવાનું તારા ભાવિના હિસ્સામાં ન હતું.

૨૭૭૫ અધિકાર કે જે સત્ય નથી તો તેને હાથ કે બાંય વગરનો સમજ.

૨૭૭૬ અધિકાર કે જે ચોરેલો છે, તે દિલ વગરનો અને આત્મા વગરનો અને આંખ વગરનો છે.

૨૭૭૭ અધિકાર કે જે તને હલકટે આપ્યો છે, તેઓ તારી પાસેથી પાછો કરજની માફક લઇ લેજે.

૨૭૭૮ અધિકાર કે જે લોન તરીકે મળેલો છે તે ખુદાને પાછો આપી દે કે જે તારા ઉપર અધિકાર કે જેને સર્વની સંમતી છે તે તારા ઉપર નવાજીશ કરશે.

અરબોના અમીરોની હ. મુસ્તફા (ર. સ. અ.) સાથે હુંસાતુંસી કરવી: કહે, રાજ્યના અમારા સાથે ભાગ કરો, એટલા માટે કે વાદગ્રસ્ત બાબત બાકી ન રહે, અને હ. મુસ્તુફા (ર. સ. અ.) નો જવાબ દેવો. અને કહ્યું, "આ અમીરાતની બાબતમાં મને ખુદાથી હુકમ થયો છે, અને બન્ને બાજુની દલિલો વિષે.

૨૭૭૯ અરબોના અમીરો ભેગા થયા અને પયગમ્બર સાહેબની હાજરીમાં હુંસાતુંસી શરૂ કરી.

૨૭૮૦ કહે તમો એક અમીર છો, અને આપણામાના દરેક તેવીજ રીતે અમીર છે, આ રાજ્યને વહેંચી લઈએ અને તમે તમારો ભાગ લ્યો.

૨૭૮૧ આપણામાંનો દરેક તેના હિસ્સા બાબતમાં સરખા છે, અમારા હિસ્સા ઉપરથી તમો જરૂર તમારા હાથ ધોઇ નાખો.

૨૭૮૨ તેમણે જવાબ આપ્યો, " આ અમીરાત ખુદાએ મને આપી છે, તેનો મને મુખ્ય સત્તાધારી અને સંપૂર્ણ હુકમ આપેલ છે.

૨૭૮૩ કહે, "આ ઘટમાળ અને ઝમાનો હ. આદમનો છે. સાંભળો, તેનો હુકમ કબુલ કરો, ખુદાથી ડરો."

૨૭૮૪ (અમીરોના ) સમુહે તેમને કહ્યું ( દૈવી ) નસીબે અમોને પણ રાજ્યકર્તાઓ બનાવ્યા છે અને ખુદાએજ અમોને અમીરાત આપી છે.

૨૭૮૫ તેમણે કહ્યું " ( હા ), પણ મને ખુદાએ અધિકાર તરીકે આપેલ છે, અને તમને ( માત્ર ) રસ્તા માટેના ખોરાક ( પુરો પાડવાના ) નિમિતે એક લોનની માફક આપેલ છે.

૨૭૮૬ મારી અમીરાત કયામત સુધી ચાલુ રહેવાની છે, લોન ઉપર પકડેલી અમીરાત ભાંગીને ભુક્કા બનશે.

૨૭૮૭ ( વિરોધી ) સમુહે કહ્યું " ઓ અમીર, ( આ બાબતમાં ) વધુ શોધવામાં તમારી પાસે કંઈ દલીલ છે ?

૨૭૮૮ તાબડતોબ, ( ખુદાના ) સખત હુકમથી એક વાદળું ઉદ્ભવ્યું, ( પછી ) વાવાઝોડું આવ્યું, ગ્રામ્ય પ્રદેશ ( જળપ્રલયથી ) ભરાઇ ગયો.

૨૭૮૯ ખુબજ સખત બિહામણા વાવાઝોડાએ પોતાનું મુખ શહેર તરફ ફેરવ્યું. શહેરના લોકો મોટા સાદે આક્રંદ કરતા હતા, બધા જ ખૂબ જ ડરી ગયા હતા.

૨૭૯૦ હ. પયગમ્બર સાહેબે કહ્યું, " હવે કસોટીનો વખત આવી પહોંચ્યો છે, એટલા માટે કે અભિપ્રાય, આંખથી દ્રશ્યમાન બને.

૨૭૯૧ દરેક અમીર પોતાનું ભાતું ( જળપ્રલયમાં ) ફેંકે કે કસોટીમાં તે વાવાઝોડા વિરૂદ્ધ અટકાયત બને.

૨૭૯૨ પછી હ. મુસ્તફા ( ર. સ. અ. ) એ પોતાનો દંડુકો તેના પર ફેંક્યો, પેલા સત્તાધારી દંડૂકાએ ( તેના દુશ્મનોને ) નિરાધાર બનાવ્યા.

૨૭૯૩ ઝડપી ચેતનહીન વાવાઝોડાના ઉકળતા પાણીએ તણખલાના કટકાની માફક ભાલાઓને સાફ કરી નાખ્યા.

૨૭૯૪ બધાં ભાલાં અદ્રષ્ય થયા, જ્યારે પેલો દંડૂકો એક ચોકીદારની માફક પાણીની સપાટી ઉપર ઉભો રહ્યો.

૨૭૯૫ પેલા દંડૂકાના માટે આતુરતામાં શક્તિશાળી વાવંટોળે પોતાનું મુખ ફેરવ્યું, અને પ્રલયનું પાણી ચાલ્યું ગયું.

૨૭૯૬ જ્યારે તેઓએ પેલી મોટી બાબત તેઓથી બનેલી જોઈ, પેલા અમીરો ભયથી (ભયભિત બન્યા) અને ગુંચવાએલા.

૨૭૯૭ ત્રણ પુરુષો કે જેઓની અદાવત ચડીયાતી હતી તે સિવાય, તેઓ અગ્રહામાં તેવણને એક જાદુગર અને ભવિષ્ય ભાખનાર તરીકે બોલાવ્યા.

૨૭૯૮ બાદશાહી કે જે કૃત્રિમ બાંધેલી છે તે આના જેવી નબળી છે. બાદશાહી કે જે (કુદરતી) મહાન બની છે આના જેવી ભવ્ય છે.

૨૭૯૯ જો તું દંડૂકા સાથે ભાલાઓને ભેગાં થએલાં ન જુએ (છતાં) તેમના (અમીરોના) નામની ગણત્રી કર અને એ ઉમદા આદમી, તેનું (હે. મોહમ્મદ) તું નામ યાદ કર,

૨૮૦૦ મૃત્યુનો ઝડપી વાવંટોળ તેમના નામો ઉઠાવી ગયું છે, તેનું નામ અને તેનું ખુશનસીબ મરણ પામેલું નથી.

૨૮૦૧ તેને માટે હંમેશ માટે નગારું પાંચ વખત રોજનું વગાડાય છે, આજના દિવસ સુધી તે કયામત સુધી (વાગશે).

૨૮૦૨ જો તારામાં સમજણ હશે તો (તે તું જોઇશ), મેં માયાળુપણુ બતાવ્યાં છે અને જો તું એક ગધેડા માટે દોરડું લાવ્યો છું.

૨૮૦૩ હું એવી સરસ રીતે આ તબેલામાંથી તમને બહાર હાંકી કાઢીશ કે હું દોરડા (ના ફટકા)થી તારી આંખો અને માથું લોહીવાળો બનાવીશ.

૨૮૦૪ આ તબેલામાં ગધેડાઓ એક માણસો તારા જુલમાટમાંથી રહેઠાણુ મેળવતા નથી.

૨૮૦૫ અરે, હું દોરડું લાવ્યો છું, દરેક ગધેડો કે જે સંમત થતો નથી તેની ખાતર સુધારવાની ખાતર (લાવ્યો છું).

૨૮૦૬ તે તને દબાવવામાં એક અજગર બનશે, કારણ કે તું તારા કર્તવ્યો અને ગુણોમાં એક અજગર બનશે, કારણ કે તું.

૨૮૦૭ તું દયાહીણુ એક પર્વતીય અજગર છો, પણ આસમાની અજગર તરફ નિહાળ.

૨૮૦૮ આ દોરડું દોજખમાંથી એક કસોટીની માફક આપે છે, કહે, અરે "નુર"માં પનાહ લે.

૨૮૦૯ નહિતર તું મારા દાંતોમાં નિરાધાર જેવો બનીશ, મારા રસ્તાઓમાંથી તું છટકી જઈ શકીશ નહિ.

૨૮૧૦ તે એક દોરડું હતું, તે અત્યારે અજગર છે, અંતે કે તું એમ ન કહે કે "ખુદાની દોજખ ક્યાં છે?"

એક કે જે ખુદાની શક્તિ જાણે છે તે પૂછશે નહિ કે "બહિશ્ત અને દોજખ ક્યાં છે" તે સમજાવવું.

૨૮૧૧ ખુદા દોજખ તે જ્યાં ફાવે ત્યાં બનાવે છે, તે અવકાશી બીંદુને પંખી માટે જાળ અને ફાંસો બનાવે છે.

૨૮૧૨ એ પ્રમાણે તારા દાંતોમાંથી દુઃખની વેદના ઉત્પન્ન થાય છે. અંતે કે તું કહે કે "તે દોજખ અને અજગર છે."

૨૮૧૩ અથવા તે તારા મુખમાંનું પાણી મધ જેવું મીઠું બનાવે છે કે તું કહે કે "તે બહિશ્ત અને (સ્વર્ગીય) માનતા પોષાકો છે.

૨૮૧૪ તે દાંતના મુળમાંથી ખાંડ ઉગતી બનાવે છે. કે જેથી તું (દૈવી) હુકમનામાના કાયદાની શક્તિ જાણે.

૨૮૧૫ પછી તારા દાંતોથી નિર્દોષોને કરડતો નહિ, તારા ઉપરનો ફટકો કે જેના વિરૂદ્ધ રક્ષણજ નથી તેનો વિચાર કર.

૨૮૧૬ ખુદા મિસરીઓ માટે નાઇલનું પાણી લોહી બનાવે છે. તે ઇઝરાઇલીઓને દુઃખમાંથી સલામત બનાવે છે.

૨૮૧૭ કે તું જાણે કે ખુદા પાસે રસ્તા ઉપરતા સંયમી (મુસાફર) અને મદમસ્ત વચ્ચેનો ભેદ છે;

૨૮૧૮ નાઇલ ખુદા પાસેથી ભેદભાવ કરવાનું શીખી છે, કારણ કે તેણે આ (ઇઝરાઇલીઓ) માટે (દરવાજો) ખોલ્યો છે અને પેલા (મિસરીઓ) માટે દરવાજો બંધ કર્યો છે.

૨૮૧૯ તેની રહેમત નાઇલને બુદ્ધિશાળી બનાવે છે, તેનો ગુસ્સો કે નહિ ને મુર્ખ બનાવે છે.

૨૮૨૦ તેવો, માયાળુપણામાં નિર્જીવ વસ્તુઓમાં સમજણ પેદા કરી છે તેણે, તેના ગુસ્સાના કારણે બુદ્ધિશાળીમાંથી સમજણ કાપી નાખે છે.

૨૮૨૧ તેની દયાથી નિર્જીવ બાબતમાં સમજણ દેખાય છે અને તેની સજામાં બુદ્ધિશાળીમાંથી જ્ઞાન ભાગી જાય છે.

૨૮૨૨ ત્યાં, (તેના) હુકમથી વરસાદ જેવી સમજણ નીચે રેડાય છે અહીં સમજણે ખુદાનો ગુસ્સો જોયો અને ભાગવા માંડી,

૨૮૨૩ વાદળાંઓ અને સુર્ય અને ચંદ્રમા અને ઉંચા તારાઓ બધા સુવ્યવસ્થા પ્રમાણે આવે છે અને જાય છે.

૨૮૨૪ કોઈ તેના આપેલા વખત પહેલાં આવતો નથી. કે જેથી તે વખતની પાછળ કે પહેલાં આવતો નથી.

૨૮૨૫ તું આ પયગમ્બરો પાસેથી કેમ સમજ્યો નથી? તેઓ પથ્થરમાં અને દોરડામાં જ્ઞાન લાવ્યા છે,

૨૮૨૬ કે તું વિચાર પ્રક્રિયાની સમાનતાથી (ન્યાય કરતાં) કાંઈપણ શંકા વગર બીજી નિર્જીવ ચીજોને દોરડાં અને પથ્થર માફક બનેલી જોઇ શકે.

૨૮૨૭ પથ્થર અને દોરડાની ખુદાની તાબેદારી સ્પષ્ટ બનાવાઈ અને બીજી નિર્જીવ ચીજોને લગતી માહીતી આપે છે.

૨૮૨૮ કે (તેઓ કહે), "અમો ખુદાના જ્ઞાનવાળા છીએ અને (તેના) આજ્ઞાંકિત છીએ અમો બધા તક અને વગર કારણે (તેનાં ડહાપણના) સાક્ષી નથી.

૨૮૨૯ (દાખલા તરીકે) જેમ નાઇલ નદીનું પાણી, તું જાણે છે કે ડુબાવવાના વખતે તે પેલા બે લોકો વચ્ચે ભેદભાવ બતાવ્યો.

૨૮૩૦ (અને) જમીન જેમ, તું તેના કારૂન કે જેને તેણે નમાવ્યો અને સાફ કરી નાખ્યો તેને ગારદ કરવાના વખતે તેને જ્ઞાન ધરાવવાનું જાણે છે.

૨૮૩૧ (અને) ચંદ્રમા જેમ કે જેણે (દૈવી) હુકમ સાંભળ્યો અને (તાબે થવાની) ઉતાવળ કરી અને પછી આકાશમાં બે અર્ધાઓ બન્યો અને કટકા થયો.

૨૮૩૨ (અને) ઝાડો અને પથરા જેમ કે જેઓ દરેક જગ્યાએ હ. મુસ્તફા (ર.સં.અ.) ને છડે ચોક સલામ પોકારતા હતા,

## ભૌતિકવાદી વ્યક્તિ કે જે ખુદામાં માનતો નથી અને કહે છે કે દુનિયા અનાદીથી છે, તેને જવાબ.

૨૮૩૩ ગઇ કાલે કોઈ એક કહેતો હતો, "દુનિયાનું વખતસર નિર્માણ કરાયું છે આ આસમાન પસાર થઇ જવાનું છે અને ખુદા તેનો વારસદાર છે.

૨૮૩૪ એક ફિલસુફે કહ્યું, "તું તેનું ક્ષણિક મુળ કેવી રીતે જાણે છે? વરસાદ વાદળાની ક્ષણિકતા કેવી રીતે જાણે?"

૨૮૩૫ તું (અવકાશી) પરિક્રમાની એક રજકણ પણ નથી (તો પછી) સુર્યની ક્ષણિકતા તું કેવી રીતે જાણે?

૨૮૩૬ નાનો કીડો કે જે ગંદકીમાં દટાએલો છે તે પૃથ્વીની શરૂઆત અને અંત કેવી રીતે જાણે?

૨૮૩૭ તમોએ આ તમારા બાપની ગોખણપટીથી સાંભળ્યું છે, મુર્ખતાપણા અંગે તમો (માન્યતામાં) સંડોવાએલા બન્યા છો.

૨૮૩૮ તેની ક્ષણિકતા માટે બતાવી શકાય તેવી દલીલ શું છે? (મને) કહો અથવા ચુપકીદી રાખો અને વધુ વાતચીતમાં ન પડતા.

૨૮૩૯ તેણે કહ્યું, "એક દિવસે મેં બે જીવોને આ ઉંડા દરીયામાં શોધ કરતા જોયા.

૨૮૪૦ ભાંજગડ અને વાદવિવાદ અને પરિણામની પરવા વગરની લડાઈમાં પ્રવૃત થએલા (જોયા). એક ટોળું પેલા બે માણસોની આજુબાજુ ભેગું થયું.

૨૮૪૧ હું વિપુલ સંખ્યાના એકઠા થએલા લોકો તરફ ગયો. અને તેઓના ( વાદવિવાદની ) બાબતમાં ધ્યાન આપ્યું.

૨૮૪૨ એક કહેતો હતો, " આસમાન ખતમ થઈ જશે, કાંઈપણ શંકા વગર આ રચનાનો એક રચનાર છે જ.

૨૮૪૩ બીજાએ કહ્યું, તે અનાદી છે અને તે ક્યારે હસ્તિમાં આવ્યું ? તેનો કોઈ બાંધનાર નથી અથવા તે ( પોતે જ ) બાંધનાર છે.

૨૮૪૪ તેણે ( તેના પ્રતિસ્પર્ધીએ ) કહ્યું, "તમે પેદા કરનાર દિવસ અને રાતને ઉત્પન્ન કરનાર અને પોષણના આપનારને ઇન્કારો છો.

૨૮૪૫ તેણે ( ફિલઝૂફ ) કહ્યું, " ચોકખી સાબીતી વગર હું એક અજ્ઞાને ગાંખણુંપટીથી સ્વીકાર્યું છે તે સાંભળીશ નહિ.

૨૮૪૬ આવો, સાબીતી અને પુરાવો લાવો કારણ કે હું કદી પણ દુનિયામાં સાબીતી વગર ધ્યાન દેવાનો નથી.

૨૮૪૭ પેલાએ જવાબ આપ્યો સબૂતી મારા આત્મામાં છે, મારો પુરાવો મારા આત્માની અંદર સંતાએલો છે.

૨૮૪૮ નમો આંખની નબળાઈના કારણે બીજનો ચાંદ જોતા નથી, ( જો ) હું તે જોતો હોઉં તો તારે મારા ઉપર ગુસ્સે બનવું જોઈએ નહિ.

૨૮૪૯ ખૂબજ ચર્ચા ચાલી, અને લોકો આ ખૂબજ નિયમીત અવકાશી ગોળાના શરૂઆત અને અંત માટે ગુંચવાએલા બન્યા.

૨૮૫૦ તેણે ( પવિત્ર માણસે ) કહ્યું," દોસ્ત, મારી અંદર એક ( નિર્ણાત્મક ) સાબીતી છે, મને આકાશના ક્ષણિક પ્રારંભ બતાવતી નિશાની ( સુસ્પષ્ટ ) છે.

૨૮૫૧ હું ચોક્કસતા ધરાવું છું, તેને કે જેને અમુક જ્ઞાન છે તેનું પ્રતિક એ છે કે તે અગ્નિમાં જશે.

૨૮૫૨ પ્રેમીઓમાં પ્રેમની આતરિક લાગણીઓની માફક પેલી સાબીતી તમારે જાણવી જોઇએ કે ( જે ) જીભ ઉપર ( બોલવામાં ) આવશે નહિ.

૨૮૫૩ મારા શબ્દોનો આંતરિક અર્થ સારૂ દેખાય તેવો નથી. સિવાય મારા ચહેરાના ભવ્ય અને વ્યક્તિમાં ( નિહાળ ).

૨૮૫૪ મારા ગાલો ઉપર આંસુઓ અને લોહી વહે છે અને તેની ( પ્રિતમની ) ખુબસુરતી અને ભવ્યતાની સાબીતી બને છે.

૨૮૫૫ તેણે ( ફિલસુફે ) " જવાબ આપ્યો " સાધારણ જનની એક દેખીતી નિશાની જેવી બનતી આવી સાબિતીની આ ચીજો હું નિરખતો નથી.

૨૮૫૬ તેણે ( બીજાએ ) કહ્યું " જ્યારે કે એક ખોટો અને એક અસલ સિક્કો બડાઇ હાંકે છે, ( એકબીજાને ) કહે છે, તું ખોટો છે હું સાચો અને કીમતી છું.

૨૮૫૭ અગ્નિ આખરી કસોટી છે. (કસોટી છે) કે આ બન્ને પ્રતિસ્પર્ધીઓને અગ્નિમાં નાખવા જોઇએ.

૨૮૫૮ (પછી) હલકું અને પસંદ થએલ તેઓની (ખરી) હાલતમાં ઓળખાતા બનશે અને અભિપ્રાય અને અમુક જ્ઞાનની શંકામાં આગળ આવશે.

૨૮૫૯ ઓ (વહાલા) આત્મા, પાણી અને અગ્નિ સાચા અને ખોટા સિક્કા કે જે ગુપ્ત છે તેના માટે કસોટી છે.

૨૮૬૦ ચાલો હું અને તું આપણે બન્ને અગ્નિમાં પડીએ અને મૂંઝાએલા માટે એક કાયમી સાબીતી બનીએ.

૨૮૬૧ ચાલો હું અને તું આપણે બન્ને દરિયામાં પડીએ કારણ કે તું અને હું આ જનસમુદાયમાં એક નિશાની છીએ.

૨૮૬૨ (અને) તેઓએ તેમજ કર્યું, અને અગ્નિમાં દાખલ થયા. બન્નેએ પોતાને અગ્નિની ગરમીમાં ફેંકયા.

૨૮૬૩ ખુદાને બુલંદ કરતો ઈન્સાન કે જે વાદવિવાદમાં મશગુલ બન્યો હતો, બચાવાયો જ્યારે પેલો અમાન્ય અગ્નિમાં વળી મુઓ.

૨૮૬૪ મુર્ખ અત્યાચારી વ્યક્તિઓની ગુંચવણ તરફ, મુએઝીન પાસેથી આ ઉચ્ચારણ સાંભળો.

૨૮૬૫ કે આ નામ (હ. મુહમ્મદનું) મૃત્યુ થકી બળ્યું (નાશ પામ્યું) નથી, કારણ કે જ્યારે તેનો ધરાવનાર એક બાદશાહ અને સૌથી મહાન હતા.

૨૮૬૬ વખતના વહેણમાં અશ્રદ્ધાળુઓના લાખો પડદાઓ આ પડી ગએલા થાંભલાઓથી ચીરાઈ ગયા છે.

૨૮૬૭ જ્યારે તેઓએ (પવિત્ર પુરૂષ અને ફિલ્સુફે) સરત લગાવી, અધમતા અને સાબીતીમય ચમત્કારો અને (અશ્રદ્ધાળુઓને અપાતા) જવાબને લગતી સચ્ચાઈએ સરસાઈ મેળવી.

૨૮૬૮ મેં નિહાળ્યું કે તે કે જે (અસ્તિત્વ ન ધરાવતાનું) ચડીઆતાપણાના ટેકામાં અને અવકાશી ગોળાના ક્ષણિક મુળનું બોલ્યો, વિજયવંત અને સત્ય હતો.

૨૮૬૯ અશ્રદ્ધાળુની દલીલ હમેશાં શરમ ભરેલ ચહેરાની હોય છે. પેલી અશ્રદ્ધાની સચ્ચાઇ બતાવતી એકપણ નિશાની કયાં છે?

૨૮૭૦ આ દુનિયામાં અશ્રદ્ધાળુઓના (મનમાં) તેના વખાણ કરતો એક પણ મિનારો (માલમ પડતો નથી), કે જેથી તે (તેઓની સત્યતાની) નિશાની બને?

૨૮૭૧ એક માત્ર વ્યાસપીઠપણ કયાંય છે કે જ્યાં એક નશીહત કરનાર એક અશ્રદ્ધાળુનું જીવન ઉપર સંભાષણ કરે?

૨૮૭૨ સોના અને રૂપાના સિક્કાઓના ફલક પર તેઓનાં (પયગમ્બરોનાં) નામો અંકીત છે કે જે આ સત્યતાના પ્રતિક તરીકે કયામત સુધી (સાબીતી) આપે છે,

૨૮૭૩ બાદશાહનાં બીલાં બદલાતાં હોય છે, હ. આહમદનું બીલું દુનિયાના અંત (કયા-
મત સુધી) નિહાળતો રહેજ.

૨૮૭૪ એક પણ અશ્રદ્ધાળુનું નામ કોઇપણ સોનાને રૂપાના સિક્કા પર (અંકીત) થએલું
હોય તો (મને) બતાવ!

૨૮૭૫ (ધારી લ્યો કે તમો) દલિલો સ્વીકારતા નથી, આ ચમતકાર જો સૂર્યની માફક
(દેખીતો) એકસો જીભવાળો, જેનું નામ 'ઉમ્મુલ કીતાબ' છે.

૨૮૭૬ કોઈ પણ તેમાંનો એક અક્ષર પણ ચોરી જાય (છેકી નાખે) અથવા ચેકખા શબ્દમાં
કાંઈ વધારવાની હીમત કરે નહિ.

૨૮૭૭ વિજેતાનો દોસ્ત બની જા કે તું વિજય મેળવે, ખબરદાર રહેજે, ઓ ઉંધા દોરવાં-
એલા, હારેલાનો દોસ્ત બનતો નહિ.

૨૮૭૮ અશ્રદ્ધાળુની દલીલ આજ માત્ર હોય છે, કે તે કહે છે, હું આ બહારની (દુનિયા)
સિવાય બીજી રહેવાની જગ્યા જ નથી.

૨૮૭૯ તેં કદી વિચારમાં તે લેતો જ નથી, કે જ્યાં જ્યાં કાંઇપણ બહારનો ભાગ છે તે
(વસ્તુ) સંતાએલ સારા હેતુઓના સમાચાર આપે છે.

૨૮૮૦ દરેક જાહેરી ચીજની ઉપયોગીતા, ખરેખર તો, આંતરિક છે. તે દવાઓમાં લાભ-
દાયક ગુણોની માફક સુપુપ્ત છે.

**આયાત ઉપર વિવરણ. "અને અમોએ જમીન અને આસમાનો અને તેઓ બન્નેની વચ્ચે તે સત્ય કારણ સિવાય પેદા કરેલ નથી. (એટલે કે) "મેં આ જે માત્ર તમે જુઓ છો તેની ખાતર જ પેદા કરેલ નથી, નહિ, પણ જે તમો જોતા નથી તેવા ખાસ કારણ અને અનંતકાળ અગમચેતીના કારણ માટે છે.**

૨૮૮૧ શું કોઇપણ ચિત્રકાર એ સુંદર ચિત્ર માત્ર ચિત્રની ખાતર જ, ફાયદો મેળવવાની
આશા વગર ચિત્રે ખરો?

૨૮૮૨ નહિ જ (તે) મહેમાનો અને યુવાન લોકો, જેઓ તેનાથી પોતાના મન ખુશ
કરવા, ચિંતામાંથી મુક્ત બનવાની ખાતર (ચિત્રે છે).

૨૮૮૩ આ ચિત્રમાંથી બચ્ચાંઓની ખુશી ઉદ્ભવે છે અને તેમના મિત્રોથી, છુટા પડેલા
મિત્રોની યાદી આપે છે.

૨૮૮૪ શું કોઇ કુંભાર ઘડો બનાવવાની ખાતર ઉતાવળમાં ઘડો બનાવે છે અને પાણીની
આશામાં નહિ?

૨૮૮૫ શું કોઇ કટોરાનો બનાવનાર કટોરાના જ ખાતર ખાતર કટોરો બનાવે છે અને
નહિ કે ખોરાકની ખાતર?

૨૮૮૬ શું કોઈ સુલેખન કલાત્મક રીતે લખવાની ખાતર લખે છે કે વાચવાને ખાતર લખતો નથી ?

૨૮૮૭ બહારનું રૂપ અદ્રશ્ય રૂપની ખાતર હોય છે, અને તે બીજા અદ્રશ્ય (રૂપની) ખાતર આકાર લ્યે છે.

૨૮૮૮ આ સરલ અનુમાનોને તારી આંતરિક દ્રષ્ટિ તરફ તુલનાત્મક અંશમાં ત્રીજો, ચોથો અથવા દસમો ગણી નાખ.

૨૮૮૯ (દાખલ) તરીકે, એો પુત્ર, ચેસની રમતની હિલચાલ, દરેક હિલચાલના હવે પછીના હલનના પરિણામને નિહાળ.

૨૮૯૦ તેઓ પેલી ગુપ્ત હીલચાલના ખાતર આ હિલચાલ કરે છે, અને તે બીજી માટે અને પેલી (ફરીવાર) આ અને તે માટે.

૨૮૯૧ આજ પ્રમાણે (આગળ વધે છે). પ્રયોજનોની અંદર પ્રયોજનો, એક પછી એક નિહાળતાં, એટલા માટે કે તમો વિજય અને મહાન કરવા તરફ આવી પહોંચો.

૨૮૯૨ પેલું બીજીના કારણ માટે છે, જેમ એક સીડીના પગથીયાં ઉપર ચડે છે તેમ.

૨૮૯૩ અને બીજું ત્રીજાના કારણ માટે નિહાળ (અને તેમજ) અંત સુધી, એટલા માટે કે તમો છત ઉપર પગથીએ આવી પહોંચો.

૨૮૯૪ ખાવાની ઇચ્છા ધાતુના કારણ માટે છે, તે ધાતુ સંતાનોત્પત્તિના કારણ માટે અને પ્રકાશ (જે મા-બાપની આંખોમાં ચમકે છે તેના માટે) છે.

૨૮૯૫ ચૈતન્યવિહોણી દ્રષ્ટિનો માણસ આના સિવાય બીજું કંઇ જોતો નથી, તેની સમજણ છોડવા અને જમીનની માફક ગતી વગરની છે.

૨૮૯૬ ભલે છોડને (હિલચાલ કરતો) બનાવાયો અથવા ન બનાવાયો તેનું મૂળ કાદવમાં સખત રીતે ચોંટેલું રહે છે.

૨૮૯૭ જો તેનું મથાળુ પવનની હિલચાલથી હાલે તો જાઓ, તેના મથાળાના હલવાથી છેતરાતો નહિ.

૨૮૯૮ તેનું માથું કહે છે, એો સૌમ્ય વાયુલહરી, "અમો તાબે થઈએ છીએ. તેનું મૂળ કહે છે, અમો તાબે થવાનો ઇન્કાર કરીએ છીએ, અમોને એકલા રહેવા દો.

૨૮૯૯ જ્યારે કે તે (ચૈતન્યવિહોણી દ્રષ્ટિવાળો માણસ) (ખુદાના રસ્તે) કેવી રીતે ચાલવું જાણતો નથી, તે એક અધમની માફક આગળ વધે છે. એક આંધળા માણસની માફક (આગળ) પગલાં ભરતો ચાલે છે.

૨૯૦૦ લડાઇમાં આગળ ધસવાના કાર્યમાં શું થાય છે તેની ગણત્રી કર, ચોપાટ રમનારાના આગળ ધસવાની માફક (તે વૃથા છે).

૨૯૦૧ પણ પેલી આંતરદ્રષ્ટિઓ કે જે થીજેલી નથી તે જો વિંધાએલી અને અંતરપટ ચીરતી નથી તો કંઈ જ નથી.

૨૯૦૨ તે ( આવો એક ) ચાલુ પળે પોતાના ખુદની આંખથી જુએ છે કે જે દસ વર્ષમાં પસાર થવા આવશે.

૨૯૦૩ તેજ પ્રમાણે, દરેક જણ અદ્રષ્ય અને ભવિષ્ય ભલુ અને બુરું ( બંને ) તેની આંતરિક દ્રષ્ટિના માપ અનુસાર જુએ છે.

૨૯૦૪ જ્યારે આગળ અને પાછળની અટકાયત ખસેડી લેવાય છે. આંખ ધુસે છે. અને અદ્રષ્યની તખ્તીમાં લખેલું વાંચે છે.

૨૯૦૫ જ્યારે તે ( આવો એક ) અસ્તિત્વના મુળ તરફ પાછળ જુએ છે, વિતેલા સંજોગો અને અસ્તિત્વની શરૂઆત પોતાની મેળે ( તેને દ્રષ્યમાન બને છે.

૨૯૦૬ ( અર્થાત ) પૃથ્વી ઉપરના ફિરસ્તાઓનો ( ખુદાઇ ) શહેનશાહ સાથેના વાદવિવાદે, જેમ આપણા બાપ ( હ. આદમને ) ખુદાનો ખલિફો બનાવ્યો.

૨૯૦૭ જ્યારે તેઓ ( ખુદાનો ખલીફો ) પોતાની આંખ આગળ મીટ માંડે છે, તેઓ છેલ્લા સંમેલન સુધી ( જે પસાર થનાર છે ) તે તે ચોકખી રીતે જુએ છે.

૨૯૦૮ તેથી તેઓ મુળના મુળ પાછળ જુએ છે, અને તેઓ નિર્ણયના દિવસ સુધી ચોકખી રીતે જુએ છે.

૨૯૦૯ દરેક જણ તેના રૂહાનીયત પ્રકાશપણા મુજબના માપ અનુસાર જુએ છે, ( અને ) અદ્રષ્ય ચીજો ( તેના દિલની આરસીના ) આપેલા પ્રમાણ અનુસાર જુએ છે.

૨૯૧૦ જેમ વધુ તે ઓપે છે, વધુ તે જુએ છે, અને વધુ ને વધુ ( અદ્રષ્ય ચીજો તેને દેખાતી બને છે.

૨૯૧૧ જો તમો કહો કે તે ( રૂહાનીયત ) પવિત્રતા ખુદાની રહેમતથી નવાજીશ થાય છે, તો ( દિલને ) ઓપવાની ફતેહ પણ તે ( દૈવી ) કૃપામાંથી ઉતરે છે.

૨૯૧૨ પેલા ( ભક્તિભાવનાં ) કાર્ય અને દુઆ એ ( પ્રાર્થના કરનારની ) પ્રેરણાના હિસ્સા અંગે જ છે, " માણુસ પાસે કાંઈ જ નથી સિવાય કે જેની પાછળ તેણે તનતોડ મહેનત કરી છે. "

૨૯૧૩ એક માત્ર ખુદા જ પ્રેરણા આપનાર છે, કોઇ હલકટ અધમ માણુસ રાજા બનવાની ઉત્કટ ઇચ્છા ધરાવતો નથી.

૨૯૧૪ ખાસ હિસ્સાની ખુદાની તબદીલ કરેલી વસ્તુ, કબુલાત અને ખુશી અને ઇચ્છામાંથી કોઇને પાછી પાડતી નથી.

૨૯૧૫ પણ જ્યારે તે બદકિસ્મતના માણુસ ઉપર કાંઈ તકલીફ મોકલે છે, તે ( પેલો શખ્સ ) અનુપકારીપણામાં ભાગવા માંડે છે.

૨૯૧૬ ( હકીકત ધ્યાનમાં લેતાં ) જ્યારે ખુદા સદ્કિસ્મતી હમેશાં ( કબુલ કરે છે અને ) ( ખુદાની ) વધુ નજદીકી માગે છે.

૨૯૧૭ લડાઇમાં બાયલાઓ પોતાની જીંદગી જવાની બીકે ભાગવાના કારણો પસંદ કરતા હોય છે.

૨૯૧૮ (જ્યારે) બહાદુરો પણ પોતાની જીંદગી જવાના ભયે, દુશ્મનોની આગલી હરોળમાં ફટકારતા હોય છે.

૨૯૧૯ રૂસ્તમો (બહાદુરો) તેઓની બીક અને દર્દની ખાતર આગળ વધે છે, અને અચોક્કસ આત્માનો માણુસ પણ (બીકમાં) પોતામાં જ મરે છે.

૨૯૨૦ સંતાપ અને ભય પોતાના જીવન માટેનાં એક 'ટચસ્ટોન' જેવાં છે.

**ખુદાની હ. મુસા અ. સ. ઉપર વહી ઉતરવી, કહે,**
**"ઓ મુસા, હું કિર્તીવંત પેદા કરનાર તને ચાહું છું."**

૨૯૨૧ ખુદાએ દિલની પ્રેરણાથી મુસા (અ. સ.) સાથે વાત કરી કહે, તે "ઓ પસંદ કરાએલા હું તને ચાહું છું.

૨૯૨૨ તેમણે (હ. મુસા અ. સ.) એ કહ્યું "ઓ દાનેશ્વરી, (મારામાં) તેમ થવાના કયા ગુણો છે, (તે મને કહે) એટલા માટે કે હું તેને વધારૂં.

૨૯૨૩ તેણે (ખુદાએ) કહ્યું "તું એક બાળક કે જે તેની માતાની હાજરીમાં હોય છે તેના જેવો છો જ્યાર તેણી તેને સજા કરે છે, ત્યારે તે તેણીને જ પકડી રાખે છે.

૨૯૨૪ તે એટલું પણ જાણતું નથી કે દુનિયામાં તેણીના સિવાય બીજું કોઈ છે. તે તેણીથી દુઃખમાં અને તેણીથી (સુખમાં) મદમસ્ત, બન્નેમાં તેણીનેજ વળગી રહે છે.

૨૯૨૫ જો તેણીની મા તેને એક તમાચો ફટકારે છે છતાં તે તેની મા તરફ જ આવે છે અને તેણીને જ વળગી રહે છે.

૨૯૨૬ તે તેણીની સિવાય બીજાની મદદ શોધતું નથી તેણી જ તેની ભલાઇ અને બુરાઈ બધું જ છે,

૨૯૨૭ તારૂ દિલ તેવી જ રીતે, ભલા બુરા (સંજોગોમાં) મારા સિવાય બીજી જગ્યાએ કદી ફરતું નથી.

૨૯૨૮ તારી દ્રષ્ટિમાં મારા સિવાય બીજા બધા પત્થરાઓ અને ઢેફાંઓ છે. ભલે પછી (તેઓ) છોકરાઓ અથવા જુવાનો અથવા વૃદ્ધ માણસો હોય.

૨૯૨૯ જેમકે "અમે તારી જ બંદગી કરીએ છીએ." ઝંખનાપુર્વક આજીજી માગીએ છીએ. (જેથી) તકલીફમાં "અમો તારીજ મદદ માગીએ" તારા સિવાય કોઈની પણ (મદદ માગતા) નથી.

૨૯૩૦ આ "અમો તારી જ બંદગી કરીએ છીએ" ફાળવણી માટે સંબોધનના હેતુ માટે શૈલી અનુસાર (વપરાય છે) તે ફાળવણી દગલબાજીના નકારવાના કારણ માટે છે.

૨૯૩૧ "અમો તારી જ મદદ માગીએ છીએ, એ પણ ફાળવણીના ઇરાદા માટે છે. તે (ફાળવણી) ફાળવણી કરે છે અને મદદ માગવાની અટકાયત કરે છે.

૨૯૩૨ અર્થ, અમો તારા એકલા માટે જ બંદગી ગુજારીએ છીએ, અમોને માત્ર તારી જ મદદની આશા છે.

એક બાદશાહનું પોતાના ગાઢ સાથી ઉપર ગુસ્સે થવું, અને એક તરફદારી કરનારે (બાદશાહના) ગુસ્સાની વસ્તુના હેતુમાં તરફેણ કરવી અને (જ્યારે) બાદશાહે તરફદારી સ્વીકારી, ગાઢ સાથી મધ્યસ્થી કરનાર કાર્યથી રોષે ભરાયો અને પૂછયું. "શા માટે વચ્ચે પડયો ?"

૨૯૩૩ એક બાદશાહ એક ગાઢ સાથી સાથે ગુસ્સે થયો, અને તેનામાંથી ધુળ અને ધુમાડો કાઢવાની તૈયારીમાં હતો.

૨૯૩૪ બાદશાહે મ્યાનમાંથી પોતાની તલવાર ખેંચી કે તે પેલી બેફરમાની માટે તેનાં ઉપર સજા ઠોકે.

૨૯૩૫ કોઇને પણ એક શબ્દ બોલવાની કે કોઇ મધ્યસ્થીને પેલા માટે તરફદારી કરવાની હીંમત ન હતી.

૨૯૩૬ દરબારીઓના એક 'ઈમાદુલ મુલ્ક' નામ (કે) જેઓને હ. મુસ્તફા (સ.અ.) ની માફક તરફદારીની બાબતમાં ખાસ હક હતો.

૨૯૩૭ તેઓ કૂદી પડયા અને તુર્ત જ પોતાને સિજદામાં નાખ્યા. બાદશાહે તુર્ત જ પોતાનાં હાથમાંની વેરની તલવાર ફેંકી દીધી.

૨૯૩૮ અને કહ્યું "જો કે ભલે તે સેતાન પણ હોય હું તેને માફ કરૂં છું અને તેણે એક દુષ્ટ કામ પણ કર્યું હોય, હું તેને ઢાંકી દઉં છું.

૨૯૩૯ જ્યારે તમારા પગલાં એ તરફદારી કરી છે, હું સંતોષ પામ્યો છું. (ભલે પછી) પ્રસ્તુત ગુન્હો કરનાર વ્યક્તિએ એકસો ઈજારા કાર્યો આચર્યાં હોય.

૨૯૪૦ તમો આવા ઉતમ અને આવા મહાનને જોતાં હું એક લાખ ગુસ્સાઓને ગળી શકું છું.

૨૯૪૧ (પણ) તમારી આજીજી કદી નકારી શકું નહિ, કારણ કે તારી આજીજી એ ખાત્રીપૂર્વક મારી જ આજીજી છે.

૨૪૪૨ (કદાચ) જો તેણે જમીન અને આસમાનને અવ્યવસ્થામાં ફેંકયાં હોત તો આ માણસ (મારા) વેરમાંથી છટકી શકયો ન હોત.

૨૯૪૩ અને જો (આખી દુનિયા) અણુએ અણું (તેના છુટકારા માટે) આજીજી કરનાર બન્યું હોત. તો પણ આ પળે મારી તલવારમાંથી તે પોતાનું માથું બચાવી શકયો ન હોત.

૨૯૪૪ ઓ અમીર, (આના કારણે) અમો તારા ઉપર કાંઈ આભાર કરતા નથી, પણ, ઓ અમારા ગાઢ સાથી, તે માત્ર તમારા માનના સમજાવવા ખાતર (કહીએછીએ)

૨૯૪૫ તમોએ આ (તરફદારી) કરી નથી, કારણ કે ખાત્રીપૂર્વક મેં જ તે કરી છે, ઓ તમો કે જેઓના સદ્ગુણો મારા ગુણોમાં સમાય ગયા છે.

૨૯૪૬ આ (બાબતમાં) તું આ કાર્ય કરવા નીમાએલોજ છે. નહિ કે (તેનું મુખ્ય કાર્ય કરનાર) જેમ કે તું મારાથી ઉપજાઉ બન્યો છો, અને તારા પોતાની જ ઉપજાઉ નથી.

૨૯૪૭ તું (મારા કાર્યનું હથીઆર) બન્યો છો, (આયાત મુજબ), "જ્યારે તેં ફેંકી ત્યારે તે તેં ફેંકી ન હતી" ફીણની માફક, તેં તારા ખુદને મોજાંમાં છોડી દીધેલ છે,.

૨૯૪૮ તું 'નહિવત' બન્યો છો (હવે) મારા સિવાય બીજે રહેઠાણ લેતો નહિ. આ અદ્ભુત છે, કે તું કેદી પણ છો અને એક બાદશાહ પણ છો.

૨૯૪૯ તેં આપ્યું તે તેં આપ્યું નથી, બાદશાહે તે આપ્યું. તે એકલો જ છે, ખુદા સત્ય રસ્તો સૌથી સારી રીતે જાણે છે.

૨૯૫૦ અને પેલો ગાઢ સાથી કે જેને દુઃખના ફટકામાંથી મુક્ત કરાયો હતો. આ મધ્યસ્થીથી નારાજ થયો અને (તેનાથી અગાઉની) વફાદારી પાછી ખેંચી લીધી.

૨૯૫૧ તેણે પેલા સન્માનિત માણસથી દોસ્તીના બધા (સંબંધો) કાપી નાખ્યા, અને પોતાનો ચહેરો દિવાલ તરફ ફેરવતો, એટલા માટે કે તે તેને સલામ ન આપે.

૨૯૫૨ તે તેનાં મધ્યસ્થી વિમુખ બન્યો, આથી આશ્ચર્યતામાં લોકોએ વાતો શરૂ કરી.

૨૯૫૩ કહે, (જો) તે ગાંડો બન્યો નથી તો જે માણસે તેની જીંદગી બચાવી તેનાથી શા માટે દોસ્તીના સબંધો કાપી નાખ્યા?

૨૯૫૪ તે (મધ્યસ્થી)એ પેલી પળે તેનું માથું ઉડવામાંથી બચાવ્યો હતો તે (ગુન્હેગારે) તેના પગની ધૂળ બનવું જોઈતું હતું.

૨૯૫૫ તે અવળે રસ્તે ગયો છે અને (તેના દોસ્તને) છોડી દેવાનું પગલું લીધું છે, આના જેવા એ પ્રેમાળ વિરૂદ્ધ તેણે દુશ્મનીનું પગલું ભર્યું છે.

૨૯૫૬ પછી એક માર્ગદર્શકે તેની પાસે હાજર થઈ, કહ્યું, "શા માટે તમો એક વિશ્વાસુ દોસ્ત તરફ આવી અન્યાયી વર્તણુક કરો છો?

૨૯૫૭ પેલા પસંદ કરાએલા પ્રેમીએ તારી જીંદગી છોડાવી અને પક્ષી પળે માથું કપાવામાંથી તમને બચાવ્યા.

૨૯૫૮ જે તેમણે (તમારા તરફ) ગુન્હો કર્યો હોય તો પણ તમારે તેમાંથી ફરી જવું જોઈએ નહિ, તે વખાણ લાયક દોસ્ત તારો ખાસ હિતેચ્છુ હતો.

૨૯૫૯ તેણે જવાબ આપ્યો, "બાદશાહના હિત માટે જીંદગી સહેલાઈથી આપી દેવાય છે, શાં માટે તેં અમારી વચ્ચે મધ્યસ્થી તરીકે ઊઠયો ?

૨૯૬૦ તે પળે મારી, (હાલત) આ જણાવ્યાં પ્રમાણેની) હતી. "હું ખુદા સાથે એવી હાલતમાં હતો કે કોઈ પણ પસંદ કરાએલા નબીઓ પણ મારી બરોબરીમાં ન હતા" (હદીસ મુબારક)

૨૯૬૧ હું દયાની ઇચ્છા કરતો ન હતો પણ બાદશાહના ઝટકાની (ઇચ્છા કરતો હતો) હું પેલા બાદશાહ સિવાય બીજાની પનાહ ઇચ્છતો ન હતો.

૨૯૬૨ મેં બાદશાહની આગળ સર્વ તજી દીધેલ છે, કારણ એ છે કે મેં મારા ખુદને બાદશાહને અર્પણ કરેલ છે.

૨૯૬૩ બાદશાહ, જો છે પોતાનાં ગુસ્સામાં મારૂં માથું ઉડાડે, તો બીજી સાઠ, જીંદગીઓ મારા ઉપર ઈનાયત કરશે.

૨૯૬૪ મારૂં કામ જોખમ વહોરવું અને માથું (ગુમવવું) અને બે ખુદ બનવાનું છે, મારા બાદશાહનું કામ (મને) એક (નવું) માથું આપવાનું છે.

૨૯૬૫ તે માથાને માન આવે કે જે બાદશાહના હાથથી જુદું થયું છે! તે માથાને શરમ છે કે તે પોતાને બીજા પાસે લઈ જાય છે.

૨૯૬૬ રાત્રી કે જે બાદશાહ પોતાના ગુસ્સાંમાં અંધારામાં ઢાંકે છે, તે એક હજાર દિવસનો ઉત્સવ તિરસ્કાર પુર્વક નિહાળે છે.

૨૯૬૭ ખરેખર, તેનાથી પ્રદક્ષિણા ફરીવળી કે જે બાદશાહને ગુસ્સા અને દયા અને અશ્રદ્ધા અને દીનથી પર જુએ છે.

૨૯૬૮ દુનિયામાં કદી એકપણ શબ્દ તેને સંબોધનને યોગ્ય આવેલ નથી, કારણ કે સંતાએલ છે, સંતાએલ, સંતાએલ.

૨૯૬૯ તેજ પ્રમાણે આ કિર્તીવંત નાપા અને શબ્દો, હ. આદમ (હ. સ.) ના (મુખમાંથી) ઉચ્ચારેલા) શબ્દોમાંથી જાહેરમાં આવ્યા હતા.

૨૯૭૦ તેણે (ખુદાએ) (તેને) નામો શીખવ્યા, હ. આદમને માટે "એક ઈમામ" હતો, પણ (શીખવવું) 'અયન' અને 'લામ' ના જેવી લખાણની શૈલીમાં ન હતું,

૨૯૭૧ જ્યારે તેમણે પોતાના માથા પર પાણી અને માટીની ટોપી પહેરી, ત્યારે પેલાં રૂહાની નામો કાળા ચહેરાવાળાં બન્યાં.

૨૯૭૨ કારણ કે તેઓએ અક્ષરો અને શ્વાસનો પડદો ધારણ કર્યો, (માત્ર) એટલા માટે કે આવશ્યક વાસ્તવિકતા (ક્રમે ક્રમે) માટી અને પાણીને જાહેર બનેલી બતાવે.

૨૯૭૩ જો કે એક દ્રષ્ટિબીંદુએ જોતાં વાણી પ્રેરણા જાહેર કરનાર છે, છતાં દ્રષ્ટિના દસ બીંદુઓથી તે એક પડદો અને છુપાવનાર છે.

હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહ (અ. સ.) નો હ. જીબ્રાઈલ (અ. સ.) ને જવાબ દેવો, જ્યારે તેઓએ તેમને પૂછ્યું. "તમને કાંઈ જરૂરીયાત છે ?" તારી મદદને લક્ષમાં લેતાં. "નહિ જ."

૨૯૭૪ આ ચાલુ હાલતનો હું ખલિલ (દોસ્ત) છું. અને તે જીબ્રીઇલ છે, દુઃખમાંથી (મુક્ત કરવા) રાહનુમાની માફક મને તે જોઇતો નથી.

૨૯૭૫ ઉમદા ખવીશના હ. જીબ્રીઈલ પાસેથી તેઓ (મેળવે તેવું) સન્માન શીખ્યા નહિ. કે જેમણે ખુદાના દોસ્તને તેઓની શું ઈચ્છા હતી તે પૂછી.

૨૯૭૬ કહે, તમારી કાંઇ ઇચ્છા છે ? કે જેથી હું કાંઈ મદદ કરૂં, નહિતર, હું ઉડું અને એક ઝપાટાબંધ રવાનગી કરૂં.

૨૯૭૭ હ. ઇબ્રાહીમ (અ. સ.) એ કહ્યું "નહિ, રસ્તામાંથી હટી જાઓ, સીધા પારલૌકિક દૃશ્ય બાદ મધ્યસ્થી (માત્ર) એક અગવડ છે.

૨૯૭૮ આ ચાલુ જીવનના કારણ માટે (દૈવી) સંદેશક સાચા ઇમાનદારો માટે એક સાંકળની કડી (સમાન) છે.

૨૯૭૯ જો દરેક દિલ ગુપ્ત (દૈવી) વહી સાંભળતું હોત તો દુનિયામાં શબ્દો અને અવાજો કયાંથી હોત ?

૨૯૮૦ ભલે તે (મધ્યસ્થી) ખુદામાં ગુમાવાયો છે અને બેખુદ છે, છતાં મારી હકીકત તેનાથી વધુ નાજુક છે.

૨૯૮૧ તેનું કાર્ય એ બાદશાહનું કાર્ય છે, પણ મારી અસ્થિરતાને (તે જ સારૂં કરશે) તે ખરાબ બનેલું દેખાય છે.

૨૯૮૨ તે કે જે હલકટ ને દયાનું જ સત્ય છે તે (ખુદાના) પસંદ કરાએલાને કોપ બને છે.

૨૯૮૩ ખૂબજ સંકટો અને દુઃખો હલકટે સહન કરવાં જોઇએ, એટલા માટે કે તેઓ ભેદભાવ સમજવાને શક્તિમાન થાય.

૨૯૮૪ કારણ કે એ (મારા) ગુફામાંના સાથી, આ મધ્યસ્થીના શબ્દો એક કે જે (ખુદાથી) મળેલો છે તેની દ્રષ્ટિમાં કાંટાઓ છે, કાંટાઓ, કાંટાઓ.

૨૯૮૫ ખૂબજ તકલીફ અને દુઃખ અને રાહ જોવાની જરૂરત હતી, એટલા માટે કે પેલો પવિત્ર આત્મા (મધ્યસ્થી) શબ્દોમાંથી મુક્ત બનેલો બને.

૨૯૮૬ પણ કેટલાક (માણસો) બીજાઓ કરતાં આ પડઘા તરફ વધુ બહેરા બન્યા છે, ફરી કેટલાક પવિત્ર બન્યા છે અને ઉંચા દરજ્જા પર પહોંચ્યા છે.

૨૯૮૭ આ આપત્તિ નાઈલ નદીના પાણી જેવી છે, તે આશીર્વાદીત તરફ પાણી છે અને શ્રાપીત માટે લોહી છે.

૨૯૮૮ જેમ વધુ એક અંતને આલેખે છે તેમ તે વધુ આશીર્વાદીત છે, જેમ વધુ મોટો 
પાક એક (માણુસ) જુએ છે, વધુ અદેખાઈપૂર્વક તે વાવે છે.
૨૯૮૯ કારણુ કે તે જાણે છે કે આ વાવવાની દુનિયાં (છેલ્લા) અધિવેશનના કારણુ માટે
છે અને (લણુણી) માં ભેગા થવાના કારણુ માટે છે.
૨૯૯૦ કોઈ પણુ (વેચવાનો) કરાર તેના પોતા માટે (કદી પણુ કરાતો) નથી. નહિ;
પણુ લાભ અને નફો (બનાવવાની) સ્થિતિમાં હોવાના કારણુ માટે (કરાય) છે.
૨૯૯૧ જો તમો કાળજીપૂર્વક જોશો તો એક પણુ અશ્રદ્ધાળુ નથી, કે જેની અશ્રદ્ધા
અશ્રદ્ધાના કારણુ માટે હોય.
૨૯૯૨ નહિ, (તે) (તેની) અદેખાઈમાં પોતાના પ્રતિસ્પર્ધીના નમાવવાના કારણે હોય
છે, અથવા સરસાઇ શોધવા અને પોતાના ખુદની વડાઈ (બતાવવાના કારણે હોય છે).
૨૯૯૩ અને પેલી સરસાઈ પણુ બીજી કોઈ ઇચ્છાના કારણુ માટે છે, રૂપો જરૂરી અર્થો
વગર અભિરૂચી ઉત્પન્ન કરતાં નથી.
૨૯૯૪ તમો પૂછશો, "તમો શા માટે આ કરો છો?" કારણુ કે રૂપો તેલની (માફક)
છે, અને જરૂરી અર્થ પ્રકાશની (માફક) છે.
૨૯૯૫ નહિતર આ "શા માટે" શા માટે કહેવાય છે? જ્યારે (દંભીપણે) રૂપ
રૂપના કારણુ માટે જ છે,
૨૯૯૬ આ 'શા માટે' કહેવું એ સવાલ સમજણુને લગતો સવાલ છે, આના કારણુ
સિવાય 'શા માટે' કહેવું ખરાબ છે,
૨૯૯૭ ઓ વિશ્વાસુ, 'શા માટે' તમારી સમજણુ જાણુવાની ઇચ્છામાંથી (છે) જ્યારે કે
(દંભીપણે) આ રૂપનો ઉપયોગ આ રૂપ (પોતે જ) છે.
૨૯૯૮ તો પછી તે ડહાપણુ (સાથે અનુરૂપતા) નથી કે અવકાશી રૂપો અને (પેલાં)
દુનિયાના લોકોનાં (રૂપો) આના માટેજ પેદા કરાએલાં હોય.
૨૯૯૯ જો સમજુ પેદા કરનાર ન હોય, આ પદ્ધતિસરની વ્યવસ્થાનું (કારણુ) શું છે?
અને જો સમજુ પેદા કરનાર છે, તો તેનું કાર્ય (અર્થથી) વંચિત કેમ હોય?
૩૦૦૦ કોઇપણુ ચિત્રો અને રંગીન છબીઓ નહાવણીમાં બનાવે નહિ, ખોટા કે સાચા
કાંઇ પણુ હેતુ સિવાય (બનાવે નહિ).

## હ. મુસા (અ. સ.) એ માલિક પાસે આજીજી કરી. કહીને, તું સજીવ પ્રાણીઓને બનાવે છે અને તેમનો નાશ કરે છે. અને જવાબ કેવો આવ્યો તે વિષે.

૩૦૦૧ હ. મુસા (અ. સ.) એ કહ્યું, "ઓ અંદાજના માલિક, તું જ રૂપ પેદા કરે
છે. તેનો ફરીવાર શા માટે નાશ કરે છે?"

૩૦૦૨ તેં જ સ્ત્રી અને પુરૂષનું રૂપ બનાવ્યું છે કે ( આનંદ )ના ઉત્પન્ન કરતો આત્મા અપાયો છે, અને પછી તું તેનો નાશ કરે છે, શા માટે ?

૩૦૦૩ ખુદાએ કહ્યું, " હું જાણું તું કે આ તારો સવાલ, અશ્રદ્ધા અને ગફલતી અને વૃથા કલ્પનામાંથી નથી.

૩૦૦૪ નહિતર મેં તે સુધારેલ હોત અને તને સજા કરી હોત. મેં આ સવાલના કારણે તારા પર દુઃખ નાખ્યું હોત.

૩૦૦૫ પણ ( હું જાણું છું કે ) તું મારા કાર્યોમાં, ડહાપણ અને અસાધારણ અવધિનાં ગુપ્ત અર્થ શોધવાની ઇચ્છા રાખે છે.

૩૦૦૬ કે તું હલકટથી જાણીતો બને અને આના કારણ થકી દરેક અજ્ઞાન માણસને મરજી મુજબનો બનાવે.

૩૦૦૭ તું એક સવાલ કરનાર ઈરાદાપુર્વક બન્યો છો કે હલકટને આ બાબત કહી શકે, અલબત તું તેનાથી જાણીતો તો છો જ.

૩૦૦૮ કારણે આ સવાલ કરવો એ જ્ઞાનનો અર્ધભાગ છે, અને ( આ સવાલ કરવાની ) લાયકાત બહારના દરેકને હોતી નથી.

૩૦૦૯ સવાલ અને જવાબ બન્ને જ્ઞાનમાંથી ઉભા થાય છે. જેમ કાંટો અને ગુલાબ પાણી અને જમીનમાંથી ( ઉગે છે ).

૩૦૧૦ વિનાશ અને મુક્તિ બન્ને જ્ઞાનમાંથી ઉગે છે, જેમ બિનાશમાંથી કડવાં અને મીઠા ફળ ( ઉગે છે ).

૩૦૧૧ આ ધિક્કાર અને પ્રેમ પરિચયમાંથી પ્રગટ થાય છે. અને સઘળા ખોરાકમાંથી બિમારી અને ( શારીરિક ) શક્તિઓ, ( બન્ને ઉઠે છે ).

૩૦૧૨ પેલા કાલિમ ( હ. મુસા અ. સ. ) એક અજ્ઞાની શોધક ( જેવા ) બન્યા એટલા માટે કે તેઓ આ ગુઢાર્થથી અજ્ઞાનીને વાકેફગાર બનાવે.

૩૦૧૩ ચાલો આપણે પણ તેજ પ્રમાણે અજ્ઞાની બનવાનો ઢોંગ કરીએ અને જાણે ( આપણે ) હકીકત ( શોધતા ) અજાણ્યા હતા તેમ સવાલનો જવાબ પ્રકાશમાં લાવીએ.

૩૦૧૪ ( તેજ પ્રમાણે ) ગધેડા વેચનારાઓ એક બીજાના હરિફ બન્યા એટલા માટે કે તેઓ ( વેચવાના ) કરાર માટે રસ્તો ખોલી શકે.

૩૦૧૫ પછી ખુદા તેનામાં બોલ્યો, કહે, ઓ તું કે જે ખૂબજ ઉત્તમ સમજ ધરાવે છે, જ્યારે કે તેં ( સવાલ ) પૂછયો છે તો આવ, જવાબ સાંભળ.

૩૦૧૬ ઓ મુસા, જમીનમાં થોડાં બીયા વાવ, કે તું તારી મેળે આ ( સવાલનો ) ઇન્સાફ મેળવી શકે.

૩૦૧૭ જ્યારે હ. મુસા (અ. સ.)એ વાવ્યાં અને બીયાં ઉગીને મોટાં થયાં અને તેનાં કુંડાઓએ ખુબસુરતી અને સમરૂપતા મેળવી.

૩૦૧૮ તેઓએ દાતરડું લીધું અને વેલો (પાક) કાપતા હતા. પછી અદ્રશ્યેમાંથી એક અવાજ તેઓના કાને પહોંચ્યો.

૩૦૧૯ બુમ પાડી કહે, "તેં શા માટે વાવ્યું અને કેટલોક બીયાંની સંભાળ લીધી અને (હવે) જ્યારે તેણે સંપૂર્ણતા મેળવી ત્યારે તું કાપે છે?

૩૦૨૦ તેઓએ જવાબ આપ્યો, "ઓ માલિક, હું તેને કાપું છું અને નીચે મુકું છું, કારણ કે ઘાસ અહીં છે અને ધાન્ય (પણ).

૩૦૨૧ ધાન્યનો ઘાસના કોઠારીયામાં (સંગ્રહ કરવો) વ્યાજબી નથી. ઘાસમે ધાન્યના કોઠારમાં (મુકવું) તે પણ તેવું જ ખરાબ છે.

૩૦૨૨ આ બન્નેને ભેગાં રાખવાં એ ડહાપણ નથી, તે (ડહાપણ) (તેમનામાંથી) ફોતરા કાઢી નાખી જુદાં બનાવવા જરૂરી બનાવે છે.

૩૦૨૩ તેણે (ખુદાએ) કહ્યું, "આ જ્ઞાન તેં કોની પાસેથી મેળવ્યું કે જેથી આ જ્ઞાનના પ્રતાપે તેં દાણા છુટા પાડવાની જગ્યા તૈયાર કરી છે?"

૩૦૨૪ તેમણે જવાબ આપ્યો. "ઓ ખુદા તેં જ મને આ પરખશક્તિ આપી છે, તેણે (ખુદાએ) કહ્યું "તો પછી મને પરખશક્તિ કેમ ન હોય?"

૩૦૨૫ પેદા કરાએલા સજીવ જીવોમાં પવિત્ર આત્માઓ છે, નાળા અને ગંદા આત્માઓ (પણ) છે.

૩૦૨૬ આ ખોખાંઓ એક જ દરજ્જામાં નથી, (તેમાંના) એકમાં મોતી છે અને બીજામાં (કિંમત વગરનો) પારો છે.

૩૦૨૭ એ જરૂરી છે કે આ ભલા બુરા (વચ્ચેનો તફાવત) દેખીતો બનાવાય, જેમ તણખલામાંથી ઘઉં દેખીતા બનાવવા (જરૂરી) છે.

૩૦૨૮ દુનિયાના આ સજીવ પ્રાણીઓનું (પેદા કરવું) એ નિદર્શનના હેતુ માટે છે, અંતે કે (દૈવી) દીર્ઘદ્રષ્ટિઓ ગુપ્ત ન રહે.

૩૦૨૯ તેણે (ખુદાએ) કહ્યું, "હું એક છુપો ખજાનો હતો." ધ્યાન દઈ સાંભળ, તારૂં (રૂહાનીયત) સત્ય ગુમાવાએલું બનવા આવતો નહિ, દેખીતો બન!

**ખાસ (વિષયાંતર) સમજણ અને અટકળ**
**જનાવરી આત્મા અને કલ્પનાને દુધ સાથે સરખામણી કરવી જોઈએ, અને જ્યારે**
**આત્મા કે જે અનંત છે તે માખણની માફક આ દુધમાં છુપાએલ**
**છે, તે સમજાવવા વિષે.**

૩૦૩૦ તારો સાચો સારતત્વ જુઠાણામાં, દુધના સ્વાદમાં માખણના સ્વાદની માફક સંતાએલું છે.

૩૦૩૧ તારૂં જુઠાણું આ વિનાશકારક કાયા છે, તારી સત્યતા પેલો અમીરી આત્મા છે.

૩૦૩૨ આ દુધ (કે જે) તારી કાયા છે, (ઘણા વર્ષો) દરમ્યાન દ્રષ્યમાન અને દેખીતી છે, (જ્યારે) માખણ, (કે જે) આત્મા છે, બગડે છે અને તેમાં નિર્માલ્ય બને છે.

૩૦૩૩ જ્યાં સુધી કે ખુદા એક સંદેશવાહકને, એક (પસંદ કરાએલા) દાસ, દુધની ગોળીમાં દહીંનો વલોવનાર, મોકલે છે.

૩૦૩૪ કે તેઓ તેને હિકમત અને રીતસર વલોવે અંતે કે હું જાણું કે (મારૂં સત્ય) અહમ સંતાએલું હતું.

૩૦૩૫ અથવા જ્યાં સુધી એક પસંદ કરાએલાની વાણી કે જે તેની (વાણીનોજ) ભાગ છે, તેના કાનમાં ઉતરે છે કે જે દૈવી પ્રેરણા શોધે છે.

૩૦૩૬ સાચા ઇમાનદારનો કાન અમારી દૈવી પ્રેરણા રાખે છે. આવો એક કાન બોલાવનારથી તદ્દન નજીકપણે જોડાએલ હોય.

૩૦૩૭ (દાખલા તરીકે) જેમ એક નાન બચ્ચાંનો કાન તેની માતાના શબ્દોથી ભરેલો હોય છે, (અને પછી) તે (નાનું બચ્ચું) સ્પષ્ટ શબ્દોમાં બોલવું શરૂ કરે છે.

૩૦૩૮ અને જો પેલા બાળકને (બરાબર સાંભળવાનો) એક કાન ન હોય તો તે તેની માના શબ્દો સાંભળતું નથી અને ચૂપ રહે છે.

૩૦૩૯ દરેક જણ જે બહેરા જન્મે છે તે હમેશાં મુંગા હોય છે, (માત્ર) પેલું એક કે જે તેની માતા પાસેથી (વાણી) સાંભળે છે, તે બોલનાર બને છે.

૩૦૪૦ જાણે કે બહેરો કાન અને મુંગો માણસ એક ચોક્કસ ખામીના પરીણામરૂપ હોય છે, કારણ કે તે (બહેરો કાન) શબ્દો સાંભળવા અને શીખેલો બનવા માટે લાયક હોતો નથી.

૩૦૪૧ (માત્ર) તેજ કે જે શીખવ્યા વગર વાણી ધરાવે તો તે ખુદા જ છે, કે જેના ગુણધર્મો અચોક્કસતામાંથી જુદા બનેલા છે.

૩૦૪૨ અથવા એક હ. આદમ (અ. સ.) જેવા કે જેમને ખુદાએ માતા અને પરીચારીકા અને જરૂરીયાતોના પડદા સિવાય પેદા કર્યા.

૩૦૪૩ અથવા મસિયાહ (હ. ઇસા) કે જેઓ પ્રેમાળ (ખુદાથી) શીખવાયા હતા, (કે જેઓ) દુનિયામાં જન્મથી જ બોલતા આવ્યા.

૩૦૪૪ કારણ કે તેના જન્મ અંગે શંકા હટાવવાના કારણ માટે (અને સાબીત કરવા) કે તે અપરિણીત અને દુષ્ટતા અંગે જન્મેલ ન હતો.

૩૦૪૫ એક (જબરાં) વલોવણની પ્રયાસ કરવામાં જરૂરત હતી કે તેના (આંતરિક) હાર્દમાંથી છાશ માખણને જુદું કરે.

૩૦૪૬ માખણ છાશમાં નહિવતપણાની માફક (અદ્રષ્ય) છે, છાશે અસ્તિત્વમાં પોતાનો વાવટો ફરકાવ્યો છે.

૩૦૪૭ તે કે જે તને (ખરેખર) અસ્તિત્વ બનેલું દેખાય છે તે (માત્ર) ચામડી છે;
જ્યારે તે કે જે નાશ પામેલ દેખાય તે (હકીકતમાં) મુળ છે.

૩૦૪૮ છાશે (હજી સુધી) માંખણનું રૂપ લીધું નથી અને જુની છે, તેને (કોઠારમાં)
રાખી મુક અને તેને વેડફી નાખતો નહિ જ્યાં સુધી કે (તેમાંથી) માખણ કાઢી લ્યો.

૩૦૪૯ સાંભળ, જાણી જોઇને તેને એક હાથથી બીજા હાથે ફેરવ, કે તે જાહેર કરે કે જે
સંતાએલું હતું.

૩૦૫૦ કારણ કે આ નાશવંત (કાયા) એ અનંત આત્માની સાબિતી છે, છાકટાની
લાગણીવશતા પ્યાલો પાનારના અસ્તિત્વની સાબિતી છે.

## તે જ વિષય ઉપર એક બીજી બોધવાત.

૩૦૫૧ વાવટા ઉપરના સિંહના આમતેમ ઠેકડા મારવા (દ્રષ્ટિમાંથી) છુપેલા પવનોનું સુચક છે.

૩૦૫૨ જો ત્યાં પેલા પવનોની હિલચાલ ન હોત તો મરેલો સિંહ હવામાં કેમ કુદકો મારે?

૩૦૫૩ તે (કારણ) અંગે તે પૂર્વનો પવન છે અથવા પશ્ચિમનો પગના છે તે તમો
જાણો. આ (સિંહની હિલચાલ) પેલા ગુઢાર્થ બાબતનો ખુલાસો છે.

૩૦૫૪ આ કાયા વાવટા ઉપરના સિંહની માફક છે. વિચાર તેને ચાલુ રીતે હલચલ
કરતું બનાવે છે,

૩૦૫૫ વિચાર કે જે પૂર્વમાંથી આવે છે તે પૂર્વના પવન (જેવી) તાજગી આપે છે અને
તે કે જે પશ્ચિમમાંથી (આવે છે) પશ્ચિમી પવન વ્યાપક મહામારીના ભાર લાદેલા
(જેવો) છે.

૩૦૫૬ વિચારના આ પવનનું પૂર્વ જુદું છે, વિચારના આ પવનનું પશ્ચિમ પેલી પાની
બાજુએ છે.

૩૦૫૭ ચંદ્રમા જડ છે અને તેનું પૂર્વ (પણ) જડ છે, દિલનું પૂર્વ એ આત્માના આત્માનો
આત્મા છે.

૩૦૫૮ પેલા સૂર્યનું પૂર્વ કે જે આંતરિક ભાગને અજમાવે છે (જ્યારે) દિવસનો સૂર્ય
એ (માત્ર) છીલટું અને તેનું પ્રતિબિંબ છે.

૩૦૫૯ કારણ કે જ્યારે કાયા મૃતપાય છે હા (અને) આવશ્યક રોશની વગરની છે. તેમાં
દિવસ કે રાત કાંઈપણ દેખાતું નથી,

૩૦૬૦ પણ ભલે તે (ચિનગારી) (ત્યાં ન પણ હોય, (છતાં) જ્યારે આ (રૂહાનીયત
સૂર્ય) સંપૂર્ણતામાં હાજર છે, ત્યારે તે (સૂર્ય) રાત્રી અને દિવસ વગર પણ
અણીશુદ્ધ પોતાને જાળવી રાખે છે.

૩૦૬૧ જેવી રીતે કે આંખ ચંદ્રમા અને સૂર્ય વગર સ્વપ્નાંમાં સૂર્ય અને ચંદ્રમા જુએ છે.

૩૦૬૨ ઓ ફલાણાભાઇ, એમ હોવાથી આપણી નિદ્રા એ મૃત્યુનો એક ભાઈ છે. પેલા ભાઈનું
આ ભાઈમાંથી (ભેદભાવ) જાણજે.

૩૦૬૩ અને જો તેઓ તને કહે કે તે આની એક શાખા છે તો એ હુકમના આધીન અનુયાયી, અમુક જ્ઞાન વગરે તેને સાંભળજે (માન જે) નહિ.

૩૦૬૪ નિદ્રા દરમ્યાન તારો આત્મા, (ચીજોની) હાલતનું સાદ્રષ્ય બતાવે છે કે જે જ્યારે તું જાગૃત હો તો વીસ વર્ષમાં ન બતાવે તે તું જુએ છે.

૩૦૬૫ અને તું (આખી) જીંદગી માટે તે અર્થઘટનની શોધમાં પવિત્ર (રૂહાનીયત) શાળાઓની શોધમાં દોડતો હોય છે.

૩૦૬૬ કહે છે, "(મને) કહો કે પેલા સ્વપ્નાનું અર્થઘટન શું છે ? આવા એક ગુઢાર્થને કે શાખા કહેવી એ હલકાઈ છે.

૩૦૬૭ આ હલકટની નિદ્રા છે પણ ખરેખર પસંદ થએલાની નિદ્રા એ (તેઓનો) સવિશેષ હક અને પસંદગીનું મુળ છે

૩૦૬૮ હાથી બનવું જરૂરી છે, એટલા માટે કે જ્યારે તે ઉભા ઉભા સુએ છે, ત્યારે તે હિંદની જમીનનું સ્વપ્ન જુએ છે.

૩૦૬૯ ગધેડો કદી પણ હિંદનું સ્વપ્ન-જુએ નહિ. ગધેડાએ હિંદમાંથી કદી પણ પરદેશમાં મુસાફરી કરી હોતી નથી.

૩૦૭૦ હાથીના જેવા અને ઘણા જ બળવાન આત્માની જરૂર છે, કે નિદ્રામાં તે ઝડપભેર હિંદ જવા શક્તિમાન બને.

૩૦૭૧ હાથી ઇચ્છાના કારણ અંગે હિંદ યાદ કરે છે, પછી રાત્રીના પેલી તેની યાદી રૂપ મેળવે છે.

૩૦૭૨ (કુરાનમાં માગેલી ભક્તિભાવના) "તમે અલ્લાહને યાદ કરો" એ દરેક દુર્જન સુધી (પહોંચી શકે) તેવું ભક્તિભાવનું કાર્ય હોય નહિ. (હુકમ) "તમે પાછા ફરો" એ દરેક ખુદા તરફ પરિત્યક્ત થએલાના પગ ઉપરની (એક બેડી) નથી.

૩૦૭૩ પણ છતાં તું નિરાશ થતો નહિ એક હાથી બન, અને જો તું હાથી નથી, પ્રકૃતિ બદલવાની શોધમાં રહે.

૩૦૭૪ અવકાશી કિમીયાગરો નિહાળ, દરેક પળે, ફિલસુફોના રૂહાનીયત પથ્થર બનાવનારાઓમાંથી અવાજો સાંભળે.

૩૦૭૫ તેઓ અવકાશી વાતાવરણના આલેખકો છે, તેઓ મારા અને તારા માટે કાર્યકર્તાઓ છે.

૩૦૭૬ જો તું કસ્તુરીમય દિલોજાન લોકો જુએ નહિ, તો ઓ રતાંધળા, (તારા ઉપર મૂકેલ) આ સ્પર્શ નિહાળ,

૩૦૭૭ દરેક પળે તારી સમજ ઉપર આ સ્પર્શ (મુકાય) છે. તારી જમીનમાંથી એક ફણગો ફુટેલો નિહાળ્યા કર.

૩૦૭૮ આદમનો પુત્ર ઈબ્રાહિમ આ (જાતનો) હતો કે જેણે નિદ્રામાં પડદા વગર રૂહાનીયત હિન્દુસ્તાન ખુલ્લું બનેલું નિહાળ્યું.

૩૦૭૯ (તેથી) આશ્ચર્યક તેણે (દુનિયાની) જંઝીરોને ભાંગીને ભુક્કા કર્યા અને તેની બાદશાહી પહાડી ટુકડા કર્યા અને અદ્રશ્ય થયો.

૩૦૮૦ હિન્દુસ્તાન (અસલ વતન) જોયાની નિશાની એ છે કે તે (કે જે તેને જુએ છે) તે નિદ્રામાંથી શરૂ કરે છે અને ગાંડો બને છે.

૩૦૮૧ તે (દુન્યવી) યોજનાઓ ઉપર ધૂળ વેરશે. અને સાંકળની કડીઓ (કે જે તેને બાંધે છે) તે તોડી નાખશે.

૩૦૮૨ જેવી રીતે કે હ. પયગમ્બર સાહેબે (દેવી) "નૂર" માટે કહ્યું છે કે તેની નિશાની (માણસના) દિલમાં છે.

૩૦૮૩ તે તે જ છે કે જેણે 'નૂર' મેળવ્યું છે, ચાલુ દુનિયામાંથી પોતાને પાછો ખેંચે છે અને બહિશ્તમાંથી પણ પોતાને પાછો ખેંચે છે (બહિશ્તની તલબ કરતો નથી).

૩૦૮૪ હ. મુસ્તફા (ર. સ. અ.) ની આ હદીસના વિવરણ માટે, ઓ વિશ્વાસુ દોસ્ત, એક આ વાર્તા ઉપર ધ્યાન દઈ સાંભળ.

બાદશાહની કહાણી કે જેને સાચી બાદશાહી પોતાની મેળે, પ્રદર્શન થઇ, (કે જેથી તે વાસ્તવિક્તાઓની) "તે દિવસે એક માણસ પોતાના ભાઈ અને પોતાની માતા અને પોતાના પિતાથી ભાગશે." તેના તાત્કાલીક અનુભવી બાબત બની, (અને તેણે જોયું કે) બાલિશતાની આ માટીના ટેકરાની બાદશાહી (એ રમત જેવી છે) કે "ગઢ જીત્યો" નામે ઓળખાય છે (કે જેમાં) બચ્ચું કે જે જીત મેળવે છે તે માટીના ટેકરા ઉપર સવારી કરે છે અને બડાઈપૂર્વક કહે છે, "ગઢ મારી માલિકીનો છે." જ્યારે બીજા બચ્ચાંઓ તેની અદેખાઇ કરે છે, કારણ કે જમીન સાથે રમવું અને બચ્ચાનું કામ છે જ્યારે બાદશાહ રંગોના બંધનમાંથી મુક્ત બન્યો, તેણે કહ્યું, "હું કહું છું કે આ માટીના રંગીન ટુકડાઓ તેજ હલકી જમીનના જેવા છે, હું તેને સોનું અને રેશમ અને કિનખાબ કહેતો નથી. હું આ કિનખાબથી મુક્ત બન્યો છું. અને પેલું કે જે સાદું છે તેના તરફ ગયો છું. "(ખુદાએ કહ્યું છે)" અને અમોએ તેના ઉપર ડહાપણ ઉતાર્યું જ્યારે કે તે એક છોકરો હતો." ખુદાના માર્ગદર્શન માટે ઘણા વર્ષોનું પસાર થવું જરૂર નથી, "થા" અને થાય છે "ની શક્તિ મેળવવાની વાણી બોલવા કોઇ શક્તિમાન નથી.

૩૦૮૫ અમુક બાદશાહને એક જાહેર બાતુનના સદ્દગુણોવાળો જુવાન પુત્ર હતો.

૩૦૮૬ તેને સ્વપ્નું આવ્યું કે પેલો પુત્ર ઓચીંતો મરણ પામ્યો. બાદશાહ માટે દુનિયાની પવિત્રતા ( આનંદોત્સવ ) કીટમાં બદલાઈ ગયો.

૩૦૮૭ તેની પાણીની ચામડી ( આંખ ) ( દુઃખના ) અગ્નિની ગરમીથી સુકાએલી બની, કારણ કે અગ્નિના ધખધખવાના કારણે તેનાં આંસુઓ ( પણ ) સુકાઈ ગયાં.

૩૦૮૮ બાદશાહ એટલો બધો દુઃખી અને દિલની હાય કાઢતો બન્યો કે પેલી આહો ( નિસાસાઓ ) તેનામાં રસ્તો શોધી શકતી ન હતી.

૩૦૮૯ તે મરણ પામવાની તૈયારીમાં હતો, તેની કાયા નિસ્તેજ બની ( પણ ) તેનું જીવન ( સંપૂર્ણ થવા માટે ) બાકી રહેલ હતું, બાદશાહ જાગૃત થયો.

૩૦૯૦ જાગૃત થતાં, પોતાના જીવનમાં કદી પણ ન અનુભવી તેવી ખુશીયાલી તેણે અનુભવી.

૩૦૯૧ ( હવે ) તેવી જ રીતે ખુશીમાં મરવાની અણી પર હતો, આ આત્મા અને કાયા મૃત્યુના કોલરથી સખત રીતે જોડાએલ છે.

૩૦૯૨ આ બત્તી દિલગીરીના શ્વાસથી બુઝાય છે, અને વળી તે આનંદના શ્વાસથી પણ મરી જાય છે, તેમ અહીં જુઓ, એક આનંદદાયક વિનોદ છે.

૩૦૯૩ તે ( માણસ ) આ બન્ને મૃત્યુઓ વચ્ચે જીવે છે, આ ( સજીવ પ્રાણી ) કે જે એક હાથકડીમાં જકડાએલ પટા સાથેનો, જે ઠેકડી કરવા જેવો પ્રસંગ છે તેને મળતો આવે છે.

૩૦૯૪ બાદશાહે પોતાના મનમાં કહ્યું " જેમ ખુશીનું કારણ હતું તેમ એક આવી દિલગીરી માલિકની અસરના પરિણામમાં પરિણમે.

૩૦૯૫ અરે, નવાઇ છે ( કે ) એક પરિસ્થિતિમાંથી તેત્રીજ ચીજ મૃત્યુ ( છે ) અને બીજી પરિસ્થિતિમાંથી જીવન અને આજીવિકામાંથી સચેત થાય છે.

૩૦૯૬ તેજ બાબત એક સંયોગના સંબધમાં વિનાશકારી છે, જ્યારે ફરીવાર બીજાના સબંધમાં રક્ષણનો ઉપાય છે.

૩૦૯૭ દૈહિક આનંદ કે જે ચાલુ દુનિયાનું છે, તેના સબંધમાં સંપૂર્ણતા છે ( પણ તે ) ખામી ભરેલું અને પાછલા અંતના દિવસ માટે નિષ્ફળતા છે.

૩૦૯૮ જ્યોતિષ પણ દુઃખ અને દિલગીરીથી રડવાને ભાવિ ઘટનાના શુકન બનતા સ્વપ્નાને એક રમુજી ટુચકો જાહેર કરે છે.

૩૦૯૯ એ આનંદી આદમી, સ્વપ્નામાં રોવાને ( ભાવિ ઘટનાના શુકનના ) અર્થ ઘટનમાં આનંદ અને ખુશી ( બતાવે છે ).

૩૧૦૦ બાદશાહ વિચારમાં લીન થયો. કહે, ખરેખર આ દિલગીરી પસાર થઈ ગઇ છે, પણ મારે આત્મા એકાદ તેવાજ બનાવ માટે શંકાશીલ બનેલ છે.

૩૧૦૧ અને જો આવો એક કાંટો મારા પગમાં ઘોંચાઈ, કે ગુલાબ રવાના થાય ( પુત્ર મરણ પામે ) તો મારે એક સંભારણાની જરૂરત હોવી જોઈએ.

૩૧૦૨ જ્યારે કે મૃત્યુનાં કારણો અસીમ છે તો આપણે કયો રસ્તો બંધ કરશું ?
૩૧૦૩ એક સો બારીઓ અને દરવાજા કહુ મોત તરફ નજર કરતા જેવા તેઓને ઉઘાડવામાં આવે છે કે અવાજ કરતા ધસે છે.
૩૧૦૪ (પણ) (દુન્યવી) દોલત માટેની લાલસા, કપટીનો કાન પેલા મૃત્યુના દરવાજાઓનો નિર્દય કચુક અવાજ સાંભળતો નથી.
૩૧૦૫ દૈહિક દ્રષ્ટિમાં વેદનાઓ દરવાજાનો અવાજ છે અને દુશ્મનોની દ્રષ્ટિએ અઘટિત વહેવાર દરવાજાનો અવાજ છે.
૩૧૦૬ મારા વ્હાલા દોસ્ત (આત્મા) એક પળ માટે વૈદક ઉપરની (બુકો) ની અનુક્રમણિકા વાંચો. બિમારીઓના બળતા ભડકાઓ તરફ નજર કરો.
૩૧૦૭ આ બધી બિમારીઓ થકી આ ઘરમાં (મૃત્યુ માટે) એક રસ્તો છે, દરેક બે ડગલે વિંછીઓ ભરેલ એક ખાડો છે.
૩૧૦૮ (બાદશાહે કહ્યું) "પવન સખત છે અને મારી બત્તી ઝાંખી બની છે, હું તેમાંથી એક બીજી બતી સળગાવીશ.
૩૧૦૯ કે જેથી કદાચ એક સંપૂર્ણ (બત્તી) જો પેલી એક બત્તી પવનથી બુજાઇ જાય તો તેઓમાંથી ઉત્પન્ન થાય.
૩૧૧૦ ત્યાગીની માફક કે જેઓ જંજાળમાંથી સ્વતંત્રતા મેળવવાની ખાતર કાયાની ખામીવાળી આ બત્તીમાંથી દિલની બતી સળગાવી છે.
૩૧૧૧ એટલા માટે કે એક દિવસે જ્યારે આ (દૈહિક બત્તી) ઓચીંતા નાશ પામે છે, ત્યારે તે પોતાની આંખ સમક્ષ આત્માની બત્તી આગળ કરે.
૩૧૧૨ તે (બાદશાહ) આ સમજ્યો નહિ, તેથી તેના બેધ્યાનપણામાં એક નાશકારક બત્તી પાસે નાશ પામતી બત્તીની માગણી કરી.

## તેની દોડનો અંત આવવાની બીકમાં બાદશાહ પોતાના પુત્ર માટે એક નવવધૂ લાવ્યો.

૩૧૧૩ (બાદશાહે પોતાના દિલમાં કહ્યું) "તો પછી તે જરૂરી છે કે તેના માટે એક નવવધુની શોધ કરવી કે જેથી આ શાદીમાંથી સંતતિ દેખાય.
૩૧૧૪ (કે જેથી) જો આ બાજ (મારો પુત્ર) મરણાધીનતાની હાલત તરફ પાછો ફરે, તેનો પુત્ર (બાજના મૃત્યુ બાદ) બાજ બને.
૩૧૧૫ (અને કે) જો આ બાજનું રૂપ અહીંથી જાય તો તેનો આંતરિક મુદ્દો તેના પુત્રમાં હૈયાત રહે.
૩૧૧૬ આના કારણે જ પેલા પ્રખ્યાત (રૂહાની) બાદશાહ હ. મુસ્તફા (ર. સ. અ.) એ કહ્યું છે, "પુત્ર તેના પિતાનું સત્વ છે.

૩૧૧૭ આના કારણે જ બધા લોકો દિલી પ્રેમથી (તેઓનો પોતાનો જ) વેપાર પોતાનાં બચ્ચાઓને શીખવે છે.

૩૧૧૮ અંતે કે આ આંતરિક મુદ્દાઓ દુનિયામાં બાકી રહે કે જ્યારે તેઓની કાયાઓ સંતાએલી બને.

૩૧૧૯ ખુદાએ પોતાના ડહાપણમાં (શીખવાની) લાયકાતવાળા તેઓ દરેક નાનાને (પણ) સાચી દીશાસુચનની તીવ્ર ઇચ્છા આપી છે.

૩૧૨૦ હું પણ, મારો વંશ ચાલુ રાખવાના ઇરાદાએ સારા સદ્‌ગુણો વાળી એક નવવધૂ મારા પુત્ર માટે શોધીશ.

૩૧૨૧ હું એક એવી કન્યાને શોધીશ કે જે ધાર્મીક માણસની સંતતિ હોય, નહિ કે સખત મુખ મુદ્રાવાળા બાદશાહની સંતતિ.

૩૧૨૨ આ ઇમાનદાર માણસ પોતેજ એક બાદશાહ છે. તે સ્વતંત્ર છે તે વિષયવાસના અને લાલસાનો કેદી નથી.

૩૧૨૩ તેઓ (લોકોએ) પેલા કેદીઓને બાદશાહનો લકબ ઉલટા ક્રમથી આપ્યું છે જેમકે પેલા સીદીનું નામ 'નાકુર' (કપુર) છે.

૩૧૨૪ લોહી પીતો (ભયંકર) ઉજ્જડ પ્રદેશ 'મફાઝ' (સલામત જગ્યા) ના નામે ઓળખાય છે, ગીધ કોઢીયા માણસને 'નેકબખ્ત' (નશીબદાર) કહી બોલાવે છે.

૩૧૨૫ તેઓએ વિષયવાસના અને ગુસ્સો અને મોટાઇના કેદીઓને 'મીર' અથવા સદરે અજલ (માનવંત શાહજાદા) તરીકે વર્ણવ્યો છે.

૩૧૨૬ પેલા નશીબના કેદીઓ, દુનિયાભરના ગીધડાને ઘણા જ માનવંતા અમીરોનો લકબ આપવામાં આવ્યો છે.

૩૧૨૭ તેઓ (સદર) ઊંચા આસનવાળા કહીને બોલાવે છે, જેનો આત્મા પરસાળમાં નીચે રખાયો છે એટલે કે (દુન્યવી) સત્તા અને દોલત.

૩૧૨૮ જ્યારે બાદશાહે એક ત્યાગી સાથે સબંધ પસંદ કર્યો, આ સમાચાર (તેની) સ્રીઓના કાનો પર આવ્યા.

**બાદશાહનું પોતાના પુત્ર માટે એક ગરીબ ત્યાગીની પુત્રીને પસંદ કરવું અને ઝનાનાની સ્રીઓએ દરવીશ સાથેના સંબંધમાં વાંધાઓ અને નાપસંદગી બતાવવી.**

૩૧૨૯ સમજણની ખામી અંગે શાહજાદાની માતાએ કહ્યું, "સમજણ અને રીતરીવાજની રૂએ દરજ્જાની સમાનતા આવશ્યક છે.

૩૧૩૦ તમો કૃપણતા અને કંજુસાઇ અને ચતુરાઇપણે એક ભિખારી સાથે આપણો સબંધ બાંધો છો.

૩૧૩૧ તેણે (બાદશાહે) કહ્યું "ઇમાનદાર આદમીને ભિખારી કહેવો તે ખોટું છે કારણ કે ખુદાની દયાના કારણે રૂહાની રીતે તે માલદાર છે."

૩૧૩૨ તે ભક્તિભાવના કારણે સુખમાં આશરો લ્યે છે, નહિ કે ભિખારીની માફક કંગાળપણા અને આળસુપણાના કારણે.

૩૧૩૩ સંતોષ અને ભક્તિભાવમાંથી જે ગરીબાઇ ઉત્પન્ન થાય છે તે નીચતાની એછત અને ગરીબાઇમાંથી સર્વથા ભિન્ન છે.

૩૧૩૪ જો પેલો એક (ભિખારી) એકાદ સિક્કો મેળવે છે તો તે પોતાનું માથું નમાવે છે જ્યારે આ એક (ઇમાનદાર માણસ) તેની મહાન ઉત્કટ ઇચ્છામાં સોનાના ખજાનામાંથી પાછો હટે છે.

૩૧૩૫ રાજા કે જે કંજુસાઇમાં દરેક 'હરામ' ચીજ પોતા માટે લઇ લ્યે છે, ઉમદા અંતઃકરણવાળો માણસ તેને એક ભિખારી કહીને બોલાવે છે.

૩૧૩૬ તેણી (શાહજાદાની માએ) કહ્યું, "તેનાં શહેરો અને કિલ્લાઓ શાદીની તૈયારી માટે કયાં છે? અથવા સોનાના સિક્કાઓ અને જવાહીરો વેરવા માટેનાં (સાધનો તેની પાસે કયાં છે)?

૩૧૩૭ તેણે (બાદશાહે) કહ્યું, "દૂર જા, જે કોઇ ધર્મ માટે કાળજી રાખવાનું પસંદ કરે છે. ખુદા તેનામાંથી બાકીની બધી વ્યાધિઓ કાપી નાખે છે.

૩૧૩૮ બાદશાહે સરસાઇ મેળવી અને સારા સ્વભાવવાળી એક કુંવારકા તેને (પોતાના પુત્રને) (શાદીમાં) આપી.

૩૧૩૯ ખરેખર, ખૂબસુરતીમાં તેની કોઇ હરીફ ન હતી, તેણીનો ચહેરો સવારના સૂર્ય કરતાં વધુ પ્રકાશિત હતો.

૩૧૪૦ કુંવારકાની આવી (સરસ) ખૂબસુરતી હતી, અને તેણીના સદ્ગુણો એવા હતા કે તેમની ઉત્તમતાના કારણે તે કાંઈ વર્ણન કરતાં વર્ણવી ન શકાય તેવા હતા.

૩૧૪૧ મઝહબને તારો શિકાર બનાવ કે બદલામાં (તને) ખૂબસુરતી અને દોલત અને સત્તા અને આગળ વધવાનું સદ્કિસ્મત મળે.

૩૧૪૨ જાણ કે માલિકીની બાબતમાં પેલી દુનિયા ઊંટોની કતારો માફક છે. ચાલુ દુનિયા (ઉંટના) વાળ અને વિષ્ઠા માફક તેનું સરળ અનુમાન છે.

૩૧૪૩ (જો) તમો વાળ પસંદ કરશો, ઉંટ તમારો બનશે નહિ અને જો ઉંટ તમારો બને તો પછી વાળની શી કિંમત?

૩૧૪૪ જ્યારે વાદવિવાદ વગરના ઇમાનદાર લોકોના કુટુંબ સાથે શાદીની (વિધિઓ) બાદશાહે (સફળ રીતે હાથ ધરી).

૩૧૪૫ ત્યારે (દૈવી) ભાવી અંગે એક હલકટ જાદુગરણી વૃદ્ધા કે જે ખૂબસુરત અને ઉદાર શાહજાદા સાથે પ્રેમમાં હતી.

૩૧૪૬ કાબુલની એક ઘરડી સ્ત્રીએ મેલી વિદ્યાથી તેના ઉપર જાદુ કર્યો, કે જેના માટે બાબીલોનનો જાદુ પણ અદેખો બન્યો હોત.

૩૧૪૭ શાહજાદો આ બદસુરત ડાકણ સાથે પ્રેમમાં પડ્યો કે જેથી તેણે પોતાની નવવધુ અને શાદી છોડી દીધાં.

૩૧૪૮ એક કાળા સેતાન અને કાબુલની સ્ત્રીએ શાહજાદાનો રસ્તો રૂંધ્યો.

૩૧૪૯ પેલી દુર્ગંધ મારતી નેવું વર્ષની ઘરડી ડાકણે શાહજાદા પાસે ડહાપણ કે સમજણ રહેવા દીધી નહિ.

૩૧૫૦ એક આખા વર્ષ માટે શાહજાદો બંદીવાન હતો, ડાકણના બુટનું તળીયું તેને માટે ચુંબનો કરવાની જગ્યા હતી.

૩૧૫૧ ડાકણ સાથેનો સંબંધ તેને ખાઈ જતો હતો, આમ ઘસાઇ જવા અંગે (તેનામાં) (માત્ર) અર્ધો જીવ જ બાકી રહ્યો હતો.

૩૧૫૨ બીજાઓને પોતાની નબળાઇઓ અંગે માથાનો દુઃખાવો જ માત્ર હતો (જ્યારે) તેને, જાદુની અસરની બેહોશીમાં પોતાનું ભાન જ ભૂલ્યો હતો.

૩૧૫૩ આ દુનિયા બાદશાહ માટે એક જેલ જેવી બની હતી. જ્યારે આ (તેનો) પુત્ર તેઓનાં આંસુ તરફ હસતો હતો.

૩૧૫૪ બાદશાહ (પોતાના પુત્રને બચાવવાની) લડતમાં ખૂબ જ નિરાશ બન્યો હતો, રાત્રિ દિવસ તે કુરબાની અને સખાવતો કરતો હતો.

૩૧૫૫ કારણ કે જે જે ઇલાજો તેનો બાપ અજમાવતો હતો, (પુત્રનો) પ્રેમ પેલી ડાકણ માટે હંમેશાં વધતો જતો હતો.

૩૧૫૬ પછી તેને સ્પષ્ટ થયું કે તે (વિમૂઢતા સંપૂર્ણ રીતે એક (દૈવી) રહસ્ય હતું અને તે પછી તેનો એક માત્ર ઉપાય (ખુદા પાસે) યાચના હતું.

૩૧૫૭ તે બંદગીમાં પોતાને સિજદામાં નાખતો હતો. કહે, હુકમ કરવો તે તારા માટે બંધબેસતો છે, માત્ર ખુદા જ ખુદાની બાદશાહી ઉપર હુકમ કરવાનો અધિકારી છે.

૩૧૫૮ પણ આ ગરીબ દુઃખી કુંવારકા લાકડાની માફક બળતી હતી, "તેનો હાથ પકડ (મદદ લે), ઓ દયાળુ અને પ્રેમાળ!"

૩૧૫૯ (તેણે આવી રીતે પ્રાર્થના કરી) "ઓ માલિક, ઓ માલિક, અને બાદશાહના આકદે, રસ્તા ઉપરથી જાદુનો ઉસ્તાદ તેની હજુરમાં આવ્યો.

## કાબુલના જાદુમાંથી તેના પુત્રની મુક્તિ માટેની બાદશાહની પ્રાર્થના સ્વીકારાણી તે વિષે.

૩૧૬૦ તેણે ઘણા દુરથી સમાચાર સાંભળ્યા હતા કે પેલા છોકરાને પેલી એક ઘરડી સ્ત્રીથી કેદી બનાવવામાં આવ્યો હતો.

૩૧૬૧ એક ખખડી ગએલ વૃદ્ધા કે જે જાદુમાં બિનહરિફ હતી અને સમાનતા અને દ્રીતપણામાં સલામત બની હતી.

૩૧૬૨ ઓ યુવાન, "હાથ ઉપર હાથ હુશિયારી અને શક્તિમાં ખુદાનો સત્ય સુધી છે.

૩૧૬૩ (બધા) હાથોનો આખરી છેડો ખુદામાં છે બધાં વાવાઝોડાંનો છે. આખરી અંત બેશક સમુદ્ર છે.

૩૧૬૪ તેમાંથી વાદળાંઓ પોતાનું અસલ લ્યે છે અને તેમાં જ વાવાઝોડાનો અંત આવે છે.

૩૧૬૫ બાદશાહે પોતાના મનમાં કહ્યું, "આ છોકરો કાબુની બહાર ગયો છે. (પોતાની સમજણો ગુમાવી છે). તેણે (જાદુના ઉસ્તાદે) કહ્યું, "તમો જુઓ કે હું શક્તિશાળી ઇલાજ સાથે આવ્યો છું.

૩૧૬૬ આ જાદુગરોમાંનો કોઇ મારા સિવાય આ ઘરડી સ્ત્રીની બરોબરીઓ નથી. કે જે પરોપકારી પેલી પારથી આવી પહોંચ્યો છે.

૩૧૬૭ અરે, પેદા કરનારના હુકમના આધારે હ. મુસા (અ. સ.)ના હાથની માફક તેણીના જાદુનો સંપૂર્ણપણે નાશ કરીશ.

૩૧૬૮ કારણ કે મારા માટે આ જ્ઞાન પેલી પારના પ્રદેશમાંથી આવ્યું છે, નહિ કે જે સસ્તું દેખાય છે તેવી સ્કુલના જાદુમાંથી આવ્યું હોય.

૩૧૬૯ હું તેણીનો જાદુ ખુલ્લો કરવા આવ્યો છું, કે જેથી શાહજાદો ફિક્કા ચહેરાનો રહેવા ન પામે.

૩૧૭૦ પ્રભાત પહેલાં ખાણાના વખતે કબ્રસ્તાને જાઓ. દિવાલની પાસે એક સફેદ કબર છે.

૩૧૭૧ કિલ્લાની દિશામાં પેલી જગ્યાએ ખોદજો કે જેથી તમો ખુદાનું કાર્ય અને શક્તિ નિહાળો.

૩૧૭૨ આ વાત બહુ લાંબી છે, અને તમો (ઓ વાંચનાર) થાકેલા છો, હું તેનું સત્ય જ રજુ કરીશ. હું જે બિનજરૂરી છે તે ઓછી કરીશ.

૩૧૭૩ તેણે (જાદુના ઉસ્તાદે) પેલા ભારે મંત્રોને ઉખેડી નાખ્યા, પછી તેણે બાદશાહના છોકરાને તકલીફમાંથી મુક્ત થવાનો માર્ગ મોકળો કર્યો.

૩૧૭૪ છોકરો શુદ્ધીમાં આવ્યો અને એકસો મુશ્કેલીઓ સહીત તે બાદશાહના તખ્ત તરફ દોડતો ગયો.

૩૧૭૫ તેણે સિજદો કર્યો અને જમીન ઉપર પોતાની હડપથી પછાડતો હતો, છોકરાએ પોતાના હાથમાં એક તલવાર અને ફક્ત પકડયો હતો.

૩૧૭૬ બાદશાહે શહેરને શણગારવાનો હુકમ કર્યો અને શહેરીઓ આશા રહિત અને અને નિરાશ બનેલી નવવધૂએ આનંદ કર્યો.

૩૧૭૭ આખી (દુનિયા) ફરી એકવાર પુનર્જીવન પામી અને પ્રકાશથી ભરાઇ ગઇ (લોકોએ કહ્યું) અરે, (દિલગીરીના) દિવસ અને આજ વચ્ચે કેવો અજાયબ ફેરફાર છે.

૩૧૭૮ બાદશાહે એક એવી ( ભવ્ય ) મિજબાની તેના માટે આપી કે સાકરનું શરબત કૂતરાઓ આગળ પણ ( ધરવામાં આવ્યું ).

૩૧૭૯ ઘરડી જાદુગરણ સંતાપમાં મરણ પામી અને પોતાનો ભયંકર ચહેરો અને પ્રકૃતિ દોજખના રખેવાળને સુપ્રદ કરી.

૩૧૮૦ શાહજાદો અજાયબીમાં ગરકાવ થયો ( તેણે પોતાના મનમાં કહ્યું.), તેણી મારી સમજણ અને દ્રષ્ટિને કેમ લુંટી ગઇ?

૩૧૮૧ તેણે નવી પરણેલી નવવધુને ખુબસુરત ચંદ્રમા જેવી નિહાળી. કે જેણીએ ખુબસુરતીના રસ્તા ઉપર બીજી બધી ખુબસુરતી ઉપર ધરણુ નાખ્યું હતું.

૩૧૮૨ તે બેભાન બન્યો અને પોતાના માથાભર પડયો, ત્રણ દિવસ સુધી દિલ ( ભાન ) તેની કાયામાંથી અદ્રષ્ય થયું.

૩૧૮૩ ત્રણ દિવસો અને ત્રણ રાત્રીઓ તે પોતાનામાં બેભાન બન્યો કે જેથી લોકો તેની મૂર્છા અંગે ચિંતામાં પડયા.

૩૧૮૪ ગુલાબજળ અને ( બીજા ) ઉપાયોથી તે ( ફરીવાર ) ભાનમાં આવ્યો, ( ફરી એક વાર ) ભલું અને બુરૂં થોડું થોડું તે સમજી શકતો હતો.

૩૧૮૫ એકાદ વર્ષ બાદ બાદશાહે તેની સાથેની વાતચીતમાં રમુજપુર્વક કહ્યું, " ઓ પુત્ર, ( તારા ) એ જુના દોસ્તને પણ યાદ કર."

૩૧૮૬ પેલી પથારી અને પથારીના સાથી વિષે વિચાર કર, આટલો બધો સખત અને બેવિશ્વાસુ બન નહિ.

૩૧૮૭ તેણે કહ્યું, " જાઓ, જાઓ. આનંદનું સ્થળ મળી આવ્યું છે. વ્યથાના રહેઠાણના ખાડામાંથી હું મુક્ત બન્યો છું.

૩૧૮૮ ત પણ આમજ છે, સાચા ઈમાનદારને " ખુદાના નૂર " તરફ રસ્તો મળી ગયો છે. તે પોતાનો ચહેરો ( આ દુનિયાના ) અંધારામાંથી હટાવી લ્યે છે.

**હ. આદમ ( અ. સ. ) ખુદાના પ્રતિનિધિની ઓલાદ, ઈન્સાન શાહજાદો છે કે જેઓને ફિરસ્તાઓ પ્રાર્થનામાં સિજદો કરતા હતા, અને કે કાબુલની ઘરડી ડાકણ તે દુનિયા છે કે જે માણસને જાદુ અંગે પોતાના પિતાથી જુદો કરે છે. જ્યારે પયગમ્બરો અને ઇમામો હકીમ જેવા છે કે જેઓ ચિકિત્સા કરે છે.**

૩૧૮૯ ઓ ભાઈ જાણ કે તું જુની દુનિયામાં નવો જન્મેલો શાહજાદો છે.

૩૧૯૦ કાબુલનો જાદુ આ દુનિયાને કે જે માણસને રંગ અને સુગંધ તરફ કેદી બનાવે છે.

૩૧૯૧ જ્યારે કે તેણીએ તને આ ગંધાતા ઝરામાં ફેંકયો છે, ચાલુ રીતે ( શબ્દો ) ઉચ્ચાર અને બોલ્યા કર, "કહે, હું પનાહ લઉં છું."

૩૧૯૨ એટલા માટે કે તને આ જાદુપણામાંથી અને આ તકલીફમાંથી મુક્ત બનાવાય.
"પ્રભાતના માલિક"થી માગ કે જેથી તું કહે કે "હું પનાહ લઉં છું".

૩૧૯૩ હ. પયગમ્બર સાહેબે આ તારી દુનિયાને જાદુગર કહી છે, કારણ કે તેણીના મંત્રો
થકી તેણી માણસ જાતને ખાડાને સોંપે છે.

૩૧૯૪ ખબરદાર ! દુર્ગંધ મારતી ડોસી પાસે સમર્થ મંત્રો છે. તેણીના ગરમ શ્વાસે
બાદશાહોને કેદી બનાવ્યા છે.

૩૧૯૫ તેણી (એવી) જાદુગરણી છે કે જે (તારા) દિલમાં ગાંઠો ફૂંકે છે. તેણી જાદુની
ગાંઠો ટકાવી રાખવા (નું સાધન) છે.

૩૧૯૬ જાદુગરણી (કે જે) દુનિયા છે, એક શક્તિશાળી લુચ્ચી સ્ત્રી છે. ગીધડાની શક્તિમાં
નથી કે તેણીના જાદુમાંથી છૂટી શકે,

૩૧૯૭ અને (જો) (માણસની) સમજણ આ ગોંઠને છોડી શકે તો ખુદા પયગમ્બરોને
કેવી રીતે મોકલાવે ?

૩૧૯૮ સાંભળ, તે કે જેનો શ્વાસોચ્છવાસ પવિત્ર છે તેને શોધ, ગાંઠોનો છોડનાર એક
કે જે "ખુદા પોતે જે ધારે છે તે તે કરે છે" તેનું ગુઢાર્થ જાણે છે.

૩૧૯૯ તેણી (દુનિયાએ) તને તેણીની જાળમાં એક મચ્છીની માફક કેદ કરેલ છે, શાહજાદો
(ત્યાં) એક વર્ષ રહ્યા અને તું સાઠ (વર્ષ).

૩૨૦૦ તેણીની જાળમાં ફસાએલો તું સાઠ વર્ષથી તકલીફમાં છે. તું સુખી પણ નથી અને
પ્રણાલીકાના રસ્તામાં (તું ચાલતો પણ નથી).

૩૨૦૧ તમો એક કંગાળ અવિશ્વાસુ માણુસ છો, નથી તમારી દુન્યવી જીંદગી સુખી કે
નથી પાપ અને ગુન્હામાંથી તમોએ મુક્તિ મેળવી.

૩૨૦૨ તેણીના (દુન્યાના) શ્વાસોચ્છવાસે આ ગાંઠો મજબુત બતાવી છે. તે પછી અજોડ
પેદા કરનારનો શ્વાસોચ્છવાસ શોધ.

૩૨૦૩ એટલા માટે કે "મેં મારો આત્મા તેની અંદર દાખલ કર્યો." કદાચ આં (જાદુ)-
માંથી તને મુક્ત કરે અને (તને) કહે "ઉપર આવ"

૩૨૦૪ જાદુની લહરી ખુદની લહરી સિવાય ખલાસ થતી નથી. આ (આગલી) (દૈવી)
કોપની લહરી છે. (જ્યારે) તે (પાછલી) વાયુ (દૈવી) પ્રેમની લહરી છે,

૩૨૦૫ તેની દયા તેના કોપ ઉપર સરસાઈ ભોગવે છે (જો) તું (રૂહાનીયત દરજ્જામાં)
પવિત્રતા ઇચ્છે છે તો, જીઓ અને પેલો સદ્ગુણ જે સરસાઈ ભોગવે છે તેને શોધો.

૩૨૦૬ કે તમો આત્માઓ કે જેઓ જોડાએલા છે તેમાં દાખલ થાઓ, કારણ કે અરે, ઓ
મંત્રાએલા શાહજાદા, તારા છીંકવાનો આ એક જ રસ્તો છે.

૩૨૦૭ જ્યાં સુધી આ ઘરડી સ્ત્રી (દુનિયાની) હસ્તિ છે ત્યાં સુધી (આ ગાંઠો) છોડવી
અશક્ય છે. (જ્યારે કે તું) જાળમાં છે અને પેલી નખરાંઓથી ભરેલીના હાથમાં છો.

૩૨૦૮ લોકોની બતીએ ( હે પયગમ્બર સાહેબ ) આ દુનિયા અને પેલી દુનિયાને શું બે શોક એક ( જ ધણીની સ્ત્રીઓ ) કહી નથી બોલાવી? ( કે જેઓ એક બીજી સાથે રોજ લડયાં કરે છે )

૩૨૦૯ તેથી આ દુનિયા સાથેનું જોડાણ પેલી ( દુનિયાથી ) છુટું પડવું છે, કાયાની આ તંદુરસ્તી આત્માની બિમારી છે.

૩૨૧૦ આ બદલાતા રહેઠાણથી છુટું પડવું એ ( બહુ ) સખત છે. આ પછી જાણ કે પેલા કાયમી રહેઠાણથી છુટું પડવું તે વધુ સખત છે.

૩૨૧૧ જ્યારે કે રૂપથી જુદું પડવું તે તારા માટે સખત છે તો પછી તેના બનાવનારથી છુટા બનવું તે કેવું સખત હોવું જોઇએ.

૩૨૧૨ ઓ તું કે જેને આ દુષ્ટ દુનિયાના કાર્ય વગર ધીરજ નથી, તો પછી ઓ દોસ્ત, ખુદા સિવાય કાર્ય કરવાની ધીરજ કેમ છે?

૩૨૧૩ જ્યારે કે તને આ કાળા પાણી વગર ચલાવવાની ધીરજ નથી તો ખુદાના (પવિત્ર) ઝરા વગર ચલાવવાની ધીરજ કયાંથી હોય?

૩૨૧૪ તું આ ( દુન્યવી ) પીણા વગર બેચેન છો તો પછી ઇમાનદારોમાંથી શાંતિથી દુર કેમ રહે છે? અને " તેઓ પીશે " માંથી ( પણ ).

૩૨૧૫ જો એક પળ માટે તું "હૈયાત એક"ની ખુબસુરતી નિહાળે અને તારા આત્મા અને અસ્તિત્વને ( પ્રેમના ) અગ્નિમાં ફગાવે.

૩૨૧૬ તો ત્યારબાદ તું આ ( દુન્યવી ) પીણાને એક હાડપિંજર માફક જોઇશ, જ્યારે તું ( તેનામાં ) કિર્તી અને નજદીકીની ભવ્યતા જોઇશ.

૩૨૧૭ ત્યારે શાહજાદાની માફક તું તારા પ્રિતમમાં સમાઈ જઇશ, પછી તું ખુદીનો કાંટો તારા પગમાંથી કાઢી નાખીશ.

૩૨૧૮ બેખુદી માટે તનતોડ મહેનત કર, તારૂં ( સત્ય ) પોતાપણું જેમ બને તેમ જલ્દી શોધ અને ખરો રસ્તો માત્ર ખુદાજ જાણે છે.

૩૨૧૯ ધ્યાન રાખજે, ખુદીમાં બંધાતો નહિ, એક ગધેડાની માફક હંમેશા પાણી અને કાદવમાં પડતો બડતો નહિ.

૩૨૨૦ પેલું ગોથા ખાવું ટુંકી દ્રષ્ટિમાંથી આવે છે, કારણ કે ( આવો એક ) એક આંધળા માણસની માફક ઉતરાણ અને ચઢાણ જોતા નથી.

૩૨૨૧ યુસુફના પહેરણની સુવાસને તારૂં દોરડું બનાવ કારણ કે તેની સુવાસ આંખને ચોકખી બનાવે છે.

૩૨૨૨ ગુપ્ત રૂપ અને તે કપાળના 'નૂરે' પયગમ્બરોની આંખોને અદ્રષ્ય જોતી બનાવી છે.

૩૨૨૩ પેલા ચહેરા (ઈમામે મુબીં) નું નૂર અગ્નિમાંથી તમે મુક્તિ અપાવશે, સાંભળ, ઉછીના નૂરથી સંતોષી ન બનતો.

૩૨૨૪ આ (ઉછીનો) પ્રકાશ આંખને તે કે જે ક્ષણિક છે તેને જોતી બનાવે છે. તે કાયાને અને મનને અને આત્માને હલકટ (બિમાર) બનાવે છે.

૩૨૨૫ તેને પ્રકાશનો દેખાવ છે પણ વાસ્તવમાં તે અગ્નિ છે, જો તું (સત્ય) પ્રકાશ પામવા ઇચ્છતો હો તો તારા હાથો તેનાથી ઉપાડી લેજે.

૩૨૨૬ આંખ અને આત્મા જે (માત્ર) અલ્પકાલિક જુએ છે, તે જ્યાં જ્યાં પણ જાય છે ત્યાં તે ચાલુ રીતે માથા ભરપડે છે.

૩૨૨૭ એક દીર્ઘદ્રષ્ટિવાળો માણસ કે જેને જ્ઞાનની ખામી છે, કદાચ દુર જુએ (એકાદ તેના જેવો) સ્વપ્નામાંના દુરદર્શી.

૩૨૨૮ તમો નદીના કિનારે હોઠો બંધ કરેલા સુતા છો અને (સ્વપ્નામાં) તમો ઝાંઝવાના જળ તરફ પાણીની શોધમાં દોડો છો.

૩૨૨૯ તમો ઝાંઝવાનું જળ દુર દુર જુઓ છો અને (તેના તરફ) દોડો છે. તમો તમારી પોતાની દ્રષ્ટિથી પ્યારમાં પડો છો.

૩૨૩૦ તમો સ્વપ્નામાં તમારા દોસ્ત પાસે શેખી કરો છો, કહો છો, હું એક (એવો) છું કે જેનું દિલ "દિદાર" મેળવે છે અને (હું) એક છું કે પડદો ચીરૂં છું.

૩૨૩૧ અને હું પેલી પાર પાણી જોઉં છું, ઉતાવળ કરો કે આપણે ત્યાં પહોંચીએ, અને તે માત્ર ઝાંઝવાનું જળ છે.

૩૨૩૨ તમો દરેક પગલે પાણીથી વધુ દુર હટો છો જ્યારે તમો વિનાશક પાણી તરફ દોડયો રાખો છો.

૩૨૩૩ તમારૂં રવાના થવું જ તમારી અટકાયત બની છે (જે) આ (જોવામાંથી) અટકાવે છે જે તમારી નજદીક આવેલ છે.

૩૨૩૪ અરે, કેટલીય જગ્યા કે જ્યાં તેઓની શોધતી વસ્તુ (મળવાની છે) ત્યાંથી કોઈ બીજી જગ્યાએ શોધવા નીકળી પડે છે.

૩૨૩૫ ઉંઘનારની દીર્ઘદ્રષ્ટિ અને શેખી કાંઈ કામની નથી, તે માત્ર આભાસ સિવાય બીજું કંઈ નથી, તેનાથી દુર જ રહેજે.

૩૨૩૬ તું ઉંઘણસી છો, પણ રસ્તો છોડી દે નહિ અને બીજી જગ્યાએ ઊંઘ ખુદાની ખાતર, ખુદાની ખાતર, ખુદાના રસ્તે ઉંઘ.

૩૨૩૭ કે જેથી બનવા જોગ છે કે (તે રસ્તા ઉપરનો) મુસાફર (રાહનુમા) ખુદ તારી પાસે આવે અને ગાઢ નિદ્રાના આભાસોમાંથી તને મુક્ત કરે.

૩૨૩૮ જો ઉંઘનારના વિચાર એક વાળ જેવા રહસ્યમય બને તો પણ તે રહસ્યમય રીતથી રહેઠાણનો રસ્તો શોધશે નહિ.

૩૨૩૯ ભલે પછી ઉંઘનારનો વિચાર બેવડો કે ત્રેવડો હોય છતાં તે ભુલ ઉપર ભુલ ઉપર ભુલાવે.

૩૨૪૦ મોજાંઓ અંકુશ વગર તેનાં ઉપર અથડાય છે (જ્યારે કે) તે ગાઢ વેરાનમાં દોડતો (શારિરીક) ઉંઘ ખેંચતો હોય છે.

૩૨૪૧ ઉંઘનાર તરસની સખત પીડાઓનું સ્વપ્નું જુએ છે (જ્યારે) પાણી "ગળાની ધોરી નસથી વધુ નજદીક" છે.

**એક ત્યાગી કે જે પોતાની અને પોતાનાં સંખ્યાબંધ કુટુંબીઓની કંગાલિયત હોવા છતાં પણ દુષ્કાળના વર્ષમાં આનંદ કરતો અને હસતો હતો જ્યારે લોકો ભૂખથી મરતા હતા, તેઓએ તેને કહ્યું, "આનંદ કરવાનો શું પ્રસંગ છે? આ તો એક સો રૂદનો કરવાનો પ્રસંગ છે." તેણે જવાબ આપ્યો, કોઈપણ રીતે મારા માટે તેમ નથી."**

૩૨૪૨ જેમ દાખલા તરીકે પેલો ત્યાગી દુષ્કાળના વરસમાં હસતો હતો જ્યારે તેના બધા (લોકો) રોતા હતા.

૩૨૪૩ તેથી તેઓએ તેને કહ્યું "હસવા માટે કયો પ્રસંગ છે, (જ્યારે કે) દુષ્કાળે સાચા ઈમાનદારોનો નાશ કર્યો છે?

૩૨૪૪ (દૈવી) દયાએ અમારા તરફ પોતાની આંખો મીંચી દીધી છે. ખુલ્લી સપાટ જમીન ભયંકર સુર્યે બાળી નાખી છે.

૩૨૪૫ અનાજનો પાક અને દ્રાક્ષવાડીઓ અને દ્રાક્ષાસવો કાળા બની ઉભા છે, જમીનમાં ઉપર કે નીચે ભિનાશ જ નથી.

૩૨૪૬ લોકો પાણીથી દુર બનેલી મચ્છીની માફક હજારો આ દુષ્કાળ અને માનસિક ત્રાસથી મરે છે.

૩૨૪૭ ઈમાનદારો ઉપર તમોને જરાય દયા આવતી નથી (છતાં) સાચા ઈમાનદારો, સગાં વહાલાં અને ગોસ અને ચરબીની એક જ કાયા છે.

૩૨૪૮ કાયાના એક ભાગનું દર્દ એ (તેના) બધા ભાગોનું દર્દ છે, પછી ભલે તે લડાઈનો વખત હોય કે સુલેહનો.

૩૨૪૯ તેણે (ત્યાગીએ) જવાબ આપ્યો, "તમારી આંખમાં આ દુકાળ છે (પણ) મારી દ્રષ્ટિમાં આ દુનિયા બહિશ્ત માફક છે.

૩૨૫૦ હું દરેક જંગલ અને જગ્યામાં મારી કમર સુધી પહોંચતા પુષ્કળ અનાજના છોડવાઓ જોઉં છું.

૩૨૫૧ (હું) જંગલ અનાજના દાણાઓથી ભરપુર, પુર્વના પવનથી હિલોળા ખાતા 'લીક' ની શાકભાજીથી વધુ લીલા (જોઉં છું).

૩૨૫૨ હું ચકાસણી કરવાની ખાતર તેના ઉપર મારો હાથ મુકું છું. હું મારો હાથ એને આંખ કેમ હટાવું?

૩૨૫૩ તમો ફિરઔનના દોસ્તો છો (કે જે) કાર્યા છે, એ આમ આદમીઓ, જ્યારે કે તમોને નાઈલ નદી લોહી બનેલી જુઓ છો.

૩૨૫૪ જલ્દીથી મુસાના દોસ્ત બનો (કે જે) વિવેકબુદ્ધિ છે, એટલા માટે કે લોહી રહેવાં ન પામે અને તમો નદીનું પાણી નિરખો.

૩૨૫૫ (જો) એક અન્યાય તારા તરફથી આચરેલો તારા પિતા તરફનો બને તો તે બાપ તમારી આંખોમાં એક (કરડતા) કુતરા માફક બને.

૩૨૫૬ તે બાપ કાંઈ કુતરો નથી. તે તમારા અન્યાયની અસર છે કે આવી દયો તારી નજરમાં એક કુતરા જેવી દેખાય.

૩૨૫૭ જ્યારે કે હ. યુસુફ (અ. સ.)ના ભાઈઓને અદેખાઈ અને ગુસ્સો હતો ત્યારે તેઓ હ. યુસુફ (અ. સ.) ને વરૂ જેવા ગણતા હતા.

૩૨૫૮ યારે તમોએ તમારા પિતા સાથે સુલેહ કરી છે, ત્યારે ગુસ્સો ચાલ્યો જાય છે, પેલી હલકાઇ રવાના થાય છે અને તારો પિતા તુર્તજ તારો દોસ્ત બને છે.

આખી દુનિયા એ સાર્વત્રિકનું રૂપ છે (અને કે) જ્યારે દુષ્કૃત્ય કરતાં તમો સાર્વનિક પ્રયોજન તરફ અન્યાયથી વર્તો છો, ઘણીખરી બાબતોમાં દુન્યવી પરિસ્થિતિ તમારો સંતાપ વધારે છે, દાખલા તરીકે જ્યારે તમો તમારા પિતા તરફ હલકી નજરે જુઓ છો ત્યારે તમારા પિતાની પરિસ્થિતિ તમારો સંતાપ વધારેઃછે અને તમો તેના ચહેરા તરફ જોવાનું સહન કરી શકતા નથી. જો કે તે પહેલાં તમારા આત્મા માટેની રાહત અને તમારી આંખનો પ્રકાશ બની શકયા હોત, તે સમજાવવું.

૩૨૫૯ આખી દુનિયા સાર્વત્રિક પ્રયોજનનું રૂપ છે કે જે (દૈવી) શબ્દના અનુયાયીનો પિતા છે.

૩૨૬૦ જ્યારે હરકોઇ પણ સાર્વત્રિક પ્રયોજન તરફ વધારે પડતું અનુપકારીપણું બતાવે છે, ત્યારે હલકા કુતરા જેવું દેખાય છે.

૩૨૬૧ આ પિતા સાથે સુલેહથી રહે, બેફરમાની છોડી દે, કે જેથી પાણી અને માટી (દુનિયા) તને સોનાનાં ગાલીચા દેખાય.

૩૨૬૨ પછી તારી ચાલુ હાલત (તાત્કાલીક અનુભવ) કયામત બનશે. જમીન અને આસમાન તારી સમક્ષ પરિવર્તન પામતાં બનશે.

૩૨૬૩ જ્યારે કે હું મારા પિતા સાથે હમેશાં શાંતીમાં છું. મારી દ્રષ્ટિમાં આ દુનિયા સ્વર્ગ માફક છે.

મ. ભા. ૪-૬૭

૩૨૬૪ દરેક પળે એક નવું રૂપ દેખાય છે, જેથી નવાં (પારલૌકિક દ્રશ્યો) જોતાં ગ્લાનિ ચાલી જાય છે.

૩૨૬૫ હું દુનિયાને દાન પ્રદાનથી ભરપુર ભરેલી, ઝરાઓમાંથી ચાલુ ધસતાં પાણીના પ્રવાહો.

૩૨૬૬ તેઓના પાણીના અવાજો મારા કાનમાં આવી રહ્યા છે, મારૂં આંતરિક મન અને સમજણ નશાબાજ બન્યાં છે.

૩૨૬૭ (હું) ડાળીઓને (ગુઢાર્થ જ્ઞાન સમજનારાની) માફક નાચતી જોઉં છું. પાંદડાંઓ સંગીતકારોની માફક પોતાના હાથથી તાલીઓ પાડે છે.

૩૨૬૮ આરસીનાં તેજ–કિરણ બાંધેલા પડદામાંથી ચમકારા કરે છે, જો આરસી (પોતે જ) દ્રષ્યમાન બને તો શું બને તે ધારી લે.

૩૨૬૯ હું હજારો ગુઢાર્થમાંથી એક પણ કહી રહ્યો નથી, કારણ કે દરેક કાન એક શંકાથી ભરેલો છે.

૩૨૭૦ આ (મારા) કહેવાનો ભાવાર્થ (માત્ર) (ભવિષ્યને સ્પર્શતું) એક આનંદી જાહેરાત જ છે, (પણ) વિવેકબુદ્ધિ કહે છે, જાહેરાત માટેનો આ કયો (પ્રસંગ) છે, તે મારો (ખરેખરો ચાલુ અનુભવ) છે.

**ઉઝાયરના પુત્રોની કહાણી કે જેઓ તેઓનો (ખરેખરો) પિતા હતો, તેની પાસેથી પોતાના પિતા વિષે તપાસ કરતા હતા, તેણે જવાબ આપ્યો, "હા, મેં તેમને જોયા છે, તે આવે છે, તેમનામાંના કેટલાકે તેઓને ઓળખી કાઢયા અને બેભાન બન્યા, (જ્યારે) બીજાઓ તેમને ઓળખી શકયા નહિ, અને કહ્યું "તેમણે માત્ર (આપણા પિતા આવે છે) તે જ જાહેર કર્યું (તો પછી) આ બેભાનપણું શાનું છે?"**

૩૨૭૧ (આ મુદ્દો) પેલા એક ઉઝાયરનાં પુત્રોના (મુદ્દા) જેવો છે કે જેઓ પોતાના પિતાના સમાચારો પૂછતા સરીયામ રસ્તામાં આવ્યા.

૩૨૭૨ તેઓ વૃદ્ધ બન્યા હતા જ્યારે તેઓનો પિતા યુવાન બનાવાયો હતો. પછી ઓચીંતાના તેઓનો પિતા તેઓને મળ્યો.

૩૨૭૩ તેથી તેઓએ તેની પૃછા કરી, કહીને, ઓ વટેમાર્ગું, અમને સંશય છે કે કદાચ તમોને અમારા ઉઝાયરના સમાચાર હોય.

૩૨૭૪ કારણ કે કોઇએ અમોને કહ્યું છે કે આજે પેલા (મહાન) સત્તાધારી માણસ બહારથી અહીં આવી પહોંચશે જ્યારે કે અમોએ (તેને જોવાની) આશા છોડી દીધી હતી.

૩૨૭૫ તેણે જવાબ આપ્યો, "હા, તે મારા બાદ આવી પહોંચશે, પેલો (ઉઝાયરના પુત્રોમાંનો) એક ખુશ થયો જ્યારે કે તેણે આ સમાચાર સાંભળ્યા.

૩૨૭૬ બૂમ પાડી કહે, આ શુભ સમાચારના લાવનારા, તમો સુખી રહો ! પણ બીજો (પુત્ર) (તેને) ઓળખી ગયો અને (જમીન ઉપર) બેભાન બની પડી ગયો.

૩૨૭૭ કહે, ઓ ભેજાગેપ, સારા સમાચાર માટે આ કેવો પ્રસંગ છે ! જ્યારે કે આપણે સાકરની ખાણ વચ્ચે પડયા છીએ ?

૩૨૭૮ (મારા) મંતવ્યે તે સારા સમાચાર છે, જ્યારે વિવેકબુદ્ધિની દ્રષ્ટિમાં તે એક ખરેખર હકીકત છે, કારણ કે મંતવ્યની આંખ (શોધેલી વસ્તુ) ગુમાવતો પડદો છે.

૩૨૭૯ તે નાસ્તીકો માટે દુઃખ અને ઈમાનદાર માટે ખુશીના સમાચાર છે પણ જો તારાની આંખમાં તે તાત્કાલિક અનુભવ છે.

૩૨૮૦ જેવી રીતે કે પ્રેમી સીધા સંબંધની પળે નશાબાજ બને છે. તે અનિવાર્યપણે નાસ્તિકતા અને ઇમાનથી ચડીયાતો છે.

૩૨૮૧ ખરેખર, નાસ્તિકતા અને વિશ્વાસ બંને તેના દરવાજાના ચોકીદાર છે, કારણ કે તે સત્ત્વ છે જ્યારે નાસ્તિકતા અને ધર્મ તેનાં બે પોપડાં છે.

૩૨૮૨ નાસ્તિકતા સુકેલ છોતરૂં છે કે જેણે પોતાનો ચહેરો ફેરવી લીધો છે. ફરીવાર, વિશ્વાક (અંદરની છાલ) છોતરૂં છે કે જેણે આહલાદજનક સ્વાદ મેળવ્યો છે.

૩૨૮૩ સુકા છીલટાં માટેની જગ્યા અગ્નિ છે, (પણ) છાલ જે રૂહાનીયત ગર્ભથી જોડાણી છે તે મધુર છે. 2

૩૨૮૪ ગર્ભ પોતે મધુરના દરજ્જાથી પર છે, તે મધુરાઇથી પર છે કારણ કે તે સ્વાદિષ્ટ-પણાનો કંપાઉન્ડર છે. 3

૩૨૮૫ આ વિવરણનો છેડો જ નથી, પાછો ફર કે જેથી મારો મુસા સમુદ્રમાંથી ધુળ ખંખેરી નાખે.

૩૨૮૬ વિવરણનો આ (ચાલુ ભાગ) સામાન્ય સમાજને બંધબેસતો બોલાણો છે, તેનું બાકી ગુપ્ત રાખવામાં આવ્યું છે.

૩૨૮૭ ઓ શંકાશિલ, સોનું (કે જે) તારી સમજણ છે તે ટુકડાઓમાં છે (વેરાઇ ગઇ છે) કતરણો ઉપર હું મહોરની છાપ કેમ લગાડું ?

૩૨૮૮ તારી સમજણ એક સો જરૂરી બાબતો ઉપર, હજારો ઉમેદો અને નાનીમોટી બાબતો ઉપર વહેંચાઇ ગઇ છે.

૩૨૮૯ તમારે પ્રેમના સાધનોથી (વેરાએલા) ભાગોને ભેગા કરવા જોઈએ. અંતે કે તમે સમરકંદ અને દમાસ્કસ જેવા મીઠા બનો,

૩૨૯૦ જયારે તમો કણે કણ માનસિક મૂંઝવનાર ભેગા બન્યા છો ત્યારે તમારા ઉપર બાદશાહની મહોર છાપવાનું શકય બનશે.

૩૨૯૧ અને ઓ મુર્ખ આદમી જો તું એક દિનારથી મોટો બનીશ તો બાદશાહ તને સોનાનો એક પ્યાલો બનાવશે.

૩૨૯૨ એ તું કે જે નિપૂણતાની આજીજી કરે છે. પછી તેના ઉપર નામ અને બાદશાહનો લકબ અને તેની પ્રતિમા બન્ને બનશે.

૩૨૯૩ કે જેથી પ્રિયતમ તને રોટલો અને પાણી અને બતી અને ખુશામતખોર અને ભોજન અને શરાબ બન્ને બનશે.

૩૨૯૪ તારા ખુદને સંગઠન કર, સંગઠન. એ (એક દૈવી) દયા છે કે જેથી હું તારામાં તે કોણ છે તે બોલવા શક્તિમાન બનું.

૩૨૯૫ કારણ કે વાણી ઇમાન (પેદા કરવાના) ઇરાદા માટે છે. અનેક દૈવવાદીનો આત્મા ખુદામાં વિશ્વાસથી વંચિત છે.

૩૨૯૬ આત્મા કે જે (ભૌતિક) ગોળાના વિષયો ઉપર ગુંચવાએલો બન્યો છે સાઠ લાલસાઓ વચ્ચે વહેંચાએલો છે.

૩૨૯૭ તેથી સૌથી ઉત્તમ ચુપકીદી છે. તે તેને (આત્માને) શાંતી આપે છે. તેથી (મારે પણ જાણીતી કહેવત અનુસાર વર્તવું જોઇએ) ચુપકીદી મુર્ખાઓને જવાબ છે.

૩૨૯૮ આ હું જાણું છું પણ કાયાનો નશો મારા ભાગે ઇચ્છાશક્તિ વગર મારૂં મોઢું ખોલે છે.

૩૨૯૯ જેવી રીતે કે છીંક ખાતાં અને બગાસું ખાતાં આ મોઢું તમારી ઇચ્છા વગર ખુલ્લું બને છે.

### હદીસ ઉપર વિવરણ, "ખરેખર, હું રોજની સીત્તેર વખત ખુદા પાસે માફી માગું છું."

૩૩૦૦ હું પયગમ્બર સાહેબની માફક રોજ સીતેર વખત બોલવા અને (ગુહાર્થો) બહાર પાડવા માફી માગું છું.

૩૩૦૧ પણ પેલો નશો પશ્ચાતાપના (કસમો)નો ભાંગનાર બને છે. આ કાયાનો નશો વિસ્મરણ કરાવે છે અને (પશ્ચાતાપના) ઝબ્બાને ચીરી નાખે છે.

૩૩૦૨ લાંબા સમય અગાઉની (ચીજો) (શાશ્વત ચીજો) દ્રષ્યમાન બનાવવાનો (દૈવી) ઇરાદો ગુહાર્થ જાણનાર ઉપર એક નશો ફેંકે છે.

૩૩૦૩ (તેથી) આવું નગારૂં અને વાવટા (વિખ્યાતી) દૈવી અટલ ભાવિ (નાઝરામાંથી) ગુપ્ત ગુહાર્થ ધસી રહેતું પાણી બન્યું છે.

૩૩૦૪ અનંત દયા ચાલુ વહે છે, અરે ભલા માણસ, તું તેની સમજશક્તિ તરફ ઉંઘે છે,

૩૩૦૫ ઉંઘનારનો પોષાક નદીમાંથી પાણી પીએ છે (જ્યારે) ઉંઘનાર સ્વપ્નામાં ઝાંઝવાનું જળ શોધે છે.

૩૩૦૬ તે આમ તેમ દોડવું ચાલુ રાખે છે, કહે છે, પેલી પાર પાણીની આશા છે. આ (ખોટા) વિચારથી પોતાથી વિરૂદ્ધ જ રસ્તો રૂંધ્યો છે.

વાણી → ઈમાન પેદા કરવાના માટે અનેક દૈવવાદીનો આત્મા ખુદામાં વિશ્વાસથી વંચિત છે.

૩૩૦૭ કારણ કે તેણે કહ્યું "પેલી પાર" તે અહીંથી (તે જગ્યા કે જ્યાં પાણી હતું) દુર થયો છે, એક વૃથા કલ્પનામાં (આધારીત બનતાં) તેહ વાસ્તવિકતામાંની દુર કરાયો છે.

૩૩૦૮ તેઓ (દુનિયાદારી) (પોતાના લાલચુ અંતો) માટે દીર્ઘદ્રષ્ટિવાળા છે અને રૂહાની રીતે સખત ઉંઘમાં છે, એ આ રસ્તાના મુસાફર તેઓના ઉપર થોડી દયા કર.

૩૩૦૯ મેં કદી તરસ (સખત ઉત્કંઠા)ને નીંદર ઉપર અસર પાડતી જોઈ નથી, (માત્ર) અજ્ઞાનની તરસ ઉંઘની અસર પાડે છે.

૩૩૧૦ ખરેખર (સાચી) સમજણ તે છે કે જે ખુદાથી સંતોષાય છે, નહિ કે સમજણ કે જે બુધના ગ્રહે ઇનાયત કરી છે.

**વિષયાન્તર કરનાર બુદ્ધિ કબરની પેલી પાર જોતી નથી અને બાકીના બીજાની બાબતોમાં ઇમામો અને પયગમ્બરોની સત્તાની બાબત છે, તે સમજાવા વિષે.**

૩૩૧૧ આ બુદ્ધિની દીર્ઘદ્રષ્ટિ (માત્ર) કબર સુધી લંબાય છે, જ્યારે કે રૂહાનીયત માણસની (બુદ્ધિ) (કયામતના) સુર ફુંકવા સુધીની છે.

૩૩૧૨ આ બુદ્ધિ એક કબર અને દફનક્રિયાથી આગળ જતી નથી. અને આ (બુદ્ધિશાળી) અજાયબીઓના વિસ્તારમાં પગ મુકતો નથી.

૩૩૧૩ જાઓ, આ પગ અને આ બુદ્ધિથી મુક્ત થાઓ, અદ્રશ્ય નિરખતી આંખોને શોધો અને આનંદ કરો,

૩૩૧૪ હ. મુસા (અ. સ.)ની માફકના પોતાના દિલમાંનાં "નુર"ની માફક એક ખુશામતીઓ એક વિચારવંત અને ચોપડી શીખતો શિષ્ય કેવી રીતે શોધી શકશે?

૩૩૧૫ આ (કેળવણીને લગતો) અભ્યાસ અને આ બુદ્ધિ માત્ર તમ્મરનું દર્દ લાવે છે, તેથી આ અભ્યાસ છોડી દે અને ધારણા ધારણ કર.

૩૩૧૬ વાદવિવાદમાંથી (રૂહાનીયત) ખ્યાતી શોધતો નહિ. તેને માટે ધારણા તે વળી શું? બોલવા કરતાં સાંભળવું વધુ સારૂં છે.

૩૩૧૭ શિખવવાની સંસ્થા એક જાતની વાસનામય ઇચ્છા છે, દરેક વાસનામય કલ્પના આ રસ્તામાં એક મૂર્તિ છે.

૩૩૧૮ જો દરેક ઘાલમેલીઆને તેની દયાનો રસ્તો માલમ પડયો હોત તો ખુદાએ આટલા બધા પયગમ્બરોને કેમ મોકલ્યા હોત?

૩૩૧૯ ખાસ બુદ્ધિ એ વિજળી અને ઝબકારા માફક છે, ઝબકારામાં વાકસ (ગામે) જવું શું શકયો?

૩૩૨૦ વિજળીનો પ્રકાશ રસ્તા ઉપર દોરવણી માટે નથી નહિ તે વાદળાને વરસવાનો હુકમ છે.

૩૩૨૧ આપણી બુદ્ધિનો ચમત્કારો વરસવાના કારણ માટે છે અંતે કે તે શુન્યપણું (ખરા) અસ્તિત્વ માટે વરસવાની ઇચ્છા કરે.

૩૩૨૨ બચ્ચાની બુદ્ધિએ કહ્યું "નિશાળે હાજર થાઓ" પણ તે પોતાની મેળે શીખી શકતું નથી.

૩૩૨૩ માંદા માણસની બુદ્ધિ તે હકીમ પાસે લઇ જાય છે, પણ તેની બુદ્ધિ પોતાને આરામ કરવામાં ફતેહમંદ બનતી નથી.

૩૩૨૪ નોંધ કર, સેતાનો આસમાન તરફ જતા હતા અને અવકાશ ઉપરના ગુપ્ત રહસ્યો સાંભળતા હતા.

૩૩૨૫ અને પેલી ગુપ્તતાઓમાંથી થોડું ઉડાવી જતા હતા, ત્યાં સુધી કે આસમાનમાંથી ખરતા તારાઓએ જલ્દીથી તેઓને હાંકી કાઢ્યા.

૩૩૨૬ કહીને, ચાલ્યા જાઓ, એક પયગમ્બર ( રાહનુમા ) ( પૃથ્વી ઉપર ) ત્યાં આવેલ છે, તેની પાસેથી તમો જે પણ વિનંતી કરશો તે મેળવી શકશો.

૩૩૨૭ જો તમો અમૂલ્ય મોતીઓ શોધો છો તો "ઘરોમાં તેમના દરવાજામાંથી દાખલ થાઓ."

૩૩૨૮ દરવાજાની ઘંટડી વગાડવી ચાલુ રાખો અને દરવાજે ઉભા રહો. અવકાશી ગુંબજની દિશામાં તમારા માટે રસ્તો નથી.

૩૩૨૯ તમારે આ લાંબો રસ્તો લેવાની જરૂર નથી. અમો એ "પૃથ્વી ઉપરના એક" ઉપર આ ગુઢાર્થની ગુપ્તતાઓ ઇનાયત કરી છે.

૩૩૩૦ તેની પાસે આવો, જો તમો બેવફા રહો, તેનાથી શેરડી બનેલા બનો, ભલે પછી તમો ( ખાલી ) બરૂઓ છો.

૩૩૩૧ તે "રૂહાની રાહબર" તમારી જમીનમાંથી લીલોતરી ઉગવા કારણ ભૂત બનશે. તે જીબ્રાઇલના ઘોડાની ખરીદીમાં ઉતરતો નથી,

૩૩૩૨ તને હરીયાળો બનાવવામાં આવશે. તને તાજો નવીન બનાવવામાં આવશે. જો તું જીબ્રીઇલ ( રૂહાની રાહબર )ના ઘોડાની ધૂળ બનીશ તો.

૩૩૩૩ જીવન અર્પતી લીલોતરી કે જે સામીરીએ સોનાના ( વાછરડામાં ) મુકી કે જેથી તે ( જરૂરી ) સત્વથી વિભુશીત બન્યા.

૩૩૩૪ પેલી લીલાતરીમાંથી તેણે જીવન મેળવ્યું અને ત્રાડ પાડી, એવી એક ત્રાડ કે શત્રુને ( પણ ) કંપાવ્યા.

૩૩૩૫ જો 'ગુઢાર્થના ધરાવનાર' તરફ જો વફાદારીપુર્વક તું આવે છે તો બાજરી માફક પટામાંથી મુક્કા બનાવાશે.

૩૩૩૬ પટો કે જે આંખ અને કાનને બાંધે છે, જેનાથી બાજને કંગાળ અને હલકટ બનાવાય છે.

૩૩૩૭ પટાને બાજોની આંખો ઉપર આંધળાની માફક બાંધવામાં આવે છે કારણ કે તેની (બાજની) સમસ્ત ઇચ્છા પોતાની જાતવાળા માટે હોય છે.

૩૩૩૮ જ્યારે તેને તેના જાતવાળાથી જુદો કરવામાં આવે છે ત્યારે તે બાદશાહ સાથે મળતીઓ થાય છે. બાજનો રક્ષક તેની આંખનો પડદો હટાવે છે.

૩૩૩૯ ખુદા ચોકીની તેની જગ્યામાંથી સેતાનોને ખસેડે છે, (તે) તેના અધિકારમાંથી ખાસ બુદ્ધિ (ખેંચે છે),

૩૩૪૦ કહીને, સતા ન ચલાવ, તું અધિકારી નથી, નહિ, તું દિલનો અને (તેમાંથી શીખવાનો) અનુકુળ વિદ્યાર્થી છો.

૩૩૪૧ દિલ પાસે જા, જા, કારણ કે તું દિલનો એક ભાગ છો ધ્યાન રાખજે, કારણ કે તું એક ઈન્સાફી બાદશાહનો એક ગુલામ છો.

૩૩૪૨ બાદશાહ બનતાં કરતાં તેનો ગુલામ બનવું એ વધુ ઊત્તમ છે કારણ કે "હું વધુ સારો છું" એ સેતાનના શબ્દ છે.

૩૩૪૩ ઓ કેદી, ઇબલીસની મગરૂરીમાંથી હ. આદમની ગુલામી શું તું (પહેલી પસંદગી) વીણી લઈ (બન્ને)નો ભેદ જોઇશ ખરો?

૩૩૪૪ તે કે જે (આ) શાહનો સુર્ય છે કહીને ઉચ્ચાર્યું "દરેકનું ભલું થાઓ કે જેનો નફસે અમ્મારા (દુષ્ટ મન) શરમાયું છે!"

૩૩૪૫ 'તુંબા'નો પડછાયો પકડો અને આરામથી સુઓ, પડછાયામાં તમારૂં મારૂં સુઓ અને તમારૂં માથું ઉંચકયા વગર જાહેર કરો.

૩૩૪૬ (પેલા એક) નો છાંયો "જેનો નફસે અમ્મારા નીચો પડયો છે" આરામ કરવાથી એક ખુશનુમા જગ્યા છે, તે એક સુવા માટેની સારી જગ્યા છે તેને માટે કે જે પેલી (રૂહાનીયત) પવિત્રતા માટે અનુકુળ છે.

૩૩૪૭ જો તું આ પડછાયામાંથી અહમ તરફ જઇશ તો તું તુર્ત જ (ખુદાનો) ખેફસ્માની બનીશ અને રસ્તો ભુલી જઇશ.

"ઓ તમો કે જે ઇમાન લાવો છો, ખુદા અને તેના પયગમ્બરની હજુરમાં (પોતાને) આગળ લાવો નહિ, જ્યારે કે તમો પયગમ્બર નથી ત્યારે ધાર્મિક કોમના એક બનો, જ્યારે તે બાદશાહ નથી તો એક રૈયત બન." (આ વાતનું) સમજાવવું.

૩૩૪૮ તેથી જા, ઇમામ અને નબીના હુકમના છાંયા નીચે તાબેદારીમાં ચૂપ બની જા.

૩૩૪૯ નહિતર, ભલે તમો પહેલેથી અનુકુળ અને શક્તિમાન છો, તમો (તમારા) સંપૂર્ણપણાની શેખી થકી કુરૂપ બનશો.

જાતવાળાથી જુદો → તો બાદશાહ
સાથે મળતીયો.

૩૩૫૦ જો તમો ગુઢાર્થનો ધણી કે જે જ્ઞાનથી વિભુશીત છે તેના વિરૂદ્ધ બળવો કરશો તો, તમો ( તમારા ભલા ) આગત્રા ગુણોથી પણ વંચિત બનશો.

૩૩૫૧ તું થીગડાં મારવાળાં ( પણ ) ધીરજ ધરજે, કારણ કે જો તું અસંતુષ્ઠ બનીશ તો તું ચીંથરૂં સાંધનાર બનીશ.

૩૩૫૨ જો જુના કપડાંના સાંધનારાઓને ધીરજ અને સંયમ હોય, તેમના માંના બધા બધા જ્ઞાન અંગે નવા પોષાકો સાંધનારા બનશે.

૩૩૫૩ તું સખત તનતોડ મહેનત કરે છે અને આખરે તું પોતે જ થાકમાં પોતાને કહે છે કે બુદ્ધિ એક બેડી છે.

૩૩૫૪ ફિલસુફની માફક, ( કે જે ) પોતાના મૃત્યુના દિવસે સમજે છે કે તેની બુદ્ધિ સરંજામ અને ખોરાક વગરની હતી.

૩૩૫૫ અને તે વખતે અભિરૂચી વગર ( સત્ય ) કબુલ કરતાં કહે છે, અમોએ ( મગજની ) અસ્થિરતામાં નકામી ઉતાવળ કરી.

૩૩૫૬ અમો પવિત્ર માણસોમાંથી ભ્રાન્તિમાં દુર બન્યા, અમો કલ્પનાના સમુદ્રમાં તર્યા.

૩૩૫૭ રૂહાની સમુદ્રમાં તરવું જરૂરી નથી, અહીં ' નૂર ' ની કિશ્તી સિવાય સહારો નથી.

૩૩૫૮ આમ હ. મુહમ્મદ ( ર. સ. અ. ) એ કહ્યું છે. આ સર્વમય સમુદ્રમાં હું કિશ્તી છું.

૩૩૫૯ અથવા તે શખ્ત ( ઇમામ ) કે જે અદ્રષ્ય જોઇ શકવાની મારી શક્તિઓ સબંધી મારા સ્થાનમાં એક સાચો ' પ્રતિનિધિ ' બને છે.

૩૩૬૦ અમો ( પયગમ્બર અને ઇમામ ) સમુદ્રમાં નુહની કિશ્તી છીએ એટલા માટે કે ઓ યુવાન, તું તારો ચહેરો કિશ્તીમાંથી ફેરવે નહિ.

૩૩૬૧ કેનાનની માફક દરેક પર્વત જતો નહિ, કુરાનમાંથી સાંભળ. " ત્યાં કંઇજ નથી કે જે આજે તને બચાવે. "

૩૩૬૨ ( તારી દ્દષ્ટિ ઉપરના ) પાટાના કારણે તને આ કિશ્તી નીચી દેખાય છે ( જ્યારે ) ( બુદ્ધિ ) વિચારતો પર્વત ઉંચો દેખાય છે.

૩૩૬૩ ખબરદાર ! ખબરદાર ! ધિક્કારથી આને નીચી ધારતો નહિ. ખુદાની દયા કે જે ( તેનાથી ) જોડાએલી છે તેને નિહાળજે.

૩૩૬૪ વિચારના ડુંગરની ઉંચાઇ ધ્યામાં ન લેતો કારણ કે એક માત્ર મોજું તેને ઉંધું ચતું કરી નાખે છે.

૩૩૬૫ જો તમો કેનાન ( જેવા ) છો તો તમો મારૂં માનશો નહિ. જો કે હું તારા ખાતર બસોહ વખત અને તેટલી જ ભલી સલાહોને શોધું છું.

૩૩૬૬ કેનાનનો કાન આ શબ્દો કેમ કબુલ કરશે ? કારણ કે ખુદાની સીલ અને મુદ્રા તેના .ઉપર લાગેલી છે.

૩૩૬૭ ખુદાની સીલમાં ચેતવણી કેમ પસાર થશે ? એક નવો ઠપકો નિર્માણું ભાવીને 
કેમ બદલશે ?

૩૩૬૮ પણ હું સદ્‌કિસ્મતના સમાચાર કહું છું એવી આશામાં કે તમો કેનાન (જેવા) નથી.

૩૩૬૯ તમો છેવટ આ કબુલાત કરશો, સાંભળો, પહેલે જ દિવસે શું તમો છેલ્લાને જુઓ છો ખરા ?

૩૩૭૦ તમો અંત જોઈ શકતા નથી, તારી આંખને આંધળી અને ઘરડી બનાવ, નહિ કે જે અંત જુએ છે.

૩૩૭૧ જે કોઇ પણ આશીર્વાદીત અંત જોનાર આર્ષદ્રષ્ટા છે તે રસ્તે ચાલવામાં ધ્રુજશે નહિ.

૩૩૭૨ સિવાયકે તારી ઇચ્છા આ અતુટપણે નીચે પડવામાં છે અને (રસ્તા ઉપર આ ધ્રુજવામાંથી) ઉભા થવાની છે, તો એ "પવિત્ર પુરૂષ"ના પગ ઉપરની ધુળથી તારી આંખો તેજ બનાવતો જા.

૩૩૭૩ તેના પગની રજ તારી આંખો માટે આંજણ બનાવ કે જેથી તમો કાળા ચોકીદારોના માથાને ફટકારી શકો.

૩૩૭૪ આ શિક્ષણ અને (આત્માની) આ ગરીબાઈ અંગે (ભલે પછી) તમો એક સોઇ જેવા હશો, તમો ઝુલફિકાર (જેવા વેધક) બનશો.

૩૩૭૫ દરેક 'પસંદ કરાએલા' ની ધુળનો આંજણની માફક ઉપયોગ કર, તે તારી આંખને બાળશે અને સારી બનાવશે.

૩૩૭૬ ઉંટની આંખ બહુ તેજવંતી હોય છે કારણ કે તે (ઉંટ) પોતાની આખનું તેજ વધારવાના કારણે કાંટાઓ ખાતો હોય છે.

ખચ્ચરની ઊંટને ફરીયાદ કરવાની કહાણી, "હું વારંવાર જ્યારે ફરો જતો હોઉં છું ત્યારે માથાભર પડું છું. જ્યારે તમો ભાગ્યે જ તેમ છો, આમ કેમ ? અને ઊંટનો તેને જવાબ દેવો.

૩૩૭૭ એક દિવસે એક ખચ્ચરે એક ઉંટ જોયો, જ્યારે કે તેને તેની સાથે જ તબેલામાં પુરવામાં આવ્યું હતું.

૩૩૭૮ તેણે (ખચ્ચરે) કહ્યું, "હું વારંવાર ટેકરી અને રસ્તામાં અને મારકીટ અને ગલીમાં મારા માથાભર પડું છું.

૩૩૭૯ ખાસ કરીને પર્વતના મથાળેથી તળેટીમાં (નીચે ઉતરતાં) ધાસ્તીમાં મારા માથાભર નીચે પડું છું.

૩૩૮૦ તું તારા માથાભર પડતો નથી તેમ કેવી રીતે ? અથવા કદાચ વાસ્તવમાં તારા પવિત્ર આત્માને આનંદ કરવાનું નશીબમાં છે.

૩૩૮૧ હું દરેક પળે મારા માથાભર નીચે પડું છું અને (જમીન ઉપર) મારી ઘુંટણો ભટકાઈ છે, પેલા લપસવા અંગે મારા મોઢાનો આગલો ભાગ અને ઘુંટણો બધો લોહીયાળ બને છે.

૩૩૮૨ મારૂં જીન અને પોષાક મારા માથા ઉપર અવ્યવસ્થિત બને છે. અને હું દરરોજ ભાડુત પાસેથી ફટકા મેળવું છું.

૩૩૮૩ અજ્ઞાન માણસની માફક કે જે ખોટી સમજણના કારણે પાપ આચરવામાં પશ્ચાતાપ (ના પોતાના વચનનો પરિતાપનો) ચાલુ રીતે ભંગ કરે છે.

૩૩૮૪ ઠરાવની નબળાઇના કારણે પેલો વચનભંગી દુનિયામાં સેતાનના હસવાનું નિમીત બને છે.

૩૩૮૫ તે ચાલુપણે પોતાના માથાભર એક લંગડા ઘોડાની માફક પડે છે, કારણ કે તેનો બોજો વધુ છે અને રસ્તો પથરાથી ભરપુર છે.

૩૩૮૬ તે હમેશાં અદ્રષ્યમાંથી પોતાના માથાભર પેલો બદકિસ્મતી પ્રકૃતિનો માણસ પશ્ચાતાપના પોતાના કસમો તોડવામાં ફટકાઓ મેળવે છે.

૩૩૮૭ પછી ફરીવાર તે અચોક્કસ ઠરાવથી પશ્ચાતાપ કરે છે, સેતાન ઉપહાસમાં થૂંકે છે અને તેના પશ્ચાતાપના ભુક્કા બોલાવે છે.

૩૩૮૯ નબળાઈ ઉપર નબળાઇ! (છતાં) તેની મગરૂરી એવી છે કે તે પેલાઓ જે (ખુદા તરફ) રજુ થાય છે તેમને ધિક્કારની નજરે જુએ છે.

૩૩૮૯ ઓ ઉંટ! તું એક સાચા ઈમાનદારના પ્રકારનો છો જે પોતાના ચહેરા ઉપર પડતો નથી તેમજ તું (ના ઉમેદીમાં) તારૂં નાક ઉંચુ કરતું નથી

૩૩૯૦ તારામાં શું છે કે તું હાડકાંઓથી આવો મજબુત અને કુજવામાંથી સ્વતંત્ર અને તારા ચહેરા ઉપર પડતો નથી?

૩૩૯૧ તેણે (ઉંટે) કહ્યું "દરેક સુખ ખુદામાંથી છે, આરા અને તારામાં ઘણા તફાવતો છે.

૩૩૯૨ મને એક ઉંચું માથું છે. મારી આંખો ઊંચી છે, હું ઉંચી મહાન દ્રષ્ટિ શારિરીક ઇજા વિરૂદ્ધ સંરક્ષણ છે.

૩૩૯૩ જેવી રીતે કે 'સર્વોત્તમ મહાન બાદશાહ' (રૂહાની રાહબરે) પોતાના દુનિયા છોડવાના દિવસ સુધી પોતાનું નિર્માણ ભાવી જોયું.

૩૩૯૪ હું પર્વતના મથાળેથી પર્વતની તળેટી જોઉં છું, હું ખાડા અને સપાટ જમીનની રજેરજ જોઉં છું.

૩૩૯૫ "વિશાળ સદ્ગુણોવાળો પેલો પુરૂષ" વીસ વરસ પછી શું બનશે તે ચાલુ સમયમાં જાણે છે.

૩૩૯૬ પેલો ખુદાથી બીતો માણસ માત્ર પોતાના ખુદનું ભાવિ જોતો નથી, નહિ, પૂર્વ અને પશ્ચિમના (દરેક) રહેવાસીનું (ભાવી જાણે છે).

૩૩૯૭ "નૂર" પોતાનું રહેઠાણુ તેની આંખ અને દિલમાં બનાવે છે. શા માટે તે (ત્યાં રહેઠાણુ રાખે છે)? રહેઠાણુના પ્રેમની ખાતર.

૩૩૯૮ તે હ. યુસુફ (અ. સ.) ની માફક છે કે જેણે શરૂઆતમાં સ્વપ્નું જોયું કે સુર્ય અને ચંદ્રમા તેની આગળ સિજદો કરે છે.

૩૩૯૯ દસ વર્ષ બાદ, નહિ, થોડું વધારે, કે જે હ. યુસુફે જોયું હતું તેણે પોતાનું ઉંચકયું, (સત્ય પડયું).

૩૪૦૦ તે (કહેણુ) તે "ખુદાના નૂર" થી જુએ છે, એ ખોટું નથી, "ખુદાઈ નૂર" આસમાનના ફાડીને ટુકડા કરે છે.

૩૪૦૧ તે "નૂર" તારી આંખોમાં નથી, જાઓ! તમો જનાવરી સમજણો તરફ ગીરવીમાં છો.

૩૪૦૨ જાઓ આંખની નબળાઇ અંગે તમારા પગલાંનો (માત્ર) આગલો ભાગ જ જુઓ છો, તમો અને તમારો માર્ગદર્શક પણ નબળો છે.

૩૪૦૩ આંખ હાથ અને પગ માટે માર્ગદર્શક છે કારણ કે ખરી ખોટી બંને જગ્યાઓ જુએ છે.

૩૪૦૪ બીજી વસ્તુ એ છે કે મારી આંખ વધુ ચોકખી છે, બીજું કે મારી પ્રકૃતિ વધુ પવિત્ર છે.

૩૪૦૫ કારણુ કે હું કાયદાસરનો જનક છું નહિ કે આડા વહેવાર અને વિનાશી લોકના બચ્ચાંમાંનો છું.

૩૪૦૬ તું એક આડા વહેવારના બચ્ચાંઓમાંનો એક છો, કાંઈપણુ શંકા વગર જયારે પણુછ ખરાબ હોય છે ત્યારે તીર વાંકુ ઉડે છે.

**ખચ્ચરનું ઉંટનો જવાબ સાચો હોવાનું જાહેર કરવું અને પોતાથી વધુ ઉત્તમ હોવાની (ઊંટની) સરસાઇ કબૂલ કરવી. અને તેની મદદની માગણી કરવી અને તેની સચ્ચાઈમાં પનાહ લેવી અને ઉંટનું તેની સાથે માયાળુપણે વર્તવું અને માયાળુપણે અને પિતા સમાન મદદ આપી અને રસ્તો બતાવ્યો.**

૩૪૦૭ ખચ્ચરે કહ્યું, "ઓ ઉંટ, તમો સાચું બોલ્યા છો," તેણે આમ કહ્યું અને પોતાની આંખો આંસુથી ઉભરાવી.

૩૪૦૮ તે થોડીવાર સુધી રોયું, અને તેના (ઉંટના) પગમાં પડયું. અને કહ્યું, "ઓ માણસોના માલિકના પસંદ કરાએલ."

૩૪૦૯ જો તમો તમારા આશીર્વાદપણાની (શુભેચ્છા)થી મને તમારી ચાકરીમાં લેશો તો તે તમોને શું નુકશાન કરશે?

૩૪૧૦ તેણે (ઊંટે) કહ્યું, "જ્યારે કે તેં તારી હજુરમાં કબુલાત કરી છે તો જાઓ (સુખે રહો). ઝમાનાની મલિનતામાંથી તમોને બચાવવામાં આવ્યા છે.

૩૪૧૧ તમો યોગ્ય રસ્તો પકડયો છે અને તકલીફોમાંથી બચાવાયા છો. તમો એક દુશ્મન હતા, તમો વફાદારમાંના એક બન્યા છો.

૩૪૧૨ તારા દેહમાં અસલ હલકી પ્રકૃતિ હતીજ નહિ. કારણ કે અસલ હલકાઇમાંથી નકાર સિવાય બીજું કંઇ આવતું નથી.

૩૪૧૩ ઉછીની (કામચલાઉ) દુષ્ટતા એવી છે કે તે (કે જેનામાં દેખાય છે), કબુલાત કરે છે અને પશ્ચાતાપની ઇચ્છા કરે છે.

૩૪૧૪ હ. આદમ (અ. સ.) ની માફક કે જેનું લપસવું કામચલાઉ હતું. જરૂરીયાત અંગે તેમણે તુર્તજ પશ્ચાતાપ કર્યો.

૩૪૧૫ જ્યારે કે ઇબલીસનું પાપ અસલ હતું, તેના માટે અમૂલ્ય પશ્ચાતાપ માટેનો રસ્તો હતો જ નહિ

૩૪૧૬ જાઓ, તેમોને તમારી ખુદીમાંથી અને હલકી પ્રકૃતિ અને અગ્નિની જલતી જીભમાંથી અને (દોજખના) જંગલી જનાવરોના દાંતમાંથી મુક્ત બનાવાયા છે.

૩૪૧૭ જાઓ, કારણ કે હવે તમોએ પરમ સુખ મેળવ્યું છે, તમોએ તમારા ખુદને અનંતકાળના સદ્ કિસ્મતમાં દાખલ કરેલ છે.

૩૪૧૮ "મારા ચાકરોમાં દાખલ થાઓ." તમોએ મેળવેલ છે. "મારા બહિશ્તમાં દાખલ થાઓ" તમો જોડાયા છો.

૩૪૧૯ તમોએ તેના દાસોમાં (ખુદને) દાખલ કરવા માટેનો એક રસ્તો બનાવ્યો છે. તમો ગુપ્ત રસ્તે ઇડનમાં દાખલ થયા છો,

૩૪૨૦ 'અમોને સત્ય રસ્તે કાયમ રાખ' તેં કહ્યું છે, તેણે તારો હાથ પકડયો છે અને આશીર્વાદના રહેઠાણ તરફ તને દોરેલ છે.

૩૪૨૧ તમો અગ્નિ હતા, ઓ અમીન, તમો પ્રકાશ બન્યા છો, તમો કાચી દ્રાક્ષ હતા, તમો એક (પાકી) દ્રાક્ષ અને કિસમિસ બન્યા છો.

૩૪૨૨ તમો એક તારો હતા, તમો સુર્ય બન્યા છો, આનંદ કરો! સત્ય રસ્તો માત્ર ખુદા જ જાણે છે.

૩૪૨૩ ઓ ઝીયાઉલ હક હુસામુદ્દીન તારૂં મધ લે અને દુધની કથરોટમાં નાખ.

૩૪૨૪ અંતે કે પેલું દુધ પોતાનો સ્વાદ બગાડવામાંથી અટકે અને સ્વાદના સમુદ્રમાંથી ઘણો જ વધુ સ્વાદ મેળવે.

૩૪૨૫ (અને) 'અલસ્ત' ના સમુદ્રથી સંયુક્ત બને, જ્યારે તે સમુદ્ર બને છે ત્યારે તે દરેક ખામીમાંથી મુક્ત બનાવાય છે.

૩૪૨૬ (જો) તે મધના સમુદ્ર સુધી રસ્તો શોધે તો કાંઈ પણ મલિનતા તેના ઉપર અસર (કરશે નહિ).

૩૪૨૭ ખુદાના ઓ સિંહ, સિંહની માફક ગર્જના કર, એટલા માટે કે તે ગર્જના સાતમા આસમાન સુધી ચડે.

૩૪૨૮ (પણ) (તેનું) સંતોષાયલા, થાકી ગએલા આત્માને કયું જ્ઞાન હોય ? સિંહની ગર્જના ઉંદર કેમ જાણી શકે ?

૩૪૨૯ (તેથી) જેઓનું દિલ સમુદ્ર જેટલું (ઉંડું) છે તેવા દરેક ભલા સત્યની ખાતર તારો (રૂહાનિયત) અનુભવ સોનેરી પાણીથી લખીલે.

૩૪૩૦ આ આત્મા અજવાળતું વિવરણ નાઈલ નદીના પાણી માફક છે. એ માલિક, મિસરીની આંખને લોહી દેખાતું ભલે બને !

**એક મિસરીની ઈઝરાઈલીને વિનંતી કરવી, કહીને તારા પોતાના ખ્યાલથી નાઇલ નદીમાંથી એક કુંજો પાણી ભર અને તે મારા હોઠોમાં રેડ કે જેથી હું પીઉં. (હું તને) દોસ્તી અને ભાઈચારાના દાવે (અરજ કરૂં છું). કારણ કે જો કે જે તમે ઇઝરાઈલીઓ તમારા પોતા માટે નાઈલ નદીમાંથી જ ભરો છો. ચોકખું પાણી લે, જ્યારે હું જો કે જે અમો મિસરીઓ ભરીએ છીએ તે ચોકખું લોહી છે."**

૩૪૩૧ મેં સાંભળ્યું છે કે એક મિસરી તરસના કારણે એક ઈઝરાઇલના ઘરમાં આવ્યો.

૩૪૩૨ તેણે કહ્યું, "હું તારો દોસ્ત અને સગો છું. આજે મને તારી જરૂરત પડી છે.

૩૪૩૩ કારણ કે હ. મુસાએ જાદુ અને મોહપાશ કર્યો છે કે જેથી તેણે અમારા માટે નાઇલ નદીના પાણીને લોહી બનાવ્યું છે.

૩૪૩૪ ઇઝરાઇલીઓ તેમાંથી ચોકખું પાણી પીએ છે (પણ) મિસરીઓને અમારી આંખો ઉપર મુકેલા નિમીતમાંથી પાણી લોહી બન્યું છે.

૩૪૩૫ જુઓ મિસરી લોકો તેઓનાં બદકિસ્મત અથવા તેઓની હલકી પ્રકૃતિના બદલામાં તરસ્યા મરે છે.

૩૪૩૬ એક પ્યાલો તમારા પોતા માટે પાણીથી ભરો કે જેવી આ તમારો જુનો દોસ્ત તારૂં પાણી પીએ.

૩૪૩૭ જ્યારે તું તારા પોતાની ખાતર પ્યાલો ભરે છે. ત્યારે તે લોહી બનશે નહિ. તે સ્વચ્છ અને ચોકખું પાણી બનશે.

૩૪૩૮ હું પાણી તારા પરાવલંબીની માફક જ પીશ, કારણ કે એક પરાવલંબી તેના મિજબાનને પગલે ચાલે છે, તકલીફમાંથી મુક્ત બને છે.

૩૪૩૯ તેણે ( ઈઝરાઇલી )એ કહ્યું " ઓ ( તું કે જે મારા ) આત્મા અને મારી દુનિયા જેવા છો, હું આ સેવા તારા ( માટે ) કરીશ, ઓ ( તું કે જે ) મારી બન્ને પ્રકાશીત આંખો ( જેવો ) છો, હું ( આ બાબતમાં ) તારૂં માન જાળવીશ.

૩૪૪૦ હું તારી ઈચ્છા પ્રમાણે કરીશ. ( તારી સેવા કરવામાં ) મને આનંદ આવશે· હું તારો ગુલામ બનીશ, હું એક આઝાદ માણસની માફક વર્તીશ.

૩૪૪૧ તેણે નાઈલ નદીના પાણીમાંથી પ્યાલો ભર્યો. પોતાના હોઠો ઉપર તે મુકયો અને ( પાણીનો ) અર્ધો ભાગ પીધો.

૩૪૪૨ ( પછી ) તેણે તેના તરફ કે જેણે પાણીની વિનંતી કરી હતી, પ્યાલો ખાંગો કર્યો, " તું પણ પી ! " પેલું ( પાણી ) કાળું લોહી બન્યું.

૩૪૪૩ ફરીવાર તેણે ( પોતા તરફની ) બાજુએ ખાંગુ કર્યું, લોહી ( ફરી એકવાર ) પાણી બન્યું, મિસરી ગુસ્સે થયો અને ધૂપ કર્યો.

૩૪૪૪ તે થોડીવાર નીચે બેસી ગયો જ્યાં સુધી કે તેનો ગુસ્સો ઉતરી ગયો. ત્યારબાદ તેણે તેને કહ્યું; " ઓ ( ઈમાનની શક્તિશાળી ) તલવાર.

૩૪૪૫ ઓ ભાઈ, આ ગાંઠ છોડવા માટે કઈ હિકમત કામે લગાડવી ? તેણે (ઇઝરાઇલીએ) કહ્યું, " ( માત્ર ) તેજ કે જે ખુદાથી ડરે છે તેજ આ ( પાણી ) પીએ છે."

૩૪૪૬ ખુદાથી બીક રાખનારો માણસ તે છે કે જે ફિરઔનના રસ્તાને ત્યાગ કરવાનું ( જાહેર કરે ) અને હ. મુસા ( અ. સ. ) માં દાખલ થએલો બને.

૩૪૪૭ હ. મુસા ( અ. સ. ) ના લોકો જેવો બન અને આ પાણીથી ચંદ્રમા સાથે સુલેહ કર અને ચંદ્રમાની રોશની નિહાળ.

૩૪૪૮ ખુદાના સેવકોની વિરૂદ્ધ તારા ગુસ્સામાંથી ભાગેલા તારી આંખોમાં એક લાખ અંધકારો છો.

૩૪૪૯ ક્રોધને તજી દે, ( રૂહાનીયત ) આંખ ઉઘાડ, આનંદ કર ( સાચા ) દોસ્તો પાસેથી શીખામણને ( સત્યતાનો ) શિક્ષક બન.

૩૪૫૯ તું ( પાણી ) પીવામાં મારો પરાવલંબી કેમ બનીશ જ્યારે કાફ પર્વત જેવડી મોટી તારામાં બેઈમાની છે.

૩૪૫૧ એક સોયના નાકામાં એક પર્વત કેમ જશે સિવાય કે તે ખરેખર એક વડો દોરો બને ?

૩૪૫૨ ખુદાની માફી માગવી એ પર્વતને એક તણખલું બનાવવા જેવું છે અને પછી આનંદપૂર્વક માફીનો પ્યાલો લે અને તેને આનંદપૂર્વક ઘુંટડાથી પી.

૩૪૫૩ જેવી રીતે કે ખુદાએ અવિશ્વાસુ માટે તેને હરામ બનાવેલ છે, ત્યારે આ ઠગ-બાજીથી તું કેમ પીશ ?

૩૪૫૪ ઓ બનાવનારના નિર્માણ કરનારા, ઠગબાજીનો પેદા કરનાર તારી ઠગબાજી કેમ કબુલ કરશે ?

૩૪૫૫ મુસા (અ. સ.) ના સગાંવહાલા જેવો બની જા, કારણ કે ઠગબાજી નકામી છે, તારી ઠગબાજી એના જેવી છે કે જાણે ખાલી પવનનો માર્ગ કરતી હોય ?

૩૪૫૬ માલિકના હુકમમાંથી આ બાજુએ ઢળવાની અને અદ્ધાણ ઉપર તાજગી અર્પવાની પાણીમાં હીંમત છે ?

૩૪૫૭ અથવા તો શું તમો ધારો છો કે તમો રોટલો ખાઓ છો ? તમો સાપનું ઝેર ખાઓ છો અને આત્માનો નાશ કરી રહ્યા છો.

૩૪૫૮ પ્રિયતમ આત્માના હુકમમાંથી રોટલો આત્માને તન્દુરસ્તી કેમ અર્પશે કે જે પોતાના દિલને અવળે ફેરવે છે ?

૩૪૫૯ અથવા તમો ધારો છો કે જ્યારે તમો મસનવીના શબ્દો વાંચો છો ત્યારે તમો મફતમાં સાંભળો છો ?

૩૪૬૦ અથવા કે ડહાપણનું વિવરણ અને ગુપ્ત ગુઢાર્થ બહુ સહેલાઇથી તારા કાનમાં અને મોઢામાં આવે છે ?

૩૪૬૧ તે માત્ર બોધકથાઓની માફક અંદર આવે છે, તે (માત્ર) છોતરૂં બતાવે છે, નહિ કે ઐરીનો ગર્ભ.

૩૪૬૨ એ પ્રિયતમાની (માફક) કે જેણે પોતાના માથા અને ચહેરા ઉપર અને પડદો રાખ્યો છે અને તારી આંખ આગળથી પોતાનો ચહેરો સંતાડયો છે.

૩૪૬૩ સત્તાના અનાદરના કારણે 'શાહનામા' અથવા 'કલીલા' તને 'કુરાન' જેવાજ દેખાય છે.

૩૪૬૪ 'સત્ય' અને 'અસત્ય' વચ્ચેનો તફાવત તે પળે (દ્રષ્યમાન) બને છે કે જ્યારે (દૈવી) પસંદગીનું આંજણ આંખ ખોલે છે.

૩૪૬૫ નહિતર, વિષ્ઠા અને કસ્તુરી બન્ને તેને કે જેનું નામ (દર્દ અંગે) અવરોધાએલું છે, તેને માટે સ્વપ્નું જ છે, તેનામાં સુંઘવાની ઇન્દ્રિય જ નથી.

૩૪૬૬ તેની ઇચ્છા (આવી કિતાબો વાંચવાથી) થાકવામાંથી પોતાને બાકાત રાખવો છે, અને સર્વશક્તિમાનના શબ્દને અવગણવો છે.

૩૪૬૭ કે પેલા વિવરણના સાધનોથી તે કદાચ તકલીફના અગ્નિની તરસ છીપાવે અને વ્યાકુળતા અને (પોતાના દર્દ માટે) એક ઇલાજ રજુ કરે.

૩૪૬૮ અગ્નિના આ હિસાબને શાંત કરવાના ઈરાદા માટે પવિત્ર પાણી અને પુત્ર (બન્ને સરખી રીતે વાપરી શકાય) તેવી શક્તિમાં સરખો જ છે.

૩૪૬૯ આ સુત્ર અને (આ) પાણી બન્ને સંતાપની અગ્નિ બુઝાવશે જેવી રીતે તે ઊંઘ દરમ્યાન (બુઝાવે છે).

૩૪૭૦ પણ જો તમો આ પવિત્ર પાણી કે જે ખુદાનો 'શબ્દ' અને રૂહાનીયતથી (ખરેખર) મળતીયા બન્યા છો તો.

૩૪૭૧ બધાજ સંતાપો આત્મામાંથી અદ્રશ્ય થશે, અને દિલ પોતાનો રસ્તો ગુલાબના બગીચા તરફ શોધશે.

૩૪૭૨ કારણ કે દરેક જણ જે દૈવી ધર્મગ્રન્થોના ગુઢાર્થની સુવાસ પકડે છે, એક વહેતા ઝરાવાળી એક ફળવાડીમાં ઊડે છે.

૩૪૭૩ અથવા ધારો છો અમો કે (વાસ્તવમાં) જેમ છે તેમ 'ઇમામ' ના ચહેરા જોઈએ છીએ?

૩૪૭૪ જ્યારે કે હ. પયગમ્બર સાહેબ અજાયબીમાં ગરકાવ બન્યા, કહીને, સાચા ઈમાન દારો મારો ચહેરો કેમ જોતા નથી?

૩૪૭૫ મારા ચહેરાનું 'નૂર' લોકો કેમ જોતા નથી, કે જે પૂર્વથી ઉદય થતા સૂર્યમાંથી ઈમાન ઉઠાવી ગયું છે?

૩૪૭૬ અને જો તેઓ (તે) જુએ છે તો પછી આ માનસિક મુંઝવણ શા માટે? જ્યાં સુધી કે એક સંદેશો (તેઓને ખુદા તરફથી આવ્યો) કહીને, પેલો ચહેરો વેશ-પલટામાં છે.

૩૪૭૭ તે તારા સબંધમાં ચંદ્રમા છે અને લોકોના સબંધમાં તે વાદળું છે એટલા માટે કે નાસ્તિક કાંઈ પણ કારણ વગર તારો ચહેરો જુએ નહિ.

૩૪૭૮ તારા સબંધમાં તે ગલ છે અને લોકોના સબંધમાં તે છટકું છે એટલા માટે કે હલકટ આ પસંદ કરાએલી 'મદીરા' પીએ નહિ.

૩૪૭૯ ખુદાએ કહ્યું, "તું તેઓને જોતા જુએ છે" (પણ) તેઓ નાહ્યણીમાંના ચિત્રો (જેવા) છે, "તેઓ જોતા નથી."

૩૪૮૦ એ રૂપના પુજારી, રૂપ જુએ છે, જાણે કે તેની બે મરેલી આંખો જોતી હતી.

૩૪૮૧ તમો મૂર્તિની આંખ સમક્ષ સન્માન બતાવતા હતા, કહીને, "મને નવાઈ લાગે છે કે તે શા માટે મારા તરફ લક્ષ આપતી નથી.

૩૪૮૨ શા માટે આ ભલી પ્રતિમા આટલી બધી બિનપ્રતિયોગી છે કે મારા સલામના જવાબમાં 'અલયક' કહેતી નથી?

૩૪૮૩ તેણીની સમક્ષ મારા કરેલા એકસો સિજ્દા માટે પણ તેણી પોતાનું માથું અને મૂછ ઉદારતામાં મસ્તકધૂનન કરતી નથી?

૩૪૮૪ ખુદા, ભલે તે બાહેર રીતે માથું નમતી દર્શાવતાં હલાવતો નથી (છતાં) તેની બંદગી માટેના નીરખવામાં આંતરિક આનંદ ઇનાયત કરે છે.

૩૪૮૫ કે જે બસોહ મસ્તક ધૂનન બરોબર છે, બધા પછી આવી જ રીતથી બુદ્ધિ અને આત્મા મસ્તક ધૂનન કરે છે.

૩૪૮૬ (જો) તમો સાચા ઇરાદામાં વિચારશક્તિ શોધશો. (તમારા માટે) વિચાર શક્તિનું નિરખવું એ છે કે તે (તમારી) સત્યતા વધારશે.

૩૪૮૭ ખુદા કાંઈ જાહેર રીતે તને મસ્તક ધૂનન નહિ કરે પણ તે (દુનિયાના) શાહજાદાઓ ઉપર તને એક શાહજાદો બનાવશે.

૩૪૮૮ તને ખુદા ગુપ્ત રીતે કાંઈક (એવી શક્તિ) આપે છે કે દુનિયાના લોકો તારી સમક્ષ નીચા વળી નમન કરે છે.

૩૪૮૯ દાખલા તરીકે તેં એક પત્થરને એવી નીતીમત્તા આપી કે તેથી તેના પેદા કરાએલા જીવોથી માન પામ્યો, કહેવાનું કે તે સોનું (બન્યો).

૩૪૯૦ (જો) એક પાણીનું ટીપું ખુદાની પસંદગી પામે તો તે મોતી બને છે અને સોનામાંથી હથેળી ઉઠાવી જાય છે.

૩૪૯૧ કાયા માટી છે અને જ્યારે ખુદાએ (પોતાના 'નૂર'નો) એક તણખો તેને આપ્યો તે સ્વીકાએલી બની (અને) ચંદ્રમાની માફક દુનિયાનો કબજો લેનાર બની.

૩૪૯૨ ખબરદાર! આ (દુન્યવી બાદશાહી) એક તાવીજ અને મકેલી પ્રતિમા છે તેની આંખે મુર્ખાઓને 'સતપંથ'માંથી અવળે માર્ગે દોરેલ છે.

૩૪૯૩ તે આંખના ઈશારા કરતી દેખાય છે, મુર્ખાઓએ તેઓને પોતાનો આધાર બતાવ્યો છે.

**મિસરીએ ઈઝરાઈલી પાસેથી આશીર્વાદ અને દોરવણીની વિનંતી કરવી અને ઈઝરાઈલીની મિસરી માટે પ્રાર્થના કરવી અને મહાન દયાળુ અને રહેમ કરવાવાળા (ખુદા) પાસેથી પોતાની પ્રાર્થનાનો સાનુકૂળ જવાબ મેળવવો.**

૩૪૯૪ મિસરીએ કહ્યું, (મારા માટે) તું પ્રાર્થના કર, કારણ કે દિલના કાળાપણા અંગે મને (પ્રાર્થના સ્વીકારાતો) યોગ્ય મોઢું જ નથી.

૩૪૯૫ કારણ કે એવું બને કે આ દિલનું તાળું ખેલવામાં આવે અને આ કઢંગાને પેલા એક ખુબસુરતના સમારંભમાં જગ્યા બક્ષવામાં આવે.

૩૪૯૬ તારા થકી આ કઢંગાને ખુબસુરતીથી નવાજેલો બનાવાય. અથવા એક ઇબલીસ મધુર ચહેરાવાળામાહેનો એક બને.

૩૪૯૭ અથવા તારી રૂહાની શક્તિ કે જે હ. મરીયમને મળતી આવે છે. સુકાઈ ગએલી ડાળી કસ્તુરીઓને તજગી અને ફળ મેળવતી લીલી બને.

૩૪૯૮ ત્યારબાદ ઈઝરાઈલી બંદગીમાં બેઠો અને કહ્યું, "ઓ ખુદા કે જે જાહેર અને બાતુન જાણે છે.

૩૪૯૯ તારા દાસ સિવાય બીજો કોણ તારી સમક્ષ હાથ ઉંચા કરશે? પ્રાર્થના અને જવાબ બન્ને તારામાંથી જ છે.

૩૫૦૦ તું જ શરૂઆતમાં પ્રાર્થના કરવાની ઇચ્છા આપે છે અને આખરે તું જ પ્રાર્થનાઓનો જવાબ પણ તેવી રીતે આપે છે.

૩૫૦૧ તું પહેલો અને છેલ્લો છે, વચ્ચે અમો તો કંઇ જ નથી. કંઈ પણ ચીજ કે જે ઉચ્ચારણતા (સ્વીકારાએલી) બને.

૩૫૦૨ તે આવી રીતે બોલતો હતો ત્યાં સુધી કે તે અત્યાનંદમાં પડયો અને તેનું દિલ બેભાન બન્યું.

૩૫૦૩ બંદગી (ગુજારતાં ગુજારતાં) તે પોતાના ભાનમાં પાછો આવ્યો. "માણસ પોતે જે આમાલ કરે છે તેના સિવાય બીજું કંઈ જ નથી."

૩૫૦૪ તે પ્રાર્થના કરતો હતો તે દરમ્યાન જ્યારે ઓચીંતાના એક ચોટીઅન અવાજ મિસરીના દિલમાંથી નીકળી ગયો.

૩૫૦૫ (કે જે જોરથી બોલી ઉઠયો) 'આવ, ઉતાવળ કર અને ઈમાન સ્વીકારવાની કબૂલાત રજુ કર કે જેથી હું જલ્દીથી (બેઈમાનીની) જુનો પટો કાપી નાખું.

૩૫૦૬ તેઓએ મારા દિલમાં એક અગ્નિ પ્રજળાવ્યો છે, તેઓએ (મારા જેવા) એક ઇબલીસ માટે તેઓના ખરા દિલનું વહાલ બતાવેલ છે.

૩૫૦૭ સર્વ વખાણ ખુદાનો છે, તારી દોસ્તી અને તારા વગર મારા ન ચાલવાએ આખરે મારો હાથ પકડયો છે.

૩૫૦૮ તારી સાથેના મારાં મિલનો અમૃત સરખો છે, મારા દિલના ઘરમાંથી તારો પગ કદી અદ્રષ્ય થશે નહિ.

૩૫૦૯ તમો બહિસ્તની ખજુરીના ઝાડની એક ડાળી હતા, જ્યારે મેં તેને પકડી ત્યારે તે મને બાહસ્ત તરફ લઈ ગઈ.

૩૫૧૦ તે કે જે મારી કાયાને ઉઠાવી ગએલ તે એક વાવાઝોડું હતું, વાવાઝોડું સખાવતના સમુદ્રના કિનારે ઉપાડી લાવ્યું.

૩૫૧૧ હું વાવાઝોડા તરફ પાણી (મેળવવાની) આશામાં ગયો. મેં સમુદ્ર જોયો અને મોતીઓના ઢગલે ઢગલા લીધા.

૩૫૧૨ તે (ઇઝરાઈલી) તેની પાસે પ્યાલો લાવ્યો, કહીને, હવે પાણી લ્યો. 'તેણે જવાબ આપ્યો' જાઓ, (બધું) પાણી મારી દ્રષ્ટિમાં તિરસ્કરણીય બન્યું છે.

૩૫૧૩ મેં એવો એક ઘુંટડો પીધો છે 'ખુદાએ ખરીદ કરેલ છે" કે કોઈ તરસ (કયામતના દિવસ) સુધી મને લાગશે નહિ.

૩૫૧૪ તે કે જેણે નદીઓને અને ઝરાઓને પાણી આપ્યું છે, તેણે મારામાં એક ઝરો ઉઘાડયો છે.

૩૫૧૫ આ દિલ, (જઠરાગ્નિ) કે જે ગરમ અને પાણી પીતું હતું, તેની મહાન ઉત્કટ ઇચ્છાએ પાણી તિરસ્કારણીય બન્યું છે.

૩૫૧૬ તેણે (ખુદાએ) પોતાના ચાકરોના કારણ માટે અક્ષરોના પ્રતિકરૂપ બન્યો છે, 'કાફીના 'કાફ' (પુરતો) વચનની સત્યતા 'કાફ' 'હા' 'યા' 'અયન' 'સાદ.'

વાવાઝોડું → સમુદ્રમાં - મોતીઓના
કાયા ×

૩૫૧૭ (ખુદાએ કહ્યું છે) "હું સંપૂર્ણ છું." હું ગૌણ કારણુના (મધ્યસ્થી) બીજાની મદદ માગ્યા વગર હું બધી જ ભલાઈ આપીશ.

૩૫૧૮ હું સંપૂર્ણ છું. તને રોટલા વગર સંતોષ આપીશ, હું તને લશ્કરો અને સિપાઈઓ વગર બાદશાહી આપીશ.

૩૫૧૯ હું તન વસંત રૂતુ વગર નરગીસ અને ગુલાબના ફુલો આપીશ. હું એક કિતાબ અથવા શિક્ષક વગર સુમરાઓ આપીશ.

૩૫૨૦ હું સંપૂર્ણ છું. હું તને દવા વગર સાજો કરીશ, હું એક કબર અને ખાડાને એક (આનંદજનક) રમવાનું સ્થળ બનાવીશ.

૩૫૨૧ હું એક મુસાને એક માત્ર દોરડા જેવું દિલ (હીંમત) આપું છું કે જે એક વિપુલ સંખ્યા વિરૂદ્ધ તલવાર ચલાવે,

૩૫૨૨ (આવો) એક પ્રકાશ અને ભવ્યતા એક (મુસાના હાથને) આપું છું કે જે (વિજયમાં) સુર્યને લપડાક લગાવે.

૩૬૨૩ હું એક લાકડાની લાકડીને સાત માથાવાળો અજદાહ બનાવું છું કે જે નાગણી (ગર્ભ ધારણ) કરતી નથી અને નરથી જન્મ લેતી નથી.

૩૫૨૪ હું નાઈલ નદીના પાણીમાં લોહી ભેળવતો નથી. વાસ્તવમાં મારી કપટાઇથી હું તેના પાણીના સત્વરે જ લોહી બનાવું છું.

૩૫૨૫ હું તમારી ખુશીને નાઈલ નદીના ગંદા પાણીની માફક દિલગીરીમાં ફેરવું છું કે જેથી તમો આનંદ કરવાનો રસ્તો શોધી શકો નહિ.

૩૫૨૬ ફરીવાર, જ્યારે તમો ફરી એકવાર ફિરઔનનો સબંધ પરિત્યાગ કરવાના અને ઇમાન આણવાના કસમ લ્યો છો ત્યારે.

૩૫૨૭ તમો જોશો કે દયાનો 'મુસા' આવ્યો છે. તમો લોહીની નાઇલ પાણીમાં ફેરવાએલી જોશો.

૩૫૨૮ જ્યારે તમો (વિશ્વાસ)નો દોરડાના છેડો તમારામાં સલામત રાખશો ત્યારે તમારી ખુશીની નાઈલ નદી લોહીમાં કદી બદલાશે નહિ.

૩૫૨૯ મેં વિચાર્યું, હું ઇમાન સ્વીકારીશ. એટલા માટે કે આ લોહીના મહાપુરમાંથી હું થોડું પાણી પી શકીશ.

૩૫૩૦ હું કેવી રીતે જાણું કે તે મારી પ્રકૃતિમાં એક ફેરફારનું કાર્ય કરશે અને મને એક (રૂહાનીયત) નાઇલ બનાવશે?

૩૫૩૧ હું મારી પોતાની આંખે એક વહેતી નાઇલનું (પણ) બીજાની આંખે? આરામ કરું છું.

૩૫૩૨ જેવી રીતે કે હ. પયગમ્બર સાહેબને આ દુનિયા ખુદાની ભવ્યતામાં ડુબેલી છે જ્યારે આપણને તે બેધ્યાન છે.

૩૫૩૩ તેઓની આંખે આ દુનિયા પ્રેમ અને દમથી ભરપુર ભરેલી છે જ્યારે બીજાઓથી આંખો એ તે પાર્થીવ અને ચેતનવિહોણી છે.

૩૫૩૪ તેઓની આંખોએ પીંછા અને ટેકરી ઝડપથી ગતીમાન છે, તેઓ ઢેફાં અને ઇંટમાંથી રહસ્યમય વિવરણ સાંભળે છે.

૩૫૩૫ હલકટને આ બધી (દુનિયા) બંધાએલી અને મૃત ચીજ છે. મેં આના જેવો વધુ અદ્દભુત અંધાપાનો પડદો બીજો જોયો નથી.

૩૫૩૬ આપણી આંખે બધી કબરો એક સરખી છે. ઔલીયાઓની આંખો એ એક બહિશ્ત જેવો બગીચો છે અને બીજી દોજખના જેવો ખાડો છે.

૩૫૩૭ હલકટ કહેશે, પયગમ્બર મિજાજી મુખમુદ્રાવાળો શા માટે બન્યો છે અને શા માટે આનંદનો નાશ કરનાર બન્યો છે?

૩૫૩૮ આશીર્વાદિત કહેશે, ઓ લોકો, તમારી આંખોને મિજાજી દેખાય છે,

૩૫૩૯ (પણ) એકવાર અમારી આંખોમાં આવો કે જેથી તમો (શરૂ થતી સુરાના શબ્દો) 'હલ અતા' (શું ત્યાં આવ્યો ન હતો)માં (વર્ણવાએલા આનંદી) હાસ્યો નિહાળે.

૩૫૪૦ તે તને નાસપતીના ઝાડના મથાળેથી આભાસના રૂપમાં દેખાય છે, ઓ યુવાન, નીચે ઉતર,

૩૫૪૧ નાસપતીનું ઝાડ એ અસ્તિત્વનું ઝાડ છે, જ્યાં સુધી કે તમો ત્યાં છો ત્યાં સુધી નવીન જુનવાણી દેખાય છે.

૩૫૪૨ જ્યાં સુધી કે તમો ત્યાં છો ત્યાં સુધી તમો કાંટાની ડાળીઓ, ક્રોધનાં વિંછીઓ અને સરપોથી ભરપુર ભરેલ જોશો,

૩૫૪૨ જ્યારે તમો નીચે આવો છો ત્યારે કંઇ પણ કીંમત વગર ગુલાબી ગાલની સુંદરતાઓ અને તેઓની કયારીઓ ભરેલ દુનિયા જોશો.

લંપટ સ્રીની કહાણી, કે તને દેખાય છે તે પેલા નાસપતીનું મથાણું માણસની આંખને આવી ચીજો જોવાનું કારણભૂત છે. નાસપતીના ઝાડના મથાળેથી નીચે આવો કે પેલાં આભાસો અદ્રષ્ય થાય. અને જો કોઇ પણ કે જે પેલા માણસને જોયું તે આભાસ ન હતો તો જવાબ એ છે કે આ (વાર્તા) એક રૂપક છે, નહિ કે એક આ દ્રષ્ય, બોધકથામાં (સળતાપણાનો) આ હિસાબ પૂરતો છે, કારણ કે જો તે નાસપતીના ઝાડના મથાળે ગયો ન હોત તો તેણે પેલી વસ્તુઓ કદી પણ જોઇ ન હોત. ભલે પછી તે સાચી કે આભાસી.

૩૫૪૪ પેલી સ્રીએ પોતાના મુર્ખ ધણીનિ હાજરીમાં પોતાના પ્રેમી સાથે પ્રેમપૂર્વક ભેટવાની ઇચ્છા કરી.

૩૫૪૫ તેથી પેલી સ્ત્રીએ પોતાના ધણીને કહ્યું "એ નશીબવંતા, હું ફળો ભેગાં કરવા ઝાડ ઉપર ચઢીશ.

૩૫૪૬ જેવી કે પેલી સ્રી તે ઝાડ ઉપર ઉપર ચડી, સ્ત્રીએ રૂદન શરૂ કર્યું જ્યારે તેણીએ ઉપરથી પોતાના ધણીની દીશામાં નજર કરી.

૩૫૪૭ તો જોયું કે પોતાનો ધણી કોઈ સામે હલકટ કાર્ય કરવાની તૈયારી કરી રહ્યો છે.

૩૫૪૮ સ્ત્રીએ બૂમ પાડી "તું આ શું કરી રહ્યો છો? શું શરમને તેં મૂકી દીધી છે?"

૩૫૪૯ ધણીએ કહ્યું 'નહિ, કોઇ ધારશે કે તારૂં મગજ ફરી ગયું છે કોઈ પણ રીતે અહીં મારા સિવાય બીજું કોઇજ નથી.

૩૫૫૦ હું અહીં તારી રાહ જોઈ રહ્યો છું. મહેરબાની કરી તારી આંખો ખોલી જો."

૩૫૫૧ તેણે જવાબ આપ્યો, "ઓ સ્રી સાંભળ, ઝાડ ઉપરથી નીચે આવ, કારણ કે તારૂં માથું ફરી ગયું છે અને તું ખૂબજ બાલિશ બની છે.

૩૫૫૨ જ્યારે તેણી નીચે આવી, તેણીનો ધણી ઉપર ગયો (પછી) સ્ત્રીએ પોતાના પ્યારાને આલીંગન કર્યું.

૩૫૫૩ ધણીએ ઉપરથી બૂમ પાડી. "અય, કમજાત, તું આ શુ કરી રહી છો?

૩૫૫૪ સ્ત્રીએ કહ્યું, "નહિ, અહીં મારા સિવાય બીજું કોઇજ નથી સાંભળ, તારૂં મસ્તક ફરી ગયું છે, અક્કલ વગરની વાત કર નહિ."

૩૫૫૫ તેણે પોતાની સ્રી વિરૂદ્ધ ગુન્નો દોહરાવ્યો, સ્ત્રીએ કહ્યું "આ પેલા નાસપતીના ઝાડમાંથી છે.

૩૫૫૬ એ લંપટ સ્રીના પતી, નાસપતીના ઝાડના મથાળેથી હું તારી જેમજ ખોટું જોતો હતો

૩૫૫૭ સાંભળ, નીચે આવ, કે જેથી તમો જુઓ કે અહીં કંઇજ નથી. આ બધા આભાસો નાસપતીના ઝાડે ઉપજાવ્યા હતા.

૩૫૫૮ નકામી વાર્તાઓ સૂચના પહોંચાડે છે, આતુરપણે તેને સાંભળ, મશ્કરીના તેના દેખાવથી ગીરવીપણામાં ગબડતો નહિ.

૩૫૫૯ મશ્કરા લોકોને ગંભીર બાબત એક મશ્કરી છે, ડહ્યા માણસો માટે (બધી) મશ્કરીઓ ગંભીર બાબત છે.

૩૫૬૦ આળસુ લોક નાસપતીના ઝાડને શોધે છે, પણ પેલા નાસપતીના ઝાડ તરફનો રસ્તો લાંબો છે.

૩૫૬૧ નાસપતીના ઝાડને જેના ઉપર અત્યારે તું અસ્થિર આંખનો અને અસ્થિર ચહેરાનો બન્યો છે, નીચે ઉતર.

૩૫૬૨ આ (નાસપતીનું ઝાડ) આદી કાળનો અહમ અને ખુદી છે જ્યાં આંખમાં વાંકુ-ચુંકુ અને ત્રાંસુ છે.

૩૫૬૩ જ્યારે તમો આ નાસપતીના ઝાડ ઉપરથી નીચે આવો છો ત્યારે તમારા વિચારો અને આંખો અને શબ્દો વાંકાચુંકા રહેશે નહિ.

૩૫૬૪ તમો જોશો કે આ (નાસપતીનું ઝાડ) સદ્કિસ્મતનું ઝાડ બન્યું છે, તેની ડાળીઓ સાતમા આસમાને (પહોંચે છે).

૩૫૬૫ જ્યારે તમો નીચે આવો છો અને તેનાથી છુટા પડો છો ત્યારે ખુદા તેની દયામાં તેને બદલાતું બનાવશે.

૩૫૬૬ તમારા નીચે ઉતરવામાં બતાવેલી તમારી માનવતાના કારણે ખુદા તમારી આંખ ઉપર સાચી પરમ દ્રષ્ટિ ઇનાયત કરશે.

૩૫૬૭ જો સત્ય પરમ દ્રષ્ટિ સહેલી અને સરળ હોત તો હ. મુસ્તફા (ર. સ. અ.) એ ખુદા પાસેથી તેની ઇચ્છા કેમ કરી હોત?

૩૫૬૮ તેમણે કહ્યું "તારી દ્રષ્ટિમાં તે ભાગ છે તેવો જ ઉપર અને નીચેનો દરેક ભાગ (મને) બતાવો.

૩૫૬૯ ત્યારબાદ નાસવતીના ઝાડઉપર જાઓ કે જે બદલાવાયું છે અને (દૈવી) હુકમ "થાઓ" થી લીલુછમ બનાવાયું છે.

૩૫૭૦ આ ઝાડ (હવે) મુસાથી સંબંધીત ઝાડ બન્યું છે, તેવી જ રીતે કે જેમ તે તારો સરસામાન મુસા તરફ રવાના કર્યો છે.

૩૫૭૧ (દૈવી પ્રકાશ) નો અગ્નિ તેને લીલું, અને ખીલતું બનાવે છે. તેની ડાળીઓ બુમ પાડે છે "ઓ, હું ખુદા છું."

૩૫૭૨ તેના છાંયા નીચે તારી બધી જરૂરીયાતો પુરી કરવામાં આવી છે. દૈવી રસાયણ શાસ્ત્ર આવું છે.

૩૫૭૩ પેલું વ્યક્તિત્વ અને અસ્તિત્વ તારા માટે કાયદા સમ છે જ્યારે કે તું તેમાં સર્વ-શક્તિમાનના ગુણધર્મો નિહાળે છે.

૩૫૭૪ વાંકું ઝાડ સીધું, ખુદાને જાહેર કરતું બન્યું છે. "તેનાં મુળ (જમીનમાં) લાગેલાં છે અને તેની ડાળીઓ આસમાનમાં."

૩૫૭૫ તેમને ત્યાંથી એક અંતિમ વહી–એક સંદેશો આવ્યો, કહે, હવે કુટિલતા એક બાજુએ મુકી દે. અને પ્રમાણિક બની જા."

૩૫૭૬ કાયાનું આ ઝાડ હ. મુસા (અ. સ.) ના દેરડા (માફક) છે, તેને લગતા (દૈવી) હુકમ તેમને મળ્યો, 'તારા હાથમાંથી તેને પડવા દે."

૩૫૭૭ કે જેથી તું તેની ભલાઇ અને બુરાઇ નિહાળી શકે, ત્યારબાદ (ફરીવાર) તેવા હુકમથી તેને ઉપર ઉંચકી લે.

૩૫૭૮ તેને પોતાના હાથમાંથી છોડી દેતાં પહેલાં તે લાકડા સિવાય બીજું કંઇ હતું જ નહિ, જ્યારે જ્યારે તેમણે તેના હુકમથી ઉપર ઉંચકી લીધું તે દેખાવડું બન્યું.

૩૫૭૯ શરૂઆતમાં તે ઘેટાંઓ માટે પાંદડાં પાડવા હલાવતું હતું. (ત્યારબાદ) તે પેલા ભ્રાંતક લોકોને નામર્દાઈમાં નીચે ઉતાર્યા.

૩૫૮૦ તે ફિરઔનના સમુહ ઉપર સત્તાધારી બની, તેણે તેઓનું પાણી લોહીમાં ફેરવ્યું અને તેઓને પોતાના હાથોથી માથાં પછાડતાં બનાવ્યા.

૩૫૮૧ તેઓનાં વાવેલા ખેતરોમાં તીડોના કારણે કે જેઓ પાંદડાં હડપ કરી ગયા દુષ્કાળ અને મૃત્યુ સર્જ્યાં.

૩૫૮૨ હ. મુસા (અ. સ.) ના ઝમાના સુધી કે જ્યારે તેઓએ અંતિમ પરિણામ ધ્યાનમાં લીધું ત્યારે એક પ્રાર્થના (ખુદા તરફ) ફરજીયાત ઉપર ગઇ.

૩૫૮૩ આ બધી (તેમની) અશક્યતા અને સ્પર્ધા શા માટે જ્યારે કે આ લોકો કદી પણ ઇમાનદાર બનશે નહિ?

૩૫૮૪ (દૈવી) હુકમ (તેમને) મળ્યો, કહે, નુહના પગલે પગલે ચાલ, (તને) જાહેર કરવામાં આવેલ છે તેમ (આ બાબતના) અંતની ગણત્રી કરવામાં બાકાત રહે.

૩૫૮૫ તેની દરકાર કરતો નહિ, જ્યારે કે તું (લોકોને) સાચા રસ્તા ઉપર બોલાવનાર-માંનો એક હો, "સંદેશો પહોંચાડ" હુકમ છે. તે (અર્થ વગરનો) નથી.

૩૫૮૬ અલ્પ અંશે (તેનો) પ્રયોજન એ છે કે આ તારા દ્દઢાગ્રહ થકી પેલી દુરાગ્રહી અને (નાસ્તિકોનો) બળવાખોર અહંકાર બતાવાયેલો બને.

૩૫૮૭ કે જેથી (કેટલાકને) ખુદાનો રસ્તો બતાવવો અને (કેટલાકને) ગુમાવેલાં બનાવવાનો. ધાર્મિક ફિરકાઓના અનુયાયીઓને-બધાને સ્પષ્ઠ બને.

૩૫૮૮ તે જ પ્રમાણે અસ્તિત્વનો હેતુ (આ બન્ને દૈવી ગુણધર્મોની જાહેરાતનો હતો, તેની ચકાસણી (તાબેદારીનો) બોધ કરવો અને ખોટે માર્ગે દોરવાના સાધનોથી કરવો જોઈએ.

૩૫૮૯ સેતાન ગુનાહ (તરફ) કુમાર્ગે દોરવામાં મચ્યો રહે છે અને 'રૂહાની રાહબર' સત્ય રસ્તે દોરવવામાં મચ્યા રહે છે.

૩૫૯૦ જ્યારે પેલો (ખુદાનો) ભયંકર હુકમ ક્રમેક્રમ આગળ વધ્યો (અમલમાં આવ્યો), સમસ્ત નાઈલ નદી એક છેડાથી બીજા છેડા સુધી લોહીમાં ફેરવાઇ હતી.

૩૫૯૧ (આખરે) ફિરઓને પોતાની જાતે (હ. મુસા અ. સ.) ની પાસે આવ્યો, તેમને નમ્રતાથી અરજ કરી, તેની ઉંચી આકૃતિ બેવડ વળી.

૩૫૯૨ અને કહ્યું "ઓ (રૂહાની, બાદશાહ અમોએ જે કર્યું તે તમો કરો નહિ. અમો (માફીના) શબ્દો ઉચ્ચારવા તમારી સામે પણ જોઈએ (તેંવા લાયક નથી).

૩૫૯૩ હું (મારા શરીરના) દરેક કટકાએ તમારા હુકમનો તાબેદાર બનીશ, હું માન-વર્તબામાં રહેવા ટેવાએલો છું. મારી સાથે સખતાઇથી વર્તન કરો નહિ.

૩૫૯૪ સાંભળો. ઓ વિશ્વાસુ, તમારા હોઠો દયામાં હલાવો કે તે ( તમારી પ્રાર્થનાથી ) ( દૈવી કોપનું ) આ ઝનુની મુખ બંધ થાય.

૩૫૯૫ તેમણે ( હ. મુસા અ. સ. )એ કહ્યું, " ઓ માલિક, તે મને ઉંધુ ચતું સમજાવે છે, તે તારા સમજાવનારને ઊંધુ સમજાવે છે.

૩૫૯૬ હું શું તેઓને સાંભળું અથવા ( બદલામાં ) હું પણ તેઓને ઉંધુંચતું સમજાવું, એટલા માટે કે તે ડાંળીને ધક્કો મારનાર મુળને ઓળખે.

૩૫૯૭ કારણ કે લુચ્ચાઈ અને ઢોંગનું ( અસલ ) મૂળ અમારાથી છે. જે પણ કંઇ દુનિયા ઉપર છે તેનું મૂળ ( અસલી વાત ) આસમાનમાંથી છે.

૩૫૯૮ ખુદાએ ( હ. મુસા અ. સ. )ને કહ્યું " પેલો નીચ કૂતરો ફિરઔન ) તેના માટે પણ લાયક નથી, પેલા કુતરાને દૂરથી એક હાડકું નાખ.

૩૫૯૯ સાંભળ, દોરડાને હલાવ, કે જેથી ભીડોએ જજે નાશ કર્યો છે તે સુકાએલા પાછુ આપે.

૩૬૦૦ અને તીડોને તાત્કાલીક કાળાં બનવા દે કે જેથી લોકો ખુદાએ કરેલા ફેરફારો જુએ.

૩૬૦૧ કારણ કે મને સાધનોની જરૂરત નથી, પેલાં સાધનો ( માત્ર ) એક પડદો અને ઢાંકણનું કાર્ય બજાવે છે.

૩૬૦૨ અંતે કે પેલો કુદરતી ફીલસૂફ પોતાને દવા તરફ ધ્યાન કરતો થઇ જાય અને ભવિષ્યવેત્તા પોતાનો ચહેરો ગ્રહ તરફ ફેરવે.

૩૬૦૩ અને કે દંભી વ્યક્તિ કંજુસાઇ અંગે પ્હો ફાટતાં પોતાની બનાવટો માટેની જરૂરીયાત ન હોવાની બીકમાં મારકીટમાં હાજર થાય.

૩૬૦૪ પોતાની બંદગી પણ ગુજાર્યા વિના, અથવા ચહેરો (પણ) ધોયા વગર (જ્યારે) પોતાની રોજી શોધે છે, ત્યારે તે પોતેજ દોજખનો એક કોળીઓ બન્યો છે.

૩૬૦૫ અધમનો આત્મા, સૂકા ઘાસ ઉપર નભતા ઘેટાની માફક ખાય છે અને ખવાતો હોય છે.

૩૬૦૬ ઘેટું ધરાય છે જ્યાંરે ખાટકી ખુશી થતો હોય છે. કહે છે, અમારી ખાતર તે (તેની) ઇચ્છા મુજબના ઘાસ ઉપર જાડું થાય છે.

૩૬૦૭ તું ખાવાપીવાની બાબતમાં દોજખનું કાર્ય કરે છે, તું ( દોજખની ) ખાતર પોતાને જાડો બનાવે છે.

૩૬૦૮ તારૂ પોતાનું કામ કર, ડહાપણનો રોજનો રોટલો ખાધા કર કે જેથી ભવ્ય દિલ ( આત્મા ) જાડો બને.

૩૬૦૯ કાયાનું ખાવું પીવું એ આ ( રૂહાનીયત ) ખાવા પીવા તરફ અટકાયત છે, આત્મા એક વેપારી માફક છે જ્યારે કાયા રસ્તે લુંટતો ધાડપાડુ છે.

૩૬૧૦ માત્ર તે વખતે કે જયારે ધાડપાડુ અગ્નિની માફક નષ્ટ થાય છે ત્યારે દિવ્ય આત્માની મીણબત્તી બને છે.

૩૬૧૧ કારણ કે (વાસ્તવમાં) તમો પેલી (રૂહાનીયત) સમજણ છો અને બાકીનું તારૂં (બધું) સમજણ છુપાવતો પડદો છે. તારી ખરી ખુદીને ગુમાવતો નહિ, નકામો સખત મહેનત ન કર.

૩૬૧૨ જાણ કે દરેક વાસનામય ઇચ્છા શરાબ અને ભાંગ જેવી છે તે સમજણ ઉપર એક પડદો છે કે જેથી બુદ્ધિશાળી ઇન્સાન દિગ્મૂઢ બને છે.

૩૬૧૩ સમજણની મદહોશી એકલા શરાબથી થતી નથી. ગમે તે વાસનામય છે (રૂહાનીયત) આંખ અને કાનને બંધ કરે છે.

૩૬૧૪ ઈબલીસને શરાબ પીવામાંથી ઘણો દુર બનાવાયો હતો. તે અંહાર અને બેઈમાનીથી પીધેલો બન્યો હતો.

૩૬૧૫ પીધેલો માણસ તે છે કે જે નથી તે પણ જુએ છે (તેને) જે એક ખરેખરો જસતનો અથવા લોખંડનો ટુકડો છે, સોનું દેખાય છે.

૩૬૧૬ આ વિવરણનો છેડો જ નથી, (ખુદાએ કહ્યું) ઓ મુસા, તારા હોઠો હલાવ, કે જેથી લીલોતરી ઉગી નીકળે.

૩૬૧૭ તેણે (હ. મુસા અ. સ.) એ તેમ કર્યું, અને તુર્તજ જમીન ફૂલોના ઝાડ અને કીંમતી અનાજથી લીલી બની.

૩૬૧૮ પેલું ટોળું ખોરાક ખાવા ઉમટી પડ્યું, જ્યારે કે તેઓએ દુષ્કાળ સહન કર્યો હતો અને લગભગ અકરાંતીયા ભુખથી મરેલા હતા.

૩૬૧૯ તેઓએ કેટલાય દિવસો સુધી પેલાઓ કે જેઓ (હ. મુસા અ. સ.) ની ફુંકથી નવાજીશ હતા તેઓ અને (બીજા) માનવ જીવો અને વર્તુઓએ પોતાનાં પેટ પેલી બુક્ષીસથી ભર્યાં.

૩૬૨૦ જ્યારે તેઓનાં પેટો ભરેલા બન્યાં અને તેઓએ (દૈવી) દાન ઝડપી લીધું અને તંગી ચાલી ગઈ પછી તેઓ (બેફરમાનીમાં) ઉદ્ધત બન્યા.

૩૬૨૧ નફસે અમ્મારા (દુષ્ટ મન) એ ફિરઓરનનું અનુયાયી છે, ખબરદાર રહેજે તેને સંતોષતો નહિ, રખેને તે પોતાની અસલ નાસ્તિકતા યાદ કરે.

૩૬૨૨ (સંયમની) ધખધખતી અગ્નિ વગર દુષ્ટ મન કદી ભલું બનશે નહિ, સાંભળ, જ્યાં સુધી તે સળગતા કોલસા બને નહિ ત્યાં સુધી લોઢાને ફટકાર નહિ.

૩૬૨૩ કાયા ભુખ વગર (ખુદા તરફ) કાંઈ હીલચાલ કરશે નહિ. તું ફટકારતો લોઢું ઠંડું છે, (ખાત્રીપુર્વક આ) જાણી લે!

૩૬૨૪ જ્યાં સુધી કે તે રડે અને પસ્તાવો કરે ત્યાં સુધી તે કદી સાચું ઈમાનદાર બનશે નહિ, ચેતવણી ધ્યાનમાં રાખજે!

૩૬૨૫ તે ફિરઓનની માફક છે, દુષ્કાળના વખતમાં તે પોતાનું માથું હ. મુસા આગળ નમાવે છે જેમ તેણે (ફિરઓનને) આજીજી કરી કર્યું.

૩૬૨૬ (પણ) જ્યારે તેને જરૂરીયાતમાંથી મુક્ત બનાવ્યું, તે (ફરી એક વાર) બળવો કરે છે, જ્યારે ગધેડા ઉપરથી ભાર ઉતારી લેવામાં આવે છે ત્યાર પાટું મારે છે.

૩૬૨૭ તેથી જ્યારે તેનું કામકાજ સારી રીતે આગળ વધેલ છે ત્યારે (દુષ્ટ મન) પોતાના નિસાસાઓ અને રૂદનો ભુલી જાય છે.

૩૬૨૮ માણસને જે (ઘણા) વર્ષો સુધી શહેરમાં રહે છે, જેવી કે તેની આંખો નિંદ્રામાં ઘેરાય છે.

૩૬૨૯ ભલાઈ અને બુરાઇથી ભરેલું બીજું શહેર જુએ છે, અને તેનું પોતાનું શહેર તેની યાદીમાં જરા જેટલું પણ આવતું નથી.

૩૬૩૦ કે જેથી (તે કહેશે), હું (ઘણા વર્ષો સુધી) ત્યાં રહ્યો છું, આ નવું શહેર મારૂં નથી, હું અહીંનો કાયમી રહેવાશી નથી.

૩૬૩૧ નહિ, તે ધારે છે કે વાસ્તવમાં તે આજ શહેરમાં હંમેશાં રહે છે અને (અહીં જ) જનમ્યો છે અને રોજી મેળવી છે.

૩૬૩૨ તો પછી કંઈ અજાયબી છે કે આત્મા કે આત્મા તેનું (અસલ) રહેઠાણ યાદ કરે નહિ કે જે તેની જગ્યા અને આગળનું જન્મસ્થળ છે.

૩૬૩૩ જ્યારે કે ઉંઘની માફક આ દુનિયા તારાઓને વાંદળાં ઢાંકે છે તેમ તેને ઢાંકી દીધેલ છે.

૩૬૩૪ ખાસ કરીને જ્યારે કે તેણે આટલાં બધાં શહેરો છુંદયાં છે, અને તેની શારિરીક સમજશક્તિમાંથી હજી પણ ધૂળ સાફ થઇ નથી.

૩૬૩૫ તેણે સખત કોશીષો કરી નથી કે તેનું દિલ પવિત્ર બને અને ભૂતકાળ નિહાળે.

૩૬૩૬ કે જેથી તેનું દિલ પોતાનું માથું ગુહાર્થના બાંકાંમાંથી ઉચું કરે અને શરૂઆત અને અંત પોતાની ખુલ્લી આંખથી જુએ.

## શરૂઆતથી માણસને નિયંત્રણ કરતી શકિતની જુદી જુદી પદ્ધતિઓ અને તબક્કાઓ.

૩૬૩૭ શરૂઆતમાં તે નિર્જીવ ચીજોની હવામય (દુનિયામાં) આવ્યો અને નિર્જીવ ચીજોની હાલતમાંથી તે વનસ્પતિની હાલતમાં આવ્યો.

૩૬૩૮ (ઘણાં) વર્ષો તે વનસ્પતિની હાલતમાં જીવ્યો અને નિર્જીવ હાલતને (તેઓ બન્નેની વિરૂદ્ધાઈની) કારણે યાદ ન કરી.

૩૬૩૯ અને જ્યારે તે વનસ્પતિની હાલતમાંથી જનાારની હાલતમાં પસાર થયો ત્યારે વનસ્પતિની હાલત તેને સંપૂર્ણપણે યાદ ન રહી.

૩૬૪૦ સિવાય કે માત્ર માનસિક વલણ માટે કે જે તેને પેલી અવસ્થા તરફ છે, ખાસ કરીને વસંત ઋતુમાં અને મધુર છોડવા.

૩૬૪૧ પોતાની માતાઓ તરફ બચ્ચાંઓની માનસિક વલણની માફક, તે (બાળક) ધવરાવેલું કરવાની તેની ગુપ્ત ઈચ્છા જાણતું નથી હોતું.

૩૬૪૨ (અથવા) વધારે પડતી દરેક નવશિખાઉની ઉમદા રૂહાની રાહબર તરફની માનસિક હાલત, કે જેનું સદ્દકિસ્મત તાજું અને વિકસિત છે.

૩૬૪૩ આ મુરીદની વ્યક્તિગત સમજશક્તિ સર્વમય સમજશક્તિમાંથી ઉતરેલી છે, આ પડછાયા ગતી પેલી ગુલાબની ડાળીમાંથી ઉતરી છે.

૩૬૪૪ તેનો (મુરીદનો) પડછાયો આમાં કે તેનામાં (રૂહાની રાહબરમાં) અદ્રશ્ય થાય છે. પછી તે માનસિક વલણ અને શોધ અને ગોતવાની ગુપ્તતા જાણે છે.

૩૬૪૫ એ સદ્દભાગી, બીજાનો (મુરીદના) પડછાયાની ડાળી હાલે જો આ ઝાડ ન હાલે તો

૩૬૪૬ ફરીવાર પેદા કરનાર કે જેને તું જાણે છે, તે જનાવરી હાલતમાંથી માનવતા તરફ તેને (ઈન્સાનને) દોરે છે.

૩૬૪૭ આમ તે એક પ્રદેશથી બીજા પ્રદેશ (એક દુનિયામાંથી બીજી દુનિયામાંનો બનવા) આગળ વધે છે, ત્યાં સુધી કે હવે તે બુદ્ધિશાળી અને ડાહ્યો અને શક્તિશાળી બન્યો છે.

૩૬૪૮ તેને પોતાના અગાઉના (આત્માઓનું) કાંઈ પણ સ્મરણ નથી. આ (માનવ) સમજશક્તિમાંથી પણ તેનાથી સ્થળાંતર બનાવાય છે.

૩૬૪૯ કે તે કંજૂસાઇ અને મતલબીપણાની આ સમજશક્તિમાંથી છટકી જાય અને ખૂબ જ અપૂર્વ એક લાખ સમજણો નિહાળે.

૩૬૫૦ જો કે તે ઉંઘમાં પડ્યો અને ભૂતકાળનો ભૂલેલો બન્યો છતાં તેઓ ખૂદીને કેમ ભૂલવા દયે?

૩૬૫૧ તેઓ તે નિંદ્રામાંથી તેને ફરીવાર જાગૃત અવસ્થામાં લાવશે. તે તે પોતાની (ચાલુ) હાલતની હાંસી ઉડાવશે.

૩૬૫૨ કહીને, હું મારી નિંદ્રામાં જે દિલગીરી સહન કરતો હતો તે શું હતું? હું સત્ય હાલતો (ખરા અનુભવો) હું કેમ ભૂલી ગયો?

૩૬૫૩ મેં કેમ જાણ્યું નહિ કે પેલી દિલગીરી અને દર્દ ઉંઘની અસર અને આભાષ અને કલ્પના છે?

૩૬૫૪ તે જ પ્રમાણે આ દુનિયા છે કે જે ઉંઘનારનું સ્વપ્નું છે, ઉંઘનાર કલ્પનાઓ કરે છે કે તે ખરેખર સહન કરી રહ્યો છે.

૩૬૫૫ ત્યાં સુધી કે ઓચીંતા મૃત્યુનું પ્રભાત ઊગે છે અને તેને ધારણા અને જુઠના અંધારામાંથી મુક્ત બનાવશે.

૩૬૫૬ (પછી) અટ્ટહાસ્ય તેની પેલી દિલગીરીઓ તરફ તેનો કબજો લેશે, જ્યારે તે પોતાનું કાયમી રહેઠાણ અને રહેવાની જગ્યા જુએ છે.

૩૬૫૭ તું તારી ઉંઘમાં જે પણ ભલી બુરી વસ્તુ જુએ છે તે દરેક એક પછી એક કયામતના દિવસે સ્પષ્ટ બનાવાશે.

૩૬૫૮ તે કે જે તેં આ ( ચાલુ ) દુનિયામાં ઉંઘમાં જોયું તે જાગૃતીના વખતે તેને સ્પષ્ટ બનશે.

૩૬૫૯ એવું ધારવામાંથી કાળજી રાખજે કે આ (જે તેં કર્યું છે) આ ઉંઘવાની (હાલતમાં) માત્ર કરેલું હલકટ કાર્ય છે અને કે તારા માટે (ત્યાં) કોઈ વ્યાખ્યા નહિ હોય.

૩૬૬૦ નહિ, ઓ કેદના અત્યાચારી, આ (તારૂં) અટહાસ્ય વ્યાખ્યાના દિવસે આંસુઓ અને આક્રંદો બનશે.

૩૬૬૧ જાણુ કે તારા જાગૃત અવસ્થામાં તારાં આંસુઓ અને દિલગીરી અને દુ:ખ અને આક્રંદ આનંદમાં ફેરવાશે.

૩૬૬૨ ઓ તું કે: જેણે ( ઘણા ) યુસુફોના ડગલા ફાડયા છે, તું આ ગાઢ નિંદ્રામાંથી વરૂ ( ના રૂપમાં ) ઉભો થશે.

૩૬૬૩ તારા હલકા દુર્ગુણો વરૂઓ બનેલા ગુસ્સામાં તારા અવયવો એક પછી એક ફાડશે.

૩૬૬૪ વેરની વસુલાતના ( કાયદા ) અનુસાર ( તારાથી વહેવડાવેલ ) લોહી તારા મૃત્યુ બાદ ઊંઘી જશે નહિ, એમ કહે નહિ.

"હું મરી જઈશ અને છુટકારો મેળવીશ."

૩૬૬૫ આ તાત્કાલિક વેરની વસુલાત એ ( માત્ર ) અવેજીમાં લેવાતી ચીજ વસ્તુ છે. પેલા ( ભવિષ્યમાં ) લેવાનાર વેરની વસુલાતની સરખામણીમાં આ ( માત્ર ) એક રમત છે.

૩૬૬૬ ખુદાએ ચાલુ દુનિયાને એક રમત તરીકે બોલાવેલ છે. કારણ કે આ સજા પેલી સજાની સરખામણીમાં એક રમત છે.

૩૬૬૭ આ સજા લડાઈ અને લોકોનો ઝગડો શાંત કરવાનાં સાધન છે, પેલો એક ખસી કરાએલા જેવો છે જ્યારે આ એક સુન્નત કરાએલાને મળતો છે.

**દોજખના લોકો ભૂખ્યા છે અને ખુદાને રૂદનપૂર્વક આજીજી કરતા હોય છે, કહે છે, અમારા ખોરાકોને જાડા બનાવજો અને ખોરાકને જેમ બને તેમ જલ્દી પહોંચાડજો, કારણ કે અમો વધુ વખત સહન કરી શકતા નથી તે સમજાવવું.**

૩૬૬૮ આ વિવરણનો અંત જ નથી, ( ખુદાએ કહ્યું ) ઓ મુસા સાંભળ, પેલા ગધેડાઓને ઘાસ તરફ જવા દે.

૩૬૬૯ કે તેઓ બધા લીલા ઘાસથી જાડા બને, સાંભળ, (તેમને અંદર આવવા દે), કારણ કે અમારી પાસે ભયંકર વરૂઓ છે.

૩૬૭૦ અમો ચોક્કસપણે અમારા વરૂઓની ગમનીન બુમો જાણીએ છીએ. અમો આ ગધેડાઓને તેમને માટે ખોરાકનું સાધન બનાવેલ છે.

૩૬૭૧ તારા હોઠોમાંથી ઉચ્ચારેલ દયામય રસાયણ આ ગધેડાઓને માનવ બનાવવા ઇચ્છે છે.

૩૬૭૨ તેં ઘણી જ દયા અને પસંદગી તેમને ( ખુદા તરફ ) બોલાવામાં બતાવી છે. (પણ) તે પેલા ગધેડાઓ માટે સદ્દકિસ્મત અને ખોરાક આપવામાં આવેલ ન હતો.

૩૬૭૩ તેથી દયાની ચાદર ભલે તેમને આડસ બને કે અનુપકારીપણાની ઘસઘસાટ ઉંઘ તેઓને ઝડપથી ઘેરી લ્યે.

૩૬૭૪ કે જેથી જ્યારે આ ( ગધેડાઓનું ) ટોળું આના જેવી ઉંઘમાંથી જાગી ઉઠે ત્યારે મીણબતીને બોલવી નાખવામાં આવશે અને સાકી ચાલ્યો જશે.

૩૬૭૫ તેઓની આ બળવાખોર બેફરમાનીએ તને ( મોટી ) મૂંઝવણમાં રાખેલ છે, તેથી વેરની વસુલાતમાં એક ( મોટી ) દિલગીરી સહન કરશે.

૩૬૭૬ અ.તે કે અમારો ઇન્સાફ આગળ આવે અને દરેક હલકટ કાર્ય કરનારને લાયક વેરની વસુલાત લાદવામાં આવે.

૩૬૭૭ કારણ કે બાદશાહ કે જેઓને તેઓ ખુલ્લી રીતે જોતા ન હતા, ( હંમેશા ) તેઓના જીવનમા ગુપ્ત રીતે તેમની સાથે જ હતો.

૩૬૭૮ તેવી જ રીતે જેમ બુદ્ધિ તારી સાથે છે, તારી કાયાથી ઉપર પર તારી સાથે જ છે, અને ભલે આ તારી સુઝ તેને જોવા અશક્ત છે.

૩૬૮૯ ( છતાં ) ઓ ફલાણાભાઈ, તેની સુઝ તારી હિલચાલ અને જ્યારેતે ચકાસણી કરે છે તેને નિરખવા અશક્ત નથી.

૩૬૮૦ જો પેલી સમજશક્તિનો પેદા કરનાર પણ તારી સાથે હોય તો નવાઈ કઇ છે? તેની સત્યતા તું કેમ સ્વીકારતો નથી?

૩૬૮૧ તે ( કોઇ પણ ) પોતાની બુદ્ધિ તરફ ધ્યાન આપતો નથી અને ખરાબીથી ખરડાય છે. ત્યારબાદ તેની તેને ઠપકો આપે છે.

૩૬૮૨ તમો તમારી સમજશક્તિ વેડફી, તમારી બુદ્ધિ (તમને ભૂલશે નહિ) જ્યારે કે પેલું ઠપકાનું કૃત્ય તેની હાજરીનું પરિણામ છે.

૩૬૮૩ જો તે હાજર ન હોત અને બેધ્યાન હોત તો પછી તેણે ઠપકામાં તમોને તમાચો કેમ માર્યો?

૩૬૮૪ અને જો તમારૂં દુષ્ટ મન તેના તરફ અસાવધ તે બન્યું હતું તો તમારૂં ગાંડપણ અને ગરમી આવી રીતે કેમ વર્તી?

૩૬૮૫ અને તમારી બુદ્ધિ જ્યોતિષ જેવી છે, આ સાધનોથી તમો અસ્તિત્વના સુર્યની નજદીકી જાણી શકો.

૩૬૮૬ તમારી બુદ્ધિ ગણત્રી ન કરી શકાય તેટલી તમને નજદીક છે તે ડાબી કે જમણી અથવા આગળ કે પાછળ નથી.

૩૬૮૭ તો પછી બાદશાહ ગણત્રી ન કરી શકાય તેટલો નજીક ન બને? કારણ કે બુદ્ધિમય તલાશ (તેના તરફનો) રસ્તો શોધી શકે નહિ.

૩૬૮૮ હલચલ કે જે તમારી આંગળીમાં છે તે તમારી આગળ પાછળ અથવા જમણી કે ડાબી બાજુએ નથી.

૩૬૮૯ ઉંઘ અને મૃત્યુના વખતે (તે) હલચલ તેમાંથી (આંગળીમાંથી) ચાલી જાય છે, જાગૃતીના વખતે તે ફરી જોડાય છે.

૩૬૯૦ તમારી આંગળીમાં તે કયે રસ્તે આવેલ (પેલી હલચલ) કે જેના વગર તમારી આંગળીનો કાંઇ ઉપયોગ ન હોય?

૩૬૯૧ આંખ અને આંખની કીકીનો પ્રકાશ છે. દિશાઓ સિવાય બીજા કયા રસ્તેથી તે આવે છે?

૩૬૯૨ ઉત્પત્તિનું જગત (જુદા જુદા) સ્થળો અને દિશાઓથી વિભુશીત કરવામાં આવેલ છે (પણ) (દૈવી) હુકમની દુનિયા અને ગુણ ધર્મો દિશાઓથી પર છે.

૩૬૯૩ ઓ પ્યારા, જાણ કે હુકમની દુનિયા દિશા વગરની છે. જરૂરીયાત અંગે હુકમ કરનાર પણ વધુ દિશા વગરનો છે.

૩૬૯૪ સમજશક્તિ દિશાઓ વગરની હતી, અલ્લાહતલ્લા બુદ્ધિ કરતાં વધુ હુશિયાર છે અને આત્મા કરતાં પણ વધુ રૂહાનીયત છે.

૩૬૯૫ એક પણ સજીવ પ્રાણી તેની સાથેના સબંધ વગરનું નથી. ઓ કાકા પેલો સબંધ વર્ણવી ન શકાય તેવો છે.

૩૬૯૬ કારણ કે આત્મામાં જુદાઈ અને મિલન નથી, જ્યારે (આપણો) વિચાર જુદાઇ અને સંગઠન સિવાય બીજું કાંઇ વિચારી શકતું નથી.

૩૬૯૭ 'રૂહાની માર્ગદર્શક' (ઇમામે ઝમાન)ની મદદ વડે જે જુદાઇ અને સંગઠન સિવાયનું છે તેની પાછળ. પણ પાછળ પડવું તારી તરસ છીપાવશે નહિ.

૩૬૯૮ (છતાં) નિરંતર પાછળ પડ, તમો મૂળસ્થાનેથી દૂર છો, કે સત્ય પુરૂષત્વની તમારામાંની નાડી, (તમારી ઇચ્છિત) વસ્તુ મેળવવા સુધી તમોને દોરી લાવશે.

૩૬૯૯ બુદ્ધિ આ સંગઠનનો રસ્તો કેમ શોધી શકશે? આ બુદ્ધિ જુદાઇ અને મિલન માટે ગુલામીમાં છે.

૩૭૦૦ ત્યારે કે હ. મુસ્તફા (ર. સ. અ.) આપણી સાથે જોડાયા. કહીને, "ખુદાના પોતિકાપણાની ચીવટભરી તપાસ શોધતો નહિ."

૩૭૦૧ (જેમ ઝીણવટથી જોતાં) પેલો એક કે જેનું પોતિકાપણું વિચારવાની એક વસ્તુ છે, વાસ્તવમાં (વિચાર કરનારની) ધારણા પોતિકાપણાને લગતી હોતી નથી.

૩૭૦૨ તે (માત્ર) તેનો (ખોટો) અભીપ્રાય છે, કારણ કે ખુદાને રસ્તે એક લાખ પડદાઓ છે.

૩૭૦૩ દરેકે દરેક કુદરતી રીતે કોઇ બીજા પડદાથી જોડેલો છે અને ધારી લ્યે છે કે વાસ્તવમાં તે તેની ' અયન ', ( ઓળખ ) છે.

૩૭૦૪ તેથી જ પયગમ્બર સાહેબે તેના ( વિચાર કરનારમાંથી ) આ. ખોટા અનુમાનની મના કરી છે, રખેને તે એક વૃથા કલ્પનામાં ભૂલાવામાં પડી જાય.

૩૭૦૫ અને ( તેના માટે ) કે જેના ચૂકાદામાં ( ખુદાનો ખ્યાલ બાંધવો ), આસ્થાહીનતા છે, માલિકે ( તેવા ) બેઇમાનીને માથાભર પડવાની સજા ફટકારી છે.

૩૭૦૬ માથાભર પડવું તે છે કે તે આગળ વધે છે અને ધારે છે કે તે વધુ ઉત્તમ છે.

૩૭૦૭ કારણ કે પીધેલા માણસની આવી જ હાલત છે કે જે જમીનમાંથી આસમાનને જોઈ શકતો નથી.

૩૭૦૮ તમો જાઓ અને તેની ( ખુદાની ) અજાયબીઓનો વિચાર કરો. ખુદામાં અને તેની આદરયુક્ત ભીતીમાં સમાઈ જાઓ.

૩૭૦૯ જ્યારે તે ( કે જે ખુદાની અજાયબીઓ નીરખે છે ). દાઢી અને મૂછ ગુમાવે છે ( ગર્વ અને અહંમ છોડી દયે છે ) તેના કામનો ( કાળજીપૂર્વક વિચાર કરતો ) તે તેની પોતાની યોગ્ય જગ્યા જાણશે અને કાર્ય કરનાર ( પેદા કરનાર ) બાબતમાં ચૂપ બની જશે.

૩૭૧૦ તે માત્ર પોતાના આત્મામાંથી કહેશે, " હું ( યોગ્ય રીતે ) તારાં વખાણ કરી શકતો નથી." કારણ કે તેની જાહેરાત સમજણ અને હદથી પર છે.

'ધુ'લ કર્નયન કાફના પહાડે ગયા અને વિનંતી ગુજારી, કહે, " ઓ
કાફ પર્વત, ખુદાના ગુણધર્મોના બાદશાહ વિષે મને કહે, અને કાફ
પર્વતનું જવાબ દેવું, કે શહેનશાહનું વર્ણન કરવું અકથનીય છે,
જ્યારે ( બધી ) સમજણો તેની આગળ અદ્રષ્ય થાય છે અને ધુ'લ
કર્નયને નમ્ર વિનંતી ગુજારી, કહે, તારા અંતરમાં હોય જે તને બોલી
શકવાનું સહેલું લાગતું હોય તે તેના કાર્ય વિષે મને કહે.

૩૭૧૧ ધુલ કર્નયન કાફ પડાડ તરફ ગયા, તેમણે જોયું કે તે સાચા નીલમણીનો ( બનાવેલો ) હતો.

૩૭૧૨ અને કે તે ( આખી ) દુનિયાને ફરતી એક ચકરાવો બની હતી. તે પેલી ( ખુદાની ) પેદા કરેલી અદ્ભૂત કુદરત તરફ અજાયબીમાં ગરકાવ બન્યો હતો.

૩૭૧૩ તેમણે કહ્યું, " ( ખરેખર ) તું એક પહાડ છો. બીજાઓ શું છે? તારા વિસ્તારની બાજુમાં તેઓ ( માત્ર ) રમકડાં છે.

૩૭૧૪ તેણે જવાબ આપ્યો, " પેલા ( બીજી ) પહાડો મારી નસો છે, તેઓ ખૂબસૂરતી અને કિર્તીમાં મારા સરખા નથી.

૩૭૧૫ મારી એક ગુપ્ત નસ દરેક દેશમાં છે, દુનિયાના બધા પ્રદેશો મારી નસથી બાંધેલો છે.

૩૭૧૬ જ્યારે ખુદા કોઇ પણ પ્રદેશમાં ધરતીકંપ ઇચ્છે છે ત્યારે તે મને હુકમ કરે છે અને હું નસ થડકાવું છું.

૩૭૧૭ પછી હું સખત રીતે નસને હલાવતી બનાવું છું કે જેના સાથે (ખાસ) પ્રદેશ જોડાએલો હોય.

૩૭૧૮ જ્યારે તે કહે છે, "બસ" મારી નપ્ અટકી જાય છે, હું (જાહેર રીતે) શાંત છું પણ ખરી રીતે હું ઝડપી હલનચલનમાં છું.

૩૭૧૯ દવાની માફક શાંત અથે (કાર્યક્ષમતામાં) ખૂબજ ગતીમાન. બુદ્ધિ માફક શાંત જ્યારે વાણીમાં દોડતો.

૩૭૨૦ તેઓના અભિપ્રાયમાં કે જેઓની સમજશક્તિ આ સમજી શકતી નથી, ધરતીકંપો પાર્થિવ ભેજોથી થાય છે.

**કાગળના કટકા ઉપર ચાલતી એક કીડીએ કલમને લખતી જોઇ, અને કલમનાં વખાણ કરવાં શરૂ કર્યાં, બીજી કીડીએ કે જે વધુ ચોક્કસ દ્રષ્ટિવાળી હતી તેણે કહ્યું, "વખાણ આંગળીઓનાં છે. કારણ આ પરિપુર્ણતા તેમનામાંથી બહાર પડે છે તે હું જોઉં છું. બીજી કીડી, બાકીથી બધીથી વધુ સાફ દ્રષ્ટિવાળીએ કહ્યું. 'હું હાથના વખાણ કરૂં છું કારણ કે આંગળીઓ હાથનો એક ભાગ છે.' વિગેરે વિગેરે.**

૩૭૨૧ એક નાની કીડીએ કાગળ ઉપર (લખતી) એક કલમ જોઈ અને આ ગુઢાર્થ એક બીજી કીડીને કહ્યું.

૩૭૨૨ કહે, પેલી કલમ સુંદર તુલસીના છોડ અને કમળ અને ગુલાબના ઝાડોના સુંદર ચિત્રો ચિતરે છે.

૩૭૨૩ બીજી કીડીએ કહ્યું "તે કલાકાર આંગળી છે, અને ખરેખર તો કલમ દોરવતું હથીઆર અને નિશાની સિવાય બીજું કંઇ જ નથી."

૩૭૨૪ એક ત્રીજી કીડીએ કહ્યું, "તે હાથનું કામ છે, કે જેના જોરે પાતળી આંગળી તેને ચિતરે છે.

૩૭૨૫ આવી રીતથી તે વાદવિવાદ આગળ ચાલ્યો ત્યાં સુધી એક કીડીની સરદાર (કે જે) થોડી વધુ સમજુ હતી.

૩૭૨૬ કહ્યું "આ પરિપુર્ણતા પાર્થીવ રૂપમાંથી બહાર પડતું સમજ નહિ કે જે નિદ્રામાં અને મૃત્યુમાં બેભાન બને છે.

૩૭૨૭ ઘાટ એક કપડું અથવા એક લાકડી માફક છે (કાયાવી) રૂપ, બુદ્ધિ અને આત્માના સાધન સિવાય હલચલ કરતું નથી.

૩૭૨૮ તેણી (ડાહી કીડી) સજાગ ન હતી કે ખુદાના અધિકારની અસર વગર પેલી બુદ્ધિ અને દિલ ચેતનવિહોણાં છે.

૩૭૨૯ જો તે તેમાંથી પોતાની સહાય એક પળ માટે પણ પાછી ખેંચી લ્યે, તો સતેજ સમજશક્તિ (ઘણી) ભુલો કરશે.

૩૭૩૦ જ્યારે ધૂંલ કર્નયનને તે (કાફ પર્વત) બોલતો માલમ પડયો, "ત્યાર બાદ કાફ પર્વતે વાણીના મોતીઓ વિંધ્યા. તેમણે કહ્યું.

૩૭૩૧ ઓ છટાદાર વાણી ઉચ્ચારના કે જે ડાહ્યો છે અને ગુહાર્થ જાણે છે. ખુદાના ગુણ-ધર્મો મને જાહેર કર.

૩૭૩૨ તેણે જવાબ આપ્યો, "જાઓ, કારણ કે પેલા ગુણો (મૌખિક) સમજાવટ માટે તેનો હાથ તેમના ઉપર મુકવો તે ખૂબજ ભયંકર છે.

૩૭૩૩ અથવા કલમને માટે (કિતાબોના) પાનાઓ ઉપર તેના મુદ્દાઓની જાહેરાત સબંધીનો વર્ણવવાનો.

૩૭૩૪ તેમણે કહ્યું, ખુદાની અજાયબીઓ સંબંધી એક નાના પ્રકારની વાતનું વર્ણન કર.

૩૭૩૫ તેણે કહ્યું "જુઓ બાદશાહ (ખુદાને) એક પ્રદેશ બરફના ડુંગરાઓથી ભરપુર બનાવેલ છે, ત્રણસો વર્ષની મુસાફરીના છેટાવાળો.

૩૭૨૬ ગણત્રી કે સંખ્યાથી પર પર્વતો ઉપર પર્વતો, તેઓને સુશોભિત કરવા બરફ ચાલુ રીતે આવ્યા કરે છે,

૩૭૨૭ એક બરફનો ડુંગર બીજા ઉપર થપ્પીની માફક લાગેલો, બરફ પૃથ્વી ઉપર ઠંડી લાવે છે.

૩૭૩૮ દરેક પળે બરફનો પહાડ બરફના ઉપર અમર્યાદ અને અસીમ ભંડારમાંથી થપ્પી લગાવે છે.

૩૭૩૯ એ બાદશાહ, જો આના જેવી (બરફની) એક ખીણ ત્યાં ન હોત તો દોજખની ધખધખતી ગરમીએ મારો સંપૂર્ણપણે નાશ કર્યો હોત.

૩૭૪૦ જાણ કે (આ દુનિયામાં) બેધ્યાન બરફના પહાડો જેવા છે અંતે કે બુદ્ધિશાળીની નાડીઓ નાશ ન પામે.

૩૭૪૧ બરફ વણુતી અજ્ઞાનતાની અસર ન હોત તો પેલો કારૂ પર્વન લાલસાની અગ્નિથી ખવાઈ ચુકયો હોત.

૩૭૪૨ વાસ્તવમાં દોજખની અગ્નિ એ (માત્ર) ખુદાના કોપનું એક અણું જ છે, તે (માત્ર) હલકટને ધમકાવવા એક ચાબખો છે.

૩૭૪૩ આવો એક કોપ કે જે શક્તિશાળી અને બધાથી આગળ છે તેમ છતાં પણ તેનાથી ચડિયાતી તેની દયાની પેલી ઠંડાઈ ધ્યાનમાં લે.

૩૭૪૪ તે એક રૂહાનીયત ચડિયાતાપણું અને યોગ્ય બિનસરતી દ્વૈતપણા સિવાય તમોએ ચડિયાતું અને પીઠ પાછળનું જોયું છે?

૩૭૪૫ જો તમોએ તેમને (એકની) માફક જોએલ નથી તો તેનું કારણ તમારી નબળી સમજણ છે, કારણ કે ખુદાના પેદા કરેલા સજીવ જીવોના મન પેલી ખાણુના એકાદા દાણા જ છે.

૩૭૪૬ તારા પોતાના ઉપર દોષ મૂક, નહિ કે 'સત્યપંથ'ની હકીકત ઉપર માટીનું પંખી 'સત્યપંથ'ના અવકાશમાં કેવી રીતે પહોંચશે ?

૩૭૪૭ પંખીની ઉંચે ઉડવાની જગ્યા (માત્ર) હવા છે, જ્યારે કે તેનું અસલ ભોગ અને વિષયવાસનામાંથી છે.

૩૭૪૮ તેથી હા કે ના વગરનો બહેરો બન, એટલા માટે કે (દૈવી) દયામાંથી તને લઈ જવા એક પાલખી આવે.

૩૭૪૯ (ખુદાની) આ અજાયબીઓ સમજવામાં તમો વધુ પડતા ઠોઠ છો, જો તમો હા કહેશો તો તમો ઉડાવ જવાબ આપનાર બનશો.

૩૭૫૦ અને જો તમો ના કહેશો તો નહિ તમારી ગરદન મારશે. 'ના', ના કારણે (દૈવી) કોપ તમારી (રૂહાની) બારી બંધ કરશે.

૩૭૫૧ તો પછી માત્ર મુંગો અને દિવાનો બની જા, બીજું કંઈ જ નહિ, કે જેવી ખુદાની મદદ આગળ અને પાછળથી આવી પહોંચે.

૩૭૫૨ જ્યારે તમો મુંગા અને દિવાના અને નહિવત બન્યા છો, ત્યારે તમોએ નીરવ ઝડપથી કહ્યું છે, "અમોને દોરવ."

૩૬૫૩ તે (ખુદાનો કોપ) શક્તિશાળી છે, શક્તિશાળી પણ જ્યારે તમો ધ્રુજવું શરૂ કરશો પેલો શક્તિશાળી (ગુસ્સો) શાંત પડેલો અને સૌમ્ય બને છે.

૩૭૫૪ કારણ કે શક્તિશાળી દેખાવ બેઈમાનોને ધ્રુજાવવા માટે છે જ્યારે તમો આધારહિન બન્યા છો ત્યારે તે દયા અને માયા છે.

**હ. જીબ્રીઈલનું પોતાપણું હ. મુસ્તફા (સ. અ. વ.) ને પોતાના આકારમાં બતાવવું. ખુદાએ તેને આશીર્વાદ આપવો અને બચાવવો, અને જ્યારે સાતસો પાંખોમાંની એક દ્રષ્યમાન બની તે કે ક્ષિતિજ ને તેના બધા પ્રકાશો સહિત સૂર્યને ઢાંકી તેના પર પડદો બન્યો.**

૩૭૫૫ હ. મુસ્તફા (સ. અ. વ.) એ હ. જીબ્રીઈલની હાજરીમાં કહ્યું, ઓ દોસ્ત, (ખરેખર) તારો આકાર જેવો હોય તેવો.

૩૭૫૬ મને તે સમજદારી અને દ્રષ્યમાન રીતે બતાવ કે જેથી હું તને એક નિરીક્ષક તરીકે નિહાળું.

૩૭૫૭ તેમણે જવાબ આપ્યો, તમો (આ.) સહન કરી શકશો નહિ અને તેને સહન કરી શકવાની શક્તિ નથી. (દ્રષ્યની) ઇન્દ્રિય નબળી અને અશક્ત (મને જોવું) તમારા માટે તે દિલગીરી ભરેલું થશે.

૩૭૫૮ તેમણે કહ્યું, "તારા ખુદને બતાવ કે જેથી આ કાયા ઇન્દ્રિયો કેટલી હદે નબળી અને કિંમત વગરની છે તે નિહાળી શકે."

૩૭૫૯ માણસની શારિરીક ઇન્દ્રિઓ અસ્થિર છે પણ તેને એક આંતરિક પ્રખર પ્રકૃતિ છે.

૩૭૬૦ આ કાયા ચકમક અને લોઢાને મળતી આવે છે પણ ગુણધર્મમાં તે અગ્નિને પ્રહાર કરનાર છે.

૩૭૬૧ ચકમક અને લોઢું જન્મવાની જગ્યા છે, જ્યાંથી અગ્નિને હસ્તિમાં લાવવામાં આવેલ છે. (તેમનામાંથી) તેના બન્ને માબાપો ઉપર સત્તા ચલાવતો, અગ્નિ પ્રગટે છે.

૩૭૬૨ ફરીવાર અગ્નિ શારિરીક પ્રકૃતિ ઉપર અધિકાર સ્થાપે છે તે કાવા અને ભડકા ઉપર સત્તા ભોગવે છે.

૩૭૬૩ છતાં ફરીવાર કાયામાં એક ઇબ્રાહીમની જેવા ભડકા છે કે જેનાથી અગ્નિનો મિનારો શાંત બને છે.

૩૭૬૪ ( આના ) પરિપાકમાં, માનવંત પયગમ્બર સાહેબે રૂપક તરીકે કહ્યું છે, "આપણે સૌથી પાછળના અને સૌથી આગળના છીએ."

૩૭૬૫ આ બન્ને ( ચકમક અને લોઢાના ) પાર્થિવ રૂપે ( હથોડા અને ) એરણથી દબાય છે ( પણ ) ગુણમાં તેઓ લોઢાના જથ્થાની ખાણ કરતાં વધુ ઉત્તમ છે.

૩૭૬૬ તેથી માનવ દેખાવમાં દુનિયામાંથી ઉતરી આવેલો એક છે, અને સ્વભાવથી દુનિયાનું અસલ છે, આ નજરમાં રાખ.

૩૭૬૭ એક મચ્છર પોતાની જાહેરી પ્રખ્યાતી (દુઃખ અને તકલીફમાં) ચક્કર ચક્કર ફરશે, તેની આંતરિક પ્રકૃતિ સાતેઇ આસમાનોને ઘેરી લ્યે છે.

૩૭૬૮ જ્યારે તેઓએ ( હ. પયગમ્બર સાહેબે પોતાની વિનંતીમાં ) દબાણ કર્યું, તેઓ ( હ. જીબ્રીઇલે એક થોડી ભયંકર સત્તા બતાવી કે જેનાથી એક પહાડ ધૂળ ભેગો થઇ ગયો હોત.

૩૭૬૯ એક માત્ર ( તેનું ) બાદશાહી પીંછીએ પૂર્વ અને પશ્ચિમને ઢાંકી દીધાં. હ. મુસ્તફા ( ર. સ. અ. ) બીકના માર્યા બેભાન બન્યા.

૩૭૭૦ જ્યારે હ. જીબ્રીઈલે તેમને બીક અને ભયથી બેભાન જોયા ત્યારે તેઓ આવ્યા અને પોતાના હાથોમાં ખેંચી લીધા.

૩૭૭૧ પેલો ક્ષોભ વિરોધીઓનો હિસ્સો છે જ્યારે આ માયાળુ પ્રેમ દોસ્તો ઉપર છુટથી ઇનાયત થાય છે.

૩૭૭૨ જ્યારે બાદશાહો રાજગાદી ઉપર બેઠલા હોય છે ત્યારે સંખ્યાબંધ ચોકીદારો ( તેની આજુબાજુ ) પોતાના હાથમાં તલવારોથી સજ્જ હોય છે.

૩૭૭૩ લાકડીઓ અને ભાલાઓ અને તલવારો, કે જેથી સિંહો પણ બીકમાં ધ્રૂજી ઉઠે.

૩૭૭૪ પોતાની ગદાઓથી સજ્જ અમલદારોના અવાજો કે જેમની ભયંકરતા ( માણસોના ) આત્માઓને ક્ષીણ કરી નાખે.

૩૭૭૫ આ ઉંચીનીચી ગલી માટે છે, એક શહેનશાહની હાજરીની (તેમને) જાહેરાતથી ખબર આપવા.

૩૭૭૬ આ ભભકાદાર દેખાવ અધમના ખાતર છે કે પેલા લોકો અજ્ઞાનતાનો તાજ પોતાના માથા) ઉપર મુકે નહિ.

૩૭૭૭ કે તે પોતાનો અહંમ ભાંગી નાખે અને કે બડાઇખારે ખુદીને નફસે અમ્મારા (દુષ્ટાત) ભુલ અને ગુન્હો આચરે નહિ.

૩૭૭૮ બાદશાહના હોવા અંગે દેશને સાચવી રાખવામાં આવે છે. અને શિક્ષા લાદવા સતા (પણ).

૩૭૭૯ તેથી પેલી વૃથા ઉમેદો (માણુસોના) આત્માઓમાં શાંત પાડી નાખવામાં આવે. બાદશાહનો ક્ષોભ પેલા વિનાશને અટકાવે છે.

૩૭૮૦ ફરીવાર, જ્યારે તે (બાદશાહ) ખાનગી સમારંભોએ આવે છે ત્યારે ત્યાં વેરની વસુલાતનો ક્ષોભ કેમ હોય?

૩૭૮૧ ત્યાં નરમાશ ઉપર નરમાશ અને ઉભરાતી દવાઓ બતાવવામાં આવે છે. તમો વાજાં અને સારંગીના સરોદો સિવાય બીજું કંઇ સાંભળશો નહિ.

૩૭૮૨ લડાઇના વખતમાં ઢોલ અને ત્રાંસાના ભયંકર (અવાજો) હોય છે, મિછઆનીના વખતમાં માત્ર તનુવાદ્યના અવાજ હોય છે.

૩૭૮૩ હિસાબનું મંડળ અધમ માટે હોય છે, જ્યારે ભલાઓ માટે પ્યાલાના સાથીઓ ફિરસ્તાઓને મળતા હોય છે.

૩૭૮૪ બખ્તર અને ટોપ લડાઈ માટે હોય છે, જ્યારે આ રેશમી પોષાક અને વાંજીંત્ર લતામંડપ માટે હોય છે.

૩૭૮૫ આ વિવરણનો અંત જ નથી. એ ઉદારત્મા તેને પુરો કર અને સૌથી સારો રસ્તો માત્ર ખુદા જ જાણે છે.

૩૭૮૬ હ. આહમદ (ર. સ. અ.)માં (શારિરીક) ઇન્દ્રિઓ જે વિનાશીત છે, (મદીનાની ધરતીની અંદર અત્યારે આરામમાં મુકાએલી છે,

૩૭૮૭ પણ તેમનો પેલો શક્તિશાળી પ્રકૃતિનો ભાગ કે જે અજીત છે, હૈયાત છે, ખામી સહન કર્યા વગરનો (બહિશ્તમાં) સત્યના રહેઠાણની અંદર.

૩૭૮૮ શારિરીક ગુણધર્મો વિનાશક છે જ, હમેશાં હૈયાત રહેતો આત્મા એક પ્રકાશિત સુરજ છે.

૩૭૮૯ બગડે નહિ તેવો કારણ કે તે પૂર્વનો નથી, બદલાઈ નહિ તેવો કારણ કે તે પશ્ચિમનો નથી.

૩૭૯૦ કદી એક રજકણથી સુરજ દિગ્મૂઢ બન્યો હતો? કદી મીણબત્તી એક પતંગીયાના કારણે બેહોશ બનાવાઇ હતી?

૩૭૯૧ હ. મુહમ્મદ ( ર. સ. અ. )ની કાયા પેલા (બગાડની) જવાબદાર હતી, જાણે કે આ બગાડ ( માત્ર ) કાયાને જ લાગુ પડે છે.

૩૭૯૨ બિમારી અને ઉંઘ અને દર્દ આવા જ ( છે ). કાયાને જ ( છે ), આત્મા આ અસરોથી મુક્ત છે અને સંપૂર્ણ રીતે ( તેમનાથી ) અલગ છે.

૩૭૯૩ ખરેખર હું આત્માને વર્ણવી શકતો નથી અને જો તેને વર્ણવું, આ ( દુનિયાના ) પાર્થીવ અસ્તિત્વ અને અવકશી ઉપર ધરતીકંપ ઉતરી પડે.

૩૭૯૪ જો તેનો શિયાળ (કાયા) એક પળ માટે વ્યાધિ કરાવે તો પછી સિંહ આત્મા સુતેલો હતો.

૩૭૯૫ તે સિંહ કે જે ઉંઘ અંગે જવાબદારીમાંથી મુક્ત છે, દેખીતી રીતે ઉંઘમાં હતો. અરે, અરે, વિનયશીલ ભયંકર સિંહ !

૩૭૯૬ સિંહ સૂતેલા બનવાનો એવી સારી રીતે ઢોંગ કરે છે કે પેલા કુતરાઓ ધારે છે કે તે તદ્દન મરી ગયો છે.

૩૭૯૭ નહિતર, દુનિયામાં કોને હિંમત છે કે એક ગરીબ માણસનો એક દાણા જેટલી પણ ધાતુ લૂંટી લ્યે ?

૩૭૯૮ હ. મુહમ્મદ ( ર. સ. અ. ) ની ફીણ ( કાયા ) ( હ. જીબ્રીઇલના) પેલા દેખાવથી ભયભીત બની હતી. ( પણ ) તેનો સમુદ્ર ( આત્મા ) ફીણના પ્રેમના કારણે છલકાઈ ગયો ગયો હતો.

૩૭૯૯ ચંદ્રમા ( હ. મુહમ્મદનો આત્મા ) સંપૂર્ણપણે દાનશીલ પ્રકાશ ફેલાવતો હાથ છે.

૩૮૦૦ જો હ. આહમદ ( ર. સ. અ. ) પેલું કિર્તીવંત પીધું ( પોતાની રૂહાનીયત પ્રકૃતિ ) જાહેર કરે તો હ. જીબ્રોઈલ કાયમના માટે દિગમૂઢ બની રહે !

૩૮૦૧ જ્યારે હ. મુહમ્મદ ( ર. સ. અ. ) લોટના ઝાડ ( બહિશ્તની સરહદ ). અને તેની ( હ. જીબ્રોઇલની ) ચોકી કરવાની જગ્યા અને રહેઠાણ અને છેલ્લામાં છેલ્લી હદ ઉપરથી પસાર થયા.

૩૮૦૨ તેમણે તેને ( હ. જીબ્રોઈલને ) કહ્યું, " સાંભળ, મારી પાછળ ઉડતા આવો, તેમણે ( હ. જીબ્રોઇલે ) કહ્યું, " જાઓ, જાઓ, ( વધુ આગળ ) હું તમારો સાક્ષી નથી.

૩૮૦૩ તેઓએ તેને જવાબ દીધો, કહે, ઓ પડદાઓના તારા કરનાર, આવો, હું મારા મધ્યબીંદુ તરફ હજુ આગળ વધ્યો નથી.

૩૮૦૪ તેણે જવાબ આપ્યો, ઓ મારા નામાંકિત દોસ્ત, હું જો આ હદથી આગળ એક ડગલું પણ, ભરૂં, મારી પાંખો નષ્ટ થાય.

૩૮૦૫ પસંદ કરાએલાની આ કહાણી પોતાની સમજણો વધુ આશીર્વાદીતના ( ઊંડા ચીંતનમાં ) ગુમાવે છે ( તે ) તાજુબી ઉપર તાજુબી છે.

૩૮૦૬ અહીં ( બીજી ) બધી બેભાનીઓ ( એક માત્ર ) રમત છે, તું ક્યાં સુધી તારા આત્માનો કબજો તારી પાસે રાખીશ ? કારણ કે તમારા આત્માને છોડી દેવાની ( બાબત ) છે.

૩૮૦૭ 'ઓ 'જીબ્રીઈલ' જો કે તમો ઉમદા અને માન પામેલા છો છતાં તમો પતંગીયા કે મીણબતી નથી.

૩૮૦૮ જ્યારે મીણબત્તી પ્રકાશની પળે બોલાવે છે ત્યારે પતંગીયાનો આત્મા બળવામાં કંપતો નથી.

૩૮૦૯ આ ઉલટ સુલટ વિવરણ દાટી દે, ડહાપણને હલકાઇ ઉપર સરસાઇ ભોગવવા દે.

૩૮૧૦ તારી વાણીની મીઠાશવાળી મસકને ઉપર જ અટકાવ, તારી ઢંગધડા વગરની વાતની કોથળી ઉઘાડ નહિ.

૩૮૧૧ તે કે જેના (બુદ્ધિમય અને રૂહાની) અવયવો માટીથી પર પસાર થયા નથી, તેની દ્રષ્ટિમાં આ હાસ્યજનક અને અવિચારી છે.

૩૮૧૨ ઓ મારા વહાલા, તેમનો સામનો નહિ, તેઓ સાથે નમ્રતાથી વર્તો, ઓ તેઓના રહેતા અજાણ્યા.

૩૮૧૩ (તેમને) તેઓ જે ઇચ્છે અને ઉમેદ ધરાવે તે આપો અને તેમને સંતોષો, ઓ તેમના દેશમાં રહેતા નિર્ગામી.

૩૮૧૪ બાદશાહ તરફ અને મધુર ખુશી તરફ આવવાના સમય સુધી, ઓ રચના આદમી પૂર્વના માણસ સાથે સારા સંબંધો રાખ.

૩૮૧૫ ઝમાનાના ફિરઔનની હજુરમાં, ઓ મુસા, નમ્ર શબ્દો સાથે વિનયપૂર્વક તમારે બોલવું જોઈએ.

૩૮૧૬ જો તમો ઉકળતા તેલની અંદર પાણી રેડશો તો તમે તપેલું અને કીટલી (બન્નેનો) નાશ કરશો.

૩૧૧૭ નમ્રતાથી બોલો, પણ સત્ય સિવાય બીજું કંઇ જ બોલો નહિ, તમારા નમ્ર ઉચ્ચારણમાં ઉશ્કેરાટ લાવશો નહિ.

૩૧૧૮ બપોર પછીનો વખત આવ્યો છે, વિવરણ ટુંકું કર, ઓ તું કે જેનું (સત્ય) ઉચ્ચારણ ઝમાનાના (લોકોને) વાસ્તવિક્તાથી જાણીતા બનાવે છે.

૩૮૧૯ માટી ખાનારને એમજ કહે કે સાકર વધુ ઉત્તમ છે, ઇજા કરતી નમ્રતા બતાવ નહિ, તેને મારી નાખતો નહિ.

૩૮૨૦ વાણી આત્મા તરફ રૂહાનીયત બગીચો બનવો જોઇએ, જો તે શબ્દો અને અવાજોથી સ્વતંત્ર હોય તો.

૩૮૨૧ અરે, કેટલાએક એવા છે કે તેનામાં આ ગધેડાનું માથું શેરડીના બગીચામાં એક કાંટા (માફક) જડી દીધેલ છે.

૩૮૨૨ દુરથી (તેને જોતાં) તેણે ધાર્યું કે તે શેરડીનો બગીચો છે. તે મારા (ગધેડાનું માથું જ છે) બીજું કંઇ જ નથી, (તેથી) તે ભાગવામાં દબ્ય થતા ઘેટાની માફક તે છોડી દેતો હતો.

૩૮૨૩ ખાત્રીપુર્વક ( વાણીનું શાબ્દીક ) રૂપ એ દ્રાક્ષવાડીમાં અને રૂહાનીયત વાસ્તવિકતાના ઉંચા બહિશ્તમાં પેલા ગધેડાના માથા માફક છે.

૩૮૨૪ ઓ ઝીયાઉલ હક હુસામુદ્દીન, આ ગધેડાના માથાને પેલા ચીભડાના ખેતરમાં લાવ.

૩૮૩૫ એટલા માટે કે જ્યારે ગધેડાનું માથું ચામડી ઉતારવાની જગ્યાએ સુકાઈ ગયું છે ત્યારે પેલી રાંધણી તેના ઉપર બીજો વિકાસ ઇનાયત કરશે.

૩૮૨૬ સાંભળ, કવિતાનો આકાર મારામાંથી છે, અને ,( તેનો ) આત્મા તારામાંથી છે, નહિ, હું ( ભુલમાં ) બોલ્યો, ખરેખર તો આ અને પેલું તારામાંથી જ છે.

૩૮૨૭ તું બહિશ્તમાં માન પામેલો છે, ઓ સુસ્પષ્ટ સુર્ય, કાયમને માટે પૃથ્વી ઉપર પણું તું કિર્તિમાન બને.

૩૮૨૮ કે પૃથ્વીના રહેવાશીઓ દિલમાં અને ઉદ્વેગમાં અને પ્રકાશિત અવકાશથી પ્રકૃતિમાં એક બન.

૩૮૨૯ ( પછી ) જુદાઇ અને અનેક દેવવાદી અને દ્વૈતપણું અદૃષ્ય થશે સત્ય અસ્તિત્વમાં ( માત્ર ) સંગઠન રહેશે.

૩૮૩૦. જ્યારે મારો આત્મા ( સંપૂર્ણપણે ) તારા આત્માને ઓળખે છે ત્યારે તેઓ ( બન્ને ) ભૂતકાળમાં એક હોવાનું યાદ કરે છે.

૩૮૩૧ અને પૃથ્વી ઉપર મુસા અને હારૂનની માફક દુધ અને મધની માફક મીઠાશથી મળેલા બને છે.

૩૮૩૨ જ્યારે તે ( મારો આત્મા તારા આત્માને ) એક જરાક ઓળખે છે, અને પછી ( તેને ) નકારે છે ત્યારે તેનું નકારવું ( સત્ય ) છુપાવતો એક પડદો બને છે.

૩૮૩૩ કેટલાએક કે જેણે ( સત્યનો એક ભાગ ) ઓળખ્યો, પોતાનો ચહેરો ફેરવ્યો તો પેલો ચંદ્રમા તેના અનુપકારીપણા અંગે ગુસ્સે થયો હતો.

૩૮૩૪ જ્યારે કે અધમ આત્મા પયગમ્બર સાહેબના આત્માને ઓળખવા અશક્ત બન્યો ત્યારે તે પોતાની એડીએ પાછો ફર્યો.

૩૮૩૫ તમોએ આ બધું વાંચ્યું છે. ‘ લમયકુન ’ ( થી શરૂ થતી સુરા વાંચ ) કે જેથી તમો પુરાણા નાસ્તિકના દુરાગ્રહ જાણો.

૩૮૩૬ નહિતર હ. મુહમ્મદ ( ર. સ. અ. )ના ( શારિરીક ) રૂપે પોતાની કિર્તિ બતાવી હતી, તેમનું વર્ણન દરેક નાસ્તિક માટે એક દવા હતી.

૩૮૩૭ ( તેઓએ કહ્યું ) આના જેવો કોઇક છે જ. તેઓ દષ્યમાન થાય ત્યાં સુધી ચાલો આપણે ( રાહ જોઈએ ) અને તેઓનાં દિલો તેમનો ચહેરો ( જોતાં ) કલ્પનામાં થડકતાં હતાં.

૩૮૩૮ તેઓ ( પ્રાર્થનામાં ) પોતાને સિજદામાં નાખતા હતા, “ઓ માણુસ જાતના માલિક, બની શકે તેટલી જલ્દીથી તું તેમને અમારી આંખો સમક્ષ લાવીશ ?”

૩૮૩૯ ( આ તેઓએ કર્યું ) એટલા માટે કે હ. મુહમ્મદના નામે તેઓને જીત અપાવવા ( અને ) તેમના શત્રુઓને હંફાવવા ( ખુદા પાસે ) યાચના કરતા હતા.

૩૮૪૦ જ્યારે જ્યારે એક પ્રચંડ લડાઇ ફાટી નીકળી ત્યારે ત્યારે હ. આહમદ (સ. અ. વ.)ની યોગ્યતા તેઓના આગળ વધવામાં તેઓની રાહત હતી.

૩૮૪૧ જ્યારે જ્યારે લાંબા સમયની બિમારી ફાટી નીકળતી ત્યારે તેની મદદ માગવી તેઓને આરામ કરતી હંમેશાની દવા બનતી.

૩૮૪૨ તેઓના સમસ્ત રસ્તે તેઓનું રૂપ તેઓના દિલોમાં અને તેઓના કાનોમાં અને તેઓના મુખોમાં હતું.

૩૮૪૩ દરેક લોંકડી તેમનું (ખરેખરું) રૂપ કેમ નિહાળે? નહિ, (તેઓ માત્ર) તેમનું અનુમાની રૂપ (નિરખતા હતા), એટલે કે (તેનો) કલ્પનાતિત ખ્યાલ.

૩૮૪૪ જો તેમનું (અસલ) રૂપ એક દિવાલના તટ ઉપર પડે તો દિવાલના દિલમાંથી અંતઃકરણનું લોહી ટપકવા માંડે.

૩૮૪૫ અને તેમનું રૂપ તેના માટે એવું કિર્તીવંત બને કે દિવાલ તુર્તજ બેવડા ચહેરામાંથી બચાવેલી બની જાય!

૩૮૪૬ (આત્મામાં) પવિત્રતાની એક માત્ર દ્રષ્ટિ સાથોસાથ, પેલો બેવડા ચહેરાવાળો દિવાલમાં (પણ) એક ખામી બન્યો છે.

૩૮૪૭ આ બધો પૂજ્યભાવ અને દિવ્યતા અને પ્રેમ (કે જે તેઓએ પયગમ્બર સાહેબ તરફ બતાવ્યો હતો) પવન ઉડાવી ગયો જેવો કે તેઓએ (શારિરીક) રૂપમાં તેમને જોયા.

૩૮૪૮ ખોટા સિક્કાએ અગ્નિ જોઇ અને તુર્ત જ કાળો બન્યો. એક (ઢોંગના) ખોટા સિક્કા માટે (પવિત્ર) દિલમાં દાખલ થવાનો રસ્તો ક્યારે હતો?

૩૮૪૯ ખોટો સિક્કો ચકાસણીના પત્થર માટે પોતાની ઇચ્છા બડાઇપૂર્વક જાહેર કરતો હતો કે (ઇમાનદાર) મુરીદને શંકામાં ફગાવી દયે.

૩૮૫૦ એક કિંમત વગરનો ભૂલની જાળમાં સપડાય છે (કારણ કે) દરેક અધમ આદમી વિચારને અવાજે ચડાવે છે.

૩૮૫૧ કે જો આ સાચો સિક્કો ન હતો તો તે ચકાસણીના પત્થર માટે આતુર કેમ બન્યો?

૩૮૫૨ તે ચકાસણીના પત્થરની ઇચ્છા કરે છે, પણ આવી જાતના એકાદ છે કે તેનું ખોટાપણું તેનાથી ચોકખી રીતે જાહેર થશે નહિ.

૩૯૫૩ ચકાસણીનો પત્થર કે જે (ચકાસણી થયેલાના) ગુણો સંતાડી રાખે છે તે (સાચો) ચકાસણીનો પત્થર નથી, નથી તેને જ્ઞાનનો પ્રકાશ.

૩૮૫૪ આરસી કે જે દરેક લાગણીને લગતી ભૂલો સંતાડે છે.

૩૮૫૫ તે (સાચી) આરસી નથી, તે પાખંડી છે, જ્યાં સુધી તારાથી બની શકે ત્યાં સુધી આવી આરસી શોધતો નહિ.

A+oZ ભાગ ૪ થો સમાપ્ત.